પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક


કુમાર

સંસ્થાપક : ર. મ. ર.

તંત્રી : ધીરુ પરીખ

ઑગસ્ટ ૨૦૦૨ - સળંગ અંક ૮૯૬

વર્ષ ૭૫મું



સાંકડી શેરી (ચિત્રકાર વર્મીઅર)



ચિત્રકાર] જશોદાનો કાનો [ખોડીદાસ પરમાર

લોકજીવન અને લોકકલા જેમના પ્રેરણાસ્રોત છે તેવા કલાકાર ખોડીદાસ પરમારે આ ચિત્રમાં અપાર વાત્સલ્યનું ચિત્રવિધાન કર્યું છે. વિષય તો છે પૌરાણિક, પણ એમાં જશોદાની વેશભૂષા, બાળકનૈયાની દેહાકૃતિ, બન્ને પાત્રોના મુખભાવો આદિને જે રંગપરિવેશ અને સંરચનાથી ચિત્રિત કર્યાં છે તેમાં વાસ્તવિક સાથે શોભનમંડિત લોકકલાશૈલીનો સુમેળ સધાયો છે.

'કુમાર' : અમૃતપર્વ

ગરવી ગુજરાતના આવતી કાલના નાગરિકના ઘડતરના ઉમદા હેતુથી ૧૯૨૪માં કલાગુરુ રવિશંકર રાવળે બચુભાઈ રાવતના સહયોગથી શરૂ કરેલું **'કુમાર'** માસિક ગુજરાતના યુવાધનને સંસ્કારશ્રી બક્ષવાનો તેનો ઉદ્દેશ ઉત્કૃષ્ટતાપૂર્વક પાર પાડવા મથતું રહ્યું છે. ૧૯૮૭થી ૧૯૯૦ દરમ્યાનનાં ત્રણ વર્ષો બાદ કરતાં પોણી સદી ઉપરાંતની 'કુમાર'ની સૂચિત દીર્ઘ સાહિત્ય-સંસ્કાર સેવા વિરલ છે.

કોઈ પણ સંસ્કારી પ્રજા ગૌરવ અનુભવે એવું આ માસિક અણથક યાત્રા કરતું રહે તેવી શુભેચ્છા અને તે ફળવતી બને તેવું આયોજન કરવું એ આપણી, એટલે કે કુમારે જેમનું ઘડતર કર્યું છે એ સૌ ગુજરાતીઓની ઉમદા ફરજ બનવી જોઈએ.

'કુમાર'ના વાચક-ચાહક સૌને, આપણું 'કુમાર' ચિર 'કુમાર' રહે એ માટે અગિયાર લાખ રૂપિયાનું એક ભંડોળ ઊભું કરવાની હાર્દિક વિનંતી કરીએ છીએ.

'કુમાર'ના આજે **૩૫૦૦ ગ્રાહકો** છે. ગુણવંતી ગુજરાતને માટે આ સંખ્યા કંઈ માતબર ન ગણાય. આ સંદર્ભે આપણે સૌ એવો શુભસંકલ્પ કરીને ગુજરાતનાં ગામેગામની શાળા-મહાશાળા અને ગ્રંથાલયો દ્વારા 'કુમાર'નો એવો જબરદસ્ત પ્રચાર-પ્રસાર કરીએ કે જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં મ્હોરે સદાકાળ 'કુમાર'; પછી એ ગુજરાતી ગુજરાતમાં વસતો હોય કે એ વસતો હોય સાત સમંદર પાર!

ટૂંકમાં **૩૧ ડિસેમ્બર ૨૦૦૨** સુધીમાં 'કુમાર'ની ગ્રાહક સંખ્યા **૭૫૦૦** થઈ જાય એવી લોકલહર આપણે સરજીએ!

'કુમાર ટ્રસ્ટ'ને અપાતાં દાન કલમ ૮૦-જી અન્વયે આયકરરાહતને પાત્ર છે તે આપની જાણ સારુ સહજ.

આપના ઉમદા સક્રિય સહયોગની અપેક્ષા સહ.

૧. 'કુમાર' માટે દાનનો ડ્રાફ્ટ/ચેક **'કુમાર ટ્રસ્ટ'**ના નામનો જ લખવો અને 'કુમાર કાર્યાલય લિ.', ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦ ૦૦૧ એ સરનામે મોકલવો.

૨. 'કુમાર'નું લવાજમ (વાર્ષિક રૂ. ૧૫૦, ત્રિવાર્ષિક રૂ. ૪૦૦, પંચવાર્ષિક રૂ. ૬૭૫) 'કુમાર કાર્યાલય લિ.'ના નામે જ ચેક/ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલવું. બહારગામની બેંક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫ ઉમેરવા.

આપના

રઘુવીર ચૌધરી
જે. એસ. સેવક
જયન્ત પંડ્યા
ભોળાભાઈ પટેલ
પ્રકાશ ન. શાહ
બકુલ ત્રિપાઠી
રાજેન્દ્ર શાહ
નિરંજન ભગત
વિનોદ ભટ્ટ
ધીરુભાઈ ઠાકર
અનિલા દલાલ
વસુબહેન
ગીતા પરીખ
હરિકૃષ્ણ પાઠક
કુલીનચંદ્ર યાજ્ઞિક
જિતેન્દ્ર દેસાઈ
રજનીકુમાર પંડ્યા

પી.સી.વૈદ્ય
કુમારપાળ દેસાઈ
લાભશંકર ઠાકર
ચિનુ મોદી
ચંદ્રકાન્ત શેઠ
મનહર મોદી
મધુસૂદન પારેખ
મધુસૂદન ઢાંકી
કનુભાઈ જાની
ચિમનલાલ ત્રિવેદી
ચંદ્રકાન્ત ટોપીવાળા
નૌતમભાઈ વખારિયા
કૃષ્ણકાંત વખારિયા
જગન મહેતા
પ્રાણલાલ પટેલ
બંસીલાલ વર્મા 'ચકોર'
ગજેન્દ્ર શાહ

નટુ પરીખ
અનિલ રેલિયા
રાધેશ્યામ શર્મા
જોરાવરસિંહ જાદવ
હસમુખ બારાડી
ક્ષેમુ દિવેટિયા
રાસબિહારી દેસાઈ
અશોક હર્ષ
હસુ યાજ્ઞિક
મહેશ દવે (ઇમેજ પબ્લિકેશન)
મનુભાઈ શાહ (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય)
ભગતભાઈ શેઠ (આર.આર.શેઠની કંપની)
મહેન્દ્ર શાહ (નવભારત સાહિત્ય મંદિર)
હંમેશ મોદી (રન્નાદે પ્રકાશન)
દિલાવરસિંહ જાડેજા (વ.વિ.નગર)
ભગીરથ બ્રહ્મભટ્ટ (વ.વિ.નગર)
ઉશનસ્ (વલસાડ)

જયન્ત પાઠક (સુરત)
ભગવતીકુમાર શર્મા (સુરત)
રમેશ બી. શાહ (સુરત)
મહેન્દ્ર મેઘાણી (ભાવનગર)
ખોડીદાસ પરમાર (ભાવનગર)
બલવન્ત કે. પારેખ (મુંબઈ)
સુરેશ દલાલ (મુંબઈ)
રમણલાલ ચી. શાહ (મુંબઈ)
યશવન્ત ત્રિવેદી (મુંબઈ)
મનોજ ખંડેરિયા (જૂનાગઢ)
દુષ્યન્ત પંડ્યા (જામનગર)
બલવન્ત જાની (પાટણ)
રમેશ પારેખ (રાજકોટ)
ભાનુપ્રસાદ પંડ્યા (રાજકોટ)
જ્યોતિ ભટ્ટ (વડોદરા)
કાન્તિ કાપડિયા (વડોદરા)
ધીરેન્દ્ર મહેતા (ભૂજ)
ચંદ્રકાન્ત મહેતા (દિલ્હી)

વાચકો લખે છે

'કુમાર' જૂન-૨૦૦૨નું ટાઈટલ ડૉ. બલરનાં પંખી-ચિત્રોથી ભારે આકર્ષક બની રહ્યું. યુવાપેઢીમાં પંખી અને પુષ્પ આજે આકર્ષણ અને અભ્યાસનો વિષય બનેલ છે. રાજકોટના પ્રા. નીલાબહેન શાહ, પોતે એકલાં મારુતિ લઈને પોરબંદરના દરિયા-કિનારે પંખીમિલનનો અને ફોટોગ્રાફીનો આનંદ માણવા અવારનવાર આવે છે. ઊગતી પેઢીમાં પંખી વિશે સભાનતા આવી રહી છે. તેને પ્રોત્સાહક થવા ડૉ. બલર, શ્રીમતી રેખાબહેન બલર અને મિત્રો, 'વિહંગ' નામનું સામયિક (જેનું કોઈ લવાજમ નથી) પણ ચલાવી રહ્યાં છે. ગુજરાતના પક્ષીવિદોમાં આજે ગુરુસ્થાને ગણાતા શ્રી લાલસિંહ રાઓલ, વર્ષોથી આવી પ્રવૃત્તિને પ્રેરતા રહ્યા છે. 'કુમાર'માં મુનિયા અને પેણના બે રંગીન ફોટોગ્રાફ્સ અને અંદર બે અન્ય નાના ફોટો સાથે ડૉ. બલરના ફોટોગ્રાફ પ્રદર્શનનું 'કલાવૃત્ત' ખાસ ધ્યાનપાત્ર છે, જ્યારે અભ્યાસની દૃષ્ટિએ ચર્ચાપાત્ર પણ જણાય છે! શા માટે 'મુનિયા' એવા ભારતીય શબ્દને અંગ્રેજીમાં લખી, 'ટપુશિયું' જેવું વિશેષણ જેવું 'નામ' તરીકે પ્રયોજ્યું હશે? અને અંદર 'શ્વેત બઝાર્ડ' એવો વિકૃત પ્રયોગ કર્યો હશે? ડૉ. બલરના પરિચયની ભાષા પણ ચર્ચાસ્પદ છે. 'આલ્બીનોવાળા' પાસે કૌંસમાં 'કાળિયો કોશી' એટલે શું? 'કાળિયો કોશી' ઓળખવો મુશ્કેલ? જેમ 'મુનિયા' ભારતીય શબ્દ છે તેમ અહીં 'નવરંગ' માટે વપરાયેલો 'મિટ્ટા' પણ મૂળમાં ભારતીય તેલુગુ શબ્દ છે. 'મુનિયા' વ્રજપ્રદેશના ગોવર્ધન ઉપર વિશેષ જોવા મળતા, આથી અષ્ટછાપ આપણા સુપ્રસિદ્ધ કવિ સુરદાસે 'લાલ મુનિનકી પાંતિ પિંજર દૂરિ ચલી' એવું એક પદમાં વર્ણન કર્યું છે.

આ પરિચયની વાક્યરચના પણ દોષિત રહી ગઈ છે : 'પક્ષીઓના ફોટોગ્રાફ માટે લાંબી ફોકલ રચનાવાળો લેન્સ અનિવાર્ય બની જાય છે. તેથી ઊભા થતા પ્રશ્નોનો મુકાલબો કરવો પડે છે' (પૃ.૩૯૮) 'મુકાબલો કરી શકાય' એવું હોવું ઘટે. પંખી માટેના અંગ્રેજી શબ્દો જરૂર યોજીએ, પણ ગુજરાતી શબ્દોનો આગ્રહ પ્રથમ, વધુ વ્યાપક બનાવવા માટે અનિવાર્ય જણાય.

-નરોત્તમ પલાણ(પોરબંદર)

*

'કુમાર'ને ઉત્કૃષ્ટ અને વૈવિધ્યભર્યું વાચન પૂરું પાડવા બદલ હાર્દિક અભિનંદન. નવા વિષયોમાં છેલ્લા બારેક અંકથી 'ફિલ્માકાશ'ની લેખમાળા ખાસ દાદ માગી લે છે. ઈ.સ. ૧૯૩૦-૩૫નો ગાળો એ બોલતાં ચલચિત્રોની શરૂઆતનો સમય અને એ જ સમય તે ન્યૂ થીએટર્સની સ્થાપનાનો. એ સંસ્થા ઊભી કરવામાં કેટલીક સાહસિક વ્યક્તિઓએ પુરુષાર્થ કર્યો અને કેટલીક મુશ્કેલીઓનો સામનો કર્યો તે આપણે શ્રી રજનીકુમાર પંડ્યાના લેખોથી જાણ્યું. સાથેસાથે સાહિત્ય અને કલાની કેટલીક વિદ્વાન વ્યક્તિઓએ તેના નિર્માણમાં રસ લીધો એ પણ જાણ્યું. ઉત્તમ નવલકથા કે વાર્તાઓ પરથી ચિત્રો બનાવવાં અને તેને બંધબેસતાં સંવાદ, ફોટોગ્રાફી, સંગીત, અભિનય વગેરે વિષયો પરથી મનોરંજન પીરસવું એ ન્યૂ થીએટર્સનું ધ્યેય. ક્યાંય ઔચિત્ય કે મર્યાદા-ભંગ ન થાય અને મૂળ કૃતિને અન્યાય ન થાય તેવું દિગ્દર્શન અને પાત્રવરણી. આમ ગૃહદાહ, દેવદાસ, વિદ્યાપતિ, વગેરે ચિત્રો જોયાં. આ પાત્રોમાં કાનનબાલા-સાયગલ કે કે.સી.ડે વગેરેનાં નામો યાદ રહી જાય છે. મારી ઉંમર એ વખતે એવી કે સિનેમા જોવાં બહુ ગમે અને એવાં સુંદર ગીતોને મહેનત કરી આબેહૂબ તેની નકલ કરવાનું મન થાય. આજે ૬૦-૭૦ વરસ બાદ પણ એ સુરીલાં કંઠ અને એ ગીતો યાદ આવી જાય છે.

નીચેનો પ્રસંગ યાદ આવે છે : '૧૯૪૨ના જાન્યુઆરીનો સમય હતો. અમે કૉલેજની ટૂરમાં કલકત્તા ગયા હતા. એક દિવસ થોડો સમય હતો ત્યારે અમે ૩-૪ મિત્રો 'ટોલીગંજ'-કલકત્તાનું ફિલ્મી પરું -જવા ઊપડ્યા. આશય એવો કે કોઈ દિગ્દર્શક કે સિતારો રસ્તામાં મળી જાય તો તેની સાથે વાત કરીએ કે તેને જોઈ લઈએ તો ધન્ય થઈ જઈએ. રિક્ષાવાળો ન્યૂ થીએટર્સના સ્ટૂડિઓ પાસે ઉતારી ગયો, પણ કમનસીબે સ્ટૂડિઓ બંધ હતો અને પ્રવેશની મનાઈ હતી એટલે નિરાશ થઈ અમે આગળ ચાલ્યા. ત્યાં 'ઈન્દ્ર મુવિટોન' નામનો સ્ટૂડિઓ જોયો. અવાજ ન કરવાની શરતે અમને અંદર જવા દીધા. એક વિશાળ ખંડમાં કોઈ બંગાળી ધાર્મિક ચિત્રનું શૂટિંગ ચાલતું હતું. ત્યાં દસેક મિનિટ ઊભા રહ્યા પણ કંઈ મજા ન આવી. ત્યાં કોઈએ ખબર આપી કે બાજુના રૂમમાં કાનનબાલા આવ્યાં છે અને સંગીતની પ્રૅક્ટિસ ચાલે છે. જોયું તો એક મોટા રૂમની વચ્ચે શેતરંજી પાથરી હતી. મધ્યે બાજુબાજુમાં બે ખુરશીઓ હતી અને તેમાં કાનનબાલા અને પી.સી.બરુઆ બેઠાં હતાં. સામે મોટો અરીસો હતો અને બાજુમાં જમીન પર કમલ દાસગુપ્તા હારમોનિયમ પર હતા. અને તેની બાજુ એક મોટું વાયૉલીન-વાયોલા સાથ પુરાવતું હતું. લગભગ ત્રીસેક મિનિટ પ્રૅક્ટિસ ચાલી અને ૮-૧૦ ગીતો ગવાયાં. શાંતિ હતી અને માત્ર સંગીતના સૂરથી વાતાવરણ ભરાઈ ગયું હતું. ત્યારે ખબર નહિ કે આ કઈ ફિલ્મનાં ગીતો છે. પણ પાછળથી જાણવા મળ્યું કે એ ગીતો 'જવાબ' (હિન્દી અને બંગાળી) અને 'હૉસ્પિટલ' ફિલ્મનાં હતાં જેનાં નામ અને શબ્દો કમલાબહેનના લેખમાં અગાઉ આવી ગયાં છે તે ગીતો ફિલ્મમાં જોવા કરતાં કે રેકોર્ડ સાંભળવા કરતાં આ પ્રત્યક્ષ શ્રવણમાં ખૂબ જ મીઠાશ હતી. આજે પણ એ 'તુફાન મેલ' કે 'ચાંદ છુપ ના જાના' અને 'પ્રેમ કી બંસી તો જરા મુજકો સુના જા' ની તરજો કાનમાં ગુંજે છે અને દૃશ્ય સ્મૃતિપટ પરથી ખસતું નથી. કમલા પરીખનો લેખ વાંચી આ ભૂતકાળ તાજો થઈ ગયો.

આ રીતે 'કુમાર'ના જૂના અંકોમાં સાયગલ-કેદાર શર્મા અને કમલ દાસગુપ્તાનાં ફિલ્મોનાં ગીતો અને તેમની અંગત જીવનકથા વિશે વાંચ્યું અને તેની કરુણકથા જાણી ખૂબ દુઃખ થાય છે. પણ એટલું તો ચોક્કસ કે દેવદાસ, લગન, વિદ્યાપતિ અને જવાબ ફિલ્મોનાં ગીત આજે પણ અમર છે અને તેનો મુખ્ય યશ આ કલાકારો, દિગ્દર્શકો અને તેમના કંઠને અને તેમની જ રચનાઓને છે. આમ 'કુમારે' એક ભવ્ય ભૂતકાળ તાજો કર્યો છે.

-રસિકભાઈ આચાર્ય (વલસાડ)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૫મું — અંક ૮

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

અનુક્રમણિકા

'કુમાર' સળંગ અંક ૮૯૬

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિ઼. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ ૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૭ - ૦૦

સૂત્રસાર

લોખંડી, રૂપેરી અને સોનેરી શીખ

રાધેશ્યામ શર્મા

અતિ પ્રચલિત પ્રયોગ છે 'સોનેરી શીખ'. શીખને સોનેરી અથવા સોના સરીખી કેમ ગણવામાં આવી હશે? એ શીખનો પ્રકાર અને સ્વરૂપ કેવી જાતનાં હોય કે એને લોખંડી નહિ, રૂપેરી નહિ અને સોનેરી જ માનવામાં આવી?

સોનેરી શીખ સાથે કેવા કેવા અધ્યાસો અને સંસ્કારો ચિત્તમાં પ્રતિષ્ઠિત થયા છે! આ સંબંધે શીખ શબ્દના વિવિધ અને વિભિન્ન અર્થો પણ જાણવા જરૂરી છે.

શીખનો જાણીતો અને સિદ્ધ અર્થ છે શિખામણ. આ શીખ કે શિખામણ એ ગુજરાતી શબ્દનું સંસ્કૃતમાં મૂળ અનુસંધાન 'શિક્ષા' શબ્દ સાથે છે.

શીખનો બીજો અર્થ વ્યવહારવિશ્વ સાથે સંકળાયેલો છે. દાખલા તરીકે કોઈ વિદાય થતું હોય એ વિદાયની વેળાએ સ્નેહી-સ્વજન વિદાય લેનારને જે મૂલ્યવાન ભેટ કે યાદગાર ઉપહાર આપે એને પણ શીખ કહેવામાં આવે છે.

સામાન્ય સંજોગોમાં એવા દાખલા પણ જોવા-સાંભળવા મળે કે શીખ કે શિખામણ નવલોહિયાંને ભાગ્યે જ ગમે, અથવા ક્યારેક લેશ પણ ના ગમે.

શિક્ષા, શિખામણ, બોધ આ ઉપદેશનું એક રૂપ છે. પિતા, માતા, ગુરુજન પુત્ર કે શિષ્યને બોધ આપે છે. એમનું કર્તવ્ય ઉપદેશ આપવામાં છે અને લઘુ વયનાં સૌકોઈ બોધ ગ્રહણ કરી આચરણમાં મૂકવાને પાત્ર છે.

શાસ્ત્રમાં કહેવાયું છે કે કવિતા કાન્તા અથવા પ્રિય પાત્રની રીતે ભાતે બોધ આપે છે, પણ ધર્મ તો પિતાના અધિકારથી શિક્ષાના અનુસાશનપૂર્વક ઉપદેશ આપે છે.

કહેવું હોય તો કવિતાકલા જે રીતે બોધ આપે એને રૂપેરી શીખ ગણી શકીએ અને ધર્મરૂપ પિતાનો આદેશના સૂરવાળો બોધ લોખંડી-શીખ માની શકીએ.

પરંતુ વાત્સલ્યમૂર્તિ માતા, લાડકા સંતાનને જે શીખ આપે એને સોનેરી શીખ લેખવામાં કોઈ હરકત ના નડે.

હજરત ગોસુલ આજમ, જેમની નામના પાછળથી એક પાક પૂજ્ય સંત તરીકે પ્રસરેલી; એમને નાની વયમાં જ વિદ્યાના ધામ બગદાદ જઈને જ્ઞાન પામવાની અભિલાષા જાગી ત્યારે છાતી પર પથ્થર રાખીને એમનાં માતાએ રજા તો આપી પણ સાથે સાથે વિદાયવેળાએ બહુ ગણ્યાગાંઠ્યા શબ્દોમાં સોનેરી શીખ પણ આપી. એ શીખ શી હતી? પુત્રવિરહને નિરુપાયે સ્વીકારતી માએ પરદેશ સીધાવતા પુત્રને કહ્યું હતું : 'જા દીકરા, મેં તને ખુદાને સોંપ્યો છે. જોજે, હંમેશા સાચું જ બોલજે અને પરવરદિગારને કદી ભૂલતો નહીં.'

> "જો સત્ય સુંદર છે, તો તે સાદગી પણ છે. દંભનો ત્યાં સર્વથી અભાવ છે."
> - જ્યોર્જ સી. સ્કૉટ

એ જમાનામાં મુસાફરીનો ત્રાસ, કલ્પી ના શકાય એવો કાંટાળો પથ હતો. બાળક હજરત ગોસુલ એક કાફલાની સાથે હમદાન શહેર છોડી જ્યારે આગળ વધ્યા કે આ મુસાફરોની વણજાર ઉપર સાઠ લૂંટારાઓએ હુમલા કરી તમામ સરસામાન લૂંટી લીધાં. હજરત ગુપચુપ એક સ્થાને ઊભા રહી તમાશો જોતા હતા. ત્યાં આતંકવાદી જેવો એક દયાહીન લૂંટારો આવીને પૂછવા લાગ્યો, 'એય છોકરા! તારી પાસે કાંઈ છે કે?'

જરાકે ખચકાયા વગર હજરત બોલ્યા, 'હા, મારી પાસે ચાલીસ અશરફીઓ છે!'

પેલો તો અચંબો પામી ગયો. કહે, 'ક્યાં છે ચાલીસ અશરફીઓ?, તો હજરતે તદ્દન સહજભાવે બતાવી કહ્યું : 'મારી માએ ચાલીસ અશરફીઓ કુડતામાં બગલ તળે સીવી આપી છે.'

લુંટારુઓના સરદારે તરત તપાસ લીધી તો છોકારા હજરતની વાત સાચી નીકળી અને માતાની સોનેરી શીખને અક્ષરશઃ સાચું બોલીને પાલન કરનાર પુત્ર તરફનો અહોભાવ નિર્દય લૂંટારાઓના ચહેરા પર પણ પ્રસરી વળ્યો. ☐

ચોધાર મેઘ રડતો / *ભાનુપ્રસાદ પંડ્યા*

(વસંતતિલકા • સાંનેટ)

'નિષ્પ્રાણ સૌ તરુતણાં જટિયાં ઊડે આ,
ઉચ્છ્‌વાસ ઉષ્ણ મુખથી વછૂટી રહ્યા શા,
ક્યાં તારું એ હરિત વસ્ત્ર સુહંત અંગ?
ને કેમ પ્હાડ-વનનાં ય વિરૂપ ઢંગ?
રે રિક્ત આ સરવરો નીરથી વસૂકયાં
ભાસે કીકીવિહીન નેત્ર ઊંડાં ફૂટેલાં!
તારા સુદીર્ઘ ભુજ-શી સરિતાય લૂખી,
જેમાં રહી તરફડી સૂકી રેત ભૂખી!
બૂઝી ગયા કલરવો ખગકંઠમાંથી,
ના ચોપગું ઊછળતું દીસતું લીલાથી.
દુર્ભિક્ષના અજગરે કરી દાઢગ્રસ્તા
જોઈ ધરા! નવ શકું, પ્રિય, દુર્દશા આ!'
-એવું વદી ગડગડી સહુ દિશમાંથી,
ચોધાર મેઘ રડતો ધસી આભમાંથી!

વાગે છે ચોઘડિયાં / *હરિકૃષ્ણ પાઠક*

(ગાન)

વાગે છે ચોઘડિયાં
ઘટી રહ્યા છે એ જ ઘાટ
જે ઘટની સાથે ઘડિયા. વાગે છે૦

ચલ મનવા તું એ જ ચાલ
જે આજ લગી છે ચાલ્યો,
છોડ ફિકર - ખાટ્યો કે ખોયું
કેવું મનભર મ્હાલ્યો?
ડગ ભરજે સાબૂત
પંથ છો ઉબડિયા-ખાબડિયા.- વાગે છે૦

જેવી માણી ભરતી
એવી માણી લે તું [illegible],
સચરાચરનો સંચ ચાલતો
નહિ ખાંચો કે ખોટ.
પૂગ્યા કેડે કોઈ ન પૂછે:
ક્યાં પડિયા-આખડિયા? - વાગે છે૦

મનજી અને તનજી / *[illegible]ંદુ પરીખ*

(વનવેલી)

'ચાલો નિજ દેશ ભણી'.
હે મનજી મુસાફર! ક્યાં છે તારો દેશ?
જ્યાં છે ત્યાં શું તેં કૈં ધારણ કર્યો છે
કોઈ નાટકનો વેશ?
કોણે કહ્યું હતું?–
મુંડન કરાવો યા તો ધરો લાંબા કેશ!
તમે તો જે છો તે જ છો
પછી તમારી જાતને તમે ક્યાંથી આપશો ખો?

જો આ નથી તારો દેશ
તો શું આવી ચડ્યો પરદેશ?
સ્વ-દેશ ને પર-દેશ એવો સૂઝ્યો
તને ક્યારે અને ક્યાંથી ભેદ?
તે કરવા લાગ્યો છે તું ખરે ટાણે ખેદ!

હે મનજી, તારે નથી ચરણ ને તારે નથી પાંખો,
આંખો જો હોત ને તો તો કળાયું ના હોતઃ
આ જ તો છે તારો દેશ!

દેશને વિદેશ ગણી
ગુમાવો ના દેશાટનનો લહાવો;
તનજીની હોડીમાં, મનજી, જાતને વહાવો.
પૃથ્વીપટે તું જો આવ્યો છે તો
સંસારના વિકાસે છે તારો યે વિકાસ
તનજીની નિકાસ કરીને
મનજી તમે રહેશો કયે વાસ?
'નિજ દેશ' એ જ તો તેં [illegible] ધારણ કર્યો વેશ
એવું યથાર્થ પ્રમાણો;
તો પછી તું, મનજી, છે શાણો,
તનજીનો ભલે હો તું રાણો!

ચાલો હવે / *દેવેન્દ્ર દવે*

(વસંતતિલકા • સાંનેટ)

ચાલો હવે મન! તમે ક્યહીં દૂર દૂર...
જ્યાં સૃષ્ટિના કલહ-વેણ ન હો લગાર;
જ્યાં સર્વને મળી રહે મૃદુ શાંતિ, સૌમ્ય
લ્હેરે સુહે સૃજનના નવલા પ્રબંધો!

લીલાશથી લહલહે નમણા સ્વરોમાં
ક્ષેત્રો, વળી સુભગ સૂર વહે ઉમંગે
રેલાય દિવ્ય રવિનો કુમળો પ્રકાશ,
જ્યાં ચંદ્ર હોય ગમતો (કવિનો પ્રસાદ).

તારા તણા ઝબૂકતા લય, વાદળોમાં
વર્ષાભરી ખળકતી શીત મેઘધારા,
શૂન્યાવકાશ નવ હો કદી માનવીનો
સંસાર રમ્ય રણકે કવિતા સુહાગી...

ઘૂંટાય રંગ નરવો નિત મોરકંઠે
મારું રહ્યું ઊછરતું લઘુ સ્વપ્ન સંગે!

નિશિગન્ધા! / *કનુભાઈ જાની*

(હરિગીત)

પુષ્પ વણબોલે
હૃદય ખોલે
અને બસ મઘમઘે!

દીપ વણબોલે
હૃદય ખોલે
અને બસ ઝગમગે!

નીરવે અંધાર
પાડે ઓકળી,
શાન્તિથી લીંપાય આખું આંગણું,
મૌન મસૃણ એકલું
અંકાશભર્ બસ મર્મરે!

શ્રેષ્ઠ જે
વણદાખડે
અણદીઠ રૂહી,
અંતર્ગુહા જ ઉજાળતું
સ્પન્દન વિના બસ્ ટમટમે!

જુઓ, જાય મોજું... / *ધીરેન્દ્ર મહેતા*

(ગઝલ)

અને યાદ આવી ફરી એ જ વેળા,
વિખૂટાં પડ્યાં એ થયાં આમ ભેળાં...
જુઓ, જાય મોજું ભરીને ઉચાળા,
હવે જળ ઉપર તો ઉછાળા ઉછાળા...
હતાં મીણનાં તે થયાં જો મલોખાં,
અનોખાં હતાં ને રહ્યાં બસ અનોખાં...
રહ્યાં અંજલિમાં અમે એ જ પીધાં,
ગયાં તે ગયાં ઊતરી રોમ સીધાં...
થઈ શ્વાસમાં રક્તમાં એમ પેઠાં,
ચણીબોર ચાખ્યાં થયાં પણ ન એઠાં...
અહીં દૃશ્ય દેખું બધાંયે અનૂઠાં,
કહો કોણ સાચાં, કહો કોણ જૂઠાં?...

સિદ્ધાંતનિષ્ઠ અને સત્ત્વશીલ સાહિત્ય સર્જક



દુર્ગાબાઈ ભાગવત

પ્રા. બી. એમ. મૂળે

અર્વાચીન મરાઠી સાહિત્યના ઈતિહાસમાં જે સમયગાળો મહાષ્ટ્રના લોકમાનસ પર 'દુર્ગાપર્વ'ના સંબોધનથી કંડારાયેલો રહેશે તે પર્વનાં, સિદ્ધાંતનિષ્ઠ અને સત્ત્વશીલ સાહિત્યકાર અને સંશોધક દુર્ગા ભાગવતના ૯૨ વર્ષની પાકટ વયે તા. ૭ મે ૨૦૦૨ના રોજ થયેલા અવસાનથી પૂર્ણાહુતિ થઈ છે. તેમનાં જીવન અને કાર્યની કોઈ એક વાક્ય કે વિધાનમાં સમીક્ષા કરવી હોય તો એમ કહેવાય કે દુર્ગા ભાગવત એ કોઈ વ્યક્તિ માત્ર નહિ, પરંતુ એક હરતુંફરતું વિશ્વવિદ્યાલય જ હતાં; એટલી તેમની ગહન અને વિશાળ જ્ઞાનસાધના હતી. તેઓ વિચક્ષણ પાંડિત્ય ધરાવતાં બહુશ્રુત સાહિત્યકાર તો હતાં જ, પરંતુ તે ઉપરાંત તેઓ ભાષાવિદ, સમાજશાસ્ત્રી, સંશોધક, માનવંશ તથા પ્રાચ્યવિદ્યા વિશારદ, લોકકલા અને લોક-સાહિત્યનાં અઠંગ અભ્યાસી અને વિચાર તથા અભિવ્યક્તિ-સ્વાતંત્ર્યનાં પ્રખર પુરસ્કર્તા હતાં. તેઓ ભાષાવિદ તરીકે મરાઠી, અંગ્રેજી, સંસ્કૃત ઉપરાંત પાલિ, ફ્રેન્ચ અને જર્મન ભાષાનાં સારાં જાણકાર હતાં.

તેમનો જન્મ ૧૦ ફેબ્રુઆરી ૧૯૧૦ના રોજ ઈન્દોર ખાતે થયેલો. જ્ઞાન-સાધનાની બાબતમાં જન્મથી જ તેઓ નસીબદાર હતાં, કારણ કે ઔપચારિક રીતે જ માત્ર શિક્ષિત નહિ પરંતુ માનવજીવનમાં શિક્ષણનું મૂલ્ય સમજતા અને ખાસ કરીને સ્ત્રી-કેળવણીમાં સંપૂર્ણ શ્રદ્ધા ધરાવતા પરિવારમાં તેમનો જન્મ થયેલો. તેમના દાદા રાજારામશાસ્ત્રી ભાગવત પ્રકાંડ પંડિત અને પિતા રસાયણશાસ્ત્રી હતા, જેમણે બીજા એકના સહકારથી ટાટા કંપની માટે વનસ્પતિ ઘીની શોધ કરી હતી. તેમની નાની બહેન કમલા સોહની ભારતનાં સૌપ્રથમ મહિલા વિજ્ઞાની હતાં, જેઓ બૅંગલોર ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સીસનાં નિયામકના પદ સુધી પહોંચ્યાં હતાં. દુર્ગાબાઈનું શાલેય શિક્ષણ અહમદનગર, નાશિક, ધારવાડ, પુણે અને મુંબઈ ખાતે થયેલું. ૧૯૨૭માં મૅટ્રિકની પરીક્ષા પાસ કર્યા પછી સાવ યુવાન વયે તેઓ મહાત્મા ગાંધીજીના પ્રભાવ હેઠળ આવ્યાં અને આઝાદીની લડતમાં ઝંપલાવ્યું. પરંતુ કુટુંબની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી શિક્ષણ પૂરું કરી પરિવારને પગભર કરવાની અનિવાર્યતાને કારણે દુર્ગાબાઈએ ફરી ભણવાનું શરૂ કર્યું. ૧૯૩૨માં મુંબઈની સેન્ટ ઝેવિયર કૉલેજમાંથી સંસ્કૃત અને અંગ્રેજી વિષય સાથે મુંબઈ યુનિવર્સિટીની બી.એ.ની પદવી તેમણે પ્રથમ વર્ગમાં પ્રથમ ક્રમાંક પસાર કરી. આ સિદ્ધિ માટે તેમને તે પરીક્ષા માટેનાં બધાં જ પારિતોષિકો તો મળ્યાં જ, પરંતુ શિષ્યવૃત્તિ પણ મળી. આમ, જોવા જઈએ તો દુર્ગાબાઈનું સમગ્ર શિક્ષણ શિષ્યવૃત્તિ દ્વારા જ સંપન્ન થયું હતું. તેઓ બી.એ.ની પદવી માટે તૈયારી કરતાં હતાં ત્યારે આદ્ય-શંકરાચાર્યના બ્રહ્મસૂત્રના અધ્યયન દરમિયાન તેમની જિજ્ઞાસુ વૃત્તિ વધુ જાગૃત થઈ અને તેમના મનમાં કેટલીક શંકાઓ ઊભી થતાં તેના નિરાકરણ માટે તેમણે મૂળ પાલિ ભાષામાં લખાએલા બૌદ્ધધર્મના ગ્રંથોનું અધ્યયન કર્યું, જેના માટે તેઓ પાલિ ભાષા પણ શીખ્યાં. ૧૯૩૨-૩૫ દરમિયાન તેમણે ફરી રાષ્ટ્રિય આંદોલનમાં ભાગ લીધો. ૧૯૩૫માં ભારતીય સંસ્કૃતિના વિષય સાથે મુંબઈ યુનિવર્સિટીની એમ.એ.ની પદવી ઉચ્ચ ગુણવત્તા સાથે પસાર કરી, જેના માટે તેમણે 'અર્લિબુદ્ધિસ્ટ જુરિસપ્રુડન્સ' વિષય પર પ્રબંધ રજૂ કર્યો હતો, જેની ખૂબ પ્રશંસા થયેલી. એના કેટલાક અંશો સમયાંતરે વિદેશોમાં પણ પ્રકાશિત થયા હતા. ત્યાર બાદ ભારતના વિખ્યાત સમાજશાસ્ત્રી ડૉ. ગોવિંદ સદાશિવ ઘુર્યેના માર્ગદર્શન હેઠળ તેમણે ડૉક્ટરેટની પદવી માટે સંશોધન કર્યું. જેના માટે દુર્ગાબાઈએ 'સિંથિસિસ ઑફ હિન્દુ ઍન્ડ ટ્રાઈબલ કલ્ચર્સ ઑફ સેન્ટ્રલ પ્રૉવિન્સેસ ઑફ ઈન્ડિયા' વિષય પસંદ કર્યો. તેના માટે માત્ર ઉપલબ્ધ ગ્રંથો કે અન્ય તૈયાર સંદર્ભ-સામગ્રી પર આધાર રાખવાને બદલે દુર્ગાબાઈએ ૧૯૩૫-૩૮ના ગાળામાં ભારતના તત્કાલીન મધ્યપ્રાંતના

આદિવાસી વિસ્તારોમાં વિસ્તૃત અધ્યયનપ્રવાસ હાથ ધર્યો. આવા જાત-અભ્યાસ દ્વારા દુર્ગાબાઈએ તે વિસ્તારનાં આદિવાસીઓની ભાષા, સંસ્કૃતિ, રહેણીકરણી, તહેવારો, જ્ઞાતિપ્રથા, રિવાજો વગેરેનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. નોંધપાત્ર બાબત એ છે કે અગ્ર વર્ગમાં જન્મેલી કોઈ શિક્ષિત યુવાન કૉલેજ-યુવતી તે જમાનામાં ગીચ આદિવાસી વિસ્તારોમાં જઈને રહે, એક ગામથી બીજા ગામ પગપાળા મુસાફરી કરે, સ્થાનિક આદિવાસીઓ સાથે કોઈ પણ જાતના સંકોચ કે બીક વિના હરેફરે એટલું જ નહીં પરંતુ આદિવાસીઓ સાથે આત્મીયતા કેળવે એ અસંભવ ગણાતું. છતાં દુર્ગાબાઈએ તેમ કરી બતાવ્યું.

દરેક વિષયના ઊંડાણમાં જવાની, પોતે કરેલ અધ્યયનને આધારે તારણો કાઢવાની અને એક વાર કોઈ નિષ્કર્ષ પર આવ્યાં પછી તેને વળગી રહેવાની દુર્ગાબાઈની વૃત્તિ હતી. ત્રણ વર્ષની સખત મહેનત અને ચિંતન કર્યા બાદ તેમણે જે પ્રબંધ તૈયાર કર્યો તેનાં કેટલાંક અંશો અને તારણો વિશે માર્ગદર્શક સાથે તેમને મતભેદ થયો અને બાંધછોડ ન કરવાના તેમના સ્વભાવને કારણે તેમને આજીવન ડૉક્ટરેટની પદવીથી વંચિત રહેવું પડ્યું.

ડૉક્ટરેટ માટેના અભ્યાસ-પ્રવાસ દરમિયાન દુર્ગાબાઈને ક્યારેક આદિવાસી વિસ્તારોમાં રાતવાસો પણ કરવો પડતો. આવા જ એક રહેઠાણ દરમિયાન તેમને સર્પદંશ થયેલો જેના પરિણામે તે પછીનાં થોડાંક વર્ષો દરમિયાન તેમને પથારીવશ રહેવું પડ્યું હતું. આ અરસામાં તેમણે તેમના અંગત જીવન અને કાર્યક્ષેત્ર અંગે બે મહત્ત્વના નિર્ણયો લીધા : એક, આજીવન અપરિણિત રહેવું અને બીજું, અસ્વસ્થ તબિયતને કારણે સંશોધનનું ભારેખમ કામ કરવાને બદલે લલિત સાહિત્યનું સર્જન કરવું. તેમના આ બીજા નિર્ણયના પરિણામે તેમના થકી મરાઠી સાહિત્યને 'ઋતુચક્ર' જેવી કેટલીક મૌલિક કૃતિઓ પ્રાપ્ત થઈ છે. લલિત સાહિત્ય તરફની તેમની પ્રદીર્ઘ યાત્રાનો પ્રારંભ હકીકતમાં ૧૯૩૫માં 'પખરણ' નામના એક મરાઠી સામયિકમાં પ્રકાશિત થયેલા તેમના એક લેખ દ્વારા શરૂ થયેલી, જે જીવનનાં છેલ્લાં ૧-૨ વર્ષ બાદ કરતાં નિરંતર ચાલુ રહેલી.

દુર્ગાબાઈની જીવનશૈલી અને વિચારો પર મહાત્મા ગાંધી, લીઓ તૉલસ્ટૉય, હેન્રી ડૅવિડ થૉરો, જે. એસ. મિલ, કોશકાર ડૉ. શ્રીધર વ્યંકટેશ કેતકર, ઇતિહાસકાર વિશ્વનાથ કાશિનાથ રાજવાડે અને તેમના વડવા રાજારામશાસ્ત્રી ભાગવત જેવા વિચારકોનો પ્રભાવ પડ્યો હતો. એમના જીવનમાંથી દુર્ગાબાઈએ સિદ્ધાંતનિષ્ઠા અને સત્ત્વશીલતાના બોધપાઠ લીધા હતા.

૧૯૫૭ના વર્ષ દરમિયાન દુર્ગાબાઈએ 'સાહિત્ય-સહકાર' નામના મરાઠી સામયિકના તંત્રીપદની જવાબદારી વહન કરી હતી અને તે પછીનાં બે વર્ષ (૧૯૫૮-૬૦)ના ગાળામાં તેમણે પુણે ખાતેની વિશ્વવિખ્યાત સંશોધન-સંસ્થા 'ગોખલે ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇકૉનોમિક અને પોલિટિકલ રિસર્ચ'માં સમાજશાસ્ત્ર વિભાગનાં વડાંનું પદ સંભાળ્યું હતું. તે સિવાયના જીવનનાં બાકીનાં કાર્યરત વર્ષો તેમણે અધ્યયન, સંશોધન અને લેખન જેવી વિદ્યાકીય પ્રવૃત્તિને સમર્પિત કર્યાં હતાં.

તેમની સાહિત્ય-સંપદા જેટલી વિપુલ તેટલી જ તે વૈવિધ્યપૂર્ણ પણ છે. સાહિત્યનું ભાગ્યે જ એવું કોઈ અંગ હશે જેમાં દુર્ગાબાઈએ અધિકારવાણીથી પોતાની ચાંચ ડુબાડી ન હોય. લગભગ ૬૦ જેટલાં તેમનાં સર્જનોમાં લલિત સાહિત્ય, વિવેચન, જીવન-ચરિત્રો, લોકસાહિત્ય, લોકકલાઓ, લોકવાર્તાઓ, અનુવાદ, સંપાદન અને બાલસાહિત્યનો સમાવેશ થાય છે. ૧૯૭૧માં સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત 'પૈસ' ઉપરાંત 'વ્યાસપર્વ' અને 'ભાવમુદ્રા' જેવી તેમની કૃતિઓ મરાઠી સાહિત્યના ક્ષેત્રમાં ઉત્કર્ષ બિંદુ ગણાય છે. જ્યારે 'ઋતુચક્ર' એ તેમના અનન્ય ગ્રંથ ગણાય છે. ડૉ. શ્રીધર વ્યંકટેશ કેતકરના એક જાણીતા મરાઠી ગ્રંથનો દુર્ગાબાઈએ 'હિંદુઇઝમ ઍન્ડ ઇટ્સ પ્લેસ ઇન ધ ન્યૂ વર્લ્ડ' શીર્ષક હેઠળ અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. રવીન્દ્રનાથના 'લોકસાહિત્ય' ગ્રંથનો અનુવાદ, બંગાળનાં ગીતો, થૉરોનું ચરિત્ર અને વૉલ્ડનના ગદ્યકાવ્યનો અનુવાદ - આ બધાં પણ તેમનાં ધ્યાનાકર્ષક સર્જનો ગણાય છે. ૧૯૭૫માં ભારતમાં આંતરિક કટોકટી જાહેર કરવામાં આવી તેનો છડે ચોક વિરોધ કરવા માટે તેમણે ઠેરઠેર જે ભાષણો કર્યાં તે ગ્રંથરૂપે 'મુક્તા' (૧૯૭૭) અને 'જનતેયા સવાલ' (૧૯૭૮) શીર્ષક હેઠળ પ્રકાશિત થયાં છે. 'અર્લિ બુદ્ધિસ્ટ જુરિસપ્રુડન્સ' (૧૯૩૮) તેમનો અંગ્રેજીમાં લખેલો પ્રથમ ગ્રંથ અને 'ગોંડ આદિવાસી લાઇફ' (૧૯૫૬) બીજો ગ્રંથ છે. 'મહાનદીચ્યા તીરાવર' (૧૯૭૫) તેમની એકમાત્ર નવલકથા છે. 'રાજારામ શાસ્ત્રી ભાવગત - વ્યક્તિચિત્ર વ વાઙમય વિવેચન' (૧૯૪૭) તેમણે લખેલું પ્રથમ જીવન-ચરિત્ર છે. ભાષાશાસ્ત્ર પરની તેમની પુસ્તિકાએ 'અ ડિજેસ્ટ ઑફ કમ્પરેટિવ ફિલૉલૉજી' (૧૯૪૦), 'રોમાન્સ ઇન સેક્સ લવ' અને 'એ પ્રાઇમર ઑફ એન્થ્રપાલૉજી' (૧૯૪૬) તેમની બહુશ્રુત વિદ્વત્તાનાં પ્રતીકો છે.

દુર્ગાબાઈની કલમમાં વિચારોની મૌલિકતા ઉપરાંત અસલ ભારતીયતાનો આવિષ્કાર અને સનાતન મૂલ્યો પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનાં ઉમદા લક્ષણોનાં દર્શન થાય છે. લલિત નિબંધલેખનના ક્ષેત્રમાં તેમણે મરાઠી સાહિત્યક્ષેત્રે નવા માનદંડ પ્રસ્થાપિત કર્યા છે. ભારતના વિવિધ પ્રાંતોની લોકકથાઓનું તેમણે તલસ્પર્શી અધ્યયન કર્યું હતું, અને તે સંપાદિત સ્વરૂપમાં

(અનુસંધાન પૃષ્ઠ ૪૯૮ ઉપર)

નદીનો ત્રીજો કાંઠો

મૂળ લેખક : જો ગુઈમારેશ રોશા / અનુ.: રાજેન્દ્ર પટેલ

મારા પિતાજી કર્તવ્યનિષ્ઠ, સુજ્ઞ અને સરળ માણસ હતા. ઘણાં સંબંધીઓના કહેવા મુજબ તેમનામાં આ ઉમદા ગુણ કિશોરાવસ્થાથી અથવા બાળપણથી જ ખીલ્યા હતા. મારી યાદદાસ્ત મુજબ એ વિનોદી ન હતા કે બીજા લોકોની જેમ નિરાશાવાદી પણ ન હતા. કદાચ શાંત સ્વભાવના હતા. ઘરમાં માનું રાજ ચાલતું, પિતાનું નહિ. તે મારાં ભાઈ-બહેનને અને મને પણ દરરોજ ધમકાવતી. પણ એક દિવસ એવું બન્યું કે પિતાજીએ હોડી મંગાવી.

તે આ વાત પર ખૂબ ગંભીર હતા. બુચ (Mirosa)ના લાકડામાંથી ખાસ તેમને માટે બનાવડાવી હતી. આ હોડી એક માણસ માટેની અને ત્રીસ-પાંત્રીસ વર્ષ ચાલે તેવી મજબૂત હતી. માએ તે માટે ઘણી પસ્તાળ પાડી. શું તેનો પતિ અચાનક માછીમાર કે શિકારી થવા માગતો હતો? પણ બાપુજીએ હરફ ઉચ્ચાર્યો નહીં. અમારું ઘર નદીથી એકાદ માઈલ દૂર હતું. ત્યાં નદી શાંત, ખૂબ ઊંડી ને એવી વિશાળ હતી કે તેની પેલી પાર જઈ પણ શકાતું ન હતું.

હું તે દિવસ ક્યારેય નહીં ભૂલી શકું જ્યારે હોડી આવી હતી. બાપુજીએ કોઈ ઉત્સાહ કે આનંદ વ્યક્ત કરેલો નહીં. તેમણે રાબેતા મુજબ પોતાની હૅટ માથા ઉપર મૂકી ને અમને બધાંને આવજો કહી ચાલી નીકળ્યા. તેમણે ખાવાનું કે પહેરવાનું કશું સાથે લીધું ન હતું. અમને હતું કે મા દોડતી જઈ તેમને સમજાવે, પટાવે પણ તેણેય એવું કર્યું નહીં. તેના નૂરહીન ચહેરે હોઠ કચડી રહી ને બોલી, 'તમારે જવું જ હોય તો ક્યારેય પાછા ન આવતા.'

પિતાજીએ કંઈ ઉત્તર વાળ્યો નહીં. તેમણે મારી તરફ પ્રેમથી જોયું ને તેમની જોડે ચાલવા ઈશારો કર્યો. મને માનો ડર લાગ્યો પણ હું આતુરતાથી તેમને અનુસર્યો. અમે નદી તરફ સાથે આગળ વધ્યા. મને એટલી બધી હિંમત આવી ગઈ કે મેં પૂછ્યું, 'પિતાજી, મને તમે તમારી હોડીમાં લઈ જશો?'

તેમણે મારી તરફ જોયું ને મૂક આશીર્વાદ આપ્યા ને મને પાછા વળી જવા ઈશારો કર્યો. મેં તેમણે કહ્યું તેમ કર્યું. પણ જેવી તેમની પૂંઠ વળી કે તેમની પાછળ પાછળ ઝાડ પાછળ સંતાતો તેમનો પીછો કરવા લાગ્યો. પિતાજી હોડીમાં બેસીને દૂર વહી ગયા. તેનો પડછાયો મગરની જેમ ધીરેથી શાંતિથી આગળ વધતો રહ્યો.

પિતાજી પાછા ફર્યા નહીં. ખરેખર તો એ બીજે ક્યાંય પણ ગયા ન હતા. તે નદીમાં આમતેમ ઉપર-નીચે હોડીમાં તરતા રહ્યા. બધાં આશ્ચર્યમાં પડી ગયાં. જે ક્યારેય બન્યું ન હતું, બની ન શકે તેવું ન હતું તે બન્યું હતું. આ ઘટનાની ચર્ચા કરવા અમારા સંબંધીઓ, મિત્રો ને સ્નેહીઓ આવતાં હતાં.

માને શરમ આવતી હતી. તે ખૂબ ઓછું બોલતી. પોતાની જાતે મહાન વ્યવસ્થાપકની જેમ બધું ચલાવતી. જેને પરિણામે બધાં એવું વિચારતાં કે (જો કે કોઈ મોટેથી બોલતું નહીં) પિતાજી ગાંડા થઈ ગયા હતા. જો કે કેટલાક માનતા કે પિતાજી કોઈ ઈશ્વરની કે સંતની આજ્ઞા અનુસાર આમ કરતા હતા, તો કોઈ કહેતા કે તેમને કુષ્ઠરોગ જેવો ભયાનક રોગ થયો હતો, જેથી તે તેમના કુટુંબથી અલગ છતાં નજીકમાં રહી શકે.

નદીમાં વિહાર કરતાં અને કિનારે રહેતાં લાકોના કહેવા મુજબ, પિતાજીએ ક્યારેય જમીન ઉપર પગ મૂક્યો ન હતો - રાત્રે કે દિવસે. એ નદીમાં તરતા રહ્યા ચૂપચાપ-એકાકી, ધ્યેયહીનપણે. જાણે કે નદીમાં નધણિયાતી તરતી કાઈ હોડી! મા અને બીજાઓ એવું માનતાં હતાં કે હોડીમાં સંતાડેલો ખોરાક ખતમ થયા પછી તે નદી છોડી દેશે, ને ક્યાંક ચાલી નીકળશે. (જે કદાચ માનજનક હતું) અથવા માફી માગીને ઘેર પાછા ફરશે.

પણ આ બધાં સાચી વાતથી કેટલાં દૂર હતાં? પિતાજીને માટે એક છૂપો રસ્તો હતો 'હું'. તેમને માટે દરરોજ ખાવાનું ચોરતો. પહેલી રાતે જ્યારે અમને ત્યજીને જતા રહ્યા ત્યારે, અમે નદીકાંઠે તાપણું કરેલું ને તેમને પાછા ફરવા પ્રાર્થના ને વિનંતી કરેલી, પણ તેથી કશું વળેલું નહીં. મને ઊંડે ઊંડે કશુંક કરી છૂટવાનું મન થતું હતું. બીજા દિવસે હું ટોપલો લઈને નદીના પટમાં નીચે ઊતર્યો હતો. એક કેળાની લૂમ અને બ્રાઉન બ્રેડ લઈ હું આતુરતાપૂર્વક તેમની રાહ જોવા લાગ્યો. ઘણા કલાકો રાહ જોઈ. મેં દૂર શાંત શીતળ નદીના પ્રવાહ ઉપર તેમને શાંતિથી વિહરતા જોયા. પિતાજી હોડીને તળિયે બેઠેલા. તેમણે મને જોયો પણ મારી તરફ વળ્યા નહીં કે મને કશો ઈશારો કર્યો નહીં. મેં દૂરથી તેમને ખાવાનું બતાવ્યું ને પછી નદીની ભેખડોમાંના પથ્થરોમાં, પ્રાણીઓથી, વરસાદથી અને ઝાકળથી બચે તેવી સલામત જગ્યાએ ખોરાક મૂકી દીધો. દિવસોના દિવસો સુધી હું આમ કરતો રહ્યો. ઘણા સમય પછી મારા આશ્ચર્ય-વચ્ચે જાણવા મળ્યું કે મા આ બધું જાણતી હતી અને હું સહેલાઈથી ખોરાક ચોરી શકું તેવી રીતે ખોરાક મૂકતી હતી. તેના અંતરની આ અદ્‌ભુત લાગણી ક્યારેય વ્યક્ત કરી નહોતી.

માએ તેના ભાઈને ખેતીવાડી અને બીજા કામ માટે બોલાવી લીધા. અમે ગુમાવેલા ભણતર માટે ઘેર શિક્ષક બોલાવી તે ભણાવડાવતી હતી. એક દિવસ માની વિનંતીથી તે પાદરીએ દેવળનો પોશાક પહેરી નદીકિનારે જઈ મારા પિતાજીમાં ભરાઈ ગયેલા ભૂતને દૂર કરવાનો પ્રયત્ન કરી જોયો. તેને બૂમો પાડી કે પિતાજીએ આ અપવિત્ર વસ્તુ (જીદ) છોડી દેવી જોઈએ. બીજે

દિવસે માએ પોલીસ મોકલીને ધમકીઓ અપાવી. પણ આ બધાનો કોઈ અર્થ સર્યો નહીં. પિતાજીએ ક્યારેય કોઈને કોઈ પણ પ્રકારનો જવાબ વાળ્યો નહીં કે નજીક આવ્યા નહીં. જ્યારે પત્રકારોએ દૂરથી તેમનો ફોટો લેવાનો પ્રયત્ન કર્યો ત્યારે બાપુજી તેમની નાવને નદીના બીજા કાંઠે કાદવ-ઝાડીવાળા વિસ્તારમાં સંતાડી દીધી. ત્યાં કોઈ ઘૂસે તો ભૂલો જ પડી જાય. તે જ તેમનું આશ્રયસ્થાન હતું. તે ભુલભુલામણીની જગ્યા તેમની અંગત હતી. આ ઝાડી મોટામોટા ઝુંડમાં માઈલો સુધી વિસ્તરેલી હતી. તેમની આ સલામત જગ્યા હતી.

અમારે પિતાજીના નદીમાં રહેવાના વિચારોથી ટેવાઈ જવું પડ્યું. જો કે આમ ટેવાવું કદાચ શક્ય ન હતું, ક્યારેય નહીં. મને લાગતું હતું કે હું એકલો જ તેમને કંઈક અંશે સમજી શક્યો હતો કે ખરેખર તેમને શું અભિપ્રેત છે અથવા નથી. હું માત્ર એ જ નહોતો સમજી શકતો કે આ બધી મુશ્કેલીઓ સામે તે કેવી રીતે જીવી શકતા હશે? દિવસે અને રાતે, તાપમાં ને વરસાદમાં, ગરમીમાં અને હાડ થીજાવતી ઠંડીમાં એકમાત્ર માથા ઉપરની તેમની જૂની હૅટ ને સમાન્ય કપડાંમાં અઠવાડિયાંઓનાં અઠવાડિયાં, મહિનાઓના મહિના, વર્ષોનાં વર્ષો, ન સંતાપી શકાય તેવી એકલતામાં તેમનું જીવન પસાર થતું હતું. તેમણે ક્યારેય નદીકિનારે કે કોઈ ટાપુ પર કે ઘાસમાં પગ મૂક્યો નહીં. ચોક્કસ નિઃસંદેહપૂર્વક ક્યારેક તેમણે હોડી કોઈ ટાપુની અજાણી જગ્યાએ ઘડી વાર લંગારીને ઘડી ઊંઘ ખેંચી હશે જ. એમણે ક્યારેય તાપણું કરેલું નહીં કે મશાલ પેટાવેલી નહીં. તેમની પાસે કોઈ બૅટરી હતી નહીં. જીવવા માટે જરૂરી ખોરાકનો જથ્થો મેં સંતાડેલા જથ્થામાંથી તે લેતા. હું વિચારતો કે તેમની તબિયત કેવી હશે? તેમનામાં સતત હલેસાં મારી હોડીને કાબૂમાં રાખવાની શક્તિ ક્યાંથી આવતી હશે? પૂરના સમયમાં જ્યારે નદી બેય કાંઠે વહેતી હોય, ઝાડપાન, મડદાં બધું તેમાં વહેતું હોય ત્યારે તે કેવી રીતે બચી જતા હશે?

ક્યારેય તેમણે માણસ જોડે વાત કરી ન હતી. હવે અમે ક્યારેય તેમના વિશે વાત કરતા નહીં, માત્ર વિચારતા. ના, ક્યારેય અમે અમારા મનમાંથી બાપુજીને કાઢી શક્યા ન હતા. કદાચ ઘડીક ભૂલી જતાં તો, તે શાંતિભરી ક્ષણો તેમની આ ભયાનક પરિસ્થિતિનું ભાન કરાવી અમને જાગૃત કરી મૂકતી.

મારી બહેનનું લગ્ન થયું. પણ માએ લગ્નની મિજબાની યોજી નહીં. તેવે સમયે સારું સારું સ્વાદિષ્ટ ખાવાનું અમને રુચ્યું નહીં. આમ, અમે તેમને માટે વિચારતાં રહ્યાં. તોફાની રાત્રીઓમાં અમે પથારીમાં હતાં ત્યારે તે એકાકી ને અસલામતીભર્યા તેમની હોડીમાં. ઘણાં મને કહેતાં કે હું અદ્દલ મારા પિતા જેવો દેખાઉં છું. પણ હું જાણતો હતો, અત્યાર સુધી પિતાજીના વાળ, દાઢી ને નખ વધી ગયા હતા. તેમને દુબળા-પાતળા, કાળા ને લાંબા વાળવાળા, તાપમાં બળી ગયેલો, અર્ધનગ્ન દશામાં હું કલ્પતો. ક્વચિત્ હું કપડાં પણ મૂકતો.

એ ક્યારેય અમારી દરકાર કરતા હોય તેવું લાગતું નહીં. પણ મને તેમને માટે લાગણી અને માન ઊપજતાં હતાં. અને જ્યારે લોકો કશાક સારા કામ માટે પીઠ થાબડતાં ત્યારે હું કહેતો કે, 'મારા બાપુજીએ મને આમ શિખવાડેલું.'

જો કે તે ચોક્કસપણે સાચું હતું પણ સત્યમય અસત્ય (અર્ધસત્ય) મેં કહ્યું તેમ 'પિતાજી અમારી દરકાર રાખતા હોય તેમ લાગતું ન હતું. પણ શા માટે તે અમારી આસપાસ જ રહેતા હતા? તે શા માટે નદીના ઉપરવાસમાં કે નીચાણવાળા વિસ્તારમાં જઈને અમને ક્વચિત્ જોવાનું ટાળતા નથી? કદાચ પોતે જ એનો જવાબ જાણતા હતા.

મારી બહેનને નાનો દીકરો હતો. તે પિતાજીને તેમના દોહિત્રને જોવડાવવાનો આગ્રહ રાખતી હતી. એક સુંદર સવારે અમે બધાં નદીના પટમાં ગયાં. બહેને તેનાં સફેદ વેડિંગડ્રેસ પહેરેલો ને દીકરાને ઊંચે હાથે તેડેલો. તેના પતિએ તેની ઉપર છત્રી ધરી રાખેલી. અમે પિતાજીને બૂમો પાડી ને રાહ જોઈ. પણ તે દેખાયા નહીં. મારી બહેન ખૂબ રડી. અમે બધાં એકબીજાંને વળગીને ખૂબ રડ્યાં.

મારી બહેન ને તેના પતિ દૂર શહેરમાં રહેવા ચાલ્યાં ગયાં. મારો ભાઈ શહેરમાં રહેવા ગયો. સમય તેની રફતારથી બદલાતો ગયો. મા પણ છેવટે તેની દીકરી જોડે રહેવા ચાલી ગઈ. પાછળ હું એકલો રહ્યો. હું લગ્ન કરવાનું ક્યારેય વિચારી શકતો જ નહીં. જીવનમાં કશી પણ અડચણ વગર હું જીવતો ગયો. નદીમાં એકાકી જીવતા પિતાને મારી જરૂર હતી. હું જાણતો હતો કે ચોક્કસપણે તેમને મારી જરૂર હતી જ. પણ તેમણે ક્યારેય તે કહ્યું ન હતું. હોડી બનાવનાર વ્યક્તિને પણ નહીં. હવે તો તે માણસ પણ મરી ગયેલો ને કોઈને કશું યાદ પણ ન હતું. જ્યારે ખૂબ સતત વરસાદ પડતા ત્યારે ગાંડીઘેલી વાતો થતી કે મારા પિતાજી મહાન નાવિક જેવા સમજદાર હતા અને તેમણે આવા પૂરને ધ્યાનમાં રાખી હોડી બનાવડાવેલી. ગમે તેમ, પણ હું પિતાજી જે કરતા તેમાં તેમનો વાંક જોતો નહીં. મારા વાળ પણ સફેદ થવા લાગ્યા.

મારે એક જ દુઃખદ વાત કરવી છે. મેં એવું તે શું પાપ કરેલું, મારી એવી તો કેવી મોટી ભૂલ હતી કે મારા પિતાજી હંમેશા દૂર રહેલાય? એકલતામાં તેમની ગેરહાજરી હંમેશા મારી જોડે નદી, હંમેશા નદી રહી. નિરંતર વહેતી હંમેશની નદી જ. હું હવે ઘડપણથી પિડાવા લાગ્યો હતો. જીવન આમ જ રઝળતું હતું. હું માંદગી ને માનસિક ઉત્તેજનાથી ઘેરાવા લાગ્યો. સાંધિવાનો રોગ મને પજવવા લાગ્યો અને તે શા માટે, શા માટે આમ કરતા હશે?

એ ચોક્કસપણે ભયાનક યાતના ભોગવતા હશે. તે ખૂબ વૃદ્ધ થઈ ગયા હશે. એક દિવસ કદાચ એ હોડીને કાબૂમાં રાખવા અશક્તિમાન થઈ જશે ને નદીના પ્રવાહમાં તણાતા-તણાતા નીચાણમાં પડતા ધોધમાં ફંગોળાઈ જશે. મારા હૃદયના ધબકારા વધી ગયા. તે ત્યાં હતા પણ હું હંમેશા શાંતિ-ભંગમાં રગદોળાયેલો! જે જાણતો નથી તેનું થવું ને મારું દર્દ મારામાં ખુલ્લો ઘા બની ગયું હતું. કદાચ હું જાણતો હોત તો પરિસ્થિતિ કંઈ જુદી જ હોત. હું ખોટું શું છે તેનું અનુમાન કરવા લાગ્યો.

તેના વગર શું હું ગાંડો થઈ જઈશ? ના, અમારા ઘરમાં આ શબ્દ ક્યારેય બોલાતો ન હતો. ના, આ બધાં વર્ષો દરમિયાન પણ કોઈ કોઈને કારણ વગર ગાંડો કહી શકે નહીં. ક્યારેય કોઈ ગાંડુ છે જ નહીં. કદાચ બધા જ ગાંડા છે. હું માત્ર, એકમાત્ર કામ કરતો, કિનારે જઈ હાથરૂમાલ ફરકાવતો, કદાચ તેથી તે મને જોઈ શકે. હું મારી જાત પર સંપૂર્ણ કાબૂ રાખતો હતો. મેં રાહ જોઈ. છેવટે એ દૂર દેખાયા, ત્યાં દૂર બોટની પાછળની બાજુ બેઠેલા હોય તેવું લાગતું હતું. હું જે કહેવા આતુર હતો તે મોટેથી કહ્યું, 'પિતાજી, બહુ થયું, તમે ઘણાં વર્ષોથી ત્યાં બહાર છો. હવે તમે ઘરડા થયા છો... પાછા વળો, હવે તમારે આમ જીવવાની જરૂર નથી... પાછા આવો... અને તમારી જગ્યા હું લઈશ. અત્યારે જ, આ જ ક્ષણે. હું તમારી બોટમાં બેસી જઈશ. હું તમારી જગ્યા લઈશ.'

અને જ્યારે મેં આ કહ્યું ત્યારે મારું હૃદય જોરજોરથી ધબકવા લાગ્યું. તેમણે મને સાંભળ્યો. તે ઊભા થયા. હલેસાં માર્યાં ને મારી તરફ વળ્યા. તેમણે મારી શરત સ્વીકારી અને એકાએક ઊંડે ઊંડે અંદરથી હું કંપી ઊઠ્યો. તેમણે તેમનો હાથ ઊંચો કરી હલાવ્યો. ઘણાં વર્ષે પહેલી વાર, અને હું તે કરી શક્યો નહીં... ભયથી મારાં રોમરોમ ખડાં થઈ ગયાં. હું દોડ્યો, હું ગાંડાની જેમ તેમને ભેટ્યો. જાણે તે બીજી જ દુનિયામાંથી આવતા હતા! હું ક્ષમાની ભીખ માગવા લાગ્યો, યાચવા લાગ્યો, યાચવા લાગ્યો.

મેં વિકરાળ ભયની ઠંડી ઉન્માદક કંપારી અનુભવી. હું તેથી માંદો પડી ગયો. કોઈએ ક્યારેય તેમને જોયા-સાંભળ્યા નહોતા. આવી ઘોર નિષ્ફળતા પછીએ શું હું માનવી હતો? હું અત્યારે જેવો છું તેવો ક્યારેય ન હતો. હું એ જ છું, જેને મૌન રહેવાનું હતું. હું જાણતો હતો કે હવે ઘણું મોડું થઈ ચૂક્યું હતું. મારે જીવનના વેરાન અને અર્થહીન વાસ્તવ ઉપર રહેવાનું હતું. મને ભય લાગ્યો કે હું આનો અંત લાવીશ જ. પણ જ્યારે મૃત્યુ આવશે ત્યારે હું ઇચ્છીશ કે તે મને નાની હોડીમાં મૂકીને મઝધારના પ્રવાહમાં લાંબા કિનારા વચ્ચે લઈ જાય અને હું નદીમાં ખોવાઈ જઈશ, નદીની અંદર, નદીની નીચે... નદી... નદી... ❑

અનુસંધાન] દુર્ગાબાઈ ભાગવત [પૃ. ૪૯૫ થી

મરાઠી વાચકો સમક્ષ રજૂ કર્યા છે. તેમાં ગુજરાતી લોકકથાઓનો પણ સમાવેશ થાય છે.

દુર્ગાબાઈ ભાગવતના જીવનમાં પ્રખર પાંડિત્ય અને નિઃસ્પૃહ વ્યક્તિત્વનો સુગમ સુમેળ થયેલો દષ્ટિગોચર થાય છે. મુક્ત વિચાર એ જ સંસ્કૃતિના વિકાસની આધારશિલા હોય છે અને તેનું જતન અને સંવર્ધન ગમે તે ભોગે થવું જ જોઈએ એવી તેમની દૃઢ માન્યતા હતી. તેઓ રાજવાડે અને કેતકરની સર્જન-પરંપરામાં ઊછર્યાં હોવા છતાં વિચારોની બાબતમાં દુર્ગાબાઈએ સ્વતંત્ર રાહ અપનાવ્યો હતો. રાજકીય આંતરિક કટોકટીના ગાળામાં ભારતમાં વ્યક્તિ-સ્વાતંત્ર્ય પર જે તરાપ મારવામાં આવી હતી તેનો ખુલ્લંખુલ્લા વિરોધ કરવાનું અને તે અંગે લોકજાગૃતિ કરવાનું સાહસ દર્શાવનાર અને તે માટે કારાવાસ પણ ભોગવનાર તે એકમાત્ર મરાઠી લેખિકા હતાં. રાજકીય પરતંત્રના જમાનામાં ભારતમાં લેખકોને જે પ્રતિષ્ઠા હતી તેમાં સ્વાતંત્ર્યોત્તર કાળમાં સતત હ્રાસ થઈ રહ્યો છે એવો તેમનો મત હતો અને તે માટે સાહિત્યકારો પોતે જ જવાબદાર છે. તે ધન અને સત્તા પાછળ દોડી રહ્યા છે એવી તેમની નિખાલસ માન્યતા હતી.

ભારતની અને ખાસ કરીને મહારાષ્ટ્રની તમાશા જેવી લોકકલાઓ પ્રત્યે તેમના હકારાત્મક અભિગમને લીધે મહારાષ્ટ્રના 'તમાશા મંડળ'નાં પ્રમુખસ્થાને તેમની એક વર્ષ માટે વરણી થઈ હતી. આ સંસ્થાના વાર્ષિક સંમેલનમાં અધ્યક્ષસ્થાનેથી ભાષણ કરીને તેઓ મંચ પરથી નીચે ઊતર્યાં ત્યારે આ પરંપરાગત લોકકલા સાથે સંકળાયેલી બહેનોએ તેમને ઘેરી લીધાં હતાં. ભાવપૂર્ણ ભાષામાં તેમણે દુર્ગાબાઈને કહ્યું : 'આજે અમે અમારા જીવનમાં પહેલી વાર આનંદનાં આંસુઓથી ભીંજાયાં છીએ અને અમને તમારામાં અમારાં બહેનનાં દર્શન થાય છે.'

અર્ધશતક ઉપરાંતની તેમની પ્રદીર્ઘ સાહિત્યસેવા દરમિયાન પ્રસંગોપાત્ત કોઈ પણ પ્રકારનો ઍવૉર્ડ ન સ્વીકારવાની દુર્ગાબાઈએ પ્રતિજ્ઞા કરી હતી. તેમાં બે જ અપવાદ ગણી શકાયઃ 'પૈસ' લઘુ નિબંધ માટે ૧૯૭૧માં તેમને આપવામાં આવેલ સાહિત્ય અકાદમી પુરસ્કાર અને સેન્થીમર કલ્ચરલ ઍસોસિયેશન દ્વારા તેમને આપવામાં આવેલ વર્ષ ૨૦૦૦ માટેનો 'લાઈફ-ટાઈમ અચીવમેન્ટ ઍવૉર્ડ'. પણ તેમાં એક વિશિષ્ટ પ્રકારનો અપવાદ બન્યો છે. 'સિદ્ધાર્થજાતક'ના પ્રકાશન સમારંભમાં આ ગ્રંથના છાપકામ સાથે સંકળાયેલા ૧૬૯ જેટલા કામદારો અને તેમના પરિવારનાં સભ્યોને જ માત્ર આમંત્રણ આપવામાં આવેલું અને તે દરેક કામદારને દુર્ગાબાઈના હસ્તે પુષ્પગુચ્છ, સ્મરણચિહ્ન અને મીઠાઈનું પડીકું આપીને દરેકનું સન્માન કરવામાં આવેલું.

તેમના અવસાનથી મરાઠી સાહિત્યના એક યુગની સમાપ્તિ થઈ છે. ❑

ફિલ્માકાશ-૨૦

૧૯૩૬માં ન્યૂ થીએટર્સ સામે સજ્જડ સ્પર્ધા

— રજનીકુમાર પંડ્યા —

૧૯૩૬ની સાલની બીજા નિર્માતાઓની હિંદી ફિલ્મોની વાત ભલે ન્યૂ થીએટર્સની હિંદી ફિલ્મોના સંદર્ભમાં જ કરીએ અને એ પણ સ્વીકારીને ચાલીએ કે ઉત્કૃષ્ટ અને સુરુચિપૂર્ણ ચલચિત્રો બનાવવાની પ્રેરણા ભારતીય ફિલ્મ-ઉદ્યોગને આપનાર નિઃશંકપણે ન્યૂ થીએટર્સ જ હતું. બીજા સમર્થ નિર્માતાઓએ ભલે એ વર્ષે ન્યૂ થીએટર્સની ફિલ્મો કરતાં પણ સારી ફિલ્મો બનાવી હોય તો પણ એ સુંદર આલાપ પછીના સુંદર ગાન જેવી જ ગણાય. ગાનની માંડણી કરી આપવામાં આલાપનો ફાળો પાયાનો હોય છે.

પ્રગતિશીલ લેખકમંડળ (પ્રોગ્રેસિવ રાઈટર્સ અસોસિએશન)ની સ્થાપના ૧૯૩૪માં લંડનમાં થઈ. એ કોઈ નાની-સૂની ઘટના નહોતી. ઉદ્દામવાદી વિચારો ધરાવતા લેખકોમાં ભારતીય એવા લેખકો પણ હતા કે જેમનું યોગદાન ભારતીય સાહિત્યમાં રહેવા ઉપરાંત ભારતના ફિલ્મોદ્યોગમાં પણ હતું અને ભવિષ્યમાં પણ રહેવાનું હતું. પ્રેમાંકુર અટોર્થી એમાંના એક હતા. તો શરદબાબુએ પણ એમાં રસ લીધો હતો અને એમના જ પ્રયત્નોથી એ મંડળની પહેલી અખિલ ભારતીય કૉન્ફરન્સ ૧૯૩૬માં લખનઊમાં મળી. આવનારી ફિલ્મોનાં કથાનકો ઉપર એની પ્રબળ અસર કે.એ. અબ્બાસ, મંટો, કૃષ્ણચંદ્ર જેવા વાર્તાકારો અને સાહિર લુધ્યાન્વી, કૈફી આઝમી, સરદાર અલી જાફરી જેવા શાયરો તથા શૈલેન્દ્ર જેવા કવિઓ દ્વારા પડી. ખેર, એ આખો એક અલગ લેખનો વિષય છે, પણ એટલું કહી શકાય કે આ કૉન્ફરન્સે ભારતની ફિલ્મોનો ચહેરો વિશ્વના આયના સામે મૂકી આપ્યો, જેને કારણે એને નવી રીતે સજવા-સંવરવાની પ્રેરણા મળી, અને એવી જરૂરતનો પણ અહેસાસ થયો તથા એના જ પ્રભાવે પ્રભાત ફિલ્મ્સની 'અમર-જ્યોતિ' ફિલ્મ વેનિસના ફિલ્મ ફેસ્ટિવલમાં રજૂ થઈ શકે તે કથાને આંબી - એવાં જ સ્પંદનો ઝીલીને માસ્ટર વિનાયક (અભિનેત્રી નંદાના પિતા) અને પાંડુરંગ નાયકે ભેગા મળીને હંસ પિક્ચર્સ નામની નિર્માણ-સંસ્થાની સ્થાપના કરી. આ જ વર્ષે ભારત આવેલા અને બૉમ્બે ટૉકિઝ સાથે સંકળાયેલા જર્મન ફિલ્મ ડિરેક્ટર ફ્રાંઝ ઓસ્ટીને ભારતમાં સ્થપાયેલી, હિટલરની નાઝી પાર્ટીની શાખાનું સભ્યપદ લીધું. જદ્દનબાઈએ પોતાની બાળકી પુત્રી નરગિસ (ફાતિમા)ને આગળ લાવવા માટે સંગીત મુવિટોન નામની નિર્માણ-સંસ્થાની સ્થાપના કરી, એ પહેલાં ૧૯૩૫માં સંગીત ફિલ્મ કંપની તેનું નામ હતું પણ સંગીત મુવિટોનમાં તો તેણે સંગીત નિર્દેશકની જ નહીં પણ દિગ્દર્શનની જવાબદારી પણ નિભાવી. એ રીતે ભારતની ફિલ્મોને પ્રથમ મહિલા દિગ્દર્શિકા સાંપડી. અરે, એ ફિલ્મોનાં ગીતો પણ પોતે લખ્યાં હતાં અને મુખ્ય સ્ત્રી-ભૂમિકા પણ પોતે અદા કરી હતી. એ ફિલ્મનું નામ હતું 'મૅડમ ફૅશન' જેમાં તેમની સામે નાયક હતા અન્સારી, જે પાછળથી ખલનાયક તરીકે નામના પામ્યા હતા. નરગિસનો જન્મ ૧૯૨૯માં થયો હતો. છ વર્ષની ઉંમરે માતા જદ્દનબાઈની ફિલ્મ 'તલાશે હક' દ્વારા રૂપેરી પડદે પદાર્પણ કર્યું અને નામ બેબી રાની રાખ્યું હતું. ૧૯૩૬માં આ તેની સાત વર્ષની વયે બીજી ફિલ્મ આવી, જેમાં ક્રેડિટ ટાઈટલ્સમાં 'નરગિસ' નામ પણ કૌંસમાં મૂકવામાં આવ્યું હતું. સોહરાબ મોદી અને તેમના ભાઈ રુસ્તમ મોદીએ પણ આ જ સાલમાં 'મિનરવા મુવિટોન'ની સ્થાપના કરી, જેનું મૂળ નામ સ્ટેજ ફિલ્મ્સ હતું અને જે માત્ર રંગમંચનાં નાટકોનું સીધું ફિલ્મીકરણ કરવા સિવાય વિશેષ કશું કામ કરતી નહોતી; જ્યારે મિનરવા મુવિટન દ્વારા સોહરાબ મોદીએ પદ્ધતિસર ફિલ્મનિર્માણની પ્રવૃત્તિ આરંભી.



માસ્ટર વિનાયક

૧૯૩૬ના વર્ષમાં કુલ ૧૩૫ હિંદી ફિલ્મો રિલીઝ થઈ. આમ, સંખ્યાની દૃષ્ટિએ એ ઘણું સમૃદ્ધ વર્ષ કહેવાય. પણ જાણીતા ફિલ્મ ઈતિહાસકાર શ્રી બી.ડી.ગર્ગ નોંધે છે તેમ, ફિલ્મોની આટલી બહોળી સંખ્યા છતાં મોટા ભાગની આ ફિલ્મો ટિકિટબારી ઉપર નિષ્ફળ જ ગઈ. - તે એટલી બધી હદે કે

બહારના નિરીક્ષકને તો એમ જ લાગે કે સમગ્ર હિંદી ફિલ્મ ઉદ્યોગ પડી ભાંગશે. વાહિયાત કૉમેડી, મનગઢંત ઉમેરણ સાથે પૌરાણિક કથાઓનું ફિલ્મીકરણ, ગળે ન ઊતરે તેવાં ધ્રુજારીપૂર્ણ દશ્યો અને એવાં બધાંથી પ્રેક્ષકો જાણે કે વાજ આવી ગયાં હતાં અને થીએટરો ખાલી જતાં હતાં. પણ સંપૂર્ણ માન સાથે કહેવું જોઈએ કે તેમનું નિરીક્ષણ કદાચ એકાંગી છે. તેમણે 'અનારકલી'ને પણ ૧૯૩૬ની ફિલ્મ ગણાવી છે જે હકીકતે ૧૯૩૪ની સફળ ફિલ્મ હતી અને એમાં સુલોચનાએ માત્ર રૂપિયા છસોના માસિક દરમાયે કામ કર્યું હતું. છતાં ફિલ્મ સફળ રહી હતી, કારણ કે તેણે મન દઈને કામ કર્યું હતું. ૧૯૩૪માં જે પચાસ મોટા ગજાના નિર્માતાઓ હતા તેમાંથી ૧૯૩૬ના આરંભે માંડ દસેક જેટલા નિર્માતાઓ જ કાર્યરત હતા અને એમાંથી માત્ર ત્રણેક નિર્માતાઓ જ આર્થિક રીતે સધ્ધર હતા. બીજા તો સાવ 'ઑક્સિજન' પર હોય એવા હતા. આથી શ્રી ગર્ગના વિધાન સાથે સંમત થવાય તેવું નથી. ઇતિહાસનાં બીજાં પુસ્તકોમાં આથી વિપરીત તારણો આપ્યાં છે કે શ્રી ફિરોઝ રંગૂનવાલાના 'ઇન્ડિયન સિનેમા : પાસ્ટ ઍન્ડ પ્રેઝન્ટ'માં તેમણે સ્પષ્ટ જણાવ્યું છે કે આ વર્ષ તો હિંદી ફિલ્મોદ્યોગ માટે અનોખી સિદ્ધિનું વર્ષ હતું, જેને પ્રેક્ષકોએ પણ એટલા ઉમળકાથી વધાવી હતી.

એમની વાતમાં તથ્ય છે-અલબત્ત, ન્યૂ થીએટર્સ દ્વારા નવાં મૂલ્યો અને એનાં ઊંચાં માપદંડો આપનારી એ ફિલ્મો હતી એ વાત તો સાચી. એક પણ અપવાદ સિવાય, એની ફિલ્મો કોઈ ને કોઈ નવો સામાજિક દૃષ્ટિકોણ આપનારી હતી. એ શ્રેણીમાં ૧૯૩૬માં આવેલી, પણ પ્રમાણમાં 'મંઝીલ' અને 'માયા' કરતાં ઓછી વખણાયેલી ફિલ્મ 'પૂજારીન'નું નામ પણ આવે. આમ તો એ ન્યૂ થીએટર્સની જ, પણ ઇન્ટર-નૅશનલ ફિલ્મક્રાફ્ટના બૅનર નીચે રજૂઆત-કર્તા તરીકે ન્યૂ થીએટર્સનું નામ ધરાવતી એ ફિલ્મ હતી. એનું દિગ્દર્શન પ્રફુલ્લ રૉયનું હતું. સંગીત હિંદી 'દેવદાસ' દ્વારા ખ્યાત થયેલા તિમિર બરન (અટક ભટ્ટાચાર્ય)નું હતું. જે ચારેક ગીતો લોકો આજ સુધી માણે છે તેમાં બે સાયગલનાં હતાં ને બે કે.સી.ડેનાં હતાં. એમાં પણ 'જો બીત ચૂકી સો બીત ચૂકી, અબ ઉનકી યાદ સતાયે ક્યૂં' ગીત તો એના અનોખા ઉપાડ અને ધીરે ધીરે વિલય પામતી સંગીત સૂરાવલીને કારણે વિશેષ નોંધપાત્ર બની રહ્યું હતું. એમાંના એક અંતરાના શબ્દો 'સામાં કર દિલ બહેલાનેકા પ્યાલેમેં, ડૂબે સો સિતા, વો દિલ જો પિયે જા કહેતા હૈ, અબ જામ વોહી ઠુકરાયે ક્યોં?' શબ્દો સાયગલે તીવ્રતમ ભાવ-પ્રવણતાથી ગાયા હતા અને એ જ શબ્દોનો આધાર લઈને સાયગલે ગાયેલું બીજું એ જ ફિલ્મનું ગીત 'પિયે જા, ઔર પિયે જા' પણ પ્રસિદ્ધ થયું હતું. પ્રમાણમાં એ બન્ને ગીતોથી થોડાં ઓછાં, પણ લોકજીભે તો કે.સી.ડેના 'ફલ કર્મોકા હમ ન ભોગે, ઝુકી હૈ યે આશા' અને 'જીવન કે આધાર જગતમેં તુમ હી હો પ્રીતમ પ્યારે' પણ ચઢ્યાં હતાં.

પણ અત્યારે આપણે આ ફિલ્મની જે સંદર્ભે વાત કરીએ છીએ તે સામાજિક સંદર્ભ છે. આ ફિલ્મની કથા પણ શરદબાબુની નવલકથા 'દેના પાવના' (અર્થાત્ લેણદેણ) ઉપરથી જ હતી. 'દેના પાવના'(બંગાળી) એ ન્યૂ થીએટર્સનું પ્રથમ સવાક્ ચિત્ર હતું તે વાચકોને યાદ હશે. પાંચ-છ વર્ષ પછી એની હિંદી આવૃત્તિ બનાવવાનો વિચાર (આટલો મોડા) કેમ આવ્યો તેવો પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. એનો જવાબ એક જગ્યાએથી સાંપડે છે, અને તે એ છે કે એવી સલાહ કેદાર શર્માની હતી કે જેમણે 'દેવદાસ'માં પોતાનું વિત્ત બતાવી આપ્યું હતું, અલબત્ત, તેમનું આ ફિલ્મમાં એક નાનકડી ભૂમિકા ભજવવા સિવાય કોઈ જ યોગદાન નહોતું. અલબત્ત, તેમણે એનાં ગીતો લખ્યાં હતાં પણ કાંઈ જ અકળ કારણોવશાત્ તેમનું નામ પુસ્તિકામાં નહોતું, પણ રેકોર્ડ ઉપર હતું.

વાસ્તવમાં આ વાર્તા શરદબાબુની શ્રેષ્ઠ રચનાઓમાં સ્થાન ના જ પામે, પણ એમાં વ્યક્ત થયેલા લાક્ષણિક દૃષ્ટિ-કોણને કારણે સફળ થઈ - જીવનાનંદ (સાયગલ)નામનો ઉડાઉ યુવાન અલકનંદા (ચંદ્રાવતી) નામની એક શ્રીમંત યુવતીને દોલતની લાલચે જ પરણે છે. પ્રેમ વગરનું લગ્ન હોવા છતાં ધીરે ધીરે પ્રેમ જન્મે છે. કોઈ અપરાધસર પોલીસ એને પકડીને લઈ જાય છે ત્યારે વર્ષો પછી પાછાં એ પોતે જ એક શ્રીમંત સદ્‌ગૃહસ્થના રૂપમાં ગામમાં દેખા દે છે - જમીન-જાગીર ખરીદે છે અને ગરીબો ઉપર દમનનો


કે.સી.ડે અંધ ગાયકના રૂપમાં

કોરડો વીંઝે છે, ત્યારે ગામના મંદિરની મલાજાવાળી પૂજારણ તેનો સામનો કરે છે. થોડા નાટકીય બનાવો (જે મૂળ વાર્તામાં નહોતા) પછી જીવનાનંદને ખબર પડે છે કે એ સ્ત્રી બીજી કોઈ નહીં પણ પોતાની વિદાય પછી સાત્ત્વિક જીવન ગાળતી પોતાની પત્ની જ છે. એનું હૃદયપરિવર્તન થાય છે અને ફરી બન્ને એક થાય છે. રાબેતા મુજબ આ ફિલ્મમાં પણ કે.સી.ડે.એ અંધ ભિક્ષુકનું પાત્ર ભજવ્યું હતું.

હવે તો વારંવાર ચવાઈ ગયેલું લાગે એવું કથાવસ્તુ ધરાવતી આ ફિલ્મ એ યુગમાં જુલમ સામે સ્ત્રી પણ અવાજ ઉઠાવી શકે, પછી ભલેને તે તેનો પતિ જ કેમ ન હોય, એવો સંદેશો લઈને આવી હતી, ને તેથી આવકાર પણ પામી હતી.

પણ ન્યૂ થીએટર્સની આવી ફિલ્મો પરથી (માયા, મંઝીલ) મુંબઈના બીજા ફિલ્મકારોએ પણ તેવા જ સુધારાવાદી અને બળવાખોર સૂરવાળી ફિલ્મો બનાવી હતી. તેમાં સૌથી પહેલું નામ પ્રભાત ફિલ્મ કંપનીનું લેવું પડે. કેટલાકના મતે પ્રભાતનું ધ્યાન હંમેશાં ન્યૂ થીએટર્સની ફિલ્મોના જડબાતોડ જવાબ દેવાવાળી ફિલ્મો બનાવવામાં રહેતું. આગળ ઉપર ન્યૂ થીએટર્સના નિષ્ક્રિય, શરાબી, નિરાશાની ગર્તામાં ડૂબેલા રહીને મોતને નોતરનાર ભગ્ન હૃદયી પ્રેમી 'દેવદાસ'ના જવાબમાં ૧૯૩૯માં 'આદમી' નામની ફિલ્મ બનાવી. એનું અંગ્રેજી શીર્ષક જ 'લાઈફ ઈઝ ફૉર લિવિંગ' (જિંદગી જીવવા માટે છે) હતું અને તેમાં એક ગીતમાં 'એક બંગલા બને ન્યારા'ની હાંસી ઉડાડવામાં આવી હતી. શાંતારામના શત્રુ ગણાતા પત્રકાર બાબુરાવ પટેલે પાછળથી એવી ટીકા યોગ્ય રીતે જ કરી હતી કે 'વેરની તલવાર વીંઝવામાં શાંતારામના માથાની પાઘડી ઊડી ગઈ છે. મતલબ કે તેઓ ઝનૂનમાં વિવેકભાન ભૂલ્યા છે.'

૧૯૩૬ની આ ફિલ્મ 'અમર જ્યોતિ' પણ 'પૂજારીન' ફિલ્મની જરી તીખી-તાતી આવૃત્તિ જેવી હતી. આ ફિલ્મમાં પણ નારીને પતિના જુલમ સામે જેહાદ જગાવતી બતાવવામાં આવી. એક જૂના રજવાડાની પ્રજાજન એવી સામાન્ય સ્ત્રી સૌદામિની પોતાના પુત્રનો કબજો જુલમી પતિ પાસેથી પાછો મેળવવા માટે દરિયાઈ ચાંચિયાગીરી અપનાવે છે, અને નાલાયક ન્યાયાધીશ દુર્જય (ચંદ્રમોહન)ને સબક શીખવાડે છે. રાજકુંવરી નંદિની (શાંતા આપ્ટે)ને કેદ કરીને સતાવતા દુર્જયને જીવલેણ લડત આપવામાં સૌદામિની સફળ નીવડે છે. એ જે ગોવાળિયાના પ્રેમમાં નંદિની હોય છે તે છેવટે સૌદામિનીનો જ વર્ષો પહેલાં ખોવાયેલો પુત્ર સાબિત થાય છે. આમ, સ્ત્રી જો પતિની મિલકત છે ને સ્ત્રી પર જુલમ કરવાનો એને અધિકાર છે જ એવો ન્યાયાધીશ દુર્જયનો ચુકાદો બીજી



દુર્ગા ખોટે અને ચંદ્રમોહન 'અમર જ્યોતિ'માં


સ્ત્રીઓ માટે પ્રેરણાદાયી નીવડે છે. 'પૂજારીન'ને મુકાબલે બનાવટી તાણાવાણા ધરાવતી આ કથાનું ફિલ્મી સ્વરૂપ દુર્ગા ખોટે, ચંદ્રમોહન અને શાંતા આપ્ટેના અવિસ્મરણીય અભિનયને અને શાંતારામના સશક્ત દિગ્દર્શન અને પંડિત નરોતમ વ્યાસના ચોટદાર આગઝરતા સંવાદોને કારણે જબરી સફળતા પામ્યું અને વેનિસમાં યોજાયેલા ચોથા વિશ્વ ફિલ્મ મહોત્સવમાં સ્થાન પામવાને લાયક ઠરી. એ રીતે ભારતને આ ફિલ્મે વિશ્વના નકશા ઉપર મૂકી આપ્યું. અલબત્ત, કલાકીય ધોરણે આ ફિલ્મને દેશમાં જ વખાણવામાં આવી તે જુદી વાત છે.

ન્યૂ થીએટર્સની ફિલ્મો સામે ઝીંક ઝીલવાનો બીજો સફળ પ્રયત્ન બૉમ્બે ટોકીઝનો હતો. બૉમ્બે ટોકીઝની સ્થાપના, વિકાસ, ઉત્થાન અને પતનને આલેખવા માટે તો આખું એક અલગ પુસ્તક લખીએ તો ય ઓછું પડે તેટલું અનન્ય એવું એનું પ્રદાન છે. પણ આપણે માત્ર આ વર્ષ પૂરતી જ વાત કરીએ તો ૧૯૩૪માં બનેલી એની 'જવાની કી હવા' ઠીકઠીક ચાલી હતી. પણ આગવી મુદ્રા તો ૧૯૩૯માં આવેલી ફિલ્મ 'અછૂત કન્યા' જ ઉપસાવી શકી. બેશક, એ જ વર્ષમાં અશોકકુમાર-દેવિકારાણીની જોડીની બીજી ફિલ્મ 'જીવનનૈયા'નું પણ બૉમ્બે ટોકીઝે નિર્માણ કર્યું હતું. પણ વિષયની નવીનતા અને ઉપર લખ્યું તેમ સામાજિક સુધારાના સંદર્ભમાં એ જ જોડીની 'અછૂત-કન્યા' વધારે ચડિયાતી હતી. ભારતમાં પહેલી જ વાર કોઈ વિદેશી દિગ્દર્શકે દિગ્દર્શિત કરી હોય તેવી આ બન્ને ફિલ્મો હતી. આ નિર્દેશકનું નામ હતું ફ્રાંઝ ઓસ્ટીન. એમના આગમન અને બૉમ્બે ટોકીઝ સાથેના જોડાણ પછવાડે ન્યૂ થીએટર્સને પડકારવાનું કારણ પણ એના સ્થાપક હિમાંશુ રાયના મનમાં હતું.

(ક્રમશઃ)

ચેસ-કૉર્નર : કોયડો-૨૧

કાળું



સફેદ

સફેદ મહોરાની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. (White to play and mate in two).

મહોરાની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : Ke1, Qd4, Rh1, Rd2, Bg2, Nh7 P-h3, h4

કાળાં : Kg3, Bg4, P-f3, h5

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ અપાર્ટમેન્ટ, બીમા નગર પાસે, સેટેલાઇટ રોડ, અમદાવાદ ૩૮૦૦૧૫ (e-mail -shaharpi@hotmail.com) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે.

જવાબમાં માત્ર ઉકેલ દર્શાવવાનો છે. કોયડાની ચર્ચા કરવાની જરૂર નથી. સાચો ઉકેલ મોકલનારનાં નામ ઑક્ટોબર ૨૦૦૨ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના જૂન-૨૦૦૨ના અંકનો કોયડા નં. ૧૯નો ઉકેલ વાચકમિત્રોને ખૂબ સહેલો જણાયો છે. અગાઉના કોયડા ઘણા વાચકમિત્રોને ખૂબ અઘરા લાગતા હોવાની રજૂઆત કરવામાં આવી હતી તેથી તેવા વાચકોનો પણ કોયડામાં રસ જળવાઈ રહે તે માટે કોયડો-૧૯ અને તે પછીના કોયડા થોડા સરળ આપવામાં આવ્યા હતા. ફરી પાછા મગજને કસે તેવા કોયડા આવવાના છે કે જેથી બીજા વાચકમિત્રો નિરાશ ન થાય.

કોયડા નં. ૧૯નો ઉકેલ :

સફેદ	કાળું
(૧) Bf3	કોઈ પણ ચાલ
(૨) Bc6 #	

આ વખતે કુલ ૧૮ વાચકમિત્રોએ જવાબ મોકલેલ છે તે પૈકી સાચો ઉકેલ મોકલનારનાં નામ : (૧) પ્રો. એ. આર. રાવ, (૨) નૌતમભાઈ વખારિયા, (૩) ઝેડ. એલ. ઝાલાવાડિયા, (૪) ડૉ. દિલીપ અહલપરા (અમદાવાદ), (૫) અજિત યાજ્ઞિક, (૬) મહેશ વૈદ્ય (મુંબઈ), (૭) કે. એમ. મુલિયા, (૮) જિગર સોલંકી (સુરેન્દ્રનગર), (૯) નૈષધ પરમાર (કીમ), (૧૦) ડૉ. છત્રસિંહ બારડ (ધોળકા), (૧૧) કિરણભાઈ શાહ (વિદ્યાનગર), (૧૨) હર્ષદ દવે (રાજકોટ), (૧૩) નીતિન ભટ્ટ (વડોદરા), (૧૪) જશવંતરાય ગઢવી (જામનગર), (૧૫) કશ્યપ મકવાણા, (૧૬) પારિતોષ સંઘવી.

ગણિતના ધુરંધર પ્રો. એ. આર. રાવે ૯૩ વર્ષની ઉંમરે 'કુમાર'ના ચેસના કોયડાઓમાં રસ લેવા માંડ્યો છે. (પ્રો. રાવનું સંક્ષિપ્ત ચરિત્ર 'કુમાર'ના ૮૪૬-જુલાઈ ૧૯૯૮ના અંકના 'માધુકરી'માં પ્રગટ થઈ ચૂક્યું છે.) 'કુમાર'ના આ કોયડા અંગે પ્રો. રાવ તરફથી સાચા ઉકેલ સાથે અંગ્રેજીમાં વિગતવાર પ્રતિભાવ મળ્યો છે. તેમનો પ્રથમ પ્રતિભાવ એ છે કે કોયડો ખૂબ સહેલો છે. વધુમાં તેઓ જણાવે છે કે કોયડાને mate in twoની કક્ષાનું વર્ગીકરણ ન કરી શકાય. કારણ કે ચાવીરૂપ ચાલ પછી કાળા મહોરા માટે કોઈ રક્ષણરૂપ ચાલ રહેતી જ નથી. આ તો એક લીટીનો કોયડો છે. d4, e7 અને g7ના સ્થાને બેઠેલાં પ્યાદાં સફેદની વૈકલ્પિક ચાલો અટકાવી દે છે. આ કોયડા માટે 'ચાવીરૂપ ચાલ શોધી કાઢો' એ શીર્ષક બંધબેસતું ગણાય.

કોયડામાં કાળો ઊંટ નકામો ઉમેરી દીધો છે. જો કે તેની નીચેનાં બે પ્યાદાંને કારણે તેને મૂક્યા વગર છૂટકો નહોતો. કાળો ઊંટ પોતાની શરૂઆતની જગ્યાએ જ હોય અને તેની ચાલ પ્યાદાથી રૂંધાઈ ગઈ હોય તો ઊંટને ત્યાં દેખાડવો જ પડે. આ ઉદ્દેશને કારણ ઊંટને રાખવો પડ્યો છે.

f4 અને g3ના સ્થાને મૂકેલાં બંને પ્યાદાંઓ કોયડામાં કાંઈ ભાગ ભજવતાં નથી.

બન્ને ધોળા ઘોડાઓ કાળા રાજાને મહાત કરવા માટે કોઈ ઉપયોગના નથી. કાળા મહોરાની ચાલ રૂંધવા માટે તે માત્ર ચોકિયાત તરીકેની કામગીરી બજાવે છે.

રાવસાહેબે સાથે સાથે એક કોયડાની રચના પણ મોકલેલ છે જે આગામી અંકમાં આપીશું. મારા કોયડામાં આવો ઊંડો રસ લેવા માટે તેમનો ખૂબ આભાર. આ રીતે રસ લેવાનું ચાલુ રાખીને તેમના તરફથી માર્ગદર્શન મળ્યા કરશે તેવી અપેક્ષા રાખું છું.

-અર્પી શાહ

વિશ્વનો મહાવિનાશક અને મહાસંહારક

પ્રોજેક્ટ મેનહટન

પ્રા. સુરેશ ર. શાહ

આજથી લગભગ ૬૦ વર્ષ પહેલાં ૧૯૪૨માં અમેરિકાના તે વેળાના પ્રમુખ રૂઝવેલ્ટે એક અત્યંત ગુપ્ત પ્રોજેક્ટ માટે બે અબજ ડૉલરનો ખર્ચ મંજૂર કર્યો હતો. આ પ્રોજેક્ટની સઘળી જવાબદારી ડૉ. જે. રૉબર્ટ ઓપનહેમરના વડપણ હેઠળની એક અત્યંત ગુપ્ત સમિતિને સોંપાઈ હતી. આને 'પ્રોજેક્ટ મેનહટન' જેવું રૂપાળું નામ અપાયું છે.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અને તે પહેલાં હિટલર મુસોલિનીની સરમુખત્યારીથી તથા નાઝીઓના આતંકથી પોતાનું વતન છોડીને ભાગી આવેલા વિજ્ઞાનીઓમાં જર્મનીથી આવેલા ઍલ્બર્ટ આઈનસ્ટાઈન, ઈટલીથી આવેલા એનરિકો ફર્મી, ડેન્માર્કથી આવેલા નીલ બોહૂર ઈત્યાદિ અહીં અમેરિકામાં વસ્યા હતા.

દક્ષિણ જર્મનીના આલ્મ નગર ખાતે માર્ચ ૧૪, ૧૮૭૯માં એક મધ્યમવર્ગીય યહૂદી કુટુમ્બમાં જન્મેલા આઈન્સ્ટાઈનનું બાળપણ બહુ સામાન્ય હતું. માતાના સંગીતપ્રેમની અસર બાળક ઍલ્બર્ટ પર પડેલી અને તે આજીવન રહેલી. તેમનો વાયૉલીન પ્રત્યેનો પ્રેમ જીવન પર્યંત ચાલુ રહેલો.તેમણે સ્વિટ્ઝરલૅન્ડની સ્વિસ ફેડરલ પોલિટેકનિક શાળાની પ્રવેશપરીક્ષા આપી, પણ તેમાં તેઓ નાપાસ થયા. અલબત્ત શાળાના આચાર્ય ઍલ્બર્ટના ગણિત વિષયના ઉચ્ચ જ્ઞાનથી ખૂબ જ પ્રભાવિત થયા હતા અને તેમણે ઍલ્બર્ટને આ શાળામાં દાખલ કર્યા પછી તો અહીંના નિષ્ઠાવાન શિક્ષકોએ પ્રોત્સાહન આપ્યું અને તેમને અહીં ભણવાનું ગમવા લાગ્યું. ભૌતિકશાસ્ત્રના શિક્ષક બનવા માટેનો અભ્યાસક્રમ પસંદ કર્યો પણ તેમને આ નોકરી ન મળતાં તેઓ નિરાશ ના થયા.

તેમણે બર્ન ખાતે સ્વિસ પેટન્ટ ઑફિસમાં નોકરી સ્વીકારી. અહીં મળતા ફાજલ સમયમાં તેમણે ગણિતીય ભૌતિકશાસ્ત્રનો અભ્યાસ અને અધ્યયન આગળ વધાર્યાં. દરમિયાન ઈ.સ. ૧૯૦૫માં વિશિષ્ટ સાપેક્ષવાદના સિદ્ધાંતની શોધ તેમણે વિજ્ઞાનજગતને ચરણે ભેટ ધરી. તેમની તારવણીને નીચે પ્રમાણેના એક ગણિતીય સૂત્રથી દર્શાવવામાં આવી :

$E = mc^2$ જ્યાં c = પ્રકાશનો વેગ, m = પદાર્થનું દ્રવ્ય, E = ઊર્જા છે.

આમ, તેમણે સમજાવ્યું કે દ્રવ્યનું ઊર્જામાં અને ઊર્જાનું દ્રવ્યમાં રૂપાંતરણ શક્ય છે. આ એક ખૂબ જ અગત્યનો સિદ્ધાંત હતો જે આગળ ઉપર પરમાણુ બૉમ્બ બનાવવાનો નિમિત્ત બન્યો હતો.

આ પછી તો ઈ.સ. ૧૯૦૯માં તેઓ ઝુરીચ યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે જોડાયા. થોડા જ સમયમાં બર્લિન યુનિવર્સિટીમાંથી નિમંત્રણ મળતાં તેઓ ત્યાં પ્રોફેસર તરીકે જોડાયા. ફોટો ઈલેક્ટ્રિક અસર અને સાપેક્ષવાદ અંગેના તેમના સર્વોત્તમ સંશોધન માટે ઈ.સ. ૧૯૨૧નું ભૌતિકશાસ્ત્રનું નોબેલ પારિતોષિક તેમને એનાયત કરવામાં આવ્યું હતું.

અહીંથી ઈંગ્લન્ડ અને અમેરિકાની વિવિધ સંસ્થાઓ-માંથી-યુનિવર્સિટીઓમાંથી વ્યાખ્યાનો આપવાનાં નિમંત્રણો મળતાં તેઓ ત્યાંની મુલાકાતે ઊપડ્યા. દરમિયાન જર્મનીમાં નાઝીઓના જોર-જુલમો વધતા ગયા. આથી આવા એક વ્યાખ્યાન-પ્રવાસેથી તેઓ પરત ના આવ્યા અને અમેરિકા ખાતે સ્થાયી થયાં. નાઝી સરકારે તેમનું ઘર, સંપત્તિ અને નોકરી ઝૂંટવી લીધાં. તેઓ અમેરિકાના નાગરિક બની ગયા હતા.

પ્રોજેક્ટ મેનહટનનો વૈચારિક ખયાલ તેમનો હતો. આ પ્રોજેક્ટમાં ભાગ લેનાર આવા જ એક બીજા મહાન વિજ્ઞાની હતા એનરિકો ફર્મી. તેમનો જન્મ સપ્ટેમ્બર ૨૩, ૧૯૦૧માં ઈટલીના પાટનગર રોમમાં થયો હતો. તેમના પિતાશ્રીએ કોઈ ખાસ વિશિષ્ટ શિક્ષણ લીધું નહોતું પણ માતા પ્રાથમિક શાળામાં શિક્ષિકા હતાં. ૧૯૧૮માં એનરિકો ફર્મી પિસાની કૉલેજમાં દાખલ થયા હતા. કંપન કરતા તાંતણાઓ ઉપર એક વિસ્તૃત અભ્યાસ-નિબંધ તેમણે લખ્યો હતો, જેણે તેમને અહીં છાત્રવૃત્તિ અપાવી હતી. ભૌતિક-વિજ્ઞાનમાં તેમણે એક્સ કિરણો ઉપર વધુ સંશોધન કરી ડૉક્ટરેટની ડિગ્રી મેળવી હતી. ઈટલીની સરકારે તેમને આર્થિક સહાય કરી વધુ અભ્યાસાર્થે અહીંથી જર્મનીમાં ગોટિંજન યુનિવર્સિટીમાં મોકલ્યા. અહીં ક્વૉન્ટમ-વાદનો સિદ્ધાંત આપનાર ખ્યાતનામ વિજ્ઞાની પ્રોફેસર મૅક્સબોર્નના માર્ગદર્શન હેઠળ તેમણે આગળ સંશોધન-કાર્ય શરૂ કર્યું. દરમિયાન ૧૯૨૬માં ૨૫ વર્ષની વયે ઈટલીમાં રોમ યુનિવર્સિટીમાં તેમને પ્રોફેસર તરીકે નિમણૂક મળતાં તેઓ સ્વદેશ પરત આવ્યા. ૧૯૨૮માં લોરા કાપોન નામની એક યહૂદી કન્યા સાથે તેઓ લગ્નગ્રંથિથી જોડાયા. તેમની અગ્રિમ કક્ષાની સંશોધન-સેવાઓની કદર સ્વરૂપે ઈટલીની રૉયલ અકાદમીના સભ્ય તરીકે તેમની નિયુક્તિ કરવામાં આવી. સરકાર તરફથી તેમને ઉમરાવ બનાવાયા તથા સમૃદ્ધ વાર્ષિક આવક ઈત્યાદિની સન્માન-ભેટો અપાઈ.

ઈટલીમાં રાજકીય પરિસ્થિતિ ઝડપથી બદલાતી હતી. ૧૯૩૮માં મુસોલિની અને તેના વફાદાર નાઝીઓ ખૂબ જોરમાં

આવી ગયા હતા. યહૂદીઓ વિરોધી વાતાવરણથી ફર્મી ખૂબ જ ચિંતિત હતા કારણ કે તેમનાં પત્ની યહૂદી હતાં. ૧૯૩૮નું ભૌતિક-વિજ્ઞાનનું નોબેલ પારિતોષિક એનરિકો ફર્મીને તેમના સંશોધન-મંદ ન્યૂટ્રોન વડે ન્યૂક્લિઅર અભિક્રિયાઓ-અંગે એનાયત થયું. ડિસેમ્બર ૧૯૩૮માં આ પારિતોષિક લેવા તેમને સ્વિડન જવાનું નિમંત્રણ મળ્યું. આ નિમિત્તે સ્વિડન જવા માટે તેમણે પોતાના માટે, પત્ની અને બે બાળકો તથા આયા માટે સરકારી મંજૂરી મેળવી લીધી. પારિતોષિક લીધા પછી પરિસ્થિતિ પારખી ગયેલા ફર્મીએ પાછા ફરવાનો વિચાર માંડી વાળ્યો અને ત્યાંથી સીધા ન્યૂયૉર્ક પહોંચી ગયા. ત્યાં કોલંબિયા યુનિવર્સિટીમાં તેમના માટે યોગ્ય સ્થાનની વ્યવસ્થા પહેલેથી નક્કી જ હતી. અહીં તેમણે તેમનું કાર્ય આગળ ધપાવ્યું– ન્યૂક્લિઅસનું વિખંડન થયું સાથે સાથે પરમાણુનો દ્રવ્યનો કેટલોક અંશ અદૃશ્ય થયો હતો. આઇન્સ્ટાઈને સૂચવેલી ગણતરી પ્રમાણે તે પ્રચંડ ઊર્જાના સ્વરૂપમાં રૂપાંતર થયો હતો.

વિશ્વના વિજ્ઞાનીઓ આજે પણ માને છે કે પરમાણુ બૉમ્બના નિર્માણ પાછળ બે મહત્ત્વના વિજ્ઞાનીઓના ખયાલો અને મહેનત કામ કરી ગયાં છે અને તે હતા ઍલ્બર્ટ આઈન્સ્ટાઈન (૧૮૭૯-૧૯૫૫) અને એનરિકો ફર્મી (૧૯૦૧-૧૯૫૪). પરમાણુ બૉમ્બ વિકસાવવા બદલ અમેરિકાના પરમાણુ આયોગે એનરિકો ફર્મીએ આપેલા યોગદાનની કદર કરતાં નવેમ્બર, ૧૯૫૪માં તેમને ૨૫ હજાર ડૉલરનું માતબર પારિતોષિક આપી તેમનું સન્માન કર્યું હતું. આ પછી બરાબર બારમા દિવસે વિશ્વના આ મહાન વિજ્ઞાનીનું કૅન્સરના વ્યાધિને લીધે અવસાન થયું. વિજ્ઞાનીઓને આજે પણ આસ્થા છે કે જે રોગ આ મહાન વિજ્ઞાનીને ભરખી ગયો તે રોગનું વિશ્વમાં નામ-નિશાન દૂર કરવામાં ફર્મીની જ દેણરૂપ પરમાણુ ઊર્જા કે તેનાં ઉત્પાદનો ઉપયોગી નીવડશે.

પ્રોજેક્ટ મેનહટનના ત્રીજા મહારથી વિજ્ઞાની હતા પ્રોફસર નીલ બોહ્ર. તેમનો જન્મ ડેન્માર્કમાં કૉપનહેગન શહેરમાં ઑક્ટોબર ૭, ૧૮૮૫માં થયો હતો. પિતાશ્રી કૉપનહેગન યુનિવર્સિટીમાં પ્રોફેસર હતા અને માતા એલન એડલર ધર્મે યહૂદી હતાં. ઈ.સ. ૧૯૧૧માં ૨૭ વર્ષની વયે નીલ બોહ્ર ભૌતિકવિજ્ઞાનમાં પીએચ.ડી. થયા પછી ઈંગ્લન્ડમાં કેમ્બ્રિજની ખ્યાતનામ કૅવેન્ડિશ પ્રયોગશાળામાં વિખ્યાત વિજ્ઞાની અને ઇલેક્ટ્રોનના જનક ડૉ. જે. જે. ટૉમ્સનના માર્ગદર્શન હેઠળ તેમણે સંશોધનકાર્ય આરંભ્યું. ૧૯૧૩માં બોહ્રે પરમાણુની આંતરિક રચના સંબંધી પોતાનો મૂળ સિદ્ધાંત રજૂ કર્યો હતો. આજે તેને બોહ્રના સિદ્ધાંત તરીકે ભૌતિકવિજ્ઞાનના વિદ્યાર્થીઓ ભણે છે. હકીકતમાં પરમાણુ ઊર્જાનો આજનો વિકાસ પણ તેમને જ આભારી છે. તેમની આ અદ્‌ભુત શોધ ને શરૂઆતમાં વિજ્ઞાનીઓ તથા લોકોને સમજવામાં થોડી મુશ્કેલી પડી હતી. કદાચ તેથી જ તેમની શોધ જાહેર થયાનાં ૯ વર્ષ બાદના લાંબા ગાળા પછી તેમને ૧૯૨૨નું ભૌતિકવિજ્ઞાનનું નોબેલ પારિતોષિક પરમાણુની સંરચનાના સિદ્ધાંત અંગે એનાયત થયું હતું. તે વેળા ભૌતિકશાસ્ત્રનું નોબેલ પારિતોષિક મેળવનારા સૌથી નાની વયના વિજ્ઞાની તે હતા. જો કે આ પહેલાં બોહ્રને પોતાના દેશ ડેન્માર્કમાં જ કૉપનહેગનની સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રની સંસ્થામાં અધ્યક્ષપદે નિયુક્ત કરવામાં આવ્યા હતા. બોહ્રની વિદ્વત્તાને લીધે જ આટલા નાના દેશમાં દુનિયાભરનાં વિજ્ઞાનીઓ એકત્રિત થતા હતા. આઇનસ્ટાઈને સાચું જ કહ્યું હતું કે બોહ્રની હયાતી ના હોત તો આપણા પરમાણુ સંબંધી જ્ઞાનની શી દશા હોત?

ઈ.સ. ૧૯૩૯માં લિસ માઈટનર નામની એક ઑસ્ટ્રિયન યહૂદી યુવતી અને તેનો ભત્રીજો ઓટો ફ્રીશ નાઝીઓના ત્રાસથી છટકીને ડેન્માર્કમાં નિરાશ્રિત તરીકે આવ્યાં હતાં. તેમને અહીં કૉપનહેગનમાં બોહ્રની આ સંશોધન સંસ્થામાં સંશોધકો તરીકે નિયુક્તિ મળી હતી. તેમના વાંચવામાં આવ્યું કે જર્મન વિજ્ઞાનીઓએ કરેલી શોધો પ્રમાણે યુરેનિઅમ ન્યુક્લિઅસનું બે સમાન ભાગમાં વિસર્જન કરવાની તેઓ તૈયારીઓ કરી રહ્યા છે. તેમણે નીલ બોહ્રનું ધ્યાન દોર્યું. બોહ્ર એવા નિષ્કર્ષ ઉપર આવ્યા કે જો આ શક્ય બને તો વિભાજન વેળા પ્રચંડ ઊર્જાનું ઉત્સર્જન થાય અને તેનાં ઉપયોગથી જર્મનો વિશ્વ વિનાશ કરવા શક્તિમાન બને તેવી શક્યતા રહેલી છે. આ માહિતીની જાણકારી સાથે બોહ્ર તુરત જ અમેરિકા આવ્યા. અહીં તેઓ આઈનસ્ટાઈન અને એનરિકો ફર્મીને મળ્યા. આ ઉપરાંત બીજા ટોચના કેટલાક વિજ્ઞાનીઓ સાથે ચર્ચાવિચારણા કરી અને વિશ્વના ભાવિ અંગે ચિંતિત બન્યા.

ચર્ચા-વિચારણા કરી બોહ્ર તુરત જ પોતાના દેશ ડેન્માર્ક પરત આવ્યા. એપ્રિલ ૧૯૪૦માં જર્મનોએ ડેન્માર્ક ઉપર હુમલો કર્યો. ત્યાંના ૬૦૦૦ યહૂદીઓનો ખાત્મો બોલાવી દેવાનું આયાજન કર્યું. દરમિયાન મોટા ભાગનાં યહૂદીઓ નાની-મોટી બોટો મારફતે સ્વિડન પહોંચી ગયાં. નીલ બોહ્ર પણ જેઓ એક યહૂદી માતાના પુત્ર હતા તે, તેમનાં પત્ની સહિત એક માછીમારની બોટમાં સ્વિડન આવી ગયા. ડેન્માર્કમાં નાઝીઓએ બોહ્રના મકાનમાં તોડફોડ કરી, પણ નોબેલ પારિતોષિક તેમના હાથમાં ન આવ્યું. બોહ્ર સ્વિડનથી અમેરિકા આવ્યા અને લૉસ અલામોસના પરમાણુ પ્રોજેક્ટમાં સંશોધન કરતાં તેમના પુત્ર આગે પાસે આવી પહોંચ્યા.

પ્રોજેક્ટ મેનહટનના ચોથા સાથીદાર હતા આર્થર કૉમ્પટન. તેમનો જન્મ સપ્ટેમ્બર ૧૦, ૧૮૯૨માં અમેરિકાના









ઓહાયો રાજ્યમાં વૂડસ્ટર ખાતે થયો હતો. પિતાશ્રી અત્રેની વેસ્ટર્ન કૉલેજમાં પ્રોફેસર હતા તથા ચર્ચના પાદરી પણ હતા. ઘરનું વાતાવરણ ધાર્મિક હતું. ત્રણ ભાઈઓમાં આર્થર નાના હતા. મોટા ભાઈ ભૌતિકવિજ્ઞાની હતા અને વચેટ ભાઈ અર્થશાસ્ત્રી હતા. નાની વયથી આર્થરને વિજ્ઞાન તરફ અહોભાવ હતો. માતા, ત્રણેય ભાઈઓના ભણતરમાં અને વિકાસમાં સારું ધ્યાન આપતાં હતાં. ત્રણેય ભાઈઓ વૂડસ્ટર કૉલેજમાંથી સ્નાતક થયા હતા અને પછી આગળ અભ્યાસ કરી પીએચ.ડી. થયા હતા. આર્થરે ૧૯૧૬માં ૨૪ વર્ષની વયે ડૉક્ટરેટની ડિગ્રી મેળવી હતી. પ્રથમ વિશ્વયુદ્ધ વેળાએ તેમણે લશ્કરમાં પણ સેવાઓ આપી હતી. યુદ્ધ પૂરું થતાં તેમણે શિક્ષણજગતમાં પુનઃ પ્રવેશ કર્યો હતો અને ઈંગ્લન્ડની કેવેન્ડિશ પ્રયોગશાળામાં જોડાયા. ત્યાં મહાન વિજ્ઞાની જે. જે. ટૉમ્સન અને લૉર્ડ રૂથરફૉર્ડ સાથે સંશોધનકાર્ય કરવાની તાલીમ અને માર્ગદર્શન મેળવ્યાં. ૧૯૨૦માં તેઓ અમેરિકા પરત આવ્યા અને વૉશિંગ્ટન યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર તરીકે જોડાયા. વિજ્ઞાનજગતને તેમણે કોમ્પ્ટન અસરની ભેટ ધરી છે. ૧૯૩૯ સુધી આર્થર કોમ્પ્ટનને યુરેનિઅમ કે ન્યૂક્લિઅર વિખંડનમાં કોઈ ખાસ રુચિ નહોતી. પણ લૉરેન્સ સાઈક્લોટ્રોનની શોધ જાહેર કરતા તથા તેના વૈજ્ઞાનિક અને વૈદકીય ઉપયોગો અંગે જાણ થતાં તે આ તરફ વળ્યા હતા.

પરમાણુ-વિખંડન ક્ષેત્રે નાઝીઓએ કરેલી પ્રગતિ અંગેની જાણકારી લઈને નીલ બોહ્ર ડેન્માર્કથી અમેરિકા આવ્યા અને આ ક્ષેત્રે કાર્ય કરતા બીજા સમાન વિચારવાળા વિજ્ઞાનીઓ દ્વારા યુદ્ધમાં વિજય મેળવવાનું મહત્ત્વ સ્વીકાર્યું. તે સૌ વિજ્ઞાનીઓ યુદ્ધમાં જર્મનીને રોકવા પ્રતિબદ્ધ હતા. ઍલ્બર્ટ આઈન્સ્ટાઈનની આગેવાની હેઠળ તેમાંના થોડા વિજ્ઞાનીઓ પ્રમુખ રૂઝવેલ્ટને ૧૯૪૧માં મળ્યા, વાત સમજાવી અને વિજ્ઞાનની દૃષ્ટિએ તેમાં સફળતા મેળવવાની જવાબદારી ઉપાડી લેવાની તૈયારી દર્શાવી. આમ, પ્રોજેક્ટ મેનહટનની રચના અતિ ગુપ્ત રાહે કરી અને તે માટે વિશાળ ભંડોળ પણ મંજૂર કરાયું.

પરમાણુ બૉમ્બ બનાવવાનું સ્થળ ન્યૂ મૅક્સિકો ખાતે લૉસ એલામાસ નક્કી કરાયું અને અત્યંત ગુપ્તતા અને સુરક્ષા નીચે ઉચ્ચ વિજ્ઞાનીઓની ટીમ કાર્યશીલ બની. પૂર્ણ નિષ્ઠાથી જુદાં જુદાં સ્થળોએ તે અંગે કાર્ય શરૂ કરાયું. બે અબજ ડૉલરના આ અતિ ગોપનીય પ્રોજેક્ટની સઘળી જવાબદારી અમેરિકન વિજ્ઞાની ડૉ. જે. રૉબર્ટ ઓપનહેમરના વડપણ હેઠળની સમિતિને સોંપાઈ. અહીં એક અગત્યનું કામ યુરેનિઅમ વિભંજન પ્રક્રિયા માટે જરૂરી ઊંચી ગ્રેડનું બળતણ તૈયાર કરવાનું તથા શૃંખલા પ્રક્રિયા-ચેઈન રિઍક્શન-ને કાર્યરત કરવાનું હતું. એનરિકો ફર્મીની પૂરા સહકારની ખાતરીથી આર્થર કોમ્પ્ટને આમાં એક વિભાગની જવાબદારી સ્વીકારી લીધી. ન્યૂક્લિઅર રિઍક્ટર-પરમાણુ ભઠ્ઠી-માટેના બાંધકામમાં મુશ્કેલી જણાતાં શિકાગોનાં વિશાળ ફૂટબૉલ સ્ટેડિઅમના ગ્રાઉન્ડ ઉપર કોમ્પ્ટનના માર્ગદર્શન હેઠળ આવી ભઠ્ઠી ઊભી કરવામાં આવી. તેમણે આ કાર્ય સમયસર અને સફળતાપૂર્વક પાર ઉતાર્યું. જરૂરી શૃંખલા-પ્રક્રિયા અંગેનું કાર્ય શિકાગો યુનિવર્સિટીમાં ચાલતું હતું. અહીં આપણે આ શૃંખલા-પ્રક્રિયા શું છે તે સહજ સમજી લઈએ.

આપણે કાગળના એક મોટા પાનને સળગાવીએ ત્યારે શરૂઆતમાં તે એક છેડેથી સળગે છે. સાથે સાથ તેનો બીજો ભાગ ગરમ થાય છે અને સળગે છે, અને આમ સમગ્ર કાગળ ભડકે બળે છે. શૃંખલા-પ્રક્રિયામાં પણ આવું જ કાંઈક થાય છે. યુરેનિઅમ (U-235)ના ન્યૂક્લિઅસ ઉપર ન્યૂટ્રોનની બૉમ્બ-વર્ષા કરતાં સૌપ્રથમ એક ન્યૂટ્રોન યુરેનિઅમના ન્યૂક્લિઅસમાં ઘૂસી જાય છે અને તેના પરમાણુનું વિભંજન થાય છે. પરમાણુ લગભગ બે ભાગમાં વહેંચાઈ જાય છે. વિભંજન નીપજો જેમકે ક્રિપ્ટોન અને બેરિઅમ બની શકે છે. આ ઉપરાંત તેમાંથી સ્વયં ન્યૂટ્રોન બહાર ફેંકાય છે તથા વિકિરણ ઊર્જા બહાર આવે છે. ન્યૂક્લિઅસમાંથી પેદા થયેલા આ નવા ન્યૂટ્રોન અન્ય અધિક પરમાણુનું વિભંજન કરે છે. આમ, આ પ્રક્રિયા આગળ ને આગળ ચાલ્યા કરે છે, જેને વિજ્ઞાનીઓ શૃંખલા પ્રક્રિયા-ચેઈન રિઍક્શન-તરીકે ઓળખે છે. આ પ્રકારે પરમાણુ વિભંજન થતાં પ્રચંડ ઊર્જા ઉત્પન્ન થાય છે. આ પ્રક્રિયા દેખાય છે એટલી સરળ નથી. એનરિકો ફર્મીએ આ શૃંખલા-પ્રક્રિયાને સફળતાપૂર્વક સિદ્ધ કરી બતાવી ડિસેમ્બર ૨, ૧૯૪૨માં, અને આ સાથે જ પ્રોજેક્ટ મેનહટનને પાર પાડવાનું એક મહત્ત્વનું ડગ આગળ વધ્યા.

પરમાણુ બૉમ્બ માટે જરૂરી સમૃદ્ધ યુરેનિઅમ મેળવવા માટે ટેનેસી રાજ્યમાં ઓકરિજ ખાતે ૭૫ હજાર મજૂરો કાર્યશીલ હતા. કેટલાક વિજ્ઞાનીઓની સહાયથી ફર્મીએ એક

ઍટમિક રિઍક્ટર-પરમાણુ ભઠ્ઠી બનાવી હતી. તેમાં ગ્રેફાઈટની પાઈલ-થપ્પી-અને યુરેનિઅમ તથા યુરેનિઅમ ઑક્સાઈટની ઢગલીઓ બનાવી હતી. ભઠ્ઠીમાં તેમણે લગભગ ૬ ટન ધાતુ વાપરી હતી. તેમાં પ્રક્રિયાને નિયંત્રિત કરવા માટે કેડમિઅમની પટ્ટીઓ અંદર દાખલ કરી હતી. પ્રક્રિયા અતિ ઝડપી ના બની જાય એ માટે આ જરૂરી હતું. કેડમિઅમ ધાતુ ન્યૂટ્રોનને ધીમા પાડતી હતી. આમ, સઘળું બરાબર નિયંત્રિત કરીને આ સૌપ્રથમ શૃંખલા-પ્રક્રિયાથી પરમાણુ ભઠ્ઠી ડિસેમ્બર ૨, ૧૯૪૨ના રોજ શક્ય બની હતી. પ્રોજેક્ટ મેનહટનની એક મોટામાં મોટી મુશ્કેલી આ રીતે પાર પડાઈ હતી અને તે વિજ્ઞાનીઓની એક મોટી સિદ્ધિ હતી.

આ બધી પ્રક્રિયાઓને અત્યંત ગોપનીય રાખીને અંતે પરમાણુ બૉમ્બ બનાવાયા હતા. હવે, તેનાં પરીક્ષણનો દિવસ નક્કી કરાયો. જુલાઈ ૧૬, ૧૯૪૫ની વહેલી સવારે તેનું પરીક્ષણ કરવાનું નક્કી થયું હતું. ન્યૂ મૅક્સિકોના રણવિસ્તારનાં લૉસ એલામસમાં ગીરો હિલ ખાતે ૩૨ ટન વજનનો અને ૧૦૦ ફૂટ એટલે કે લગભગ ૩૦ મીટર ઊંચો એક સ્ટીલનો ટાવર ઊભો કરાયો હતો. તેનાથી ઉપર પરીક્ષણ માટેનો પરમાણુ બૉમ્બ ગોઠવવામાં આવ્યો હતો. તેનાથી ૧૪.૫ કિલોમીટર દૂર આ રણપ્રદેશમાં એક નિયંત્રણકક્ષ ઊભો કરવામાં આવ્યો હતો. અહીં બૉમ્બનો વિસ્ફોટ કરવા માટેની રિમોટ કન્ટ્રોલ સ્વિચ ગોઠવવામાં આવી હતી. ડૉ. ઓપનહેમર અને બીજા ટોચના વિજ્ઞાનીઓની હાજરીમાં સવારે ૫-૩૦ વાગે આ સ્વિચ દબાવવામાં આવી. આગનો એક પ્રચંડ ગોળો ઉત્પન્ન થયો. કાનના પડદા ફાડી નાખે તેવો પ્રચંડ અવાજ થયો અને કાતિલ તથા સર્વનાશી પ્રચંડ વિસ્ફોટની સાથે જ સાત માઈલ એટલે કે લગભગ અગિયાર કિલોમીટર ઊંચે ધુમાડાઓ અને જ્વાળાઓએ આકાશને ઘેરી લીધું. વિસ્ફોટ-કેન્દ્રથી ૪૫૦ માઈલ એટલે કે ૭૨૦ કિલોમીટર દૂર આવેલા ટૅક્સાસ રાજ્યના એમારિલો નગરનાં લોકોએ આ પ્રચંડ ધડાકો સાંભળ્યો હતો.

ઘડીના છઠ્ઠા ભાગમાં વિસ્ફોટ-કેન્દ્ર પર ઊભું કરાયેલું વિશાળકાય લોખંડનું ટાવર બળીને ખાખ થઈ ગયું. ટાવર નીચેની રેતી ઓગળી જઈને લીલા કાચમાં ફેરવાઈ ગઈ હતી. આશરે દોઢ કિલોમીટર ત્રિજ્યાના વિસ્તારમાં આવેલા તમામ જીવોનો તુરંત જ સર્વનાશ થઈ ચૂક્યો હતો. નિયંત્રણ-કક્ષમાં હાજર રહેલા ડૉ. ઓપનહેમર સહિતના ટોચના સૌ વિજ્ઞાનીઓને પરમાણુ બૉમ્બની આ પ્રચંડ વિનાશક અને સંહારક શક્તિથી સંતોષ થયો હતો. પ્રોજેક્ટ મેનહટનની સફળતાએ તેઓનું હૃદય આનંદ-વિભોર બની ગયું હતું.

આ વેળા આમાંના ઘણા બધા ટોચના વિજ્ઞાનીઓમાં એક જ ભાવના કામ કરતી હતી કે વિશ્વમાં આગળ વધતા વિનાશક યુદ્ધનો અંત લાવવો જ જોઈએ - કોઈ પણ ભોગે.

આ પછી તો ઑગસ્ટ ૬, ૧૯૪૫ના રોજ બરાબર ત્રણ અઠવાડિયાં પછી જપાન ઉપર આવો પરમાણુ બૉમ્બ ઝીંક્યો. તેણે વેરેલા મહાવિનાશ અને મહાસંહારથી વિશ્વ પૂરેપૂરું જાણકાર છે. હિરોસીમા અને નાગાસાકી નગરો સંપૂર્ણ નષ્ટ પામ્યાં અને તુરત જ જપાને શરણાગતિ સ્વીકારી લીધી. એક લાખ લોકો જખ્મી થયાં અને ૬૦ હજાર લોકો તુરત જ મૃત્યુને શરણ ગયાં. નગરનાં ૬૦૦ પાકાં મકાનોનો સંપૂર્ણ નાશ થયો હતો. પરિણામે વિશ્વયુદ્ધનો અંત આવ્યો હતો.

બીજા વિશ્વયુદ્ધને અંતે નવા યહૂદી રાજ્ય ઈઝરાયેલની સ્થાપના થઈ તે સમયે આઈન્સ્ટાઈનને આ નવા રાષ્ટ્રના રાષ્ટ્રપ્રમુખ બનવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું, પણ તેમણે તેનો સાભાર અસ્વીકાર કર્યો અને જણાવ્યું કે હું તો કેવળ વિજ્ઞાન વિષયક સમસ્યાઓના ઉકેલમાં મદદ કરી શકું. માનવ અને માનવતાના પ્રશ્નો અંગે મારું કોઈ જ્ઞાન નથી. તેવા પ્રશ્નો સામે લડવાની મને આવડત નથી.

જપાનની તારાજીથી તેઓ ધ્રૂજી ઊઠ્યા હતા. આ પ્રચંડ વિનાશક શોધમાં તેમનો પણ ફાળો હતો જ. ત્યાર પછીથી તેઓ પરમાણુ બૉમ્બના સંહારક અને વિનાશક ઉપયોગના સૌથી મોટા વિરોધી હતા. શાન્તિના ફિરસ્તા મહાત્મા ગાંધીજી સાથે પણ તેમણે આ અંગે પત્રવ્યવહાર કર્યો હતો. જીવનની છેલ્લી ક્ષણ સુધી તેઓ મનોમન ખૂબ જ દુઃખી હતા.

યુદ્ધ સમાપ્ત થતાં નીલ બોહ્ર તેમના વતન ડેન્માર્ક-કૉપનહેગન પાછા ફર્યા. જપાનની તારાજીથી તેઓ પણ ખૂબ જ દુઃખી હતા. ૧૯૫૫માં જીનિવા ખાતે શાંતિ-સંમેલનમાં બોહ્રને અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. ૧૯૫૭માં તેમને ૭૫ હજાર ડૉલરનો ફૉર્ડનો ઍટમ ફૉર પીસ-પરમાણુ શાંતિ માટેનો ઍવૉર્ડ અપાયો હતો. ૧૯૬૨માં ૭૭ વર્ષની વયે તેમનું અવસાન થયું ત્યાં સુધી પરમાણુના શાંતિમય ઉપયોગના તેઓ હિમાયતી રહ્યા હતા.

અમેરિકાના પરમાણુ ઊર્જા આયોગે ૧૯૫૪માં એનરિકો ફર્મીને તેમના કાર્યની કદર સ્વરૂપે ૨૫ હજાર ડૉલરનું માતબર પારિતોષિક આપી તેમનું સન્માન કર્યું, તેના બરાબર બારમા દિવસે તેઓ કૅન્સરની બીમારીથી અવસાન પામ્યા હતા.

રૉબર્ટ ઓપનહેમર તેમના જીવનના અંત સુધી પરમાણુ ઊર્જાનો માનવ-કલ્યાણ માટે ઉપયોગ કરવાનો અનુરોધ કરતા હતા. તેમની ભલામણથી પ્રમુખ કૅનેડીએ પચાસ હજાર ડૉલરના ઍટમિક એનર્જી કમિશન ઍવૉર્ડની જાહેરાત કરી અને પ્રતિવર્ષે આ ક્ષેત્રમાં સુંદર કામગીરી કરનાર વિજ્ઞાનીને 'એનરિકો ફર્મી ઍવૉર્ડ' તરીકે તે અપાય છે. આ છે કહાણી પ્રોજેક્ટ મેનહટનની. ❐

રાષ્ટ્રિય ધ્વજ

મૂ.લે. : જસ્ટીસ આર.એ.જહાંગીર/અનુ. : અશ્વિન ન. કારીઆ

ભારતનાં નાગરિકો દ્વારા રાષ્ટ્રિય ધ્વજનો ઉપયોગ કરવા બાબતે તેના નિયમો હળવા કરવાના ભારત સરકારના નિર્ણયથી અપેક્ષા મુજબ લોકોમાં કોઈ ઉત્સાહ જોવા મળ્યો નથી. તેનાં કારણો અનેક હોઈ શકે. સૌપ્રથમ તો એ કે કોઈ પણ જાતના કાનૂની આધાર વગરની ધ્વજ નિયમાવલીના કારણે લોકો તેનાથી દૂર થઈ ગયાં છે. બીજું એ કે શુદ્ધ બુદ્ધિથી કે દેશપ્રેમથી ધ્વજ લગાડનારને કાનૂની કાર્યવાહી થવાની ધમકી મળતી હતી. એ પણ શક્ય છે કે છેલ્લાં કેટલાંક વર્ષોથી ધ્વજ લગાડવા જેવો રાષ્ટ્રપ્રેમ લોકોનાં માનસમાં પેદા થયો નથી. આપણા દેશબાંધવો તરફ ન્યાયી રહીએ તો પણ એમ કહી શકાય કે આપણા દેશબાંધવો ધ્વજના ઈતિહાસ અને તેનાં મહત્ત્વથી કદાચ અજાણ છે. આ ત્રિરંગા ધ્વજનો ઈતિહાસ બહુ લાંબો છે અને સ્વાતંત્ર્યની લડત દરમ્યાન સતત પ્રેરણાનું તે ઉદ્‌ગમસ્થાન હતું. સ્વાતંત્ર્ય-લડત દરમ્યાન રેલીઓમાં જે ધ્વજ લઈ જવાતો હતો તે જ આ ત્રિરંગો ધ્વજ નથી.

ધ્વજ એ ચોક્કસ કદ, આકાર અને રંગ ધરાવતો કાપડનો ટુકડો છે અને લોકોના જૂથ તરફથી પોતાના સામૂહિક પ્રતીક તરીકે સ્વીકારવામાં આવે છે. જુદા જુદા દેશોમાં બહુ લાંબા સમયથી ધ્વજનો ઉપયોગ થઈ રહ્યો છે. કેટલાક પ્રદેશોમાં એક જ વંશના રાજાઓએ પોતાની પસંદગીના જુદા જુદા ધ્વજોનો ઉપયોગ કરેલો છે. રાજા ઉપરાંત સૂબેદારો અને સૈનિકો પોતાનો અલગ ધ્વજ રાખી શકતા હતા. તેનાથી ઉચ્ચ રાજા તરફનું અપમાન પ્રકટ કરવામાં આવતું ન હતું. આથી એવી કલ્પના કરી શકાય કે ઉચ્ચ રાજાના મુખ્ય ધ્વજની આસપાસ અન્ય સૈનિકોમાં ધ્વજ ફરકતા હોય.

આપણા પુરાણોમાં બહાદુર યોદ્ધાઓ પોતાનો અલગ ધ્વજ રાખતા હોવાના ઉલ્લેખો મળે છે. આ રીતે જોઈએ તો ધ્વજ ત્રણ ભાગોમાં બનેલ છે - કપડાનો ટુકડો જે પતાકા તરીકે ઓળખાય છે, કપડાં પરનું ચિહ્ન કે જે કેતુ તરીકે ઓળખાય છે અને કપડું જેમાં ભરાવાય છે તે લાકડી અથવા થાંભલાને સ્તંભ તરીકે ઓળખવામાં આવે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ધ્વજના રંગનું મહત્ત્વ વધ્યું છે, જ્યારે અગાઉના સમયમાં ધ્વજ પરના પ્રતીકનું જ મહત્ત્વ હતું. ધ્વજનું પ્રતીક ક્યારેક પવિત્ર ભાવ જગાવનાર તો ક્યારેક દુશ્મનના મનમાં ભય જગાવનાર રહેતું હતું. ટૂંકમાં, કોઈ પણ પ્રસંગે ધ્વજથી ધ્વજના માલિકનું ગૌરવ વ્યક્ત કરવામાં આવતું હતું. કોઈ પણ કવાયત વખતે ધ્વજને સૌથી આગળ રાખીને સૈનિકો પાછળ ચાલતા. ધ્વજના માટે લડાઈ લડતાં લડતાં મૃત્યુ બહાદુરીપૂર્વકનું સન્માન ગણવામાં આવતું હતું. ધ્વજને હંમેશા ઊંચે રાખવામાં આવતો.



મહાભારતના યુદ્ધમાં, રથમાં બેઠેલ રાજાઓની ઓળખ રથ પર ફરફરતા ધ્વજ પરના પ્રતીક પરથી જ પ્રકટ થતી હતી. અર્જુનના રથનો કપિધ્વજ સૌથી વધારે પ્રખ્યાત છે. આ કપિ- ધ્વજનો ઉલ્લેખ ભગવદ્‌ગીતામાં થયો છે. એક માન્યતા પ્રમાણે કપિ દૈવી વાનર હતો. જ્યારે બીજી એક માન્યતા પ્રમાણે આ કપિ એટલે હનુમાન અને ધ્વજના ફરકવાથી હનુમાનની દુશ્મનોને બીક લાગતી હતી. મહાભારતમાં નિર્દિષ્ટ કરાયેલ ધ્વજોનો અભ્યાસ ધ્વજ-માલિકના ચારિત્ર્યની અભિવ્યક્તિ કરતો હોઈ શકે; જેમ કે દુર્યોધનના રથ પરના ધ્વજમાં સર્પનું ચિહ્ન હતું.

ભારતના તાજેતરના ઈતિહાસમાં ભારતના રાજાઓ દ્વારા વિવિધ રંગો અને પ્રતીકો ધરાવતા ધ્વજાનો ઉપયોગ કરવામાં આવતો હતો. ચિત્તોડના રાણાઓ કે જે પોતાને સૂર્યના વંશજો તરીકે ઓળખાવે છે, તેઓ ધ્વજ પર સુવર્ણ સૂર્યનું ચિત્ર મૂકતા. વર્તમાન સમયમાં જપાન, કે જે ઊગતા સૂર્યનો દેશ ગણાય છે, તેના રાષ્ટ્રધ્વજમાં સૂર્યનું ચિહ્ન છે. શિવાજી કેસરી રંગની પતાકા ફરકાવતા હતા અને આ પતાકા તેમને સ્વામી રામદાસ તરફથી મળેલી હોવાનું કહેવાય છે. અલ્લાહના પ્રતિનિધિ તરીકે ઓળખાતા મહંમદે 'રોમન ગરુડ'નું પ્રતીક સ્વીકાર્યું હતું. અબ્બાસી જેવા બિનરસીદ ખલીફાઓએ પણ આ પ્રતીક સ્વીકારેલું હતું. આ સમય દરમિયાન લીલા રંગને ઈસ્લામ સાથે જોડી દેવાયો હતો. પાછલાં વર્ષોમાં મુસ્લિમ રાજાઓ અને રાષ્ટ્રોએ અલગ અલગ ચિહ્ના સાથે લીલા રંગના ધ્વજોનો સ્વીકાર કર્યો હતો. આપણામાંનાં કેટલાંકને લીલો રંગ જોતાંની સાથે જ ઈસ્લામી અસરની ગંધ આવે છે! આથી જ શિવરોના ને શ્રી બાલ ઠાકરેએ અંધેરી રેલવે સ્ટેશનને લીલા રંગથી રંગવાના નિર્ણયનો વિરોધ કર્યો હતો; કારણ કે તેમના મતે લીલા રંગથી ઈસ્લામિક સંસ્કૃતિનો આભાસ થતો હતો. વાસ્તવમાં લીલો રંગ એ પર્યાવરણનો રંગ છે.

આપણો ત્રિરંગો ધ્વજ, કે જેણે હવે રાષ્ટ્રિય ધ્વજનું બિરુદ પ્રાપ્ત કરેલ છે તેની ડિઝાઈન મૅડમ ભીખાઈ રુસ્તમ-કે.આર.કામા તરફથી તૈયાર કરવામાં આવી હતી અને તેમણે પોતાના અત્યંત ભાવવાહી વક્તવ્ય બાદ તા. ૨૨ ઑગસ્ટ ૧૯૦૭ના રોજ હજારો ભારતીય પ્રતિનિધિઓની હાજરીમાં દ્વિતીય આંતરરાષ્ટ્રિય સમાજવાદી કૉન્ગ્રેસમાં જર્મનીના સ્ટટગર્ટ ખાતે તે ફરકાવ્યો હતો. તેમણે પોતાના વક્તવ્ય દરમિયાન કહ્યું, 'આ ધ્વજ ભારતીય સ્વાતંત્ર્યનો છે. જુઓ, તેનો જન્મ થઈ ચૂક્યો છે. શહીદ થયેલા ભારતીય યુવાનોના લોહીથી તેને માન્યતા મળી છે. સદ્‌ગૃહસ્થો, ભારતીય સ્વાતંત્ર્યના આ ધ્વજને સલામ કરવાનું હું તમોને આહ્વાન આપું છું. આ ધ્વજના નામથી જગતના તમામ સ્વાતંત્ર્ય ચાહકોને માનવજાતના ૧/૫ લોકોને મુક્ત કરવામાં સહકાર આપવાની હું અપીલ કરું છું.'

ધ્વજ ત્રણ પહોળી પટ્ટીઓનો બનેલ હતો. સૌથી ઉપરના ભાગે લીલો, મધ્યમાં સોનેરી કેસરી અને સૌથી નીચેના ભાગે લાલ રંગ હતો. સૌથી ઉપરની પટ્ટીમાં આઠ કમળનાં ચિહ્નો કોતરેલાં હતાં અને તે બ્રિટિશ ભારતના આઠ વિભાગોનું પ્રતિનિધિત્વ કરતાં હતાં. સૌથી નીચેના ભાગે સૂર્ય અને વચ્ચેની પટ્ટીમાં 'વંદેમાતરમ્' દેવનાગરી લિપિમાં લખેલું હતું. નિરીક્ષકોએ નોંધ્યું છે કે, 'વંદેમાતરમ્'ની જોડણી ખોટી લખાયેલી હતી. બંને શબ્દોને અલગ લખવા જોઈતા હતા. આ ધ્વજ રાષ્ટ્રિય ધ્વજ બન્યો તે અગાઉ તેના રંગ વિશે એવી સમજૂતી આપવામાં આવી હતી કે લીલો રંગ મુસલમાનોનું પ્રતિનિધિત્વ કરે છે, કેસરી રંગ બુદ્ધ અને શીખ લોકોનું પ્રતિનિધિત્વ કરે છે અને લાલ રંગ હિંદુઓનું.

મહાત્મા ગાંધીએ તા. ૧૩ એપ્રિલ ૧૯૨૧ના રોજ 'યંગ ઈંડિયા'માં પ્રકટ કરાયેલ લેખમાં ભારતના વિવિધ ધર્મનું પ્રતિનિધિત્વ કરતા આ ખુલાસાને માન્ય રાખ્યો હતો. આમ છતાં, તેમણે એવો વિચાર રજૂ કર્યો હતો કે હિંદુ-મુસ્લિમ સિવાય અન્ય જાતિઓનું પણ પ્રતિનિધિત્વ થવું જોઈએ. આથી ગાંધીજીએ એવું સૂચન કર્યું હતું કે સૌથી ઉપર સફેદ, વચ્ચે લીલો અને છેલ્લે લાલ રંગ રાખવો જોઈએ. તેમણે પ્રતીક તરીકે ચરખાનું ચિહ્ન સ્વીકારવાનું પણ સૂચન કર્યું હતું. ભારતીય કૉન્ગ્રેસ પક્ષે ક્યા પ્રકારના ધ્વજનો સ્વીકાર કરવો જોઈએ તે વિશે ઠીક ઠીક ચર્ચા ચાલી હતી. એક વિચાર એવો રજૂ કરાયો હતો કે ધ્વજના રંગ આંખને ગમી જાય તેવા અને દેશના તમામ ધાર્મિક સમૂહોનું પ્રતિનિધિત્વ કરતા હોવા જોઈએ. ખાસ કરીને શીખોએ એવી માગણી કરી કે તેમનો માન્ય પીળો રંગ ધ્વજમાં સ્વીકારાવો જોઈએ. દ્વિજેન્દ્રનાથ ટાગોરે અને સી. એફ. ઍન્ડ્રુઝે એવો પ્રસ્તાવ મૂક્યો કે હિંદુ યોગી અને મુસ્લિમ ફકીરના પહેરવેશ જેવા રંગનો સ્વીકાર થવો જોઈએ. આમ, આ મુદ્દો કોમી રંગ પકડી રહ્યો હતો.

જુદાં જુદાં લોકોના મતો ધ્યાનમાં લઈને ધ્વજની ડિઝાઈન નક્કી કરવા માટે પટ્ટાભી સીતારામૈયાના અધ્યક્ષ-સ્થાને સાત સભ્યોની સમિતિ નીમવામાં આવી હતી. આ સમિતિ તા. ૨ એપ્રિલ ૧૯૩૧ના રોજ નીમવામાં આવી હતી અને તેના દસ દિવસમાં જ શ્રી જવાહરલાલ નેહરુએ શ્રી સીતામૈયાને પત્ર લખીને જણાવ્યું કે ધ્વજનો રંગ નક્કી કરવામાં કોમી બાબતોનો વિચાર થવો જોઈએ નહીં. શ્રી નેહરુને લાગ્યું કે તે વખતનો ધ્વજ બલ્ગેરિયન ધ્વજને મળતો આવતો હતો, જે અનિચ્છનીય હતું. સમિતિએ મોટી સંખ્યામાં લોકોના અભિપ્રાયો સાંભળ્યા અને છેલ્લા એક દસકાથી લોકપ્રિય બનેલ ત્રિરંગી ધ્વજને તિલાંજલી આપી અને ધ્વજ ફક્ત કેસરી રંગનો ચરખાના પ્રતીક સાથે રાખવાની ભલામણ કરી.

ઑગસ્ટ, ૧૯૩૧માં મળેલ કારોબારી સમિતિએ આ ભલામણનો અસ્વીકાર કર્યો. લોકપ્રિય બનેલ ત્રિરંગો ધ્વજ પડતો મૂકવાની ભલામણ કારોબારી સમિતિને જરાયે પસંદ ન હતી. કારોબારી સમિતિએ નીચે મુજબનો ઠરાવ પસાર કરીને ત્રિરંગો ધ્વજ ચાલુ રાખવા જણાવેલું હતું. આ ધ્વજનો ઉપયોગ ઑગસ્ટ ૧૯૪૭ સુધી ચાલુ રહ્યો હતો. બંધારણસભાએ ઑગસ્ટ ૧૯૪૭માં તેમાં માત્ર થોડા ફેરફારની ભલામણ કરી હતી. 'અગાઉની જેમ જ રાષ્ટ્રિય ધ્વજ ત્રિરંગી રહેશે, પરંતુ તેના રંગો ઉપરથી નીચે કેસરી, સફેદ અને લીલો રહેશે. સફેદ પટ્ટીમાં ફરતા ચક્રનું ચિહ્ન રહેશે. રંગને કોઈ કોમી મહત્ત્વ નથી તેમ સમજવાનું છે. કેસરી રંગ હિંમત અને બલિદાનનું પ્રતિનિધિત્વ કરે છે. સફેદ રંગ શાંતિ અને સત્યનું પ્રતિનિધિત્વ કરે છે જ્યારે લીલો રંગ શ્રદ્ધાનું પ્રતિનિધિત્વ કરે છે. ચક્ર લોકોની આશાનું પ્રતિનિધિત્વ કરે છે.'

રાષ્ટ્રિય ધ્વજ તરીકે ઓળખાતો આ ધ્વજ મૂળ ભારતીય રાષ્ટ્રિય કૉન્ગ્રેસનો ધ્વજ હતો. અન્ય રાજકીય પક્ષોને પોતાના અલગ ધ્વજો પણ હતા. સુભાષચંદ્ર બોઝની નૅશનલ આર્મીએ ત્રિરંગો ધ્વજ સ્વીકાર્યો હતો, પરંતુ તેમાં ચક્રના સ્થાને વાઘનું ચિહ્ન સ્વીકાર્યું હતું.

ભારતીય રાષ્ટ્રિય કૉન્ગ્રેસના ધ્વજને રાષ્ટ્રિય ધ્વજ તરીકે સ્વીકારાયા અગાઉ બંધારણ સભાએ તા. ૨૨ જુલાઈ, ૧૯૪૭ના રોજ ઠરાવ કરીને એક ફેરફાર કરેલો હતો. આ અગાઉ સ્વતંત્ર ભારત માટે ધ્વજની ભલામણ કરવા માટે એક સમિતિની નિમણૂંક કરવામાં આવી હતી. આ સમિતિના નિર્ણયને અનુલક્ષીને શ્રી જવાહરલાલ નેહરુએ નીચે મુજબ

ઠરાવ મૂક્યો હતો : 'ઠરાવવામાં આવે છે કે રાષ્ટ્રિય ધ્વજ ઘેરા કેસરી, સફેદ અને ઘેરા લીલા રંગનો એમ ત્રિરંગી ધ્વજ હશે અને દરેક ભાગ સરખા ભાગમાં વહેંચાયેલો હશે. વચ્ચેની સફેદ પટ્ટીમાં, નૅવિ બ્લ્યુ રંગમાં ચરખાનું ચિત્ર હશે. આ ચક્રની ડિઝાઈન અશોકચક્ર જેવી રહેશે.'

ઠરાવ રજૂ કરતી વખતે શ્રી નેહરુએ ચક્ર (ચરખા)નું મહત્ત્વ સમજાવતાં કહ્યું હતું કે, 'ચક્રનું નિશાન બંને તરફથી દેખાવું જોઈએ.' ડૉ. રાધાકૃષ્ણને પાતાના વક્તવ્યમાં જણાવ્યું કે, 'અશોકચક્ર કાયદાનું અને ધર્મના ચક્રનું પ્રતિનિધિત્વ કરે છે.'

નેહરુએ ભારપૂર્વક એ હકીકતનો ઇન્કાર કર્યો કે ધ્વજમાંના રંગો કોમી લાગણીઓનું પ્રતિનિધિત્વ કરે છે.

'કેટલાંક લોકો ધ્વજ વિશે ગેરસમજ કરીને કોમી લાગણીઓના સંદર્ભમાં વિચારે છે, અને માને છે કે અમુક રંગ અમુક કોમનું પ્રતિનિધિત્વ કરે છે. પરંતુ મારે એમ કહેવું જોઈએ કે જ્યારે ધ્વજનો વિચાર મૂર્તિમંત થયો ત્યારે એની સાથે કોમી મહત્ત્વ જોડવામાં આવ્યું નથી. આપણે ધ્વજની એવી ડિઝાઈન વિચારી છે કે જે સુંદર છે, કારણ કે રાષ્ટ્રનું પ્રતીક સુંદર હોવું જોઈએ.'

મુસ્લિમ લીગે કોઈ પણ જાતના વિરોધ વગર જ રાષ્ટ્રિય ધ્વજ સ્વીકારી લીધો હતો અને ઠરાવ સર્વાનુમતે પસાર કરાયો હતો. તૈયાર કરાયેલ એક ધ્વજ શ્રી હંસાબહેન મહેતા તરફથી બંધારણ સભાના પ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદને સુપરત કરાયો હતો. આ સમયે પોતાના ટૂંકા વક્તવ્યમાં શ્રી હંસાબહેને જણાવ્યું કે, 'આ ધ્વજ હવે જે સદન પર લટકાવવામાં આવશે તેને ભારતની સ્ત્રીઓ તરફથી ભેટ આપવામાં આવે તે સમયોચિત છે.'

ભારતના ઇતિહાસમાં રાષ્ટ્ર તરીકે આપણી પાસે ક્યારેય ધ્વજ હતો નહીં. આ વિશાળ દેશમાં રહેતાં લોકોનું પ્રતિનિધિત્વ રજૂ કરવા માટે કોઈ પ્રતીક હતું નહીં. ધ્વજ હંમેશાં સમગ્ર રાષ્ટ્રનો હોય. કોઈ રાજ્ય પોતાનો અલગ ધ્વજ રાખી શકે નહીં. જે લોકો સચિવાલય પર 'ભગવો ઝંડો' ફરકાવવાની વાત કરે છે તે મૂર્ખામીભરી વાત છે. અગાઉના રાજાઓને પોતાનો ધ્વજ રાખવાની સત્તા હતી, જેનો સાલિયાણા-નાબુદી સાથે અંત આવ્યો.

અહીંઆં એક અપવાદ છે. જમ્મુ અને કાશ્મિર રાજ્યને રાષ્ટ્રિય ધ્વજ ઉપરાંત પોતાનો અલગ ધ્વજ છે. ભારતીય બંધારણના અનુચ્છેદ ૩૭૦ અને કાશ્મિર રાજ્યના બંધારણના અનુચ્છેદ ૧૪૪નાં કારણે આમ શક્ય બન્યું છે. કાશ્મિર રાજ્યનો બંધારણનો અનુચ્છેદ ૩ નીચે મુજબ છે : '૩. રાજ્યોનો ભારતીય સંઘ સાથેનો સંબંધ. જમ્મુ અને કાશ્મિર રાજ્ય ભારત સંઘનો ભાગ છે અને રહેશે.'

વાચકોના એ ધ્યાન પર આવ્યું જ હશે કે રાષ્ટ્રિય ધ્વજ અંગેની જોગવાઈ બંધારણ સભાના ઠરાવમાં જ જોવા મળે છે, અને કોઈ કાયદાનો તેને આધાર નથી. ઇંગ્લન્ડના યુનિયન જૅકના સંબંધમાં પણ આ વાત સાચી છે. ત્યારે સ્કૉટલૅન્ડના રાજા જેમ્સ છઠ્ઠા ઇંગ્લન્ડના રાજા જેમ્સ પ્રથમ બન્યા, ત્યારે ઇંગ્લન્ડ અને સ્કૉટલૅન્ડની ડિઝાઇનવાળો ધ્વજ પ્રચલિત હતો. તેમાં કેટલાક ફેરફારો કરાયા. ૧૭૦૭માં ઇંગ્લન્ડ અને સ્કૉટલૅન્ડનું જોડાણ થયું તે સમયે વર્તમાન ધ્વજ અસ્તિત્વમાં આવ્યો. આમ તો જો કે ૧૬૭૪થી ધ્વજ યુનિયન જૅક તરીકે પ્રચલિત થયેલો હતો. ૧૯૦૮માં આ ધ્વજને સંસદીય માન્યતા મળી. આમ, ઇંગ્લન્ડમાં પણ યુનિયન જૅકને રાષ્ટ્રિય ધ્વજ તરીકે કોઈ કાયદાથી માન્યતા મળેલી નથી.

અમેરિકન ધ્વજનું મૂળ ૧૭૭૭માં કન્ટીનેન્ટલ કૉન્ગ્રેસે કરેલા ઠરાવમાં પડેલું છે. તેમાં ઠરાવાયું છે કે અમેરિકાના ધ્વજમાં ૧૩ પટ્ટીઓ હશે અને એક લાલ અને એક સફેદ પટ્ટી એક પછી એક રહેશે. તે વખતે અમેરિકામાં ૧૩ રાજ્યો હતાં. રાજ્યોની સંખ્યામાં વધારો થવા સાથે ધ્વજમાંના તારાઓની સંખ્યામાં વધારો કરાયો. હાલ અમેરિકન ધ્વજમાં ૧૩ પટ્ટીઓ અને ૫૦ તારાઓ છે.

અમેરિકન ધ્વજ નિયમાવલી મુજબ અમેરિકાના દરેક નાગરિકે નીચે મુજબની પ્રતિજ્ઞા લેવાની હોય છે : 'અમેરિકાના ધ્વજ અને પ્રજાસત્તાક તરફ હું મારી વફાદારી જાહેર કરું છું. ભગવાન હેઠળ એક જ રાષ્ટ્ર અખંડ અને તમામના માટે સ્વાતંત્ર્ય અને ન્યાય માટે હું વફાદાર રહીશ.'

તો ફ્રાંસમાં ૧૭૮૯માં ક્રાંતિ થયા બાદ ૧૭૯૪માં ધ્વજમાં ફેરફાર કરાયેલો હતો. ફ્રાંસનો ધ્વજ પણ ત્રિરંગો ધ્વજ છે. ૧૮૧૫માં નવો ધ્વજ ફ્રાંસમાં સ્વીકારાયો હતો. પરંતુ ૧૮૩૦માં જૂનો ધ્વજ ફરી અમલમાં લાવવામાં આવ્યો હતો. ❐

આ અંકનું પૂઠું

આ અંકના પૂઠા પરનું ચિત્ર જાણીતા ચિત્રકાર વર્મીઅરે (જેના વિશે આ અંકમાં કલાવાર્તા વિભાગમાં વિગતે પરિચય અપાયેલો છે) તૈયાર કરેલું છે. હૉલેન્ડની એક સાંકડી શેરીનાં મકાનોની હાર ઉપર ડાબે ખૂણે ઝળૂંબતું વાદળમઢ્યું આભ શેરીના ઊંડાણમાં ઉમેરો કરે છે. ૧૬૬૦માં તૈયાર થયેલ આ ૨૧''x૧૭'' નો આ લૅન્ડસ્કેપ ચિત્રકારના ઉત્તમ સર્જનોમાંનો એક ગણાય છે અને હાલ તે ઍમ્સ્ટર્ડમના રિક્સ મ્યૂઝીઅમમાં સચવાયેલ છે.

દુનિયા રંગરંગીલી

— જ્યોતિ ભટ્ટ —

લાલ, પીળો ને વાદળી મૂળ રંગ કહેવાય,
બાકીના બીજા બધા મેળવણીથી થાય.'

આ કાવ્ય-પંક્તિઓ એક સમયે બહુ પ્રચલિત થયેલી, કદાચ પાઠ્ય-પુસ્તકોમાં પણ તેને સ્થાન મળેલું. હાલમાં ગુજરાતની શાળાઓ માટે વિજ્ઞાન વિષયના નવમા ધોરણના સરકારી પાઠ્ય-પુસ્તકોમાં લાલ, લીલો અને ભૂરો (વાદળી) મૂળ રંગો છે તેમ જણાવતો એક પાઠ છે. આ અંગે એક વર્તમાન પત્રમાં 'જનવિચાર' વિભાગમાં કોઈ વાચકનો બળાપો વાંચવા મળેલો. એ પાઠ્યપુસ્તક મેળવવા પાંચેક શાળાઓમાં તપાસ કરી, પરંતુ આચાર્ય કે શિક્ષકો કોઈને આ અંગે માહિતી જ ન હતી.

આને લીધે ખયાલ આવ્યો કે રંગો સાથે ખૂબ જ નિકટનો સંબંધ હોવા છતાં, કદાચ એ કારણે જ આપણે રંગો વિશે બહુ ઓછું જાણીએ છીએ અથવા જાણવા પ્રત્યે ઓછો રસ દાખવીએ છીએ. ભગવાન વિષ્ણુનાં સહસ્ર નામો આપણે જપી જાણ્યાં છે. ગણેશ, સૂર્ય કે કૃષ્ણ માટેનાં કેટલાંક નામ તો સંસ્કૃત ભાષા ન જાણનારાઓ પણ કહી શકે. પરંતુ રંગો માટેનાં કેટલાં નામ ગુજરાતીમાં છે એ આપણે જાણીએ છીએ?

ચિત્રકળા અને તેને કારણે રંગો સાથે પચાસથીય વધુ વર્ષોનો ઘનિષ્ઠ સંબંધ હોવા છતાં આ લેખ લખનાર માત્ર નીચેના થોડા રંગોનાં નામો જ જાણે છે.

લાલ, પીળો, ભૂરો, લીલો, ધોળો અને કાળો. આ ઉપરાંત રંગો માટે બીજાં જે નામ આપણે ઉપયોગમાં લઈએ છીએ તેમાં અન્ય કોઈ વસ્તુ કે પદાર્થના નામનો આધાર લઈ 'તેના રંગને મળતો' એ અર્થમાં તે રંગોનાં નામો ઉપજાવ્યાં છે. કેસરના રંગ જેવો કેસરી. એ જ પ્રમાણે વાદળ, પોપટ, બદામ તથા ગુલાબના રંગો જેવા દેખાય તે વાદળી, પોપટી, બદામી તથા ગુલાબી. આ રીતે જ નામ અપાયેલ અન્ય રંગો છે : રાખોડી, ભૂખરો, નારંગી, કથ્થાઈ, જાંબલી, આસમાની, મજીઠિયો, સિંદૂરિયો, હિંગળોકિયો, મટોડિયો વગેરે. [અંગ્રેજી પરથી બનેલ કીરમજી પણ ક્યારેક સાંભળવા મળે છે. પીરોજી (કે ફીરોજી) પણ બોલાય છે.]

અભ્યાસકાળમાં એક ચિત્રકથા વાંચેલી. જેમ્સ બોન્ડ પ્રકારની વાર્તાઓ કે ચલચિત્રોમાં જોવા મળતો ખલનાયક તેમાં પણ હતો. અંગત સ્વાર્થ માટે પૂરી માનવજાતને આતંકિત કરવા તેણે દુનિયાભરમાંથી બધા જ રંગો ગાયબ કરી દીધેલા. રોજિંદા જીવનમાં જો ખરેખર આવી પરિસ્થિતિ સર્જાય તો?

ચક્ષુગોચર અનુભવો માટે ઉપયોગમાં લેવાતા શબ્દ 'રંગ'નો અર્થ રોજબરોજના વપરાશમાં ઘણો વિસ્તૃત બની ચૂક્યો છે. રંગીન મિજાજ, રંગીલો, રંગલો, રંગ જામ્યો, રંગેચંગે, રંગત, હરિ/પ્રેમ/સંગનો રંગ, રંગભૂમિ, રંગ-તરંગ, રંગમંચ જેવા શબ્દો તથા શબ્દપ્રયોગો આપણે વાપરીએ છીએ. ૪૦ના દાયકામાં સાયગલ કે એવા કોઈ ગાયકનું 'દુનિયા રંગરંગીલી બાબા' એ ગીત બહુ લોકપ્રિય થયેલું. સ્વપ્નમાં રંગો બિલકુલ દેખાતા નથી કે અનુભવાતા નથી, એવું દૃઢતાપૂર્વક માનનારાઓ પણ સપનાને 'રંગીન' વિશેષણ લગાડતાં અચકાતા નથી!

રંગોને અપાયેલ નામોમાં 'કાળો' પણ એક છે. સંસ્કૃતમાં તેને શ્યામ, તિમિર અને નિષ્પ્રભ પણ કહે છે. (સંસ્કૃત અંગે કંઈ પણ કહેવાનો અધિકાર ન હોવા છતાં) મારી સમજ પ્રમાણે 'નિષ્પ્રભ'નો અર્થ પ્રભા વિનાનો એવો થાય. જો આ શબ્દાર્થ યોગ્ય હોય તો વૈજ્ઞાનિક રીતે જોતાં પણ તે સાચો ઠરે છે. ૧૬૬૬માં ૨૩ વર્ષીય યુવાન વિજ્ઞાની ન્યૂટને, ત્રિપાર્શ્વ કાચ વડે કરેલ પ્રયોગના આધારે સ્થાપેલ સિદ્ધાંત પ્રમાણે આંખો વડે જોઈ શકાતા રંગોનો મૂળ સ્રોત શ્વેત (સૂર્ય) પ્રકાશ છે, જે સાત રંગોનો બનેલો છે. પ્રકાશની અનુપસ્થિતિ એટલે અંધારું, બધું કાળું ધબ. ન્યૂટનના સિદ્ધાંત પ્રમાણે પ્રકાશવિહિન પરિસ્થિતિમાં રંગોનું અસ્તિત્વ સંભવે જ નહીં. આથી અંધારા જેવો અનુભવ કરાવતી સપાટીને કાળા 'રંગની' નહીં, પરંતુ કાળી કે નિષ્પ્રભ કહેવી તે વધુ યોગ્ય ગણાય.

ઉપરોક્ત વિધાન ગૂંચવણિયું તથા વિરોધાભાસી લાગશે. (એ વિધાન કરવાનો એક હેતુ 'નિષ્પ્રભ' શબ્દ યોજાયો ત્યારે-તે સમયે ભારતીય લોકોમાં વૈજ્ઞાનિક સમજ પણ હોવી જોઈએ એવું સૂચવવાનો છે.) ગૂંચ થવાનું એક મુખ્ય કારણ 'રંગ' શબ્દનો અર્થ આપણે સંદર્ભ પ્રમાણે કરીએ-સમજીએ છીએ તે હોઈ શકે. અંગ્રેજીમાં **paints** (રંગરોગાન તથા ચિત્રકામ માટે વપરાતા ચૂના-ગળી, ગેરુ, કાજળ જેવાં દ્રવ્યો, પદાર્થો) અને **colours** (આંખ વડે થતો વિવિધ રંગના પ્રકાશનો અનુભવ) આ બે જુદા શબ્દો વપરાય છે. એ બન્ને માટે આપણે સામાન્ય રીતે એક જ શબ્દ 'રંગ' વાપરીએ છીએ. **Colour** માટે વર્ણ શબ્દ છે, પરંતુ જ્ઞાતિ-જાતિના સંદર્ભે તે વધુ પ્રચલિત થયો હોઈ અન્ય અર્થમાં આપણે તેનો ઉપયોગ ભાગ્યે જ કરીએ છીએ.

પ્રકૃતિજન્ય તથા માનવસર્જિત લગભગ દરેક વસ્તુ કે પદાર્થને જોવા માટે બાહ્ય પ્રકાશ આવશ્યક છે. ('લગભગ'

એટલા માટે અગ્નિ, આગિયો, વીજળી તથા વિદ્યુત કે અન્ય ઊર્જા વડે ધાતુ કે વાયુમાં ઉત્પન્ન થતો પ્રકાશ જેવા કેટલાક અપવાદો પણ છે). આવી વસ્તુઓ તથા પદાર્થોની એક લાક્ષણિકતા એ છે કે તેની પર પડતા શ્વેત પ્રકાશમાં રહેલ સાત રંગોમાંથી માત્ર અમુક રંગોનું જ અને તે પણ ઓછી-વત્તી માત્રામાં જ પરાવર્તન કરે અને બાકીના રંગોને શોષી લે. હળદર પીળા સિવાયના અન્ય છ રંગોને પોતાનામાં શોષી લે છે. આના આધારે કહી શકીએ કે કાચી કેરી લીલા રંગનું, પાકી કેરી તથા નારંગી લાલ તેમજ પીળા બંને રંગના પ્રકાશનું તથા જાંબુ લાલ અને ભૂરા પ્રકાશનું પરાવર્તન કરે છે. ગેરુ મુખ્યત્વે લાલ પરંતુ થોડી થોડી માત્રામાં પીળો, ભૂરો લીલો વગેરે પણ પરાવર્તિત કરે છે. રાખ બધા જ રંગોના આશરે પચાસ ટકા શોષી લે છે અને પચાસ ટકા પરાવર્તિત કરે છે. ચૂનો પ્રકાશમાં રહેલ બધા રંગોને પરાવર્તિત કરે છે જ્યારે કાજળ બધા જ રંગોને શોષી લે છે.

જો કે ઉપરોક્ત વિધાનમાં પ્રકાશ, તેના પરાવર્તન અને રંગોનો પરસ્પર સંબંધ સમજવામાં મદદરૂપ થાય તેટલી જ માહિતી જણાવી છે. વાસ્તવમાં એવી વસ્તુઓ કે પરિસ્થિતિ બહુ ઓછી હોય છે કે જેના પરથી માત્ર એક જ રંગનું પરાવર્તન થતું હોય, બધા જ રંગો પૂરેપૂરા શોષાતા હોય કે કોઈ પણ રંગ જરા પણ શોષાતો ન હોય. આના કારણે જ આપણે અનેક પ્રકારનું રંગવૈવિધ્ય જોઈ, અનુભવી, માણી શકીએ છીએ.

માણેક, ગુલાબ, કમળ, લોહી, ગેરું, કુમકુમ, ગુલાલ, અળતો, લાખ, જાસૂદ, મરચું, દાડમના દાણા, કસૂંબો, મજીઠ, ચણોઠી, મસૂરની દાળ, પોપટની ચાંચ, પારેવાની આંખ જેવી અનેક વસ્તુઓના રંગને આપણે લાલ કે રાતો કહીએ છીએ. આ દરેક રંગમાં સામ્ય હોવા છતાં તે એકબીજાથી જુદા પણ જણાય છે. આનું કારણ સ્પષ્ટ છે. આ વસ્તુઓની સપાટી પરથી લાલ ઉપરાંત અન્ય રંગો પણ ઓછી-વત્તી માત્રામાં પરાવર્તિત થતા હોય છે. આપણે જે રંગો જોઈએ છીએ તે વિવિધ મિશ્રણોનું પરિણામ છે.

વળી, જો પ્રકાશ બદલાય તો આ બધી વસ્તુઓના રંગો પણ બદલાયેલા જણાય. સૂર્ય-પ્રકાશ પણ ક્યારેક જ પૂરા શ્વેત સ્વરૂપે જોવા મળે છે. આ કારણે સારી રંગીન છબી મેળવવા તેમજ તેવી છબીમાં વસ્તુઓના રંગોને વધુમાં વધુ સાચા સ્વરૂપે રજૂ કરવા છબીકારો ખાસ પ્રકારની વિદ્યુત-પ્રકાશ સામગ્રીનો ઉપયોગ કરે છે, કેમ કે નૈસર્ગિક પ્રકાશ જેમ તે બદલાયા કરતી નથી.

શ્વેત પ્રકાશમાં રહેલા રંગોને 'શુદ્ધ' રંગો-વર્ણો કહી શકાય. તેના મિશ્રણ દ્વારા બનતા રંગોમાં પણ દરેક સમયે એકસરખું પરિણામ-નવા વર્ણો રૂપે જોવા મળે છે. પરંતુ રંગ-રોગાન, ચિત્રકામ માટેના રંગો-**paints**-બનાવવામાં ઉપયોગમાં લેવાતાં દ્રવ્યો પોતપોતાની આગવી, ભૌતિક તથા રાસાયણિક લાક્ષણિકતા ધરાવતા હોઈ તેના મિશ્રણમાં ધાર્યું, ઈચ્છિત પરિણામ જ આવે તેવું હંમેશ બનતું નથી. આથી, રાસાયણિક પ્રક્રિયાની અવળી, વણજોઈતી અસર ન થાય તેવા રંગદ્રવ્યો વાપરવાનો, રંગસામગ્રી બનાવનાર સારી પેઢીઓએ ખયાલ રાખવો પડે છે.

આ પ્રકારના રંગદ્રવ્યોમાંથી લાલમાં લીલો મેળવવાથી ભૂખરો-કથ્થાઈ રંગ બની જાય છે; કારણે કે આ મિશ્રણમાં રહેલું રંગદ્રવ્ય-**pigment**-લીલા પ્રકાશનું શોષણ કરે છે. અને લાલ પ્રકાશને પરાવર્તિત કરે છે. પરંતુ મિશ્રણમાંનું લીલું રંગદ્રવ્ય લાલ પ્રકાશને શોષી લઈ લીલા પ્રકાશનું પરાવર્તન કરે છે. આમ, એક-બીજાની 'પકડ'માંથી બચેલ પ્રકાશ બહુ થોડી માત્રામાં જ પરાવર્તિત થતો હોઈ મિશ્ર રંગ મૂળ બન્ને રંગો કરતાં ઘેરો બની જાય છે.

રંગો આપણા જીવનમાં વણાઈ ગયા છે. આથી એવી કેટલીક પ્રથાઓ પણ અસ્તિત્વમાં આવી છે, જેને લીધે આપણે વિવિધ સમયે 'પ્રસંગોચિત' રંગો વાપરીએ છીએ. શોકના પ્રસંગે કાળા કે તેને મળતા ગૂઢા અથવા સફેદ-આછા રંગનાં વસ્ત્રો ધારણ કરવાની પ્રથા છે. જ્યારે લગ્ન, હોળી કે ચૂંટણીના વિજયોત્સવ જેવા આનંદ - પ્રસંગે કાળા રંગનો ઉપયોગ વર્જ્ય માનવામાં આવ્યો છે. આનંદ તથા યૌવન સાથે લાલ, કેસરી, પીળો, ગુલાબી તથા તેવા ચમકદાર રંગોને જોડ્યા છે તો શોકની જેમ વૃદ્ધાવસ્થા પણ 'રંગવિહિન' પરિસ્થિતિ મનાતી હોઈ વૃદ્ધજનો સામાન્ય ધોળા-કાળા, ભૂખરા, રાખોડી જેવા રંગોનો ઉપયોગ કરતા જોવા મળે છે. જો કે આવી પરંપરાઓ ધાર્મિક તેમજ પ્રાદેશિક-સાંસ્કૃતિક માન્યતાઓ પ્રમાણે તથા સમય અને સ્થળના સંદર્ભે બદલાયા કરતી હોય છે. વિલાયતી ખ્રિસ્તી સાહેબો લગ્ન સમયે કાળાં વસ્ત્રો ધારણ કરે છે, તદ્દન સફેદ પોશાક પણ.

રંગો, વસ્તુઓ તથા કેટલાક ગુણોનો પ્રતીકાત્મક સંબંધ પણ આપણી પરંપરાઓનો ભાગ બની ગયા છે. બગલો બહારથી ધોળો પણ ઢોંગી (તન ઊજળા મન મેલા), કાળો કાગડો લુચ્ચો. કેસરિયો અને શૂરવીરતા, રાતુ કુમકુમ અને સૌભાગ્ય (લીલી વાડી), લીલો અને ફળદ્રુપતા-સમૃદ્ધિ, ભગવો અને વૈરાગ્ય, શ્વેત અને પવિત્રતા, આશા-ઉજાસ, શ્યામ અને અંધકાર, નિરાશા, શોક એ જાણે કે એકબીજાના પર્યાય જેવા બની રહ્યા છે. જુદી જુદી, માલસામાન બનાવતી પેઢીઓ પોતાની ઓળખ માટે રંગોનો પણ ઉપયોગ કરે છે.

ફોટોગ્રાફીની સામગ્રી બનાવતી પેઢીઓ-કોડાક, આગ્ફા અને ફ્યુજી પોતાની સામગ્રીનાં આવરણોમાં હંમેશા અનુક્રમે પીળા, કેસરી તથા લીલા રંગનો ઉપયોગ કરે છે.

વિવિધ પ્રકારનાં પ્રકાશનોમાં કે આવરણો પર ચિત્રો તથા છબીઓની રંગીન પ્રતિકૃતિઓ છપાતી હોય છે. આવી છપાઈ માટે 'ત્રિરંગી' વિશેષણ પ્રચલિત હતું. એમાં ત્રણ 'મૂળ' રંગની લાલ (મેજેન્ટા), પીળો તથા વાદળી (સાયન) શાહી વપરાતી. તેનાં વિવિધ મિશ્રણોથી આછા તથા પ્રકાશિત રંગો તો અનેક મોટી સંખ્યામાં બની શકતા હતા. પરંતુ ઘેરા રંગો જોઈએ તેવા બની શકતા નહીં. (આ માટે પારદર્શક શાહી જ વાપરવી પડતી હોઈ નીચેનો સફેદ કાગળ દેખાયા કરે તેથી.) આ કારણે હવે તે ત્રણ રંગો ઉપરાંત કાળી શાહીનો પણ ઉપયોગ થવા લાગ્યો છે. આવી છપાઈ માટે 'બહુરંગી' વિશેષણ પણ (ત્રિરંગીને બદલે) વપરાય છે.

પારદર્શક જળરંગો વડે ચિત્રકામ કરવાના સમયે ચિત્રકાર તથા કાપડ રંગવા માટે રંગરેજ કોઈ એક કે વધુ રંગ દ્રવ્યમાં પાણી ઉમેરીને તેને આછો બનાવે છે. પાણીનું પ્રમાણ જેમ વધે તેમ રંગ વધુ આછો બને, આછો જણાય. પોસ્ટર કે ઑઈલ કલર નામથી ઓળખાતા રંગોમાં સામાન્ય રીતે રંગ દ્રવ્યના કણો મોટા હોઈ એ રંગો અપારદર્શક જણાય છે. આવાં માધ્યમોમાં, રંગમાં પાણી કે તેલ જેવા પ્રવાહીને સ્થાને સફેદ રંગદ્રવ્ય ઉમેરીને તે રંગની આછી વર્ણછાયાઓ (ટોન્સ્) નિપજાવવામાં આવે છે. આ બન્ને રીતે બનેલી વર્ણછાયાઓમાં ઉપરછલ્લું સામ્ય જણાય, પરંતુ તેમની લાક્ષણિકતાઓ તથા સૌંદર્ય તો આગવાં જ છે.

બહુરંગી છપાઈમાં માત્ર ચાર રંગની શાહીનો ઉપયોગ કરીને દરેક રંગની શાહી-દીઠ એક એ પ્રમાણે કુલ ચાર છપાઈ પ્રક્રિયા વડે જ અનેક રંગો તેની આછી-ઘેરી વર્ણિકા-ભંગિઓ નિપજાવવામાં આવે છે. આમાં પાણી કે સફેદ રંગને સ્થાને સફેદ કાગળની મૂળ સપાટીનો ઉપયોગ કરાય છે. આ માટે શાહીના ચારેય રંગોને અતિ સૂક્ષ્મ ટપકાંમાં વિભાજિત કરી દેવામાં આવે છે. એકબીજાંની નજીક છપાયેલ આ ટપકાંઓના રંગ, માપ તેમજ તેમની વચ્ચે છૂટેલી કાગળની સફેદ સપાટીનાં ટપકાંની મેળવણીથી અનેક રંગો બન્યા હોય તેવું જણાય છે. આ ચાર શાહીનો ૦, ૨૫, ૫૦, ૭૫ અને ૧૦૦ એમ પાંચ ટકાવારી પ્રમાણે ઉપયોગ કર્યો હોય તો પણ તેના સમન્વય વડે ૫ x ૫ x ૫ x ૫ એમ ૬૨૫ વિવિધ રંગો તથા તેમની આછી ઘેરી વર્ણછાયાઓનો આભાસ મળી શકે. પાંચને સ્થાને દસ ટકાવારીમાં વિભાજિત કરેલ, ચાર શાહીની છપાઈવાળી પ્રતિકૃતિ દસહજાર વર્ણછાઓની ઝાંખી કરાવી શકે. (કમ્પ્યૂટરમાં ૧૦૦ x ૧૦૦ x ૧૦૦=૧૦૦૦૦૦૦ વર્ણ-છાયાઓ બને છે.)

આંખ વડે અસંખ્ય રંગો જોઈ શકાતા હોવા છતાં તેના સાપેક્ષ સ્વરૂપને કારણે સહેલાઈથી પારખી શકાતા નથી. આંખથી જે રંગો જોયાનો અનુભવ થાય છે તે, એ રંગની આજુબાજુની પરિસ્થિતિ સાથે સંકળાયેલ હોય છે. એકનો એક રંગ તેની ઉપર પડતા પ્રકાશ પ્રમાણે બદલાય, તેની પાછળની પ્રકાશ પરિસ્થિતિ પ્રમાણે પણ જુદો જણાય તથા નજીકના રંગોની અસરને કારણે પણ જુદો જણાતો હોય છે. આકારો તથા રેખા જોતાં સમયે તથા દૃષ્ટિભ્રમના નમૂના અવાર-નવાર સામયિકોમાં પ્રકાશિત થતા રહ્યા છે. રંગો જોતી વખતે પણ આ શક્ય છે, આવું થતું રહે છે..

આવી ગૂંચવણ પેદા કરનારી પરિસ્થિતિમાં પણ આપણે ટેવને કારણે માર્ગ કાઢી લઈ આપણું કામકાજ કરી શકીએ છીએ તે તાજુબી પમાડે તેવી બાબત છે. એક સફેદ કાગળ સીધા સૂર્યપ્રકાશમાં (સવારના તથા બપોરના), ખુલ્લા આકાશના પ્રકાશમાં, ચોમાસાના વાદળિયા પ્રકાશમાં, ઘરમાં ટ્યૂબલાઈટ તથા ટંગસ્ટન પ્રકારના વીજળીના ગોળાના કે ફાનસના પ્રકાશમાં જુદા જુદા રંગનો જણાય, છતાં મનની આંખ વડે આપણે તેને સફેદ તરીકે જોઈ, સમજી શકીએ છીએ. પરંતુ કૅમરા વડે ઉપરોક્ત પરિસ્થિતિમાં લીધેલી રંગીન છબીઓ એકબીજાં સાથે સરખાવીએ ત્યારે દરેકમાં તે કાગળનો રંગ જુદો જુદો જણાશે.

વસ્તુના રંગો અંગેના આપણા ખયાલ અને આંખ વડે દેખાતું તેનું તત્કાલીન સ્વરૂપ ક્યારેક જ સમાન હોય છે. આ કારણે, એ દ્વારા આપણને અવકાશ અંગે ઉપયોગી માહિતી મળે છે. જે વસ્તુનો રંગ, તે વસ્તુ નજીક હોય ત્યારે પ્રમાણમાં ચમકીલો (બ્રાઈટ) તથા ઘેરો જણાતો હોય તે જ વસ્તુ જ્યારે દૂર હોય ત્યારે તેનો રંગ ઝાંખો દેખાય અને વધુ દૂર હોય તો બદલાઈને આછો ભૂરો-કે ભૂરાશ પડતો પણ દેખાય. ચિત્રોને સાદશ્ય બનાવવા માટે દૃષ્ટિબિંદુ (પરસ્પેક્ટિવ), પ્રમાણે માપમાં ફેરફાર (નજીકની વસ્તુ મોટી અને તે જ વસ્તુ દૂર હોય તો નાની) દોરવામાં આવે છે. પરંતુ રંગોમાં થતા ઉપરોક્ત ફેરફારનો ઉપયોગ કરી ચિત્રકારો અવકાશનો આભાસ પેદા કરવામાં વધુ સફળ થઈ શકે છે.

રંગોની વિવિધ અસર જોનારની લાગણી પર પણ થતી હોય છે. ચમકદાર રંગો બધાંને ગમે છે, આકર્ષે છે. જો કે દેખાદેખી તથા રીતરિવાજના પ્રભાવ તળે રંગોની પસંદગી કરતી વખતે લોકોનું વર્તન બદલાય પણ છે. આપણે ત્યાં આછા કે ઘેરા રંગોને 'સૌમ્ય' માનનારાઓએ પ્રકાશિત રંગો માટે 'ભેંસ-ભડકામણા' જેવું વિશેષણ પ્રયોજ્યું છે. વીસમી સદીના આરંભના દાયકામાં ફ્રાંસમાં માતીસ તથા તેના કેટલાક સમકાલીન કલાકારોએ પોતાનાં ચિત્રોમાં પ્રકાશિત રંગોને પ્રાધાન્ય આપવાનું શરૂ કરેલું

ત્યારે લોકોએ તેમને 'ફાવિસ્ટ' (જંગલી પશુ સમાન) એવું નકારાત્મક બિરુદ આપેલું. હવે તો આ પ્રસંગ આધુનિક કલાના ઈતિહાસનું એક અગત્યનું પૃષ્ઠ બની ચૂક્યો છે.

ન્યૂટને પ્રકાશને વિભાજિત કરી દેખાડેલ તથા મેઘધનુષ્યમાં પણ દેખાતા સાત રંગોમાંથી લાલ, લીલો (પીળો નહીં) અને ભૂરો એ ત્રણ રંગો એવા છે કે જે પ્રકાશના અન્ય રંગોના મિશ્રણથી બની શકતા નથી; જ્યારે બાકીના રંગો આ ત્રણ રંગોના મિશ્રણ દ્વારા બની શકે છે. આજકાલ કમ્પ્યૂટરનો તેમજ સિનેમા, વિડીઓ, ટેલિવિઝન ઈત્યાદિ ક્ષેત્રે રંગીન છબીકલાનો વપરાશ વ્યાપક થતો ચાલ્યો છે. આ માધ્યમોમાં રંગદ્રવ્યો-પિગમેન્ટસ્-ને સ્થાને રંગીન પ્રકાશનો સીધો ઉપયોગ કરવાની જરૂર પડે છે. આથી રંગોની નવી પ્રચલિત થતી જતી પરિભાષામાં **Red**-લાલ, **Green**-લીલો અને **Blue**-ભૂરો એ ત્રણ નામના પ્રથમાક્ષરો **RGB**નો મૂળરંગો તરીકે ઉલ્લેખ થાય છે.

રંગપેટી, છાપકામની શાહી ઈત્યાદિમાં રહેલા રંગદ્રવ્યોનું મિશ્રણ કરવાથી પ્રકાશ પરિવર્તનની માત્રામાં સામાન્ય રીતે ક્ષય થાય અને રંગો ઘેરા જણાય છે; પરંતુ રંગીન પ્રકાશના મિશ્રણમાં ક્ષયને સ્થાને પ્રકાશની વૃદ્ધિ-સરવાળો-થતો હોઈ મિશ્રિત નવો રંગ વધુ ઉજ્જ્વળ દેખાય. વળી, આને જોવા માટે બાહ્ય પ્રકાશની જરૂર પડતી ન હોઈ તેની વિવિધ પરિસ્થિતિની અસર પણ થતી નથી.

મેઘધનુષી રંગો ધરાવતી એક તકતીને ઝડપથી ચક્કરાકારે ફેરવવાથી રંગો દેખાતા બંધ થઈ સફેદ દેખાય તેવું આપણે શાળાભ્યાસ દરમ્યાન શીખ્યા છીએ. આમાં પણ પરાવર્તિત પ્રકાશનું સીધું મિશ્રણ થાય છે. પરંતુ રંગદ્રવ્યો દ્વારા શોષાતા પ્રકાશની માત્રા પરાવર્તિત પ્રકાશથી ઘણી વધુ હોઈ સફેદ બનવો જોઈતો રંગ મેલો-રાખોડિયો જણાય છે.

જ્યારે કમ્પ્યૂટરમાં કે પ્રકૃતિમાં લીલા અને લાલ પ્રકાશના મિશ્રણથી એ બન્ને કરતાં વધુ ઉજ્જ્વળ પીળો રંગ બને. તેમાં પણ જો ભૂરો ઉમેરાય તો એથી ય વધુ ઉજ્જ્વળ થઈ શ્વેત રંગ જણાય છે.

જો કે અહીં પણ એક પ્રશ્નનો ઉત્તર બાકી જ રહે છે. જો શ્યામને રંગ કહેવું ભૂલ ભરેલું હોય તો શ્વેતને શ્વેત રંગ કહીએ તે યોગ્ય કહેવાય?

સ્પૉર્ટ્સ ક્વીઝ - ૨ના સાચા ઉત્તરો

૧. લાલા અમરનાથ, ૨. કે. એમ.જાદવ, ૩. મિલ્ખાસિંહ, ૪. કાર્લ લુઈસ, ૫. ૯૩ ટેસ્ટ મૅચ, ૬. પ્રો. બી. દેવધર, ૭. પરગરસિંહ, ૮. એસ. વેંકટરાઘવન, ૯. પ્રેમચંદ, ૧૦. ઈ.સ. પૂર્વે ૭૭૬માં.

સ્પૉર્ટ્સ ક્વીઝ - ૩

ડૉ. પી. ડી. શર્મા

(૧) અમેરિકામાં સાલ્ટલેક સિટી મુકામે આયોજિત ઓગણીસમા વિન્ટર ઑલિમ્પિક્સમાં સૌથી વધુ ચંદ્રક ક્યા દેશે જીત્યા હતા?
(અ) નોર્વે (બ) અમેરિકા
(ક) જર્મની (ઇ) રશિયા

(૨) ૨૦૦૬માં વિન્ટર ઑલિમ્પિક ગેમ્સ કયા દેશમાં યોજાશે?
(અ) રશિયા (બ) જર્મની
(ક) કૅનેડા (ઇ) ઇટલી

(૩) ૨૦૦૭માં ક્રિકેટ વર્લ્ડકપ ક્યા દેશમાં યોજાશે?
(અ) વેસ્ટ ઈન્ડીઝ (બ) ઑસ્ટ્રેલિયા
(ક) ઈંગ્લન્ડ (ઇ) શ્રીલંકા

(૪) કૉમનવેલ્થ રમતોત્સવની શરૂઆત ક્યારે અને ક્યાં કરવામાં આવી હતી?
(અ) ૧૯૨૬માં ન્યૂઝીલૅન્ડમાં ઑકલૅન્ડ મુકામે
(બ) ૧૯૩૦માં કૅનેડામાં હેમિલ્ટન મુકામે
(ક) ૧૯૩૪માં અમેરિકામાં વિક્ટોરિયા મુકામે
(ડ) ૧૯૩૮માં ભારતમાં દિલ્હી મુકામે

(૫) સ્પેન દેશની રાષ્ટ્રિય રમત કઈ છે?
(અ) આઈસહૉકી (બ) ફૂટબૉલ
(ક) બુલફાઈટ (ડ) બેઝબૉલ

(૬) ભારતને ક્રિકેટમાં ટેસ્ટનો દરજ્જો ક્યારે મળ્યો?
(અ) ૧૯૩૦માં (બ) ૧૯૩૨માં
(ક) ૧૯૩૪માં (ડ) ૧૯૩૬માં

(૭) અત્યાર સુધી ક્યાં-ક્યાં વર્ષે ઑલિમ્પિક રમતોત્સવ યોજવામાં આવ્યો નથી?
(અ) ૧૯૧૬, ૧૯૪૦, ૧૯૪૪ (બ) ૧૯૧૨, ૧૯૨૦, ૧૯૪૮
(ક) ૧૯૦૦, ૧૯૨૪, ૧૯૩૨ (ડ) ૧૯૦૪, ૧૯૨૮, ૧૯૫૨

(૮) એશિયન રમતોત્સવની શરૂઆત ક્યારે અને ક્યાં કરવામાં આવી?
(અ) ૧૯૪૮માં પાકિસ્તાનમાં લાહોર મુકામે
(બ) ૧૯૪૯માં શ્રીલંકામાં કોલંબો મુકામે
(ક) ૧૯૫૦માં જપાનમાં હિરોશીમા મુકામે
(ડ) ૧૯૫૧માં ભારતમાં દિલ્હી મુકામે

(૯) ભારત સતત કેટલાં વર્ષ સુધી ઑલિમ્પિકમાં હૉકીમાં ચેમ્પિયન રહ્યું હતું?
(અ) ૨૪, (બ) ૨૮, (ક) ૩૨, (ડ) ૨૦

(૧૦) ક્રિકેટ વર્લ્ડકપની શરૂઆત ક્યાં થઈ હતી?
(અ) ઑસ્ટ્રેલિયામાં (બ) વેસ્ટઈન્ડીઝમાં
(ક) ઈંગ્લન્ડમાં (ડ) ન્યૂઝીલૅન્ડમાં

(આના સાચા ઉત્તરો આવતા અંકે આપવામાં આવશે.)

નેપાળપ્રવાસ

દેવો સદા સમીપે

પ્રીતિ સેનગુપ્તા

૭. દૈવી કૃપાની પાત્રતા

એક સવારે મેં મક્કમ નિર્ધાર કર્યો કે, 'આજે તો નગરકોટ તો જઈશ જ, કારણ કે હવે પછી સમય નહીં રહે.' નેપાળની એ પ્રથમ સફર દરમ્યાન જેમને ત્યાં થોડા દિવસ રહી હતી તે બંગાળી મિત્રો રૉય-દંપતીએ મને રોકવા બને તેટલા પ્રયત્નો કર્યા. ખૂબ કહ્યું કે, 'જોયુંને, આકાશ કેટલું વાદળિયું છે. તને કશું દેખાશે જ નહીં. તને કશું જોવા મળશે નહીં. તારું નસીબ ખૂટી ગયું છે.'

કોને ગુસ્સો ના ચઢે, આવું આવું સાંભળીને? પણ હું શાંત અને મક્કમ રહી. ઘણાં યજમાનોને આવી ટેવ હોય છે. પોતે ગયાં ના હોય ત્યાં મહેમાનોને જતાં એ રોકતાં હોય છે. ને એ બે શું બધું જાણતાં હતાં? હું કુદરત વિશે કશી ધારણા કરવાની નહોતી અને એનો જે મૂડ-મિજાજ મળશે તે સ્વીકારવાની હતી.

રૉય-દંપતીની સાથે હું નગરકોટ રોડ પર આવેલી, 'યુનિસેફ' દ્વારા શરૂ કરાયેલી, હાથ-બનાવટના કાગળ બનાવતી ફૅક્ટરી સુધી ગઈ. ઘણી નેપાળી સ્ત્રીઓ ત્યાં કામ કરતી હતી- કોઈ કાગળ કાપે, કોઈ કવર વાળે, કોઈ સિલ્ક સ્ક્રિનિંગ કરે તો કોઈ 'ટાઈ-ઍન્ડ-ડાઈ' રીત પ્રમાણે ડિઝાઈન કરે. બૌદ્ધ-ધર્મી 'મંડલા' અને મહાવિદ્યાની વિવિધ આકૃતિઓ સૌથી વધારે દેખાય. ઘણી મદદગાર યોજના છે આ, અને ઘણા અભણ ગ્રામીણ લોકોને આનાથી રોજી મળે છે.

એ આખો પરિસર સરસ હતો. હજી થોડાં ખેતર હતાં. નેપાળી શૈલીનાં સુચારુ ઘર. બારીએ ભાજીની ઝૂડીઓ લટકાવેલી હોય-કદાચ સૂકવવા, કદાચ ઉંદરો ને જીવ-જંતુઓથી બચાવવા. ઋતુ પ્રમાણે લટકણિયાં બદલાય. જેમ કે, ઉનાળામાં લાલ મોટાં મરચાંની ઝૂડી આવી જાય. ઘરોની બહાર કેટલીક સ્ત્રીઓ બચ્ચાંને સરસ માલીશ કરીને ઊંઘાડી રહી હતી. કેવી નિરાંતની હશે એ ઊંઘ! ત્યાંની બધી જ ખેડૂત-સ્ત્રીઓ એકસરખી સાડી પહેરે છે- લાલ પાતળી કિનારવાળી સુતરાઉ કાળી. પાછી હાથવણાટની.

મોઢાં પણ બધાનાં સરખાં જ લાગે-બરાબર ગોળમટોળ. વચ્ચે ક્યારે એકાદ મુખ અત્યંત સુંદર હોય, ને એ નજરે ચઢી જાય ત્યારે આનંદ થાય. કાન પર ક્યાં તો એક પછી એક સળંગ ઘણી વાળીઓ પહેરી હોય, ક્યાં તો કાનની કિનારીની વચ્ચે એક મોટી, ભારે, ચાંદીની વાળી લટકતી હોય, જેને આધાર માટે કાળી દોરીથી બાંધી એ દોરીને માથા ઉપર પહેરી હોય. પરણેલી સ્ત્રીઓ વધુ ભાગે લાલ કે લીલાં કીડિયાંની કંઠી પહેરે, ને એની



નેપાળના ઊંચા ઢોળાવો

વચમાં એક લંબગોળ, સોનેરી ચકતું હોય. કદાચ તો સોનાનું જ, કારણ કે આટલું એક ઘરેણું તો હક્કનું કહેવાય.

ભક્તાપુર બસ-સ્ટૉપ પર નગરકોટ તરફ જતી બસની રાહ બીજાં ઘણાં જોઈ રહ્યાં હતાં. બસ આવતી જોઇને ટોળું એની પાછળ દોડ્યું - હાથમાં પોટલાં, માથે ટોપલાં. બસ તો હજી વળતી હતી, ને ટોળું હજી એની પાછળ દોડતું હતું. એ ઊભી રહી એટલે ચઢવા માટે ધક્કામુક્કી શરૂ થઈ ગયાં - ઊતરનારાંને તક મળે તે પહેલાં. જેનામાં જોર હોય તે જીતે, એવી વાત હતી. મેં પણ જોર પ્રમાણે રસ્તો કાઢ્યો, ને બેસવાની જગ્યા પણ મેળવી. તે કારણે બચી ગઈ, કારણ કે ખભાથેલા અને કૅમેરા-બૅગ સાથે ઊભાં રહેવું ખૂબ જ અઘરું પડ્યું હોત. ખભેથી ઉતારીને એમને નીચે મૂકવાની તો જગ્યા જ ન હતી. વળી, બસ ગોકળગાયની ગતિએ ચાલી, ને વારંવાર લોકોને ઉતારવા માટે ઊભી રહેતી ગઈ. એમનાં કોથળા ને પોટલાં બસને છાપરેથી એમની તરફ ફેંકાતાં હતાં. કયાં કોનાં છે એ તો 'ઉપરવાળો' જાણતો હશે!

આમ તો હું ટૅક્સી કરી શકી હોત. પોસાય તો ખરી, પણ શા માટે કરું? જ્યાં જાઉં ત્યાં, શક્ય હોય તેટલે, સ્થાનિક જનોની જેમ હરું-ફરું. તકલીફ પડે તોયે એમાં જ મઝા આવે. ને તેથી જ કદાચ, બીજાં ઘણાંની સાથે હું પણ, અચાનક, ત્રણેક કિ.મી. પહેલાં ઊતરી ગઈ! લગભગ ૨,૧૭૫ મીટરની ઊંચાઈ પરનું એ સ્થાન હતું, ને પહાડી રસ્તા પર ચઢતાં શ્વાસ પણ ચઢી આવ્યો!

ઉપલે ઢાળે, છેક નગરકોટ લૉજ પર પહોંચી. ચારે બાજુ ખુલ્લું - પેલો રસ્તો, લીલાં સોપાન-ક્ષેત્ર, પશ્ચિમે ૩૨ કિ.મી. દૂર કાઠમંડુની ધૂમિલ હવા, પહાડો, ઢોળાવો અને સામસામે હિમાચ્છાદિત ઉત્તુંગ, ઉદ્દંડ, અદ્ભુત શૃંગોની અતૂટ મેખલા. ક્ષિતિજે હજી ટકેલા વાદળિયા વાતાવરણની પરવા કર્યા વગર એ સર્વ અપૂર્વ સૌંદર્ય દર્શાવી રહ્યાં હતાં. મારું હૃદય અહોભાવથી ઊભરાતું હતું. આહ, કોણે કહ્યું હતું કે દિવસ સારો નહોતો? ઘણી વાર થોડું પણ બહુ હોય છે - જેમ કે રિક્તતા પૂર્ણતામાં પરિણમી શકતી હોય છે.

બસનો રસ્તો ખાસ્સો ઢાળ પડતો હતો: ભૂમિનું દૃશ્ય



નેપાળના ઊંચા પર્વતો

સતત સુંદર હતું. ઢાળ પર પાતળાં પગથિયાં જેવાં ખેતરો લીલાંછમ હતાં. દૂરની ટેકરીઓ સૂકી હતી. એમના ઢાળ પરનાં પગથિયાં વાવણીની હવે પછીની ઋતુની રાહ જોતાં હતાં. રસ્તો ઊંચો, દઢ વાંસના ઝુંડમાં થઈને ગયો. એ પછી લીલાં ખેતર દૂર ગયાં, ને પેલી સૂકી ટેકરીઓમાં થઈને બસ જવા લાગેલી. સૂરજ તપતો હતો. ધીમી, ભીડથી ભરેલી બસમાં બીડીનો ધુમાડો ફરી વળ્યો હતો. ત્યાં તન્વી, લલિત સરુના વનથી આખું દશ્ય જકડાઈ ગયું. એ પસાર થઈ ગયા પછી ઊંચા પ્રદેશમાં સૂકું ઘાસ જ રહ્યું, ને નગરકોટ આવી લાગતું લાગ્યું.

છેક નગરકોટ જવાને બદલે હું ય પહેલાં ઊતરી ગઈ, ને એ લૉજમાં રહેવાનું વિચાર્યું. ત્યાં જ તો હતાં એ સર્વ સુભગ શૃંગો. નજીકમાં બધા ઢોળાવો પર સુંદર સોપાન-ક્ષેત્ર હતાં અને વચ્ચે વચ્ચે ક્ષેત્ર-ગૃહો. લૉજ હતો મોંઘો પણ ઓરડાની કાચની મોટી બારીમાંથી સ્વર્ગીય દર્શન થતું હતું. રાત પડતાં તેરશનો ચંદ્ર નીકળી આવ્યો. કશાં વાદળ એના તેજને ઢાંકી શકતાં નહોતાં. અરે, સૂર્યાસ્ત તો અસાધારણ હતો. જ્યાં માન્યું કે હવે પૂરો થયો, ત્યાં ત્રાંસાં કિરણો દૂરનાં રજત શિખરોને સ્પર્શી ગયાં અને સ્વપ્ન-સમ અલૌકિક સુવર્ણ-મેખલા આકાશમાં પ્રકાશી રહી ને પછીયે પશ્ચિમમાં મનોહારી રંગો પ્રદર્શિત થઈને ક્યાંય સુધી રહ્યા હતા. અપ્રત્યાશિત કૃપા થઈ હતી મારા પર.

લૉજના જાહેર કક્ષમાં આગ સળગાવેલી હતી, એટલે તાપવાની મઝા આવી પણ ધુમાડો એવો થઈ જતો હતો કે થોડી થોડી વારે બારણું ખોલવું પડતું હતું ને ત્યારે વળી પાછી ઠંડક ફરી વળતી હતી! પણ એક વાર પથારીમાં ગયાં પછી રાતે બહુ ઠંડી ના લાગી. મને જરા ચિંતા હતી. સવારે છ વાગ્યે અલાર્મ વાગ્યું ત્યારે ઊંડી ઊંઘ આવેલી હતી. પૂર્વ તરફની બારીમાંથી જોયું તો બધા ગિરિવરોના પૂર્વ ખૂણા પરનું આકાશ જરાક ગુલાબી થયું હતું. તૈયાર થઈને બહાર નીકળી, ને ટેકરીની ખુલ્લી ટોચે ગઈ. પ્રભાતના ભૂખરા ઉઘાડમાં ભયવાહી મહોચ્ચ નગ-શૃંગોની સ્તબ્ધ પંક્તિ માઈલો સુધી ખેંચાયેલી હતી - અનાવૃત, ને સ્પષ્ટ. ઊગતા સૂર્યની સોનેરી લાલાશ એ વાદળોને ઓગાળીને બહાર નીકળી આવી, ને એક પછી એક ત્રિકોણને સ્પર્શવા લાગી, હિમ-ધવલને સુવર્ણમય ઓપ દેવા માંડી.

સૌપ્રથમ કોમળ કિરણ પડ્યાં માછપુછરી (૭,૦૫૯ મી.) પર. પંક્તિને દૂરને છેડે હતું એ શિખર. પછી ગણેશ હિમાલ (૭,૦૪૮ મી.)એ દૈવી વર્ણ પામ્યું, અને પછી લાન્ગતાન્ગ (૭,૨૪૬ મી.)નો ઊંચો, તીક્ષ્ણ ત્રિકોણ. નગાધિરાજ સાગર-મઠ દશ્યમાન ના થયો પણ બીજાં અનેક શિખર આ વિસ્મયકારી પ્રક્રિયામાં જોડાયાં. ગોસાઈકુંડ (૫,૮૬૨ મી.), કિમ્શન (૬,૭૪૫ મી.), દોર્જે લાપ્કા (૬,૭૯૯ મી.), માનાસ્લુ (૮,૪૬૩ મી.), ગૌરીશંકર (૭,૧૩૪ મી.) વગેરે. દેવોના સર્વ નિવાસો દષ્ટિગત થયા ને આપણે તો એમને પ્રણમી રહેવાનું.

સૂર્ય એની દૈનિક મુસાફરી કરતો ગયેલો, ને ઉચ્ચ, સ્વર્ગીય સ્તરો અભ્રના પડદા પાછળ જતા ગયેલા - જાણે પ્રકાશોજ્જ્વળ દિવસની નરી આંખે એ ચઢવા નહોતા માગતા. એ દર્શન તો જાણે દૈવી કાળ-ક્ષણોને માટે જ આરક્ષિત કરી રાખેલું હતું.

ને બસ, પછી તો હું યે ધરતી પર, ને મારે ફરીથી શાપિત થઈને પૃથ્વી પરના સંઘર્ષોનો સામનો કરવાનો હતો. લૉજમાંથી સામાન લઈને નીચે પહોંચી ત્યારે બસ આવીને ઊભેલી હતી, ને ભરાઈ પણ ગયેલી. માંડ માંડ બીજાં ચાર જણની વચ્ચે હું એક સીટ પર બેઠી. વીસની બેસવાની માંડ જગ્યા હતી. સાવ નીચી, ને નાની બસ, એટલે પાંચેક જણ માંડ ઊભાં રહી શકે, પણ નહીં નહીં તોયે પચાસ-પંચાવન જણાં એમાં ઠસાયાં હતાં, ને બીજાં પંદરેક જણાં છાપરા પર બેસતાં ગયાં હતાં, બેસવાનું જ જો કઠિન હતું તો ઊભા રહેવાનું તો...!

દશ્યાવલિનો ક્રમ હવે ઊલટો થયો. ઊંચા સૂકા ઘાસવાળા ઢાળમાંથી સરુના વનમાં, પછી વાંસનાં ઝુંડ, અને લીલાં સોપાન-ક્ષેત્ર ને ત્યારે આંખોને હાશ થઈ. વીસેક કિ.મી. જતાં, ને આવતાં બસને દોઢ દોઢ કલાક લાગેલો. જો કે નીચે ઊતરતાં એને ઓછું જોર પડેલું. મારી બાજુમાં બેઠેલી એક નેપાળી યુવતી સરસ હસતી હતી. એણે ભક્તાપુર સુધીની મારી ટિકિટ ખરીદેલી. મેં બહુ આનાકાની કરી, પણ એ માની જ નહીં. એનું નામ કવિતા હતું, ને એ કાઠમંડુમાં રહેતી હતી. મને એણે ઘેર આવવા પણ ખાસ આગ્રહ કર્યો. કહે, 'શૅરેટન હોટલની પાછળ જ છે.'

એ ઘડીએ તો હું ભક્તાપુર ઊતરી જવાની હતી. નગરકોટ લૉજમાં કામ કરનારા ત્રણેક જણા ખરીદી કરવા એ જ બસમાં આવેલા. એ લોકો પાછલા, ટૂંકા રસ્તે ઝડપથી મને ગામના કેન્દ્રમાં દત્તાત્રેય ચૉક સુધી લઈ ગયા. ફરી પાછી હું મારી મેળે ફરવા છુટ્ટી!

રાતે ઘેર પહોંચીને નગરકોટ વિશેની બધી વાત કરી - સૂર્યાસ્ત, તાપણું, સૂર્યોદય, ત્યારે શ્રીમતી રૉય મારો આનંદ સહી ના શક્યાં. ભારે ફરિયાદના સૂરમાં શ્રીમાન રૉયને કહેવા માંડ્યાં, 'ઓહ, હું ક્યારેય એ લૉજમાં નથી રહી ને એવું તાપણું ક્યારેય મેં નથી કર્યું.'

જે પ્રવાસી નમ્ર અને નિઃસ્વાર્થ ભાવે કેવળ સ્થાનના પ્રેમ અને આદરથી ખેંચાય છે તેને સ્થાન પણ નિજી ગણવા માંડે છે. (ક્રમશઃ)

મોસાદ : આતંકવાદ વિરુદ્ધનો અભેદ્ય દુર્ગ

રક્ષા વ્યાસ

કોઈ પણ દેશની શાસનવ્યવસ્થામાં ગુપ્તતર વિભાગની ભૂમિકા મહત્ત્વની હોય છે. કાબેલ જાસૂસીતંત્ર શાસન વ્યવસ્થાની અનિવાર્ય આવશ્યકતા છે. પ્રાચીન રાજ્યોથી આરંભીને અદ્યતન નેટવર્ક ધરાવતા આધુનિક રાજ્યો જાસૂસીતંત્રના ક્ષેત્રે સૂક્ષ્મતમ નિપુણતા હાંસલ કરવા ઉત્સુક હોય છે. જો કે ક્યારેક આ જાસૂસી રાજકીય ધિક્કારમાં પરિવર્તન પામે છે, ન ગમતા અને શક્તિશાળી થવા મથતા નાના દેશો અને તેના કરિશ્માતી નેતાઓની હત્યામાં પણ તે ભાગ ભજવે છે.

૨૦૦૧માં ઈઝરાયેલની સિક્રેટ સર્વિસ પોલીસે સાત જેટલા પૅલૅસ્ટાઈની ગેરીલા આરબોની હત્યા માટેની યાદી બહાર પાડી અને તેમના નેતા યાસર અરાફતને સ્પષ્ટ જણાવ્યું કે અમુક અમુક આરબ ત્રાસવાદીઓને તમે પકડીને જેલભેગા કરો નહીં તો અમે તેમની હત્યા કરાવીશું. આ પદ્ધતિ પિન પૉઈન્ટ પ્રિવેન્શન તરીકે જાણીતી છે.

ઇસ્લામિક આરબ દેશો વચ્ચે વસેલો ઇઝરાયેલ દેશ એક માત્ર અન્ય ધર્મી દેશ છે અને પોતાનું અસ્તિત્વ ટકાવવા તેણે આટલા નિર્દય બનવું પડે છે. પિન પૉઈન્ટ પ્રિવેન્શનના કાતિલ કાર્યક્રમ હેઠળ આજ સુધીમાં પૅલૅસ્ટાઈનના સત્તાવાળાઓની જાણ સાથે ૪૦ જેટલા પૅલૅસ્ટાઈન ઉગ્રવાદીઓની તેણે ખુલ્લે-આમ હત્યા કરી છે. આથી આતંકવાદ વિરુદ્ધની લડાઈમાં વિવિધ અગ્રણી દેશો ઇઝરાયેલનો સહકાર ઇચ્છી રહ્યા છે. આમ કેમ? આ પ્રશ્નનો ટૂંકો ઉત્તર છે તેની 'મોસાદ' સંસ્થા. સૂક્ષ્મ અને ગુપ્ત કામગીરી સફળતાપૂર્વક પાર પાડવા અને ધરતીના પડ માંહે છુપાયેલા ગુનેગારને શોધી કાઢવા માટે આ સંસ્થા સુપ્રસિદ્ધ છે.

યહૂદી રાષ્ટ્ર ઇઝરાયેલ એકમાત્ર સાંપ્રદાયિક લોકશાહી રાજ્ય છે. ૧૯૫૭ના વર્ષમાં દસમો સ્થાપનાદિન ઇઝરાયેલ ઊજવી રહ્યું હતું, એકઠાં થયેલાં સૌ પ્રજાજનો રાજધાની તેલઅવીવમાં રાષ્ટ્રિય સલામી પછી યુદ્ધસ્મારકે ગયા અને નાઝી જનસંહારનો ભોગ બનેલા પોતાના નિર્દોષ સદ્‌ગત આપ્તજનોને શ્રદ્ધાંજલિ આપી. બીજા વિશ્વયુદ્ધ વેળાના નાઝી સૈન્યના અભૂતપૂર્વ અમાનવીય સંહારના સિતમો લોકમાનસમાં તાજા થયા. યુદ્ધ દરમિયાન ૬૦ લાખ યહૂદીઓની બેરહમીભરી હત્યા કરવામાં આવેલી, કારણ તેઓ સૌ યહૂદીધર્મી હતા. આથી મોટા ભાગનાં યહૂદીઓ યુરોપ છોડી પહેરેલે કપડે, કશીય માલમતા વિના માદરે વતનની આશાએ પૅલૅસ્ટાઈનના રેગિસ્તાની પ્રદેશમાં તંબૂ બાંધી વિસ્થાપિત જિંદગી પસાર કરતાં હતાં. તેમની તાત્કાલિક જરૂરિયાત શિર ઢાંકવા માટે પોતાની કહી શકાય એવી ભૂમિની હતી. બીજા વિશ્વયુદ્ધને અંતે પૅલૅસ્ટાઈનના મૂળ વિસ્તારમાં ઇઝરાયેલ રાજ્યની સ્થાપના વિજેતા દેશો અને યુનોએ માન્ય રાખી હતી. ઇઝરાયેલને આ ભૂમિમાં પુનઃ સ્થાપિત કરવા પાછળનો તર્ક એ હતો કે ઈ.સ. ૬૩૭માં આરબ સૈન્યોને યહૂદીઓને તેમના આ માદરે વતનમાંથી હાંકી કાઢી પૅલૅસ્ટાઈનનું રાજ્ય સ્થાપ્યું હતું.

બીજા વિશ્વયુદ્ધમાં કેમ આ યહૂદીઓ પર સિતમો વરસ્યા અને કોણે તે વરસાવ્યા તે સમજવા થોડાં પારોઠનાં પગલાં ભરીએ. પહેલા વિશ્વયુદ્ધને અંતે જર્મની પરાજિત રાષ્ટ્ર હતું અને બ્રિટન, ફ્રાંસ, રશિયા, અમેરિકા, બેલ્જિયમ, ગ્રીસ વગેરે દેશોએ આ યુદ્ધમાં જર્મનીને અપરાધી ઠેરવી યુદ્ધનો ખર્ચ તેની પાસેથી વસૂલ કરવાની - અલબત્ત નાણાંકીય સ્વરૂપે વસૂલાતની આકરી શિક્ષા તેના પર ઠોકી બેસાડી હતી. આ મંત્રણાઓમાં જર્મનીને તદ્દન ગેરહાજર રાખવામાં આવેલું અને રજૂઆતની કોઈ તક આપવામાં જ આવી નહોતી. આ આકરી શિક્ષાથી ડરીને જર્મન રાજા વિલ્હેમ દ્વિતીય ગાદી અને દેશ બંનેનો ત્યાગ કરી નેધરલૅન્ડ ભાગી ગયો. આમ, આ શિક્ષાની વસૂલાત જર્મન રાજાને નહીં પણ યુદ્ધથી પાયમાલ થયેલી જર્મનીની પ્રજાએ કરવાની હતી. પહેલા વિશ્વયુદ્ધ પેટે જર્મનીએ ૧૩૨ અબજ ગોલ્ડ માર્ક્સ (સોનામહોરો) એટલે કે વજન અનુસાર ૫૦ હજાર ટન જેટલું સોનું ચૂકવવાનું હતું. જર્મનો એકસાથે આ ચુકવણી ન કરી શકે તેથી તેના પર 'દયા' દેખાડી વિજેતા દેશોએ ચુકવણી માટે હપ્તા પાડી આપ્યા હતા. આ હપ્તા અનુસાર જર્મની દર વર્ષે સરેરાશ ૭૩૫ ટન સોનું ચૂકવે. જો ચૂકવણી સોનામાં શક્ય ન હોય તો કોલસા, ઘઉં, બટાકા, લોખંડ, જહાજો વગેરે સ્વરૂપે ચૂકવે.

૧૯૩૨ સુધીમાં જર્મનીએ ૧૭ અબજ ગોલ્ડ માર્ક્સ ચૂકવ્યા, ૯૦ ટકા જહાજી કાફલો વિજેતા દેશોને ચૂકવ્યો. ઉત્પાદનનો ૨૯ ટકા કોલસો, ૬૭ ટકા જસત, ૨૫ ટકા સીસુ નિકાસ કર્યાં. આમ, જર્મનીનું બેહિસાબ શોષણ થયું. કમરતોડ બોજો પ્રજા વેઠી રહી હતી, જેનો નજીકના ભવિષ્યમાં કોઈ અંત દેખાતો નહોતો. ૧૯૩૩માં સત્તા પર આવેલા જર્મન નાઝી નેતા હિટલરે આ શોષણ વિરુદ્ધ અવાજ

ઉઠાવ્યો. ચુકવણી બંધ કરી, વિજેતા દેશો ઉપર તેનો બદલો લેવાનું વિચાર્યું. ૧૯૩૯માં આવાં મુખ્ય અને અન્ય કારણોસર બીજું વિશ્વયુદ્ધ ખેલાયું.

હિટલરે પહેલાં જર્મનીમાં અને બાદમાં સમગ્ર યુરોપમાં વસતા યહૂદી લોકોને સપાટામાં લીધા. કારણ જર્મનીની પ્રજા પાસેથી યહૂદી વ્યાપારી શાહુકારો આકરું વ્યાજ ઓકાવતા. વ્યાજલોભી યહૂદીઓ જર્મન પ્રજાના પરસેવે માલદાર બનતા હતા અને જર્મનો દેવાદાર. ધિરાણની વસૂલાત માટે તેઓ જર્મનોની માલ-મિલકત જપ્ત કરતા અને સંપત્તિ સ્વીટ્ઝર્લૅન્ડ ખાતે બૅન્કોમાં જમા થતી. આમ, જર્મન મૂડી ઘસડાતી અને તનતોડ મહેનત પણ જર્મન નાગરિક વૈયક્તિક અને જર્મની રાષ્ટ્રિય સંપત્તિ ગુમાવતું હતું. આથી જર્મન રાષ્ટ્રવાદને કોરી ખાનાર યહૂદીઓ છે તે વાત હિટલરે ગાંઠે બાંધી, નાઝીવાદનો જન્મ થયો અને તેના આક્રમક રાષ્ટ્રવાદનો પહેલો શિકાર બની જર્મનીની અને પછી સમગ્ર યુરોપની સમગ્ર યહૂદી પ્રજા. યહૂદીઓનો જર્મનીના મૂળભૂત દુશ્મનો ગણી પહેલા તબક્કે યહૂદીઓને વ્યાપારી બહિષ્કાર ઘોષિત થયો. બીજા તબક્કે તેમને અલગ વિસ્તારમાં રહેવાની ફરજ પાડવામાં આવી. ત્રીજા તબક્કે તેમની માલ-મિલકત આંચકી લેવાઈ અને સરકારી તિજોરીમાં જમા કરાઈ તથા અંતિમ તબક્કામાં તેમને દેશદ્રોહી જાહેર કરી કેદી બનાવવામાં આવ્યા, જેમાં સ્ત્રીઓ, પુરુષો અને બાળકોનો પણ સમાવેશ થતો હતો. યહૂદીઓની વિરુદ્ધ એક વણલખી આચારસંહિતા હિટલરના નાઝી પક્ષમાં સ્વીકારાઈ હતી. યહૂદીઓ જર્મન નાગરિક ન ગણાય, જર્મન યહૂદી સાથે લગ્નગ્રંથિથી ન જોડાઈ શકે, દરેક યહૂદી પાસે ઓળખપત્ર હોવું અનિવાર્ય હતું. યહૂદી ડૉક્ટર, વિજ્ઞાની, વહીવટદાર, એન્જિનિઅર સૌને સરકારમાંથી છૂટા કરાયા. યહૂદીઓની સરકારી વાહનોમાંની મુસાફરી પર પ્રતિબંધ મુકાયો. આ પ્રતિબંધોનો અમલ કરાવવાનું કામ જર્મન ગુપ્ત પોલીસ-ગેસ્ટાપો-ના સાર્જન્ટ ઍડૉલ્ફ આઈક-માનને સોંપાયું, જે ૧૯૩૨થી નાઝી પક્ષનો આજીવન સભ્ય હતો. આ પ્રતિબંધોનો ભંગ કરવાના બહાના હેઠળ અસંખ્ય લોકોને સામૂહિક જેલમાં પૂરવામાં આવતાં. આઈકમાને આચરેલી સખ્તાઈભરી કામગીરીની બક્ષિસરૂપે તેને ગેસ્ટાપોનો સર્વોચ્ચ નિયામક બનાવવામાં આવ્યો.

૧૯૩૯માં બીજા વિશ્વયુદ્ધનો આરંભ થયો. ૧૯૪૧ સુધીનાં બે વર્ષોમાં જર્મનીએ બીજા વિશ્વયુદ્ધમાં આગેકૂચ કરી. પોલૅન્ડ, બેલ્જિયમ, નોર્વે, ફ્રાંસ, લક્ઝમબર્ગ, નેધરલૅન્ડ, યુગોસ્લાવિયા, ફિનલૅન્ડ જેવા દેશો પર પ્રભુત્વ હાંસલ કરી આ દેશોના યહૂદીઓની અટકાયત માટે સામૂહિક વાડા બાંધી તેમાં તેમને બંદી બનાવતા, પણ ૧૯૪૧ના અંતે નાઝીઓએ 'ફાઈનલ સૉલ્યુશન'ના નામે અંકિત થયેલું આખરી ફરમાન બહાર પાડ્યું. 'યહૂદીઓને ખતમ કરી દો.' આ ફરમાન ગેસ્ટાપો દ્વારા આઈકમાનને પહોચાડાયું અને શરૂ થયો બંદી યહૂદીઓની કતલનો સિલસિલો. બંદી યહૂદીઓને કતારબંધ ખડા કરી વીંધી નાખવામાં આવતા, પણ... પણ... યુદ્ધના અછતના યુગમાં યહૂદીઓ કરતાં ય બંદૂકની બુલેટો કીમતી હતી. આથી ગૅસ ચૅમ્બરો બનાવવામાં આવી. ઝાયક્લોન બી નામના ઝેરી ગૅસ દ્વારા સામૂહિક હત્યાની યોજના ઘડાઈ. જર્મની હેઠળના પોલૅન્ડની ઓશવિટ્ઝની વિશાળ છાવણીમાં તેનો પ્રયોગ કરવામાં આવ્યો, જ્યાં ૩૦ લાખ યહૂદીઓ નજરકેદ હતાં. ગૅસ ચૅમ્બરમાં રોજના ૧૫ હજાર બંદીઓને કાયમી છુટકારો અપાતો. બીજા વિશ્વયુદ્ધમાં ૬૦ લાખ યહૂદીઓ આ બેરહમીનો ભોગ બન્યાં જેમાંથી અંદાજે ૫૦ લાખનો અંત ઍડૉલ્ફ આઈકમાન દ્વારા તેની દોરવણી અને દેખરેખ હેઠળ લાવવામાં આવેલો. જર્મની આ યુદ્ધમાં હાર્યું ત્યારે 'ડેથ કૅમ્પ'ના પ્રત્યેક પુરાવાઓનો નાશ કરી તે ભાગી છૂટ્યો.

રાજ્યશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના પ્રાધ્યાપક અને ૧૯૫૨માં કોલંબિયામાં પ્રાધ્યાપકપદે નિમાનાર પ્રથમ મહિલા આરેન્ટ હન્નાર દ્વારા ૧૯૬૩માં 'આઈકમાન ઈન યેરુસલેમ' ગ્રંથ પ્રકાશિત થયો. આ ગ્રંથમાં આઈકમાન પર ચાલેલા ખટલાનું નિરીક્ષણ અને નાઝીઓના યુદ્ધગુનાઓના પૃથક્કરણનું ચિત્ર જગત સમક્ષ મૂકવામાં આવ્યું છે.

પ્રારંભે આપણે જોયું તેમ ૧૪ મે, ૧૯૫૭નો દસમો સ્થાપના દિન ઊજવી રહેલા મોસાદનો વડો ઇસ્સોર હારેલ પોતાની કચેરીએ પહોંચ્યો ત્યારે 'કૉન્ફિડેન્શયલ'ની નોંધ સાથેનું સીલબંધ કવર ટેબલ પર મુકાયું હતું, જે ઇઝરાયલના જર્મની ખાતેના રાજદૂત ડૉ. શિનાર દ્વારા મોકલવામાં આવ્યું હતું.

તેમાં નાઝી પક્ષમાં ન જોડાયેલ અને તેથી આફતોનો ભોગ બનેલ તેમજ ૧૯૩૩માં દેશ છોડી બેલ્જિયમમાં વસેલા જર્મન નાગરિક ફિટ્ઝ બૉયરનો સંદેશો હતો. આ બૉયરને યુદ્ધ દરમિયાન જર્મન ફોજે બેલ્જિયમમાંથી પકડી લશ્કરી છાવણીમાં કેદ રાખેલો, જ્યાં તેણે યહૂદીઓ પરનાં સિતમો અને પાશવી દમન નરી આંખે નિહાળ્યાં હતાં, પણ તે જર્મન હોવાથી તેની હત્યા કરાઈ નહોતી. યુદ્ધ પૂરું થયે તેને મુક્ત કરવામાં આવ્યો હતો. તેણે મોસાદના પ્રતિનિધિ સાથે મુલાકાત કરી અને તેની દીર્ઘ, સૂક્ષ્મતાપૂર્વકની ચૂપકીદી-ભરી કામગીરીનો આરંભ થયો. ઍડૉલ્ફ આઈકમાન આર્જેન્ટીનામાં હયાત હોવાની માહિતી મળી.

આ માહિતી પૂરી પાડનાર આર્જેન્ટીન યહૂદી લોથર હેરમાન અંધ હતો. આથી પ્રારંભે આ માહિતી વિશ્વાસપાત્ર ન જણાઈ. પરંતુ તેની સાથે મોસાદના પ્રતિનિધિએ મુલાકાત ગોઠવી ત્યારે તેણે કહ્યું કે મારી દીકરીનો સહાધ્યાયી નિકૉલસ આઈકમાન છે અને તેનો પિતા જર્મન ગુપ્તચર સંસ્થાનો મહત્ત્વનો હોદ્દેદાર હતો. આ સંદર્ભમાં લોથર હરમાનની દીકરીએ નિકૉલસ પાસે તેના ઘરનું સરનામું માગ્યું; પણ નિકૉલસે એ વાત સિફતપૂર્વક ઉડાવી દીધી હતી. આ એક માત્ર કડી મોસાદની નજરે ભારે શંકાસ્પદ હોવાથી વધુ વિગતવાર તપાસ આગળ ચલાવાઈ તો વાત સાચી નીકળી. નિકૉલસ આઈકમાનનો પિતા જ પેલો સિતમગાર ઍડૉલ્ફ આઈકમાન હતો. આટલી મહત્ત્વની તપાસ-કડી નક્કી થયા બાદ મોસાદની એક નાની ટીમ આર્જેન્ટીના રવાના થઈ. મોસાદે 'ઑપરેશન અતિલા'(અતિલા અમાનુષી હૂણ સરદાર હતો, જેની રાહબરી હેઠળ યુરોપમાં લાખો માનવોને રહેંસી નાખવામાં આવ્યાં હતાં.)ની કામગીરી હાથ ધરી.

આર્જેન્ટીનામાં આપખુદ લશ્કરી શાસક પ્રમુખ જુઆને પેરોન હતો, જે નાઝીવાદ પ્રત્યે કૂણી લાગણી માટે જાણીતો હતો. આથી બીજા વિશ્વયુદ્ધ પછી ભાગેડુ નાઝી અફસરોમાંના ઘણાએ ત્યાં આશ્રય લીધો હતો. ૧૯૫૫માં તે પદભ્રષ્ટ થયો અને નવી સરકાર રચાઈ, પરંતુ આ નવી સરકાર સાથે કે તે પૂર્વેની જુઆન પેરોનની સરકાર સાથે ઈઝરાયેલ રાજદ્વારી સંબંધો ધરાવતું નહોતું. ત્યાં તેમની એલચી-કચેરી નહોતી. આથી સરકારી કક્ષાએ મદદ કે સહકાર મળવાની કોઈ શક્યતા નહોતી. આમ, કામ અત્યંત કપરું હતું.

જાસૂસ ડૅવિડ શેફીને કામગીરી સોંપાઈ. શેફી વિવિધ વ્યક્તિઓને ચોરી-છૂપીથી મળતો, જેમાં થોડાક મહિનાઓ વીતી ગયા. બીજો બાહોશ જાસૂસ રાફે ઝૂરને આ કામમાં મદદરૂપ થવા માટે ઈઝરાયેલથી મોકલવામાં આવ્યો. ઝૂર છબીકલાનો ગુપ્તચર હતો. સૂક્ષ્મ કૅમરા અને શક્તિશાળી બાયનોક્યુલરની મદદથી આઇકમાનને શોધી કાઢી તેની ઓળખ પાકી બનાવવામાં આવી. વધુ સાબિતી મેળવવા શહેરની ડિરેક્ટરી ઉથલાવવામાં આવી પણ તેમાં 'આઈકમાન' અટક અને તેનું સરનામું બંને ગાયબ હતાં. આથી તેના પુત્ર નિકૉલસ આઈકમાનની કૉલેજ શોધી તેનો પીછો કરી, ગેરીબાલ્ડી સ્ટ્રીટ શોધી કાઢવામાં આવી, જે શેરીના ઘરમાં આઈકમાન કુટુંબ રહેતું હતું. ઝૂરે સિલાઈ મશીનના સેલ્સમેન બની સૂક્ષ્મ કૅમરાની મદદથી મકાનની અંદરની તસવીરો ઝડપી. એ તસવીરો એન્લાર્જ કરવામાં આવી અને આઈકમાનનો કાળા ચશ્માંવાળો ફોટો સ્પષ્ટ ઊપસી આવ્યો. છતાં આ બાબતની સો ટકા ખાતરી કરવા આર્જેન્ટીનાની રાજધાની બ્યુસેનોસ એરિસમાં આ ઘર-માલિકના નામની તપાસ કરવામાં આવી તો તે માલિક રિકાર્ટો ક્લિમેન્ટ નીકળ્યો જે મોટરો બનાવતી ફૅક્ટરીમાં મામૂલી નોકરિયાત હતો.

આ તમામ માહિતી મોસાદની તેલઅવીવ ખાતેની મુખ્ય કચેરીએ મોકલાઈ. વડા મથક ખાતે મોસાદે વિવિધ નિષ્ણાતો એકઠા કર્યા, મીટિંગો યોજી, જૂના ફોટાઓ વિકસાવાયા, વિશ્વયુદ્ધનાં ૨૦ વર્ષે આઈકમાન કેવો લાગે તેનાં કલ્પન-ચિત્રો ઘડાયાં. અદ્યતન ફોટાઓ સાથે તેની તુલના કરાઈ. ચહેરાઓની રેખાઓની ચોકસાઈભરી ખાતરી કરાઈ અને એક વાત પાકી કરાઈ કે રિકાર્ડો ક્લિમેન્ટ જ ઍડૉલ્ફ આઈકમાન છે. મોસાદ પાસેની આઈકમાનની જૂની અને દળદાર ફાઈલો પરની ધૂળ ખંખેરવામાં આવી. તેના કુટુંબ વિશેની માહિતી વિગતો સાથે નોંધી લેવામાં આવી, જેમાં બે માહિતી અત્યંત નોંધપાત્ર હતી. એક, તેની પત્નીનું નામ વેરોનિકા હતું જે ૧૯૫૨થી લાપતા હતી. બીજું, ૨૧ માર્ચ, ૧૯૬૦ના રોજ તેનાં લગ્નને ૨૫ વર્ષ પૂરાં થવાનાં હતાં. લગ્નતિથિની આ માહિતીને આધારે તપાસનો દોર આગળ ચાલ્યો. આઈકમાન લગ્નતિથિની ઉજવણી કરે, તો તેનો અર્થ એ કે લાપતા બનેલી તેની પત્ની વેરાનિકા અહીં જ તેની સાથે સ્થિર થઈ છે. વળી, આવી કોઈ ઉજવણી થવાની હોય તો તેનું ધ્યાન રાખવું. આ છટકામાં ધીમે ધીમે શિકાર સામે ચાલીને ફસાતો જતો હતો. ધાર્યા મુજબ લગ્નતિથિની ઉજવણી ગોઠવાઈ અને મોસાદની ગુનાશોધક ટુકડીએ તેમાં ભળવાની યોજના ઘડી. વીજળી-મીટરો તપાસવાનો દેખાવ કરી મોસાદના જાસૂસો ઉજવણીમાં પરોક્ષ રીતે સામેલ થયા અને સંપૂર્ણ ખાતરી કરી કે રિકાર્ડો ક્લિમેન્ટ એટલે જ ઍડૉલ્ફ આઈકમાન. બસ, તપાસ અહીં થંભી ગઈ, 'ઑપરેશન અત્તિલા' અધવચ્ચે અટક્યું.

મોસાદના વડા ઈસ્સાર હારેલે ઈઝરાયેલના વડા-પ્રધાન બેન ગુરિયનની મુલાકાત લીધી. લાંબી વાતચીતને અંતે નક્કી થયું કે આઈકમાનને જીવતો પકડવો અને અદાલત સમક્ષ રજૂ કરવો. પણ આંતરરાષ્ટ્રિય કાયદા મુજબ તેને ગુનેગાર તરીકે પકડવો અને પછી ઈઝરાયેલની અંદર લાવી અદાલત સમક્ષ રજૂ કરવો બંને કામો લગભગ અશક્યવત્ હતાં. ઈઝરાયેલ અને આર્જેન્ટીના વચ્ચે રાજદ્વારી સંબંધોની ગેરહાજરીને કારણે બીજા કોઈ માર્ગે પણ આ કામ શક્ય નહોતું.

આ અરસામાં યોગાનુયોગ એવું બન્યું કે આર્જેન્ટીનાની સરકારે ઈઝરાયેલના વડાપ્રધાનને બ્યુએનોસ એરિસ આવવાનું આમંત્રણ પાઠવ્યું. ૨૫ મે, ૧૯૬૦ના

રોજ આર્જેન્ટીના સ્વતંત્રતાનાં ૧૫૦ વર્ષની ઉજવણી કરવાનું હોઈ બેન ગુરિયનને તેમાં સામેલ થવા પ્રમુખ ડૉ. આરતુરો ફોનડીઝી વતી આમંત્રિત કરતું હતું. ઇઝરાયેલને આ તક ગુમાવવી પરવડે તેમ નહોતી. મોસાદને બેન ગુરિયનના સત્તાવાર પ્રવાસની જાણ કરાઈ. મોસાદે બીજા બે ગુપ્તચરો તૈયાર કર્યા. હાથોહાથના દાવપેચની ઝીણામાં ઝીણી તાલીમ તેમને આપવામાં આવી. ગેરિબાલ્ડી સ્ટ્રીટના નકશા તૈયાર થયા અને આઈકમાનના અપહરણની યોજના ઘડાઈ. વડાપ્રધાનના વિમાન સાથે એક બીજું વિશેષ વિમાન રાખવાનું નક્કી થયું જે વી.આઈ.પી. (આઈકમાન) માટે હતું. વિશેષ વિમાન સાથે રાખવા માટે ઇઝરાયેલ સરકારે આર્જેન્ટીનાની સરકારને વિનંતી કરી જે આર્જેન્ટીનાએ મંજૂર રાખી.

મોસાદના ગુપ્તચરો આગોતરા બ્યુએનોસ એરિસ પહોંચ્યા. આઈકમાનના અપહરણ માટે ગાડીઓ ખરીદવામાં આવી. આઈકમાન ઘરે પાછો ફરે ત્યારે અને તે પછી શું કરે છે તેની વિગતોની રજેરજ માહિતી એકઠી કરાઈ. ૧૦ મે, ૧૯૬૦ના રોજ સમગ્ર કાર્યવાહીનું રીહર્સલ કરવામાં આવ્યું. આર્જેન્ટીનાના ૧૫૦મા સ્વાતંત્ર્ય દિનની પૂર્વ-સંધ્યાએ આઈકમાનનું અપહરણ કરાયું. ગુપ્તચરોની ટુકડી એક ભાડૂતી મકાનમાં આઈકમાનને લઈ ગઈ. ઇઝરાયેલ પાછા ફરવામાં બે દિવસનો ગાળો હતો. તે દરમિયાન રિકાર્ડો ક્લિમેન્ટ તો નામક્કર જ જતો હતો કે તે આઈકમાન નથી; પરંતુ તેને ઓળખતી વિવિધ નિશાનીઓ - જખમનો ડાઘ, તેના બ્લડગ્રૂપની માહિતી આપતું તેના હાથ પરનું છુંદણું, તેનો બેજ નંબર - પ્રાપ્ય માહિતી સાથે પૂરેપૂરી મળતી હતી, જેને અંતે તેણે કબૂલ્યું કે તે ઍડૉલ્ફ આઈકમાન છે.

બીજે દિવસે વડાપ્રધાનના કાફલામાં 'વી.આઈ.પી.' આઈકમાન સામેલ હતો. તેને ભાડૂતી મકાનથી ઇઝરાયેલ સુધી જીવતો પહોંચાડવા માટે મોસાદના ગુપ્તચર ડૉક્ટર પણ સાથે હતા, જેમણે તેને અર્ધબેહોશ રાખેલો. સમગ્ર કાફલો ઇઝરાયેલ પહોંચ્યો અને ૧૧ એપ્રિલ, ૧૯૬૧ના રોજ તેના પર મુકદ્દો ચાલવો શરૂ થયો. આઈકમાન વતી જર્મનીનો પ્રખ્યાત નાઝીવાદી વકીલ ડૉ. સર્વેટિયસ રૉબર્ટ હાજર હતો. ઇઝરાયેલી સરકારે ૨૫,૦૦૦ ડૉલરની ફી ચૂકવીને આ સગવડ આઈકમાનને આપી હતી. આઠ મહિના સુધી કેસ ચાલ્યો. આ નાઝી સરદારે સમગ્ર કેસ દરમિયાન વારંવાર એક વાતનું રટણ કરેલું કે યહૂદીઓ નિર્દોષ ન હતા. તેમણે જર્મનીને પાયમાલ કર્યું હતું. તેને પૂછવામાં આવેલું કે તમારાં આ કૃત્યોનો તમને પસ્તાવો થાય છે? આઈકમાનનો મક્કમ જવાબ હતો 'ના'. ૧૫ ડિસેમ્બર, ૧૯૬૧ના રોજ તેને મોતની સજા ફરમાવવામાં આવી. ૩૧ ડિસેમ્બર ૧૯૬૧ના રોજ તેને ફાંસી આપવામાં આવી. ફાંસી સમયે તેણે મોં પર બુરખો પહેરવાની ના પાડી હતી અને ફાંસી પૂર્વેના આ નાઝીના છેલ્લા શબ્દો હતા : 'જર્મની અમર રહો.'

આવા કંઈક કારનામા મોસાદને ખાતે જમા છે. યુગાન્ડાના એન્ટબી હવાઈમથક પર અપહૃત થયેલા યહૂદી પ્રવાસીઓને ૧૯૭૬માં પૅલેસ્ટાઈન લિબરેશન જૂથે બાનમાં રાખેલા અને છ દિવસ બાદ મોસાદના કમાન્ડોએ અણધાર્યો હુમલો કરીને માત્ર ગણતરીની મિનિટોમાં જ ભારે હિંમતપૂર્વક ૧૦૩ બંધકોને છોડાવ્યા.

એન્ટબી પરના આ હુમલામાં તમામ સાત અપહરણ-કારો તેમજ ત્રણ અપહૃતો અને એક ઇઝરાયેલી સૈનિક માર્યા ગયા હતા. મુસ્લિમ દેશ ઇરાકની શસ્ત્ર-દોટ અટકાવવા તેના એટામિક રિઍક્ટરનો નાશ કરવામાં મોસાદ સફળ રહ્યું હતું. ઇરાક માટે 'સુપરગન'નું શસ્ત્ર વિકસાવનાર કૅનેડિયન વિજ્ઞાની જેરાલ્ડ બુલની હત્યા કરી તેણે ઇરાકનાં અદ્યતન શસ્ત્રોના વિકાસને થંભાવી દીધો હતો. 'બ્લૅક સપ્ટેમ્બર' નામના આતંકવાદી જૂથ સાથે સંકળાયેલો અનેક આરબોને ૧૯૭૦માં મોતને ઘાટ ઉતારવાની કામગીરી તેણે વિના-સંકોચે પાર પાડેલી. આવી અનેક ન માની શકાય અને ચમત્કારિક લાગે તેવી સાહસિક, જોખમોથી ભરપૂર અને જીવસટોસટની કામગીરીઓ પાર પાડીને તેણે ગુપ્તચર જગતના ઇતિહાસમાં અનન્ય અને અજેય સંસ્થાનું નિર્માણ કર્યું છે.

એલી કોહેન તેનો બેમિસાલ ગુપ્તચર હતો, જે જાસૂસી કાર્યવાહી દરમિયાન દમાસ્કસમાં ફાંસીની સજા પામેલો. અન્ય એક ગુપ્તચર વુલ્ફગેંગ લોત્ઝે ઇજિપ્તના જાસૂસી કાર્યક્રમોને ખુલ્લા પાડ્યા હતા. બૈરુતસ્થિત યહૂદી મહિલા શૂલા કોહેન રાષ્ટ્રભક્તિથી પ્રેરાઈ આ સંસ્થાને માહિતી લાવી આપતી હતી અને 'મધ્યપૂર્વની માતા હારિ' તરીકે જાણીતી બની હતી.

આવી મોસાદ ૧૪ મે, ૧૯૪૮ના રોજ ઇઝરાયલના સ્વતંત્ર રાજ્યના સ્થાપના પૂર્વે, ૧૯૩૬થી 'સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ફૉર કો-ઑર્ડિનેશન ઍન્ડ ધ સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ફૉર ઇન્ટેલિજન્સ ઍન્ડ સિક્યુરિટી' નામક સંસ્થા તરીકે કાર્યરત હતી. આ સંસ્થા ૧ એપ્રિલ, ૧૯૫૧થી 'મોસાદ'ના નવા નામથી કાર્યરત થઈ. 'મોસાદ' હિબ્રૂ શબ્દ છે, જેનો અર્થ છે 'સંસ્થા' (**institute**). ઇઝરાયલના પ્રથમ વડાપ્રધાન બેન ગુરિયનનું મંતવ્ય હતું કે 'ગુપ્તચર વિભાગ સંરક્ષણની પ્રથમ હરોળ છે.' આથી એક નમૂનેદાર અને કાર્યક્ષમ સંસ્થાનો માનસનકશો ઘડી તેમણે મોસાદની રચનાની ઘોષણા કરી હતી. તેમની નિગેહબાની હેઠળ

ઈઝરાયલના ગુપ્તચર ઘટકોની પુનર્રચના થઈ હતી. જેમાંની એક મોસાદ હતી. આ સંસ્થા વડાપ્રધાનની સીધી દેખરેખ હેઠળ કાર્ય કરે છે. તેનું વડું મથક તેલઅવીવમાં છે. તેનું વ્યવસ્થિત માળખું તૈયાર કરનાર ઇસ્સેર હારેલ હતા અને ૧૯૬૩ સુધી આ સંસ્થાના પ્રથમ વડા તરીકેની કામગીરી પણ તેમણે સંભાળેલી. આ સંસ્થાનાં કાર્યો માટે સરકાર અઢળક નાણાં ફાળવે છે અને આ માહિતી ગુપ્ત રાખવામાં આવે છે. 'ઑપરેશન અત્તિલા'ના ગુપ્તચરોનાં સાચાં નામ આજદિન સુધી સલામતીનાં કારણોસર જાહેર કરવામાં આવ્યાં નથી. ૧૯૮૦માં તેનો કાર્મિકગણ (**personnel**) ૧૫૦૦ થી ૨૦૦૦ અંદાજવામાં આવતો. ૨૦૦૦ની સાલમાં તેનો કાર્મિકગણ ૧૨૦૦નો હોવાનો અંદાજ છે. પરંપરાગત રીતે તેના વડાનું નામ પ્રકટ કરવામાં આવતું નહોતું, પરંતુ ૧૯૯૬થી સરકારે આ પરિપાટીમાં પરિવર્તન કરવાનું પસંદ કર્યું છે. ૨૦૦૦ની સાલમાં સંસ્થાના ડિરેક્ટર જનરલ તરીકે ડેની યાતૂમના નામની ઉદ્‌ઘોષણા કરવામાં આવી હતી. ગુપ્તચર તરીકે આ સંસ્થામાં જોડાતા કર્મચારી પાસે દેશપ્રેમ, વફાદારી, ઊંચી બુદ્ધિમત્તા, કામની ઊંડી લગની, સાહસિકપણું જેવા ગુણોની અપેક્ષા રાખવામાં આવે છે. જીવના જોખમે કામ કરનાર આ સમગ્ર કર્મચારીગણને ઊંચું વેતન ચૂકવાય છે. કામગીરીનો પ્રારંભ તાલીમથી થાય છે. તાલીમ બાદની વાસ્તવિક કામગીરી માટે ગુપ્તચરોએ કુટુંબથી અલગ વસવાટ સ્વીકારવાનો હોય છે. તેમના કુટુંબોને ઉદાર વેતન અને સહાય આપવામાં આવે છે, અને શહાદત પામનાર કર્મચારીને અતિ ઊંચું વળતર ચૂકવાય છે.

આ સંસ્થાને પ્રારંભે અમેરિકાની સેન્ટ્રલ ઇન્ટેલિજન્સ એજન્સી (CIA)ની સર્વાંગી સહાય મળી હતી. આ બે દેશો વચ્ચેના વિશિષ્ટ અને સહકારભર્યા સંબંધોને કારણે સંસ્થાના કર્મચારીઓને તાલીમ આપવાનું, તેમને અદ્યતન જાસૂસી પદ્ધતિઓનું જ્ઞાન અને માહિતી પૂરાં પાડવાનું અને અદ્યતન સાધન-સામગ્રીથી સજ્જ રાખવાનું કાર્ય સેન્ટ્રલ ઇન્ટેલિજન્સ એજન્સી કરતી હતી.

તેના કર્મચારીગણમાં મહિલાઓ પણ સામેલ છે અને તેમની સંખ્યા પણ મોટી છે. મોસાદનો કર્મચારીગણ તેના ઉત્કટ દેશપ્રેમ માટે ખ્યાતનામ છે. આ સંસ્થામાં યહૂદી અને ઇઝરાયલી હિતો અપ્રતિમ ઊંચાઈ ધરાવતા હોવાથી માની ન શકાય તેવાં જોખમી અને જીવસટોસટનાં કાર્યો હાથ ધરી તેમને સફળતાપૂર્વક પાર ઉતારવા માટે મોસાદ જાણીતી છે. ઇઝરાયલી નાગરિકોના મનમાં જે સંસ્થાનું મહત્ત્વ અતિશય ઊંચું છે તે વિશ્વભરની પ્રથમ પાંચ ગુપ્તચર સંસ્થાઓમાંની એક છે. યહૂદી હિતો વિરુદ્ધ કામ કરતાં વિશ્વભરનાં સંગઠનો, ત્રાસવાદી જૂથો, આરબ ગેરીલાઓ, આતંકવાદીઓ અને નમાલા રાજકારણીઓ તેની હંતવ્ય-સૂચિ (**hit-list**)માં છે. 'કાત્સાદે' નામની તેની ખૂંખાર ટુકડીઓ વિશ્વભરમાં નામના ધરાવે છે. યુરોપ અને અમેરિકામાં પ્રવેશતા આરબ આતંકવાદીઓ અંગે પશ્ચિમનાં રાજ્યોને સતત આધારભૂત માહિતી પૂરી પાડી આતંકવાદ વિરુદ્ધની જેહાદ જલતી રાખે છે. મોસાદથી રાજકીય કારકિર્દીનો આરંભ કરનાર ઇઝરાયલના જાણીતા રાજકીય નેતાઓમાં ચેમ હરઝોગ, યિત્ઝાક શમીર, મેનોચેન બેગિન, યિત્ઝાક રેબિન વગેરેનો સમાવેશ થાય છે.

તેની કાર્યવાહી વિવિધ વિભાગો વચ્ચે વહેંચાયેલી છે. તદુપરાંત તે કેટલાંક આંતરિક સંગઠનો અને ઘટકો ધરાવે છે. પરંતુ તે અંગે ઝાંખી અને આછીપાતળી માહિતી જ સુલભ છે. તેની મહત્ત્વની કામગીરીમાં રોકાયેલા વિભાગો આ મુજબ છે.

(૧) કલેક્શન ડિપાર્ટમેન્ટ : આ વિભાગ અન્ય વિભાગોની તુલનામાં મોટો છે અને ગુપ્ત કામગીરીની જવાબદારી ધરાવે છે. વધુમાં વિશિષ્ટ ભૌગોલિક ક્ષેત્રો માટે બીજાં ઘણાં એકમો કાર્ય કરે છે, જેમને 'ડેસ્ક' (**desk**) તરીકે ઓળખવામાં આવે છે. આવા 'ડેસ્ક'થી ઉપરના સ્તરે 'સ્ટેશન' (**station**) નામના ઘટકો કામગીરી બજાવે છે અને વિશ્વભરની અદ્યતન માહિતીથી સુસજ્જ છે.

(૨) પોલિટિકલ ઍક્શન અને લિયેઝન ડિપાર્ટમેન્ટ : આ વિભાગ રાજકીય પ્રવૃત્તિઓમાં રોકાયેલા હોય છે. મિત્ર દેશોની ગુપ્તચર એજન્સીઓ સાથે તે સંપર્કો જાળવી રાખે છે. હરીફ દેશો સાથે અન્ય માર્ગોએ તે સંબંધો જાળવી રાખવા કોશિશ કરે છે.

(૩) સ્પેશ્યલ ઑપરેશન્સ ડિપાર્ટમેન્ટ : આ ઘટક 'મેટસાડા' (**Metsada**) તરીકે જાણીતું છે. તે મુખ્યત્વે અત્યંત સંવેદનશીલ બાબતો જેવી કે હત્યા, ભાંગફોડની યોજનાઓ, અર્ધલશ્કરી કામગીરી અને ગુપ્તચર પદ્ધતિના મનોવૈજ્ઞાનિક તોર-તરીકાઓ સાથે સંકળાયેલ છે.

(૪) લૅપ ડિપાર્ટમેન્ટ (**LAP - Lohamah Psichlogit Department**) : આ ઘટક મનોવૈજ્ઞાનિક યુદ્ધ-પ્રયુક્તિઓ, પ્રચાર, કપટી કાર્યવાહી વગેરે માટે કાર્ય કરે છે.

(૫) રિસર્ચ ડિપાર્ટમેન્ટ : બૌદ્ધિક ઉત્પાદકતાની કામગીરી સાથે આ ઘટક સંકળાયેલું છે. તેમાં રોજિંદી ઘટના અને બનાવોની માહિતીના આધારે સાપ્તાહિક અને માસિક કામગીરીના અહેવાલો તૈયાર કરવાની બાબતનો સમાવેશ થાય છે. આ વિભાગ ૧૫ વિશિષ્ટ ભૌગોલિક ક્ષેત્રોમાં-'ડેસ્ક'માં

(અનુસંધાન પૃષ્ઠ ૫૨૨ ઉપર)

રેખાચિત્ર

લેમનકિંગ

ડૉ. કેશુભાઈ દેસાઈ

મહુધા નાનકડો કસબો છે. ખેડા જિલ્લાનું વિભાજન થયા પછી પણ એ ખેડામાં જ રહ્યું છે, કારણ કે એ નડિયાદથી નજીક છે. એનું ભૌગોલિક સ્થાન એને ડાકોર અને અમદાવાદ વચ્ચેના વળાંક બિંદુની ગરિમા બક્ષે છે. ઐતિહાસિક સંદર્ભે મહુધાની ગઈ કાલ એની આજ કરતાં વધારે સમૃદ્ધ છે. રણછોડભાઈ ઉદયરામ દવે કે હરિભાઈ દેસાઈ જેવાં નામ મહુધાને ચોપડે અકબંધ છે. દલપતરામ જેવાઓએ મહુધાના પુસ્તકાલય માટે નોંધાવેલ ફાળાની નોંધ મળે છે. સ્વાતંત્ર્યસેનાની દીક્ષિતકાકાના સુપુત્ર ડૉ. દીક્ષિત છે તો જનરલ પ્રૅક્ટિશનર પરંતુ એમને મહુધાનો ભૂતકાળ સાચવવામાં ઊંડો રસ છે. એ ગુજરાતી નાટકના પિતા રણછોડભાઈ ઉદયરામના મકાનના સાખપાડોશી છે. મૂળ મકાન જર્જરિત હાલતમાં વેચાઈ ગયું અને એનું એમને નહીં હોય એટલું દુ:ખ મને થયું- આપણે આવાં તીર્થોની જાળવણી કરવાનું ક્યારે શીખીશું? 'લલિતા દુ:ખદર્શક'ના કર્તાની જન્મ-ભોમકા એમને પ્રતિમા સ્વરૂપે પણ જિવાડવા માગે છે, જ્યારે એમના પોતાના વારસદારોને મહુધાની 'મિલકત' જે મળ્યું તે સવાલાખ ગણી ફટકારી મારવામાં રસ છે. મુંબઈગરાને મન મહુધાની શી વિસાત?

મહુધામાં શારીરિક શિક્ષણના નિયામક તરીકે જિંદગીનાં સોનેરી વર્ષ સમર્પિત કરનાર નરસંડાના નરપુંગવ મહેન્દ્ર પટેલને સ્વૈચ્છિક નિવૃત્તિ લેતાં ઓચિંતા જ રણછોડભાઈ ઉદયરામ યાદ આવી ગયા. નગરપાલિકા દ્વારા પોતાના પનોતા સાક્ષરનું પૂતળું કૉલેજ પરિસરમાં મૂકવાનો ઠરાવ થયો છે. બીજા જે આપે તેઃ મહેન્દ્ર પટેલે તો ગજવાના બાર હજાર ગણી જ દીધા! સાત પોતાના નામે; ને પાંચ હજાર દિવંગત સહકર્મીની સ્મૃતિમાં, એના વતી! બીજા એકાવન હજારનું દાન પણ જાહેર કર્યું. કેળવણી મંડળના પ્રમુખ રમણભાઈ પટેલને એટલાથી સંતોષ નહીં થાય એવું લાગતાં મહેન્દ્ર પટેલે કહ્યું : 'આ તો જાહેરાત પૂરતી રકમ બોલ્યો છું. એટલે જ અટકી જઈશ એવું ના માનશો!' સ્પોર્ટ્સના કોચ હતા એટલે રમત-ગમતમાં પણ શિલ્ડ જાહેર કર્યો : મોટે ભાગે બીમાર જીવનસંગિનીના નામે.

મહેન્દ્ર પટેલ જરા માથાભારે 'માસ્તર' છે. આખું મહુધા એમની આણ સ્વીકારે છે. મહુધા કંઈ એમનું વતન નથી; પણ અહીંની કૉલેજમાં નોકરી કરવા આવ્યા તે દિવસથી ગામ આખું ગજવે ઘાલીને ફરે છે. બોલકા તો એવા કે ક્યારે શું બકી નાખશે એની કલ્પના કરવી જ મુશ્કેલ. તું-કાર તો એમની મૉનોપોલી છે. છતાં કોણ જાણે કેમ, બધાએ એમને જેવા છે એવા સ્વરૂપે જ સ્વીકારી લીધા છે. બલકે મહેન્દ્રભાઈનું છાંછિયું ન સાંભળે ત્યાં સુધી કેટલાકને તો ખાધેલું હજમ નથી થતું! છેક રાષ્ટ્રિય સ્તરે એન.સી.સી. કૅડેટ તરીકે નામના મેળવી આવેલ એમના વિદ્યાર્થી ગઢવી કહે છે : મને ગામ આખું 'બાપુ' કહીને બોલાવે છે, પણ સાહેબ તો અચૂકપણે 'એ ય ગઢવા!' કહીને જ રાડ નાખે. મને પણ એ ગઢવો કહે એ ગમે છે. બલકે એમનાથી ક્યારેક ભૂલથીય 'ગઢવી' કહેવાઈ જાય તો મનમાં લિસોટો તણાઈ જાય : જરૂર સાહેબને કંઈક માઠું લાગ્યું હોવું જોઈએ.

વિદ્યાર્થીઓ માટે એ વહાલપનો દરિયો છે. 'ડામીસ' છોકરા ફક્ત એમને જ ગાંઠે. તોફાની ઘોડો એના અસવારને ઓળખી લે એમ ગમે તેવો વંઠેલ વિદ્યાર્થી મહેન્દ્રભાઈ સામે ઠંડોગાર થઈ જાય છે. એમની પાસે એવો તે કેવો જાદુઈ મંત્ર હશે? એવું તે કેવું વશીકરણ કે ઘડી પહેલાં જ ફૂંફાડા મારતો હતો એ જીવ એમનો પગરવ સાંભળતાંવેંત જ પીગળી જાય! મહુધા કૉલેજના વર્તમાન આચાર્ય ડૉ. પરમાર મનોવિજ્ઞાનના તજ્જ્ઞ છે. એમણે ઘણા સંશોધનપત્રો રજૂ કર્યા છે, એના ભેગું એક વધારાનું છોગું ઉમેરવા જેવુ ખરું : 'મહેન્દ્ર પટેલ : એક મનોવિશ્લેષણાત્મક અભ્યાસ!'

મહેન્દ્ર પટેલમાં ચરોતરનો પાટીદાર મહોર્યો છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ પાટીદારો તો છે. પણ ચરોતરના પાટીદારની નીડરતા એને વલ્લભભાઈનો વારસ ઠેરવે છે. એને ભલભલા ભૂપની પણ સાડીબાર નથી. ગમે તેવા કપરા સંજોગોમાં એ ટકી શકે છે, બલકે એની ઓળખ અકબંધ રાખીને અડીખમ રહી શકે છે. વલ્લભભાઈને 'સરદાર'નું બિરુદ અમથું નહોતું મળ્યું. માટીમાંથી મર્દ ઘડવાની એમની ત્રેવડને લીધે એ ગાંધીજીની નજરમાં વસી ગયા હતા. આપણા આ મહુધાવાળા નરસંડાના નરવીર પણ મહેન્દ્ર પટેલ કરતાં વધારે જાણીતા છે 'લેમન કિંગ'ના નામે. મહુધાએ એમને ખૂબ લાડથી આ હુલામણું બિરુદ આપ્યું છે. હવે એ મહુધાને કારકિર્દીના સંદર્ભે કદાચ છેલ્લી સલામ પાઠવવાની હતી. મહેન્દ્ર પટેલની આંખોમાં મહુધાએ પહેલી જ વાર ઝળઝળિયાં જોયાં. મને પેલો પૃથ્વીવલ્લભ યાદ આવી ગયો.

શિક્ષક થયા પછી પણ મહેન્દ્ર પટેલમાં શ્વસતો ચરોતરનો પાટીદાર અકબંધ રહ્યો છે. એમનું પ્રિય પાત્ર છે હનુમાન. આરાધ્ય દેવતાની જેમ મહેન્દ્ર પટેલ પણ જમીન પર પગ ટેકવીને ઊભા નથી રહેતા. ડૉ. જેસવાણી કહે છે તેમ, એ સતત ઠેકડા ભરતા રહ્યા છે. એમને ઉંમરનો પાસ તો

અડક્યો જ નથી. પોતે એક રોપામાંથી ક્યારે ઘેઘૂર વડલો બની ગયા, એની ખુદ એમને પણ ખબર નથી. જે પ્રિન્સિપાલ ક્યારેક કૉલેજનો ચાર્જ લેતાં મહેન્દ્ર પટેલ નામના માથાભારે અધ્યાપકના નામથી આતંકિત થઈ ગયેલા, એ સમય જતાં એમને ફ્રેન્ડ, ફિલૉસૉફર અને ગાઈડ તરીકે સ્વીકારતા થઈ ગયા. મહેન્દ્રભાઈ હતા એટલે બીજી કશી ફિકર જ નહોતી. બધું એ જ સંભાળી લેતા. હવે એવો પારકી છઠ્ઠીનો જાગતલ ક્યાંથી લાવવો? જગ્યા પુરાશે, પણ ફક્ત શારીરિક શિક્ષણના નિયામકની જ. મહેન્દ્ર પટેલની - પેલા 'લેમનકિંગ'ની - જગ્યા એ તો કાયમને માટે વણપુરાયેલી જ રહેવાની.

આ વાત કૉલેજ અને કૉલેજનું સંચાલક-મંડળ જાણે છે, એમ આખું મહુધા જાણે છે. ખુદ મહેન્દ્ર પટેલને પણ ખબર છે કે મહુધાને પોતાની ખોટ તો પડવાની જ છે. એટલે બધા કરગરી કરગરીને પાછા બોલાવે એની રાહ જોયા વગર જ લેમનકિંગે જાહેરાત કરી : 'તમે લોકો નચિંત રહેજો! મરીશ તો ય મહુધામાં જ ભૂત થઈશ!' મહેન્દ્ર પટેલ આપેલું વચન પાળી જાણનાર જણ છે. એમને મરીને ભૂત થવાની ઘડી ભાગ્યે જ આવશે. જે માહોલ જોયો, એ પરથી તો એમ જ લાગે કે એમને અમેરિકામાં નહીં ફાવે. અત્યારે તો કૌટુંબિક ફરજ બજાવવા જઈ રહ્યા છે. બીમાર પત્નીને એની વસમી પળોમાં પતિનું સાહચર્ય ભારે સધિયારો આપશે. પણ આ માણસનું કુટુંબ બૈરાં-છોકરાં કે સગાં-સંબંધીવાળી સાંકડી વ્યાખ્યામાં સમાઈ શકે જ નહીં. એનો વ્યાપ ઘણો વિશાળ છે. મહુધા આપણે મન પચરંગી વસતી ધરાવતું નગર હશે, પણ 'લેમન કિંગ' માટે તો એ પરિવારનો જ એક ભાગ બની રહ્યું છે. મહુધા આજે રણછોડભાઈ ઉદયરામને સંભારે છે એમ ભવિષ્યમાં એના 'લેમનકિંગ'ને પણ યાદ કરશે એટલી હદે બેઉ એકમેકમાં ઓતપ્રોત થઈ ગયાં છે. એક કસબો છે, ને બીજો માણસ : પણ એમનો એકમેક માટેનો ઝુરાપો જોયો હોય તો!!! બાપ રે, આટલી હદે કોઈ ગામ એક 'પરદેશી'ના પ્રેમમાં પડી ગયું હોય એવું તો આ પહેલવહેલી વાર જોયું...

મહેન્દ્ર પટેલને મહુધા આટલો બધો પ્રેમ કરતું હશે? મનમાં જાગેલા એ સવાલનો જવાબ મંચ પર બેઠેલા સાંસદ દીપક સાથી કે મોવડી ડૉ. જેસ્વાણી આપે એ પહેલાં ખુદ મહેન્દ્ર પટેલે જ આપી દીધો. અમદાવાદના ચાળે ચડીને ક્યારેક આ સુષુપ્ત કસબો પણ કોમવાદની ઝણણી અનુભવે છે ત્યારે માથે કફન વીંટીને એક જ મરદનો બચ્ચો મેદાનમાં ઊતરી પડે છે : એનું નામ છે 'લેમનકિંગ'! મહેન્દ્ર પટેલે આખાબોલી ચરોતરી જબાનમાં મહુધાની નવી પેઢીને વિદાયવેળાએ અભયવચન આપી રાખ્યું છે. એમના જ શબ્દો ટાંકું છું :

'અમેરિકામાં હોઉં કે દુનિયાના પેટાળમાં બેઠેલો હોઉં. જે ઘડીએ મહુધામાં કોમી હુલ્લડના વાવડ મળશે કે જ્યાં બેઠો હોઈશ ત્યાંથી ખુલ્લી તલવાર સાથે ત્રાટકીશ. પછી એનાથી હિંદુ વેતરાઈ ગયો કે મિયાંભાઈ- એ જોવા નહીં ઊભો રહું! જે તોફાને ચઢ્યો હશે એ વધેરાશે!'

આવું ઉઘાડું બોલી શકવાનું બીજા કોઈ અધ્યાપકનું ગજું ખરું? પછી લેમનકિંગ મહેન્દ્ર પટેલ પર મહુધા અઢળક વારી જાય એમાં શી નવાઈ! બલકે રણછોડભાઈ ઉદયરામ જીવતા હોત તો 'લલિતા દુઃખદર્શક'ની પંગતમાં બેસે એવું નવું નાટક લખી દેત : 'લેમનકિંગ-શૌર્યદર્શક!' ❐

(આ લખાયું ત્યારે ગુજરાત ગણતરીના મહિનાઓમાં જ કોમી આગમાં હોમાઈ જશે એવી કલ્પના સુધ્ધાં નહોતી. ઓચિંતા 'લેમનકિંગ' કેવા પ્રસ્તુત બની ગયા! પણ અત્યારે એ અમેરિકા હશે!)

અનુસંધાન] મોસાદ : આતંકવાદ... [પૃ. ૫૨૦ થી

વહેંચાયેલો છે, જેમાં અમેરિકા, કૅનેડા અને પશ્ચિમ યુરોપ, લૅટિન અમેરિકા, અખંડ સોવિયેત રશિયા, ચીન, આફ્રિકા, મઘ્રેબ (**Maghreb**-મોરૅક્કો, અલ્જિરિયા અને ટ્યૂનિશિયાનો સમૂહ), લિબિયા, ઇરાક, જૉર્ડન, સિરિયા, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ પ્રજાસત્તાક અને ઇરાન-ના ૧૪ 'ડેસ્ક્સ' ઉપરાંત ન્યૂક્લિઅર ડેસ્ક વિશિષ્ટ પ્રકારનાં શસ્ત્રો અને શસ્ત્ર-સરંજામને લગતી સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

(૬) ટેક્નોલૉજી ડિપાર્ટમેન્ટ : સંસ્થાની સમગ્ર કાર્યવાહી અત્યંત કાર્યક્ષમ ઢબે ચાલતી રહે તે માટે અગ્રગત તંત્રવિદ્યા (**advance technology**) અંગેની કામગીરી આ વિભાગ સંભાળે છે. ગુપ્તચર વિભાગ માટે ઉપયોગી વિજ્ઞાનીઓ, ઇજનેરો અને તંત્રવિદોની ભરતી પર તે ધ્યાન કેન્દ્રિત કરે છે. તેની પાસે અસાધારણ બુદ્ધિભંડોળ ધરાવતા ગણિતજ્ઞો છે, અને સ્વતંત્ર સાંકેતિક લિપિ છે.

આવાં સફળ કારનામાંઓ છતાં મોસાદ પણ ભૂલને પાત્ર છે. તે મ્યૂનિચ ખાતે ઑલિમ્પિક રમતોત્સવમાં યહૂદી રમતવીરોની હત્યા કરનાર અલી હાસન સાલામેહ નામના આતંકવાદી આરબની શોધમાં હતી અને એક હોટેલના નિર્દોષ કર્મચારીને અલી હાસન સમજી લઈ તેની હત્યા કરેલી. એ જ રીતે જનરલ યિત્ઝાક હૉફીના નેતૃત્વ હેઠળ ૧૯૮૨માં પૅલૅસ્ટાઈન લિબરેશન ઑર્ગેનિઝેશનના બૈરુત- સ્થિત સમૂહમાં તેણે ભારે કત્લેઆમ ચલાવી હતી, જેને કારણે તે ભારે ટીકાપાત્ર બન્યું હતું.

આમ છતાં તેની એકંદર કામગીરી બેમિસાલ છે. આ સંસ્થાને નેતૃત્વ સમર્પણ અને અત્યંત ઊંચી કાર્યક્ષમતાના પર્યાયરૂપ ગણવામાં આવે છે. ❐

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

લૅન્ડોર

આકર્ષક, સોહામણો અને મનસ્વી એવો વૉલ્ટર સેવેજ લૅન્ડોર (૧૭૭૫-૧૮૬૪) એના સમયના સમકાલીનોમાં એક ગૌણ છતાં અલાયદું સર્જકત્વ-વ્યક્તિત્વ ધરાવતો લેખક હતો. હૅઝલિટની જેમ તે પણ એકલવાયો જીવ હતો. કેટલાકને એ મોટા ગજાનો સર્જક લાગ્યો હોવા છતાં સાહિત્યના ઇતિહાસકારોની વિવેચકીય દૃષ્ટિમાં તે ગૌણ કવિ ગણાયો છે. દીર્ઘ આયુષ્યના વિશાળ પટ પર તેણે કંઈ કંઈ ખેલ જોયા હતા. રોમૅન્ટિક પ્રવાહની ઉચ્ચાવચ ગતિવિધિનો આલેખ તેણે જાણ્યો, વિક્ટોરિયન યુગના કવિઓની કવિતાનાં શિખર તેણે નિહાળ્યાં, રાજકીય પક્ષાપક્ષી જોઈ - એ બધું એણે જાણ્યું અને નાણ્યું પણ ખરું.

લૅન્ડોરનો જન્મ ઈ.સ. ૧૭૭૫ની જાન્યુઆરીની ૩૦મીએ વૉરવિકમાં. એના મનસ્વી, તોફાની, સ્વભાવની પ્રતીતિ એ દસેક વર્ષનો થયો ત્યારથી કરી શકાય. રગ્બી સ્કૂલમાંથી તેની હકાલપટ્ટી, એ પછી ઑક્સફર્ડમાં પણ એ જ રામાયણ. બંદૂકમાંથી ગોળી છોડી, ખુલાસો આપવામાં આડોડાઈ અને બરતરફી. પિતા સાથે પણ ઝઘડો - આ સર્વ લૅન્ડોરના વ્યક્તિત્વની 'વિશેષતા' હતી!

એનો પ્રથમ કાવ્યસંગ્રહ 'પોએમ્સ' ઈ. ૧૭૯૫માં અને એ પછી ત્રણ વર્ષ બાદ, ઈ. ૧૭૯૮માં એનું મહાકાવ્ય 'જેબિર'. એનું 'સાઈમોનાઈડિયા' ઈ. ૧૮૦૬માં, એક ટ્રૅજિક કૃતિ 'કાઉન્ટ જૂલિયન' ઈ. ૧૮૧૨માં.

પણ એનો ખ્યાતનામ સંગ્રહ તો 'ઇમેજિનરી કૉન્વર્સેશન્સ' ઈ. ૧૮૨૪-૧૮૨૯ના સમગાળામાં પ્રકાશિત થયો. એ ઉપરાંતનાં એનાં પુસ્તકોમાં 'એક્ઝામિનેશન ઑવ્ શેક્સપીઅર' ઈ. ૧૮૩૪માં, 'પેરિકલ્સ ઍન્ડ એસ્પેશિયા' ઈ. ૧૮૩૬માં, 'પેન્ટામેરન' ઈ. ૧૮૩૭માં અને 'હિરૉઈક આઈડિલ્સ' ઈ. ૧૮૬૩માં-વગેરેનો સમાવેશ થાય છે.

ઈ. ૧૮૧૧માં કોઈક સુંદરીને નૃત્યાગારમાં જોઈ, એના પર એ મોહિત થયો, કશીયે આળપંપાળ વિના એની સાથે પરણી ગયો. એનું દામ્પત્ય નિષ્ફળ ગયું. એ પછી ફ્રાન્સનો પ્રવાસ તેણે ખેડ્યો, ઈટલીના ફ્લોરેન્સ નગરે તેના પર કામણ કર્યું. તેના 'ઇમેજિનરી કૉન્વર્સેશન્સ'ની રચના પણ ફ્લૉરેન્સમાં થઈ. એ ફ્લોરેન્સમાં જ રહી પડ્યો અને કાર્લાઈલના શબ્દોમાં આ 'અનશ્યુટેબલ રોમન'ની જિંદગી ત્યાં જ સમાપ્ત થઈ-સપ્ટેમ્બર, ઈ. ૧૮૬૪.

સમયના દીર્ઘ પટ પર પ્રકટેલાં એનાં વિવિધ વિષયનાં કેટલાંક પુસ્તકો વિશે વાત કરીએ તો સૌપ્રથમ 'જેબિર' યાદ કરવું પડે. એમાં એણે પૂર્વના દેશની એક કથા આલેખી છે. એમાં એની તરી આવતી વિશેષતા એણે પ્રયોજેલા 'બ્લૅન્ક વર્સ' અંગેની છે. મહાકવિ મિલ્ટનના બ્લૅન્ક વર્સની અવારનવાર યાદ આપી જાય તેવી કુશળતા તેના આ પ્રયોગમાં વરતાય છે. અગાઉની રોમૅન્ટિક પદ્યવાર્તાઓમાં કોઈએ આ પ્રકારે બ્લૅન્ક વર્સ પ્રયોજ્યો જણાતો નથી. અલબત્ત, કથાનો દોર પાતળો છે. કથાવસ્તુ પાંખું છે અને લેખક જાણે કથા માટેના વિષયની શોધમાં હોય તેવી છાપ વાચક પર પડે છે. તેમ છતાં એમાંનાં કેટલાંક ઊર્મિકો આસ્વાદ્ય બની રહે તેવાં છે. લૅન્ડોરનો કલા-સંયમ, એની કલાઘાટ આપવામાં સજ્જતા, એમાં રહેલા સૂચિતાર્થો - સહુ દાદ માગી લે તેવાં છે.

'રોઝ આઈલ્મર', 'મધર! આઈ કૅન નૉટ માઈન્ડ માઈ વ્હીલ', 'ઑન હિસ સેવન્ટી-ફિફ્થ બર્થડે' જેવાં નર્મિકો ધ્યાનપાત્ર ગણાય. કવિ શેલી અને બાયરનની અહંકેન્દ્રી-આલંકારિક શૈલીનો વિરોધ આમાં જોઈ શકાશે.

લૅન્ડોરને રોમૅન્ટિક કવિઓની જેમ ઈટલીની અને ગ્રીસની કલાસમૃદ્ધિ પ્રત્યે અનુરાગ ખરો, પણ એનું દૃષ્ટિબિંદુ એ કવિઓના કરતાં અલાયદું છે. એના ભાવાવેશો કે ઊર્મિ-આવેગો ઐતિહાસિક ઘટનાઓનું રંગરોગાન કરવા તરફ નથી. એનો રસ માનવતાવાદમાં અને ભૂતકાલીન મહાન વ્યક્તિઓ માટેની કોઈ માનસશાસ્ત્રીય જિજ્ઞાસામાં છે. એના 'હેલનિક્સ'માં ગ્રીસની પૌરાણિક કથાઓનું તત્ત્વ ગ્રહણ કરવામાં તેની આશ્ચર્યજનક સફળતા છે. ગ્રીસના વિષયો પરનાં એનાં કાવ્યોમાં એની લાક્ષણિક તટસ્થતા અને નિયંત્રણ જોવાં મળે છે. કવિ શેલી અને કીટ્સે કલ્પના, પ્રતીક આદિનો ધૂમ વૈભવ એમનાં કાવ્યોમાં વેરી મૂકેલો તેનાથી લૅન્ડોરનાં કાવ્યો મુક્ત છે. એનો એવો જ કલાસંયમ અથવા એનું ઊર્મિનિયંત્રણ 'ઇમેજિનરી કૉન્વર્સેશન્સ' માં પણ વર્તાય છે. અતીતમાં પ્રકાશિત થઈ ચૂકેલા પ્રસિદ્ધ મહાનુભાવોને તે ભેગા આણે છે અને પછી સંવાદોની એવી આગવી કુશળતા દાખવે છે કે એમાંથી એનો ઇપ્સિત સંઘર્ષ અથવા કટાક્ષ સુચવાઈ જાય.

લૅન્ડોર ભલે એના યુગના સમકાલીન સર્જકોથી વિષય અને રજૂઆતની બાબતમાં અળગો પડી જતો હોય, ભલે એ હોય એકાકી આત્મા પણ એની સ્વકીય પ્રતિભા છે. એણે

રોમૅન્ટિક કવિતામાંથી ઠીકઠીક સામગ્રી વસ્તુવિષય માટે ભલે ઉપાડી, પણ એ જ વસ્તુનો તેણે પ્રશિષ્ટ કવિની હેસિયતથી જે રીતે કૃતિમાં વિનિયોગ કર્યો તેમાં તેની સર્જક તરીકેની વિશેષતા છે. એની ઉત્તમ કૃતિઓમાં એનું જે સામર્થ્ય જણાય છે તે તેના યુગના ગૌણ કવિઓની તુલનામાં ઘણું ચડિયાતું છે, જો કે એટલું નોંધવું જોઈએ કે એ પોતે પણ એના યુગનાં પરિબળોથી સાવ રંગાયા વિના રહ્યો નથી.

લૅન્ડોરના 'ઇમેજિનરી કૉન્વર્સેશન્સ'માંના સંવાદો દ્વારા વિવિધ દૃષ્ટિકોણમાંથી પ્રકટતા નાટ્યસંઘર્ષ માટેની ચતુરાઈ અવશ્ય છે તેમ છતાં એમાં કલા કરતાં કસબ વિશેષ છે અને ચાર્લ્સ લૅમ્બ, હૅઝલિટ, દ ક્વીન્સી આદિમાં એમની પ્રતિભા પ્રકટે છે તેવી લૅન્ડોરની પ્રતિભા એના કાલ્પનિક સંવાદોમાં પ્રકટતી નથી. એનું ગદ્ય ઔપચારિક, નિયમબદ્ધ અને કેટલીક વાર ખોડંગાતું ય લાગે. એની કોઈ સમગ્ર કૃતિ સંઘેડાઉતાર અથવા સુશ્લિષ્ટ બનતી નથી. એની સર્જકતા છૂટાછવાયા પરિચ્છેદોમાં જ માણી શકાય. એની કૃતિઓ સર્વસારગ્રાહી જેવી અને સીમાબદ્ધ લાગે છે. કૃતિમાં જે વૈશ્વિક અપીલ હોવી ઘટે તે તેની કૃતિઓમાં નથી એટલે કે એમાં શાશ્વતતાનો અભાવ કઠે છે.

કવિ બાયરનની જેમ એનામાં પણ રૂઢ પ્રણાલી પરત્વે કટાક્ષવૃત્તિ છે અને સ્વાતંત્ર્યની ઝંખના પણ શેલીમાં હતી તેવી તેનામાં છે. છતાં સર્જકતાની બાબતમાં એ બાયરનની કે શેલીની તુલનામાં ઘણો ઊણો ઊતરે છે એમ કહી શકાય. એનામાં જે અનાયાસ ઊર્મિલતા હોવી ઘટે તે નથી. એ માપીમાપીને ડગ ભરતો દેખાય છે. લાગણીની બાબતમાં તે પ્રમાણમાં ચુસ્ત છે.

એના વિશિષ્ટ ગણાયેલા કાલ્પનિક સંવાદોમાં જોમ દેખાય છે, વૈવિધ્ય પણ ખરું. નાજુક, મૃદુ ઊર્મિનો સંચાર પણ તેમાં જોવા મળે. એમાં કેટલાક ઉત્તમ પ્રસંગોચિત સંવાદોમાં તેની બૌદ્ધિકતા તેમજ સર્જકતા બંનેનું સામર્થ્ય વર્તાય, પણ 'માર્સેલસ ઍન્ડ હાનિબાલ' વચ્ચેના સંવાદોમાં એ કરુણરસનો અનુભવ પણ કરાવી શક્યો છે. 'ઇસપ અને અહોડોપ'માં પણ તે હૃદયસ્પર્શી કરુણ આલેખી શક્યો છે. એના કેટલાક સંવાદો ખરેખર કાવ્યાત્મકતાનો અનુભવ પણ કરાવે છે, પણ જ્યારે એ સંવાદો દલીલબાજીમાં સરકી પડે છે ત્યારે તેમાં નીરસતા આવી જાય છે. એનામાં ઊંચી બૌદ્ધિકતા છે એ સાચું, પણ બૌદ્ધિકતા રસને ભોગે પ્રકટે છે. એ મનુષ્ય પ્રકૃતિની કેટલીક લાક્ષણિકતાઓ સંવાદોમાં આણે છે ત્યારે એની કલમનો જાદુ નીખરી રહે છે.

એની કાવ્યકૃતિઓની વાત કરીએ તો એ રોમૅન્ટિક કવિઓની કૃતિઓની તુલનામાં અવશ્ય 'ટાઢી' લાગે. તત્કાલીન કવિતાનાં પરિબળોથી પણ તેની કાવ્યધારા અલગ રહી છે. તેમ છતાં ક્યારેક એની કેટલીક કાવ્યપંક્તિઓનું મૃદુ સૌંદર્ય માણવાજોગ હોય છે. એક કડી અહીં ઉતારીએ :

> **I strove with none, for none was worth my strife;**
> **Nature and I loved and, next to nature art.**
> **I warmed both hands before the fire of life;**
> **It sinks, and I am ready to depart.**

એની ટ્રૅજિક કૃતિ 'કાઉન્ટ જૂલિયન' વસ્તુ-સંકલનાની દૃષ્ટિએ નિષ્ફળ છે. સુશ્લિષ્ટતા એમાં સિદ્ધ થતી નથી. એમાં કેટલીક પળો પ્રેક્ષકોના શ્વાસ અધ્ધર કરવાની તૈયારીમાં હોય ત્યાં જ પરપોટો ફૂટી જાય. પરાકાષ્ઠાની પળ આવે જ નહિ. તેમ છતાં પેલો પ્રયોજેલો બ્લૅન્ક વર્સ ગૌરવાન્વિત છે. એ ઉચ્ચ સ્તર પર પહોંચી શક્યો છે.

એની સર્જકતા વિશે એવું કહી શકાય કે **'He is a striking and scholarly poet, with occasional flashes of greatness. He is a noble master of prose, with occasional tracts of cultured dullness.'** (ક્રમશઃ)

લઘુકથા

ધારણા

અનંત પટેલ

સરકારી ટીમ ક્ષેત્રીય કામગીરીની તપાસણી માટે આવવાની છે તેવા સમાચાર મળ્યા ત્યારથી જ ગોહિલસાહેબ ગભરાઈ ગયા હતા. તેમને એમ હતું કે મોટાસાહેબ તપાસણી કરે એટલે ભૂલ તો કાઢવી હોય તો નીકળે જ. એટલું જ નહિ, કેટલીક ભૂલો ખરેખર થયેલી પણ હોય છે. બને એટલી ઓછી ભૂલો તેમના રિપોર્ટમાં લેવાય અને સરકાર દ્વારા કોઈ પગલાં ન ભરાય તે માટે આ ટીમને કેવી રીતે ખુશ કરવી તેની તે મૂંઝવણમાં હતા. ટીમ આવી પણ ગઈ. તપાસણી થઈ ગઈ. ગોહિલસાહેબે તેમની સારી મહેમાનગતિ કરી. ટીમના અધિકારીઓએ કામગીરીની કેટલીક ક્ષતિઓ તરફ ધ્યાન દોર્યું અને ફરીથી એવી ક્ષતિઓ ન થાય તે જોવાની સૂચના આપી.

ટીમની વિદાયનો સમય આવ્યો. ત્યારે ગોહિલસાહેબે ક્યારનું ય તૈયાર રાખેલ એક પૅકેટ ટીમના મૅનેજરને ખાનગીમાં આપવા વિચારતા હતા. ત્યાં તો ટીમના મૅનેજરે એક મીઠાઈનું પૅકેટ ગોહિલસાહેબને આપતાં કહ્યું, 'તમે અમારી ખૂબ સારી મહેમાનગતિ કરી છે અને તમારી કામગીરી પણ સારી છે એટલે અમારા તરફથી તમારાં બાળકો માટે આ એક નાનકડી ભેટ તમારે લેવી પડશે—!'

ગોહિલસાહેબ તો આ સાંભળી અવાચક થઈ ગયા. તે શું ધારતા હતા અને આ મૅનેજર સાહેબે તો તેમની ધારણાને ઊંધી જ પાડી દીધી.

આથમતાં અજવાળાં-૧૪

મેળો

ભગીરથ બ્રહ્મભટ્ટ

આભલામાં વાદળાં ડોકિયાં કાઢી ખડખડાટ હસતાં હોય કે મૂંગા રહી પરસ્પર પકડદાવ રમતાં હોય ત્યારે એ રમતને આંખમાં આંજી લેવાનું મન જરૂર થાય. એ શ્રાવણના દિવસો કે જેમાં કોઈક નખરાળી વાદળી ફરફર વેરી ખાલી થઈ જાય કે કોઈ વાદળી સરવડાં વરસાવવા આતુર બની હોય. સૂરજ બાપડો ડરી ગયો હોય એમ ક્યાંક છુપાઈને બેઠો હોય, સ્હેજ-સાજ મોકળાશ મળતાં બહાર નીકળી આકાશમાં અદ્ભુત રંગો રચી, ધરા પર, સીમમાં તડકા-છાંયાની ગતિમય ભાત રચતો હોય... એ ભાત કેફિલ હશે કે શું? એટલે જ વિરહી જનોની આંખોમાં અકળ આશાનો નશો ચઢતો હશે? હિમાદ્રિને ખૉળે દહાડા ગણતી પ્રિયા, એ જોઈને જ પ્રિયનો સંદેશ પામી જતી તો નહિ હોય! એ શ્રાવણી આભ વ્હાલ વરસાવવાનો મહિમા જ ભારતવર્ષમાં અભિવ્યક્ત કરતું હોય છે એટલે જ આનંદના, ઉલ્લાસના મેળા, એ મહિનામાં ઠેરઠેર ભરાતા જોવા મળે છે!

મને જન્માષ્ટમીનો દિવસ ખૂબ ગમે. કૃષ્ણજન્મને કારણે નહિ, પણ અમારા ગામથી છ-સાત માઈલ દૂર વાસણગામે વૈજનાથ મંદિરે ભવ્ય મેળો ભરાય છે એ કારણે. જન્માષ્ટમીના દિવસે ત્યાં મેદની ઠલવાય. એક પા શ્રાવણનાં સરવરિયાં ને બીજી પા મેળામાં મ્હાલતા અમે જુવાન તરવરિયા!! અહાહાહા!! મેળામાં જતા યુવાનોના પગ નાચતા હોય અને ગ્રામકન્યાઓની ઝાંઝરી એને તાલ દેતી હોય!! શેઢે શેઢે ચાલે તો યુવાન શાનો? એ તો ભર્યા ખેતરમાં નવી કેડી પાડે અને પાછળપાછળ થનગન થનગન કરતી મંડળીઓ, તાલબદ્ધ ચાલી આવે! આખી વાટ ઉપર જુવાનોનાં કંકુપગલાં ઉપર જુવતીઓએ ગાણાંનો ગજબનો ગુલાલ વેર્યો હોય!! રાતી ચટ્ટાક કેડીઓ આભનો રંગ ધારણ કરીને વાદળીઓનું મંચન કરતી હોય એવું અનુભવાય. વાડવેલાથી શણગાર સજેલી સીમ આ કૌતુક જોઈ હરખાતી હોય, કંઈ પાર વગરનું! નેળિયાં રેતથી નહિ, હૈયાના હરખથી છલકાતાં હોય!! પન્નાલાલ પટેલનાં કાનજી-જીવી, જે મધુરપથી મ્હાલતાં વર્ણવાયાં છે, એ જ મધુરપના અમે સાક્ષી છીએ. ભલભલા વૃદ્ધોનેય એક વાર જુવાની સાંભરી આવે એવા એવા એ દિવસો.

અમારે જન્માષ્ટમીના દિવસે ફરજિયાત ઉપવાસ કરવો પડતો હતો. ફળાહાર કરવાની લાલચે અમે બપોર સુધી ઉપવાસ કરતા અને બપોર પછી મેળે જવા ઊપડતા. કેટકેટલા દિવસો પૂર્વે સપનાં ઘડતા, મેળાની યોજનાઓ તૈયાર કરી રાખતા. મેળામાં કોકને મળવાનો વાયદો કરી રાખ્યો હોય, એ પાળવાની કેટલી બધી ઉત્કંઠા હતી ત્યારે! ડામચિયાની ગોદડીમાં દબાવી રાખેલાં પહેરણ-ચડ્ડી પહેરી લઈએ-ઈસ્ત્રી જેવું લાગે! નવાં કપડાં પણ હોય... વટ્ટ પાડીએ. કોઈનાં માગીને લાવેલાં કપડાંય પહેરીએ... અત્તર લગાડીએ. માથામાં ધૂપેલના લપેડાય ખરા... ઘણી તમન્નાઓ હોય, એ દિવસે. વિરહ-વ્યાકુળ બનેલું યૌવન જાણે કે તરસ ઠારવા દોટ મૂકતું ન હોય!

આસપાસનાં અને દૂરદૂરનાં ગામોમાંથી લોકો પગે ચાલી, ગાડાં લઈ કે ટ્રેક્ટર લઈ આવે. ભક્ત-મંડળીઓ હોય, નવાં નકોર અને કોરાં કટ્ટ ધોતિયાં-ખમીશ, ચમકદાર બટન, કફની, છત્રી, મફલર, પગમાં ચમચમ કરતી મોજડી કે તેલ પાયેલા ચામડાનાં જોડાં, ફરફરતી મૂછો, ઉઘાડી છાતી, ગળે રૂમાલ, માથે ફાળિયાં, કોઈના હાથમાં ઢોલ તો કોઈના ખભે નગારું, ત્રાંસા અને કાંસી-જોડાં... હલકદાર અવાજ... જાણે કોઈ મહારાજાનો લગ્નોત્સવ!

'કે મળવા આવોંનૂઅ સુન્દરવર સૉંવરિયા'એ ધ્રુવપંક્તિથી ઉપાડેલું પદ કેટલું લાંબું ચાલે! ઊગમણેથી, આથમણેથી, ઓતરાદેથી, દખણાદેથી લોકો આવે... ચારેકોરથી મેદની ઠલવાય. દૂરદૂર નજર માંડો તો મનેખનો મેળો. ખેતરની વાટમાં, નેળિયાના મારગમાં, માણસ જ માણસ... પ્રવાહ હોય જાણે! ખોવાઈ જવાય એવો મેળો. મનખાદેવનો મહાનદ!

મેળામાં દર્શન કરવા જવાની ભીડમાં ભરાયા તો થઈ રહ્યું... ભીડને ભેદી આગળ નીકળવું જ મુશ્કેલ! કેટલાક જાણીતા ચહેરાઓ સામે હાથ હલાવીએ... ને ધક્કે ચડીએ. હજીયે મને નથી સમજાયું કે જન્માષ્ટમી એ તો કૃષ્ણના જન્મનો ઉત્સવ છે છતાં વૈજનાથ (શંકર)ના આંગણે આટલો ઉત્સવ શા કારણે? હું ય એ મેળામાં ખોવાયો છું, ભીડમાં રડ્યો છું, માનવમેદની વચ્ચે મેં પણ નાચીકૂદી ભજનો ગાયાં છે. લોકગીતો ગાયાં છે :

ઊડે રે ગુલાલ... ઊડે રે ગુલાલ...
રામદેવના ચૉકમાં ઊડે રે ગુલાલ...

*

છેલ રમતુડી... છેલ રમતુડી...

*

શામળાજીના મેળે રણઝણિયું કે પેંઝણિયું વાગે...

મેળામાં કેટકેટલી હાટડીઓ! હારમાળામાં

ગોઠવાયેલીયે ખરી, ને અસ્તવ્યસ્ત પણ ખરી. હાટડીએ હાટડીએ ભીડ. કોકની નજરમાં અમી તો કોકની આંખમાં ઈજન, કોકને પરબ મળે ને ઘણાં તરસ્યાં જ રહી જાય... ફુગ્ગા વેચાય, ટોપીઓ વેચાય, કાંસકીઓ હોય, ચેવડાની દુકાન હોય, પાવાના ઢગલા હોય, પિપૂડીઓ હોય, રમકડાં હોય, ધોકા હોય, ઘરગથ્થુ સામગ્રીઓ હોય, મેવા-મીઠાઈ હોય, ચવાણું હોય, દેવના ઘોડા-પાળિયા, ભરતકામ, મોતીકામ, કાષ્ઠકામ, વાસણો - કલામય કોતરકામના નમૂના! તોરણો, ચાકળા ને ચંદરવા, ટોડલિયા ને ભૂંગળીઓ... એવું તો કેટકેટલુંય! ગોળીઓ ને પીપરમિન્ટ તો ખરાં જ... ઈંઢોણી, નેતરાં, હાંડલાંય મેળામાં મળે! ઢબુ પૈસાનું અને કાણિયા પૈસાનું ચલણ. આ નાનો હિસાબ અને પાઈની ગણતરી. તડકોય નીકળે ને વરસાદેય આવે... સ્ત્રી-પુરુષો એને ગણકારે જ નહિ. એ તો ઢોલત્રાંસાંના તાલે ચેતનાને જોડીને ગાવામાં પડ્યાં હોય!

કેટલાંક માણસો મેળામાં શ્રદ્ધાથી આવે,તો ઘણાં પોતાની બાધા-આખડી પૂરી કરવા આવે. કોઈ શ્રીફળ વધેરે તો કોઈ થાળ ધરે. અમારા જેવા તો જતા કેવળ ફરવા-આનંદપ્રમોદ કરવા! અમે ચગડોળ આગળ ખોડાઈ જતા. ચગડોળ જ મેળાનું હૃદય જાણે! શરમાતી શરમાતી જુવતીઓનું એક ઝુંડ આવે, ચકડોળમાં બેસવા - એને અમે તાકી રહીએ... એમાંની એકની આંખો અમારી આંખોમાં ઝિલાય... પછી એની ખાતરી કરી લેવા અમારી આંખો વારે વારે એ તરફ મંડાય... ચકડોળમાં જોડેજોડ બેસવાની હિંમત થાય નહિ અને લાલસા અપાર હોય... ચકડોળ જાણે જુવાનીને ઝુલાવે! નીચેથી ઊંચે અને ઊંચેથી નીચે. કેવી ભાવાત્મક અનુભૂતિ!

કોઈ પૂનમિયો ચાંદો ઊગ્યો હો રાજ...
હો મારી જોડ્યાં...

મને એમ થાય ગાનારી જુવતી મને પુનમિયો ચાંદ કહી રહી છે એવો ટૅસડો પાડે કે... એ મેળાના આકાશમાં, ખુદ આકાશ પણ નીચે ઊતરી મ્હાલે... શંકરનું સાત માળનું મંદિર, એના પર ફરકતી ધજા! શંકરની સાક્ષીએ રચાતાં તારા-મૈત્રક... ઘડીભર લોકો પોતાના કલહ-કંકાસ, ટંટા વિસારે પાડીને કેવી તન્મયતાથી પોતાની જાતને રસતરબોળ કરે છે મેળામાં! ઉત્સવના આ ઉજવણામાં એક વાર જવા જેવું હોય છે એ બજારમાં... મનગમતા પાત્રને અડી લેવાનો ઉત્સવ ઊજવવા જેવો છે. આંખોથી અભડાઈ જવાની લિજ્જત લેવા જેવી છે હોં! એક રીતે મેળો બગીચો છે. વિવિધરંગી ફૂલો જેવો જ. કંઈ કેટલુંય એ સુવાસે તરબતર

'કુમાર'ના અમૃતપર્વ નિમિમત્તે 'કુમાર' ટ્રસ્ટને મળેલાં દાન

૧.	અ.સૌ. શાન્તાબહેન વિ. પુ. પટેલ (વડોદરા)	રૂ. ૨૫,૦૦૦
૨.	શ્રી પ્રવીણભાઈ એલ. શાહ (મુંબઈ)	રૂ. ૧૦,૦૦૦
૩.	શ્રી અવનિ સી.બુચ (અમદાવાદ)	રૂ. ૩,૦૦૦
૪.	શ્રી હરીશભાઈ ઝવેરી (ગૂડગાંવ-હરિયાણા)	રૂ. ૧,૫૦૦
૫.	શ્રી જયસુખભાઈ જે. પારેખ (અમદાવાદ)	રૂ. ૧,૫૦૦
૬.	શ્રી પી. આર. બકેરી (અમદાવાદ)	રૂ. ૧,૦૦૦
૭.	શ્રી વી. જી. મજમુદાર (અમદાવાદ)	રૂ. ૧,૦૦૦
૮.	શ્રી અનાર વી. મજમુદાર (અમદાવાદ)	રૂ. ૧,૦૦૦
૯.	શ્રી પ્રફુલ્લ એ. પરીખ (અમદાવાદ)	રૂ. ૫૦૧
૧૦.	ડૉ. વર્ષા પી. શાહ (ડીસા)	રૂ. ૫૦૦

દાનની રકમ 'કુમાર ટ્રસ્ટ'ના નામે મોકલવી.

કલમ ૮૦જી અન્વયે આ દાન આયકર રાહતને પાત્ર છે.

થઈ જતું હોય છે! હજારોની મેદનીની ભીતરમાં પેલી આદિમ વૃત્તિનો આવેગ ઘણો ગત્યાત્મક હોય છે. એક દેવાલય અને અસંખ્ય દર્શનાર્થીઓ. એ ઘટના રૂપક બની જાય છે. પછી તો... ઉત્સાહી જુવાનો ભજનના ભગવા રંગમાં હૈયાના હેતના રંગ ભેળવી ભેળવીને કંઈ નાચે, કંઈ નાચે... એ નાચે ત્યારે એમને આવતી કાલની ચિંતા જ ન હોય, એવાં નફકરાં!

જુવાન છોરો-જુવાન છોરી. જુએઃ એમાં જ જાદુ. સ્કૂલમાં ભણતા છોકરા સુધારાને ચાળે ચઢ્યા હોય, મેળામાં અડપલાંનો આધાર લેતા હોય, કોઈ સુથારનો છોકરો હરિજનની છોકરીને લઈ છેટો ઊભો ઊભો હરખાતો હોય- અમને ઈર્ષા આવતી હોય. કોઈ કલ્પિત વિરહમાં અમે ચિંતાતુર હોવાનો દેખાવ કરતા હોઈએ. કોઈ છોકરીને પાન ખવરાવીએ ને જો એ ખાઈ લે... પછી તો ધન્ય ધન્ય થઈ જવાના એ દિવસો. વીંટી-રૂમાલ, બંગડી, બોપટ્ટી, કાંસકા આપવા-લેવાની એ મોસમ. અને જિંદગીભર યાદ રાખવા જેવો ખજાનો હોય છે મેળામાં...! મેળામાં છૂંદણાં મેલાવા આવેલી રબારણ કન્યાઓ એમના ધોળા દૂધ જેવા પગે છૂંદણાં મેલાવતી હોય ત્યારે અમે ટગરટગર નિહાળીએ!

જન્માષ્ટમી એમ કહેવાનું તો પાછળથી પ્રાપ્ત થયું, પણ પહેલાં તો અમે ગોકળઆઠમ એમ કહેતા. એ ગોકળ-આઠમને દિવસે કેટકેટલા વાયદા થતા : એને આધારે જ જીવનો જોડાતાં. આદિવાસીઓના મેળા તો વિશિષ્ટ હતા-ગોઠિયો અને ગોઠણ જાણે સ્વર્ગમાં પહોંચ્યાં હોય! શામળાજીના મેળાની તોલે, વૌઠાના મેળાની તોલે બીજો કોઈ મેળો ન આવે એવું લોકો કહે, પણ તરણેતરનો મેળો તો બેનમૂન!!

મેળામાં જવા માટે જીદ કરીએ. ઘરમાંથી આઠઆના-રૂપિયો મળે તો ધન્ય થઈ જઈએ. ગુંદર વીણી, મજૂરી કરી, કાલાંફોલી રૂપિયો-બે રૂપિયા ભેગા કર્યા હોય એ મેળામાં વાપરીએ અને શ્રીમંત હોવાનો ડૉળ કરીએ. આનંદ-આનંદ કરીએ. આજે હજારો રૂપિયા વાપર્યાનો આનંદ એ રૂપિયા-બે રૂપિયાની તુલનામાં આવી શક્યો નથી.

આજે તો માણસ પોતે જ સંવેદનબધિર બની ગયો છે. એને મેળામાંથીય આનંદ મળતો નથી. મેળા ખસતા ખસતા શહેરોમાં જઈ, વિકૃત થતા જાય છે. શહેરીકરણે મેળાના નિર્દોષ આનંદને ભરખી લીધો છે. મેળામાં ગ્રામ સંસ્કૃતિનો મહિમા : એના ઉપર વિકૃતિનું આક્રમણ ! પ્રજાજીવનની અસ્મિતા અને સ્નેહીઓનું મિલન-સ્થળ એટલે મેળો! મેળાની સિક્કલ હવે તો બદલાઈ ગઈ છે, એમાંય નકલ આવી ગઈ છે. મેળાઓ હવે તો દેખાવ પૂરતા ભરાય છે. માનવમેદની પણ નિર્દોષતા નેવે મૂકીને મેળે આવે છે.

માણસોના મિજાજમાં ભરતી-ઓટ આવ્યા જ કરે છે. જીવન જ એવું સંકુલ છે કે સ્વાભાવિકતા સ્વીકારવી જ પડે, પરંતુ મેળો તો લોકોમાં આવતી આનંદ-મોજ મસ્તી, ભરતીનું પ્રતીક છે. સદા આનંદમાં રાખે, સહજ આનંદનો પરિચય કરાવે છે. મેળો એ અનહદનું ઝરણું છે. એમાં ન્હાઈને માણસો તાજાતરા થતા હોય છે. મેળાનું આકર્ષણ ઉંમરે ઓછું જરૂર કર્યું છે; પણ એનો અસલી રંગ એવો ને એવો દેખાય છે, એના ઉજાસે એવો ને એવો ઊભો છું. ❑

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

સને ૧૯૪૯-૫૦માં આચાર્ય ડૉ. માંકડ સભાગૃહના મંચ ઉપર એક તરફ રહેલી ખુરશી ઉપર બેઠા. પાછળ પડદો હતો. એમણે જણાવ્યું કે પતિ-પત્નીનો મધુર ઝઘડો તમે સંગીતમાં સાંભળો અને જ્યારે પડદો ખોલવામાં આવ્યો ત્યારે પંડિત ૐકારનાથ ઠાકુર બન્ને અવાજમાં મધુર રાગમાં ગાતા હતા. પુરુષ અને સ્ત્રીના બન્ને અવાજો જુદા જ. પુરુષ કર્કશ અને સ્ત્રી થોડી રોતી પણ મનાવવા માટે આતુર! પછીથી સંગીત શિરોમણિ ૐકારનાથે સમજાવ્યું કે પુરુષનો અવાજ પુરુષ રાગમાં ગાય છે અને સ્ત્રીનો અવાજ સ્ત્રી રાગમાં છે.

એમણે સમજાવ્યું કે અમુક રાગમાં વગાડાય તો ગાય-ભેંસ આદિ વધારે દૂધ આપે છે એટલું જ નહીં, પણ એ દૂધ ગુણકારી નીવડે છે. અલબત્ત, એમણે ઉમેર્યું કે ગાયભેંસ પાસેથી આવી રીતે વિશેષ દૂધ લેવા સાથે તેની કસર તેમને સારો ચારો આપી પૂરી કરવી જોઈએ. ત્યાર પછી તેમણે 'હોંકારો' હુંઉંઉંને જુદાં જુદાં નવે રસોમાં બોલી બતાવ્યો.

એમને પૂછવામાં આવ્યું કે આપને સંગીત-સાધનામાં કેમ રસ ઉત્પન્ન થયો. તેઓએ જણાવ્યું કે, 'મારી માતા સહજ રીતે ભજનો ગાતાં રહેતાં, મને પયપાન કરાવતી વખતે તેઓ કોઈને કોઈ ભજન ગાતાં જ રહેતાં. છતાં, મારો અવાજ થોડો તરડાયેલો હતો. વડીલો દ્વારા મને સમજણ આપવામાં આવી કે અવાજને કેળવી પણ શકાય છે. કુમાર અવસ્થામાં મને પડકાર ઝીલવા તેઓની પ્રેરણા મળી. પરિણામે આજે સંગીતસેવા કરી શકું છું. આપ સૌને કહીશ કે આપ સૌ થોડી મહેનત, ધીરજ, લગન અને રસ ધરાવશો તો સંગીત શીખવું અઘરું નથી. હું દરેક વિદ્યાર્થીને એકાદ-બે રાગ શીખવા ભલામણ કરું છું. પરિણામે કૉલેજમાં અમે શારદા મંદિર સ્કૂલના નાનુભાઈ પાસે ભૂપાલી, ભીમ-પલાસી, દેશ, સારંગ વગેરે રાગ શીખ્યા હતા.

વર્ષો પછી ચોરવાડ પાસે શારદાગ્રામ જવાનું થયું. ત્યારે સુમધુર સંગીત - ગૌશાળામાં - મેં સાંભળ્યું. મનસુખ-રામભાઈ જોબનપુત્રાએ જણાવ્યું કે, 'આ વાત મેં ૐકારનાથ ઠાકુર પાસે વલ્લભવિદ્યાનગરમાં સાંભળી હતી.' અને અહીં શારદાગ્રામ થતાં જ તે રીતે ગોઠવ્યું છે એટલું જ નહીં, પ્રભાતે દરેક વિદ્યાર્થી સંગીત સાંભળતા જ ઊઠે છે. જમતી વખતે પણ સંગીત/પ્રાર્થના વગેરે અમે યોજ્યાં છે. વિદ્યાર્થીઓમાં સંગીત વડે એક સામંજસ્ય અને સહકાર ઊભાં થયાં છે, આમ, તેમની સ્મરણ-શક્તિ અને શીખવાની કાબેલિયત વધે છે.

સૂફી સંગીત આ રીતે મનુષ્યમાં શાંતિ પ્રેરવા માટે આયોજાય છે. રશીઅન સંત જ્યોર્જ ગુર્જિએફે દરવેશ નૃત્ય સાથે સંગીતને જોડ્યું છે. તેમણે સંગીત સાત સૂરો સાથે વિશ્વ-સર્જનનો અને યાંત્રિકતાની ઉપર ઊઠવાનો સિદ્ધાંત બનાવ્યો છે, હોરામાં ઊઠવા-જાગી જવા માટે સંગીતની આવો સત્ત્વશીલ સાધનાએ પાશ્ચાત્યોને આકર્ષ્યા છે. અમેરિકાના ઇલિનોય રાજ્યમાં ઘણી ઑફિસોમાં આ રીતે પશ્ચાદ્ ભૂમિમાં સંગીત પ્રહરે પ્રહરે જુદું જુદું વગાડી કર્મચારીઓની કાર્યશીલતા વધારાય છે અને તેઓ બોજા રહિત કાર્ય કરી શકે છે. શક્તિ-આરાધકો માતાજીના છંદો નાભિમાંથી ગાય છે અને ભક્તોનાં ચિત્તમાં અપાર શાંતિ ધરે છે. તુંબેલ ચારણોની 'ચરજુ', 'સરજુ'ની માફક સંગીત અને ધ્વનિ આધારિત 'રમત' ઉપર લોકોમાં શક્તિ-સંચાર કરે છે. ખંભાળીઆ પાસે ખજૂરિયા જાગે તુંબેલ ચારણોની જુદી જુદી શાખા ભેળી થઈ આરાધના કરે છે. ❑

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

પિતાનું સુખ - બાળકોની વિશિષ્ટતા

તા. ૧૯-૪-૯૬ : ૧૩-૪ થી ૧૬-૪ સુધી હું દિલ્હી હતો. જેમ આપણી સંક્રાન્ત ૧૪મી જાન્યુઆરીએ આવે તેમ ઉત્તર ભારતની વૈશાખી ૧૩મી એપ્રિલે જ આવે અને દર ૧૩મી એપ્રિલે દિલ્હીના ગણિત-શિક્ષકોનું મંડળ ગણિતના એક-બે મહાનુભાવોને બિરદાવવાનો કાર્યક્રમ ગોઠવે છે. એક ગણિત-પ્રેમીનું બહુમાન કરે છે. આ વર્ષે આવું બહુમાન મારી પુત્રી-હિનાના એક વાર બૉસ હતા તે ડૉ. રામારાવનું કર્યું અને એક ગણિતના સંશોધનકાર એચ.પી.દિક્ષિતને ડિસ્ટિંગ્વિશ્ડ સર્વિસીસ ઍવૉર્ડ (**Distinguished Services Award**) આપ્યો. આ દિક્ષિતને પણ હિના સાથે આડકતરો સંબંધ છે. કાર્યક્રમ દરમિયાન, હસતાં હસતાં ભાષણમાં મેં નીચે પ્રમાણે ઉલ્લેખ કર્યો:

'પંદરેક વર્ષ પહેલાં પ્રો. દિક્ષિત અમદાવાદ ઈસરો (**ISRO**)માં સ્પ્લાઈન વિધેયો વિષેના સેમિનારમાં આવ્યા હતા અને મને મળવા ખાસ મારે ઘેર આવ્યા હતા. હવે બન્યું એવું કે પીટ્સબર્ગમાં **Ph.D** કરતી હિનાએ બે દિવસ પહેલાં જ મને લખ્યું હતું કે તે તેના સંશોધનમાં સ્પ્લાઈન વિધેયોનો ઉપયોગ કરવાની છે! એક બીજી વાત. આજે આપણે પ્રોફેસર રામારાવનું બહુમાન કરી રહ્યા છીએ. પ્રોફેસર રામારાવ ડૉ. હિના ગોખલેને ઓળખે છે અને પ્રોફેસર રામારાવને મેં મારી ઓળખાણ હિના ગોખલેના પિતા તરીકે આપી. આ હિના ગોખલે પહેલાં જ્યારે હિના વૈદ્ય હતી. ત્યારે તેણે મને પેલો સ્પ્લાઈન ફંક્શન વિષેનો પત્ર લખ્યો હતો... આમ મારે માટે તો આ બન્ને મહાનુભવો સાથે વિશિષ્ટ સંબંધ છે.

શિક્ષકે વર્ગમાં કેવાં કપડાં પહેરવાં?

તા. ૯-૬-૯૬ : ગુજરાત યુનિવર્સિટીના ગણિત વિભાગમાં મેં છેલ્લા વર્ગો લીધા ૧૯૭૧ના જૂનમાં. તે વાતને આજે પચ્ચીસ વર્ષ થયાં એટલે હવે વિભાગમાંથી ખરેખર રિટાયર થવું એમ મેં નક્કી કર્યું છે. ગણિત-વિભાગનું મકાન બંધાયું ત્યારથી જ જે મોટા રૂમમાં બેસતો તે રૂમમાં હજુ પણ બેસું છું એટલે પહેલું કામ એ કર્યું કે વિભાગને તે રૂમ સોંપી દેવો અને 'સુગણિતમ્'ની ઑફિસ માટે કોઈ નાનો રૂમ લઈ ત્યાં બેસવાનું રાખવું.

આમે હવે દીના પછી મુન્ની (નીલીબેન) પણ પ્રોફેસરીને રસ્તે ચઢી એટલે મારી પ્રોફેસરી ઘટી જાય તો પણ કુટુમ્બમાં પ્રોફેસરીની સાચવણીનો સિદ્ધાંત (**Principle of Conservation of Professary**) જળવાઈ રહેશે! હા, તો નીલીબેન ૧લી જુલાઈથી નવી નોકરીમાં જોડાઈ ગયાં છે. તેને પહેલી સૂચના એ મળી કે વર્ગમાં સાડી પહેરીને જ જવું. વર્ગમાં વિદ્યાર્થીઓથી દેખાવમાં જુદા પડવું હોય તો બહેન-પ્રોફેસરે સાડી પહેરવી જોઈએ અને આવતી કાલે બેના સાડી-બ્લાઉઝમાં કૉલેજે જશે! જો કે નવી નોકરીમાં પ્રિન્સિપાલ આવી સલાહ આપે તે કાંઈ નવી વાત નથી. આજથી ૫૩ વર્ષ પહેલાં, ૧૯૪૩માં એમ.ટી.બી. કૉલેજ સુરતમાં હું ઈન્ટર્વ્યૂ આપવા ગયો ત્યારે સુરવાલ અને શેરવાણી પહેરીને ગયો હતો. કૉલેજના પ્રિન્સિપાલ મારા મોટાભાઈના શિક્ષક હતા. તેમણે મારા મોટાભાઈને તરત જ કાગળ લખ્યો અને લખ્યું કે તમારા ભાઈને અમે સિલેક્ટ કર્યા છે પણ મારું સૂચન છે કે વર્ગમાં તેઓ સુરવાલ (ચોરણો) ન પહેરે પણ ધોતિયું કે પાટલૂન પહેરે! હવે ત્યારે ખાદી તો હાથે કાંતેલાં સૂતરના બદલામાં જ મળતી એટલે ખાદીનું ધોતિયું તો લેવાય એમ નહોતું. એટલે પછી મોટાભાઈનાં કોટ-પાટલૂન દરજી પાસે મારા માપનાં બનાવ્યાં અને પછી કૉલેજમાં જોડાયો. હા, તો સુરતની કૉલેજનાં ચારે વર્ષ મેં કોટ-પેન્ટ-ટાઈ જ પહેર્યાં!

કોયલની દાદાગીરી અને શેરનાં ડિવિડન્ડ

(૧) તા. ૩૦-૬-૯૬ : આપણે જાણીએ છીએ કે કોયલ તેનાં ઈંડા બીજા પક્ષીના માળામાં મૂકી આવે છે પણ તેમાં કોયલની દાદાગીરી કેટલી છે તેની વાત કરંટ સાયન્સમાં પ્રકટ થયેલા એક લેખમાં જાણવા મળી. બીજા પક્ષી (યજમાન પક્ષી)ના માળામાં તે યજમાનનાં ઈંડાં હોય અને તેની સાથે જ કોયલ પોતાનાં ઈંડાં મૂકી આવે. એક-બે દિવસ પછી કોયલ તે માળામાં જઈ તપાસ કરે અને તેને ખબર પડે કે યજમાને તેનાં ઈંડાં માળામાંથી બહાર ફેંકી દીધાં છે તો કોયલ યજમાનનાં ઈંડાં ચાંચ મારીને ફોડી નાખે. બિચારો યજમાન ઠેકાણે આવી જાય અને તેનાં બીજાં ઈંડાં વખતે કોયલ ત્યાં ઈંડાં મૂકી જાય તો તેને બહાર ફેંકી ન દેતાં, સેવે અને કોયલનાં બચ્ચાંને જન્મ દે. છે ને દાદાગીરી, ગુંડાગીરીનો નમૂનો!

(૨) તા. ૩૦-૮-૯૬ : ૧૯૭૦માં હું લંડન ગયેલો ત્યારે જાણેલું કે બ્રિટનની પોસ્ટ ઑફિસોમાં નાતાલ દરમિયાન કામ વધી જાય ત્યારે કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓને સૉર્ટિંગ, ડિલિવરી વગેરે કામમાં ટેમ્પરરી નોકરી મળી રહે છે. ૧૯૯૪ પછી મુંબઈમાં પણ એવું થાય છે. ઈંગ્લન્ડમાં તો બધાનાં નાતાલ એકસાથે આવે પણ અહીં મુંબઈમાં તો દિવાળી એકલા

(અનુસંધાન પૃષ્ઠ ૫૩૨ ઉપર)

ગુરુ વાહ-વાહજી!

બહાદુરભાઈ જ. વાંક

વૃક્ષો અને પહાડોથી મઢાયેલા એક અતિ રમણીય સ્થળે, નદીકિનારા ઉપર પર્ણકુટિ બાંધીને ગુરુ બજુવાના આત્મીય મિત્ર સૂફીસંત બુધાજી રહેતા હતા. ગજબના પ્રકૃતિપ્રેમી! વાતાવરણમાં ક્ષણે ક્ષણે બદલાઈ જતા પહાડો અને લીલાછમ વૃક્ષોના રૂપ-રંગ જોઈને વાહ વાહ બોલ્યા કરે. પવન, નદી, ઝરણાં અને વૃક્ષોના સૂક્ષ્મ નાદને કાનમાં ઝીલતાં વાહ વાહ બોલ્યા કરે, તો દિવસના સૂર્યોદય-સૂર્યાસ્તની તેજછટાઓને અને રાત્રિના આકાશમાં વાદળાંઓની વચ્ચે ચંદ્ર અને તારાઓની સંતાકૂકડીની રમત જોઈને વાહ વાહ બોલતાંકને અહોભાવથી નાચવા માંડે! પછી તો જાણે તેમને એવી ટેવ પડી ગઈ કે તેમના હોઠ ઉપર ખુદાના નામને બદલે 'વાહ વાહ'ના નામનો જપયજ્ઞ જ શરૂ થઈ જાય. કુદરત પ્રત્યેના તેમના આ પ્રકારના ભક્તિભાવથી પ્રભાવિત થઈને તેમના ચાહકોએ તેમનું નામ પાડી દીધું હતું - 'ગુરુ વાહ-વાહજી!!'

ભૂતકાળમાં ગુરુ બજુવાએ તેમને પોતાના આશ્રમમાં રહેવા આવી જવા અનુરોધ કર્યો હતો, ત્યારે તેમણે બહુ જ વિનમ્રતાથી ના પાડતાં કહ્યું હતું : 'અહીં હું પહાડોને જોઉં છું ને પહાડ બની જાઉં છું, વૃક્ષોને જોઉં છું ને વૃક્ષ બની જાઉં છું અને પંખીઓને જોઉં છું ને પંખી બની જાઉં છું.! મારા અસ્તિત્વનાં વારે વારે બદલાતાં રૂપોની લીલાને હું આ જગ્યા સિવાય બીજે ક્યાં જોઈ શકવાનો હતો?'

હસતાં હસતાં ગુરુ બજુવાએ કહ્યું હતું : 'બુધાજી! તમે તો મને પણ વાહ વાહ બોલવાનું શિખવાડી દીધું, હોં!'

એક દિવસ શહેરના આઠ-દસ કવિ મિત્રો અને અન્યો તેમના કુટુંબ સાથે પિકનિકની મજા માણવા બુધાજીના વિસ્તારમાં આવ્યા. લગભગ બુધાજીની પર્ણકુટિરની આસપાસની જગ્યામાં જ બધાએ ધામા નાખ્યા. કોઈકે વૃક્ષોમાંથી પાંદડાં સાથેની ડાળીઓ તોડીને તેની સાવરણીઓ બનાવીને આસપાસની જગ્યા સાફ કરી. પછી કેટલાક અધ્યાપકો પત્તાં રમવામાં તો કોઈ નવકાંકરીની કે ચેસની રમત રમવામાં વ્યસ્ત થઈ ગયા, તો કેટલાક ગપ્પાં મારવામાં કે રેડિયો-ટેપ સાંભળવામાં પડી ગયા, તો કેટલાક જુવાન છોકરાઓ ટેપ ઉપર વાગતી ફિલ્મી ધૂનો સાથે તાલ મેળવતા ડિસ્કો-ડાન્સ કરવા લાગ્યા. ત્રણ-ચાર કલાક આ કાર્યક્રમ ચાલ્યા પછી સાંજના ચારેક વાગ્યે મુશાયરો શરૂ થયો. અન્યોન્યના શેર-શાયરીને દાદ આપતાં કવિઓ-અધ્યાપકોએ વાહ-વાહના અવાજોથી આસપાસના વિસ્તારને ગજાવી મૂક્યો.

લગભગ આખો દિવસ ચૂપચાપ બધાનો ઘોંઘાટ સાંભળતા રહેલા બુધાજી પિકનિકની મજા માણી રહેલા અધ્યાપકો અને કવિઓ પાસે આવ્યા. બધા એમને ગુરુ 'વાહવાહ'ના નામે સારી રીતે ઓળખતા હતા, એટલે બધાએ એમને બે હાથ જોડી પ્રણામ કર્યા.

બુધાજી બોલ્યા : 'અન્યને મસ્તક નમાવવાનો કે પ્રકૃતિની પૂજા કરવાનો અભ્યાસ કૉલેજમાં કે બીજે ક્યાંય પણ આજે શિખવવામાં આવતો નથી, પછી હું પણ તમને શું દોષ આપું?' ને લોહીના ટશિયાથી અને ઉઝરડાથી ખરડાઈ ગયેલો પોતાનો જમણો હાથ બધાને બતાવતાં પૂછ્યું : 'મારા આ હાથને કોણે ઈજા પહોંચાડી છે એની તમને લોકોને કંઈ ખબર છે?'

કોઈ કશો જવાબ આપી શક્યા નહીં. હા, એક અધ્યાપકે સામું પૂછ્યું : 'એની અમને શું ખબર હોય?'

'સાવરણી બનાવવા માટે તમે વૃક્ષ ઉપરથી ડાળીઓ તોડી ને એની વેદના મારો આ હાથ ભોગવી રહ્યો છે એની તમને ખબર છે?' બુધાજીએ પોતાની વેદના વ્યક્ત કરી.

બુધાજીની વાત સમજી જતા હોય તેમ કેટલાક અધ્યાપકો અને કવિઓએ તેમની ક્ષમા માગી.

'ક્ષમા તમારે મારી નહીં, પણ પ્રકૃતિમાતાની માગવી જોઈએ. ઘોંઘાટ અને ચા-પાણી-નાસ્તાથી તમે આ સ્થળને-તેના પર્યાવરણને પણ-કેટલું બધું પ્રદૂષિત કરી નાખ્યું! હવે તમે અનુમતિ આપો તો વધુ બે શબ્દો કહી સંભળાવું.'

'એમાં શું? ખુશીથી જે કહેવું હોય તે કહો.'

બુધાજી બોલ્યા : 'તમારો પ્રત્યેક નબળો વિચાર-ભાવ અને હીન લાગણી સૌપ્રથમ તમારા જ આભામંડળને કાળા રંગે રંગી નાખે છે ને તમારું આ આભામંડળ પ્રકૃતિને-પર્યાવરણને પ્રદૂષિત-બેડોળ બનાવી મૂકે છે, એનો તમને ખયાલ છે? તમારી ગપ્પાં-બાજી અને હીન ચેષ્ટાઓને કારણે તમે અહીં પ્રકૃતિનાં કેટકેટલાં રૂપો જોવાનું-માણવાનું પણ ચૂકી ગયા એનું દુઃખ કદાચ તમને નહીં હોય પણ મને તો છે જ!'

બધાએ પોતાની ભૂલ કબૂલી, બુધાજી સમક્ષ દિલગીરી વ્યક્ત કરી. ક્ષમા માગી.

બુધાજી બોલ્યા : 'તમે અહીં ડિસ્કો-ડાન્સનો આનંદ માણી શકો છો અને શેર-શાયરી સાંભળીને વાહ વાહ બોલીને એકબીજાને વેદના આપી શકો છો તો હું તમને બધાંને પૂછું છું - આ વિરાટ અસ્તિત્વમાં-સમષ્ટિમાં સતત ચાલતા 'કૉસમૉસ'ના મહારાસને, તમારી ભાષામાં કહું તો-'કૉસ્મિક ડિસ્કો રાસ'ને પણ વાહ વાહ બોલીને શું દાદ ન આપી શકાય?'

બે-ત્રણ અધ્યાપકોએ લાચારી દર્શાવતાં સામું પૂછ્યું : 'એ મહારાસને વાહ વાહ બોલીને દાદ આપવાની અમારી ક્ષમતા જ ન હોય તો?'

ડાળી ઉપર ખીલેલાં ફૂલ તરફ આંગળી ચીંધતા બુધાજી બોલ્યા : 'જુઓ, સામે ડાળી ઉપર ખીલેલાં ફૂલ ના સૌંદર્યને તો તમે, જોઈ શકો છો ને?'

'હા જી; ફૂલોને તો જોઈ શકીએ છીએ.'

'ફૂલનું સૌંદર્ય પણ એ બ્રહ્માંડીય-કૉસ્મિક મહારાસનો જ એક ભાગ છે, તો ફૂલના સૌંદર્યને જોઈને વાહ વાહ બોલીને શું દાદ ન આપી શકીએ.'

બધા બુધાજીનાં ચરણોમાં પડી જતાં બોલ્યા : 'ગુરુદેવ! આજે તો આપે અમને 'વાહ વાહ' બોલવાના શબ્દની જ જાણે દીક્ષા આપી દીધી! લોકોએ આપનું નામ 'ગુરુ વાહ વાહ' પાડી દીધું છે, એ કેટલું ઉચિત છે!'

ને બુધાજી બોલ્યા : 'હવે તમને બીજી નવી વાત કહું-મારા ખુદાનું નામ પણ 'વાહ વાહજી' જ છે !!' ❒

એન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

શુક્રવાર, ૭મી જાન્યુઆરી, ૧૯૪૪
પ્રિયતમ કિટી,

હું પણ કેવી ગાંડી છું! તને મેં મારા સાચા પ્રેમની વાત જ કરી નથી.

હું જ્યારે નાની હતી ને બાળમંદિરમાં જતી હતી ત્યારે મને સૅલી ક્રિમેલ ગમતો હતો. એના પિતા રહ્યા નહોતા અને એ એની મા સાથે એની માસીને ત્યાં રહેતો હતો. સૅલીના મસિયાઈ ભાઈઓમાં એક પાતળો, દેખાવડો, સુંદર કાળા વાળવાળો હતો નામે ઍપી, જે મોટી ઉંમરે ફિલ્મના હિરો જેવો દેખાવડો લાગતો અને બટકા, જાડિયા ને જાંગલા જેવા સૅલીના પ્રમાણમાં એ ઘણો જ આકર્ષક હતો. ઘણા વખત સુધી અમે જ્યાં જઈએ ત્યાં સાથે જ રહેતાં. આ ચાલુ રહ્યું જ્યાં સુધી મારો ને પીટરનો મેળાપ ન થયો. પીટરની તો હું ઘેલી જ હતી. એને પણ હું ગમતી હતી. એક આખા ઉનાળા દરમ્યાન અમને જુદાં કરવાં મુશ્કેલ હતાં. હું હજી પણ અમને બંનેને હાથમાં હાથ લઈને ફરતાં જોઈ શકું છું. પીટર એના સફેદ સુતરાઉ સૂટમાં અને હું ઉનાળું ટૂંકા ડ્રેસમાં.

ઉનાળા પછી આગલા ધોરણમાં જતાં એની સ્કૂલ બદલાઈ ગઈ, જ્યારે હું છઠ્ઠા ધોરણમાં આવી પણ સ્કૂલ એની એ જ ચાલુ રહી. ત્યારે ઘેર પાછાં ફરતાં ક્યાં તો એ મને બોલાવતો અને નહિ તો હું એને બોલાવતી. પીટર એક આદર્શ છોકરો હતો : ઊંચો, પાતળો ને દેખાવડો. ગંભીર શાંત અને બુદ્ધિશાળી ચહેરો, કાળા વાળ, સુંદર કથ્થઈ આંખો, લાલ લાલ ગાલ અને અણિયાળું નાક, એના બાલિશ નટખટ હાસ્ય પર તો હું ગાંડી જ હતી.

એક વાર ઉનાળાની રજાઓમાં હું બહારગામ ગઈ અને પાછી આવી ત્યારે ખબર પડી કે પીટરે ઘર બદલ્યું હતું અને હવે એ એનાથી ઉંમરે થોડા મોટા છોકરા સાથે રહેવા લાગ્યો હતો, અને મારા માનવા પ્રમાણે એ છોકરાએ પીટરને કહ્યું કે હું તો સાવ બાળક છું કારણ કે એ પછી પીટરે મને મળવાનું બંધ કરી દીધું. પણ હું તો પીટરને એટલો તો ચાહતી હતી કે મેં આ સત્યને સ્વીકાર્યું નહિ. હું એને વળગી રહી. પણ છેવટે મને ભાન થયું કે હું જો પીટરની પાછળ પડવાનું આમ ચાલુ રાખીશ તો હવે લોકો મને છોકરા-ઘેલી જ સમજશે.

વર્ષો પસાર થઈ ગયાં. પીટર એની ઉંમરની છોકરીઓ સાથે ફરતો રહ્યો અને એણે મને 'હૅલો' કરવા જેટલીય મારી પરવા કરી નહિ. મે યહૂદી શાળામાં જવાનું શરૂ કર્યું અને મારા ક્લાસના ઘણાય છોકરાઓ મારા પ્રેમમાં પડ્યા. મને એ ગમતું હતું. એમના મારી પરના ધ્યાન અને નજરથી મારો અહમ્ પોરસાતો. પણ એટલું જ. પછીથી હૅરી મારા પ્રેમમાં પડ્યો, પણ મેં પહેલાં તને કહ્યું એ પ્રમાણે હું ફરી કોઈના પ્રેમમાં પડી નહિ.

એક કહેવત છે : 'દુઃખનું ઓસડ દહાડા'. મારી સાથે પણ એમ જ બન્યું. હું પીટરને ભૂલી ગઈ છું અને મને એ જરાય પસંદ નથી, એમ કહીને મેં મન વાળ્યું. પણ મારા માનસપટ પર એની સ્મૃતિ એટલી તો જડાઈ ગઈ હતી કે મારે કબૂલ કરવું પડ્યું કે મને એ ન ગમવાનું ખરું કારણ તો બીજી છોકરીઓની મને આવતી ઈર્ષ્યા જ હતી. આજે સવારે મને ભાન થયું કે વસ્તુસ્થિતિમાં કાંઈ જ ફેર પડ્યો નહોતો, ઊલટું મારી ઉંમર ને પુખ્તતા સાથે મારો પીટર પ્રત્યેનો પ્રેમ પણ પુખ્ત થતો ગયો. પીટરને હું બાળક લાગતી એ વાત પણ હવે હું સમજી શકું છું અને છતાંય પીટર મને સાવ જ ભૂલી ગયો એ વાત મને હજી પણ ડંખે છે. મને એટલો તો સ્પષ્ટ દેખાયો કે મને ખાતરી થઈ કે એક પીટર જ મનમાં છવાઈ ગયો છે.

આજનો મારો દિવસ ઘણો જ ગૂંચવણભર્યો ગયો. આજે સવારે પપ્પાએ મને ચૂમી લીધી ત્યારે મને કહેવાનું મન થયું કે, 'તમારી જગ્યાએ પીટર હોત તો કેવું સારું થાત!' બધો વખત સતત એના જ વિચારો મને આવતા રહ્યા ને હું મનમાં ને મનમાં ગણગણતી રહી, 'પીટલ... મારો વ્હાલો પીટલ...'

હું મદદ માટે ક્યાં જાઉં? એક જ રસ્તો છે, ભગવાનને પ્રાર્થના કરતાં કરતાં જીવવાનો કે જો અમે અહીંથી બહાર પડીએ તો ફરી એક વાર મારો પીટર સાથે મેળાપ થાય અને ત્યારે મારી નજરમાં નજર મેળવીને મારો પ્રેમ વાંચે અને કહે : 'અરે ઍન, મેં પહેલેથી જ જાણ્યું હોત તો તારી પાસે આવવામાં આટલી વાર ન લગાડત.'

એક વાર પપ્પા સાથે હું જાતીય સંબંધો વિશે વાત કરતી હતી ત્યારે પપ્પાએ મને કહ્યું કે એ આકર્ષણ સમજવા માટે હજી હું ખૂબ જ નાની છું. પણ મને લાગતું કે હું સમજી શકતી હતી અને હવે તો મને ખાતરી છે કે હું સમજી શકું છું. ખરે, મારા પીટલ જેટલું મને કોઈ જ પ્રિય નથી!

મારા ચહેરાને મેં અરીસામાં નિહાળ્યો. કેટલો જુદો લાગતો હતો! આંખો વધુ ચોખ્ખી અને અગાધ લાગી, ગાલ ગુલાબી તો ઘણા વખતે લાગ્યા, મુખ પણ સુંવાળું લાગ્યું. હું ખુશ દેખાતી હતી પણ છતાં એની પર દુઃખની એક ઝાંય પણ વરતાતી હતી. જે જોઈને મારા ચહેરા પરનું હાસ્ય ઝાંખું પડ્યું. પીટલ મને વીસરી ગયો એ વિચારે હું દુઃખી થઈ અને છતાં મને નીરખતી એ સોહામણી આંખો હું અનુભવતી હતી અને અનુભવતી હતી એ શીતલ, સુંવળો ગાલનો સ્પર્શ... અરે પીટલ તારી સ્મૃતિથી હું કેવી રીતે મુક્ત થાઉં? તારું સ્થાન લેનારી કોઈ પણ વ્યક્તિ એ માટે શું અયોગ્ય નહિ હોય? હું તને ચાહતી હતી અને એ પણ એટલી ઉત્કટતાથી કે એ પાંગરતા પ્રેમને રોકવો મારે માટે શક્ય નહોતો, બધી સીમાઓ આંતરીને એને ઉભરાવવું જ પડ્યું.

અઠવાડિયા પહેલાં, કે અરે કાલે પણ, મને કોઈએ પૂછ્યું હોત કે તારા મિત્રોમાંથી તું કોની સાથે લગ્ન કરવાનું પસંદ કરીશ? તો મારો જવાબ હોત, 'સૅલી સાથે, કારણ કે એ મને ખુશ રાખે છે, મને શાંતિ અને સલામતીની અનુભૂતિ કરાવે છે.' પણ હવે હું મોટેથી કહીશ, 'પીટલ સાથે, કારણ કે હું એને અંતરથી ચાહું છું, સંપૂર્ણપણે એને શરણ જવા ઇચ્છું છું.' હા, એક વાત સિવાય : મને ગાલે જ સ્પર્શી શકે એથી વિશેષ નહિ.

આજે સવારે મારા કલ્પનાવિહારમાં મેં પીટલને માળિયામાં બારી પાસે બેઠેલો જોયો. થોડી વાત કરી ને ત્યાં અમારી બંનેની આંખો વહેવા માંડી. થોડી ક્ષણોમાં મેં એના મુખ અને ગાલનો સ્પર્શ અનુભવ્યો. પીટલ, મારી પાસે આવ, મને તારા વિચારોમાં સમાવ, વ્હાલા પીટલ!

*

બુધવાર, ૧૨મી જાન્યુઆરી, ૧૯૪૪.
પ્રિયતમ કિટી,

બેપ બે અઠવાડિયાં થયાં અહીં ફરી આવવા માંડી છે. જો કે એની બહેન હજી એક અઠવાડિયા સુધી શાળાએ જઈ શકશે નહિ. બે દિવસ માટે બેપ પણ ભયંકર શરદીને લઈને પથારીવશ હતી. મીપ અને જૅન પણ બે દિવસ ગેરહાજર હતાં કારણ કે પેટ બગડ્યું હતું.

હાલમાં મને બૅલે નૃત્ય શીખવાનું ઘેલું લાગ્યું છે અને રોજ સાંજે અચૂકપણે હું એની પ્રૅક્ટિસ કરું છું. મેં મમ્મીના જાંબલી પેટીકોટમાંથી એક અત્યાધુનિક નૃત્યની વેશભૂષા સીવી છે. ઉપરના ભાગમાં એક પટ્ટી સીવી છે જે બરોબર છાતી ઉપર આવે એમ બાંધી છે. ગુલાબી રીબન લગાડીને પરિવેશ સંપૂર્ણ કર્યો છે. મારા જિમ્નેસ્ટિક્સના બૂટને બૅલેના સ્લીપરનું સ્વરૂપ આપવાનો મારો પ્રયત્ન અસફળ રહ્યો. જડ થઈ ગયેલા સ્નાયુઓ ધીરે ધીરે પહેલા જેવા ચપળ થવા આવે છે. એક જબરી કસરત છે : જમીન પર બેસીને હાથેથી પગની પાની પકડીને બંને પગને ધીમે ધીમે ઉપર કરવાની. મારે તો ઓશિકા પર બેસવું પડે છે, કારણ કે નહિ તો મારી પુંઠ બિચારીને ઘણું સહન કરવું પડે છે.

અહીં બધાં જ 'નિરભ્ર સવાર' નામનું પુસ્તક વાંચી રહ્યાં છે. મમ્મીને એ ખૂબ ગમ્યું કારણ કે એમાં કિશોરાવસ્થામાં ઊભા થતા ઘણા પ્રશ્નોની ચર્ચા કરી છે. મને સખેદ વિચાર આવ્યો, 'તમારાં કિશોર સંતાનોમાં જ રસ લ્યો ને!'

મને લાગે છે કે મમ્મીના હિસાબે મારા અને માર્ગટનાં મા-બાપ સાથેના સંબંધો આખી દુનિયામાં કોઈની પણ સરખામણીમાં ચઢિયાતા છે, અને કોઈ મા એ પોતે લે છે એટલો રસ એના છોકરામાં લેતી નહિ હોય. મને લાગે છે કે એમણે ફક્ત માર્ગટનો જ વિચાર કર્યો હશે, કારણ કે હું નથી માનતી કે મારા વિચારો કે પ્રશ્નો માર્ગટને થયા હોય. એમની એક દીકરી પોતે માને છે એવી નથી એ કહેવું શક્ય જ નથી. મમ્મીને આઘાત જ લાગે. અને જે હોય તે પણ મમ્મી હવે બદલાવાનીય નથી. એટલે મારે એમને એ આઘાત પહોંચાડવો નથી અને ખાસ તો એટલા માટે કે મને ખબર છે કે એનાથી કંઈ જ ફેર પડવાનો નથી. મમ્મીને ચોક્કસ અંદાજ છે કે મારા કરતાં માર્ગટ એને વધુ પ્રેમ કરે છે. પણ એ એમ માને છે કે હું એક વિશેષ તબક્કામાંથી પસાર થાઉં છું.

એ પ્રમાણમાં માર્ગટ ઘણી સારી છે. પહેલાંની સરખામણીમાં એનું વર્તન ઘણું જ બદલાઈ ગયું છે. પહેલાં હતી એવી ચાંપલી રહી નથી, બહુ જ મિત્રતા દાખવે છે. હવે મને નગણ્ય નાનકડું બાળક સમજતી નથી.

જરાક હાસ્યાસ્પદ લાગે પણ ઘણી વાર હું મને પોતાને બીજાં લોકોની દૃષ્ટિએ પણ જોઈ શકું છું. આરામથી હું 'ઍન ફ્રૅન્ક' નામક વ્યક્તિનું અવલોકન કરવા માંડું છું અને એ કોઈ અજાણી વ્યક્તિ હોય એમ એની જિંદગીનાં પાનાં ઉથલાવી જાઉં છું.

અહીં આવી એ પહેલાં, જ્યારે હું આજકાલ કરું છું એટલો વિચાર કરતી નહોતી ત્યારે કોઈ કોઈ વાર મને લાગતું કે મમ્મી, પીમ કે માર્ગટ સાથે મારે કોઈ જ સંબંધ નથી, હું કોઈ બહારની વ્યક્તિ છું. ઘણી વાર તો છ છ મહિના સુધી મને લાગતું કે હું તદ્દન અનાથ છું. પછી હું જાણીજોઈને દુઃખી થતી, જ્યારે હકીકતે એ બાબતમાં હું હંમેશાં નસીબદાર રહી છું. એટલે પછી થોડા વખત માટે હું ફરી બધાં સાથે મૈત્રીભર્યું વર્તન કરવા માંડતી. રોજ સવારે મને દાદર પર પગલાં સંભળાતાં ત્યારે મને આશા બંધાતી કે મને ઉઠાડવા મમ્મી આવે છે અને મને થતું કે હું એની સાથે વ્હાલભર્યું વર્તન કરીશ; કારણ કે સાચે જ હું એના એવા પ્રેમની અપેક્ષા રાખતી હતી. પણ કરેલી કોઈ ભૂલ માટે ટોણો સાંભળીને સાવ નિરાશ થઈને સ્કૂલે જવાનો વારો આવતો. પાછાં ઘેર આવતાં મારી જાતને સમજાવતી કે એવું તો

થાય, એમને માથે પણ કેટલી બધી જવાબદારીઓ છે! ખુશ મિજાજમાં ઘેર પહોંચીને મારે કરવાની ઘણી વાતોની શરૂઆત કરું ત્યાં ફરી સવારના પ્રસંગનું પુનરાવર્તન થાય અને મારા દફતર સાથે પડેલા મોંએ હું મારા રૂમમાં પહોંચી જાઉં. ક્યારેક હું મનોમન નક્કી કરતી કે ગુસ્સો ઉતારવો જ નથી. પણ મારે સ્કૂલની એટલી બધી વાતો કરવાની હોય કે મારા બધા નિર્ણયો વિસરીને હું અપેક્ષા કરું કે મમ્મી બધું જ કામ બાજુએ મૂકીને સંપૂર્ણપણે મને જ સાંભળે અને પછી ફરી એક વાર એવી પરિસ્થિતિ ઊભી થાય કે મને દાદરા પરનો પગરવ સાંભળવાની ઇચ્છા રહે નહિ. એકલાપણું જણાઈ આવે અને રાત્રે પથારીમાં હું રડી પડતી.

અહીં તો દરેક બાબતમાં હાલત વણસી છે. પણ એની તો તને ખબર છે. હવે ભગવાને મારી મદદે પીટરને મોકલ્યો છે. મારા પેન્ડન્ટ સાથે રમતાં એને હોઠે અડાડતાં વિચારું છું: 'મારે શું? પીટલ મારો છે અને કોઈ એ જાણતું નથી' આ વિચારમાં મને કોઈ પણ ખરાબ ટોણામાંથી બહાર લઈ આવવાની ક્ષમતા છે. અહીં એવું છે કોણ જેને અંદાજ પણ હોય કે આ કિશોરીના મનમાં કેટકેટલા વિચારો ચાલી રહ્યા છે!

*

શનિવાર, ૧૫મી જાન્યુઆરી, ૧૯૪૪

મારી પ્રિયતમ કિટી,

અમારા ઝગડાઓ અને દલીલબાજીનું સવિસ્તર વર્ણન કરવાનું હવે કોઈ કારણ નથી. તને એટલું જ કહેવું પૂરતું છે કે અમારી વચ્ચે ઘણી બધી વસ્તુઓના ભાગ પડી ગયા છે જેમ કે તેલ, માંસ, ચરબી અને હવે તો અમારા બટાકા સાંતળવાનું કામ પણ અમે જ કરીએ છીએ. આજકાલ અમારા રાય-બ્રેડનો વપરાશ વધી ગયો છે, કારણ કે સાંજના ચાર વાગ્યામાં જ અમને જમવાની ભૂખ લાગી જાય છે. જેમ-તેમ પેટમાં દોડતા ઉંદરોને શાંત રાખી શકીએ છીએ.

મમ્મીનો જન્મદિવસ ઘણો જ નજીક આવી ગયો છે. એ નિમિત્તે શ્રી કૂગ્લર તરફથી રેશનમાં ખાંડ થોડી વધારે મળી છે. આ વાતથી વૅનડાન કુટુંબ ઈર્ષાથી બળી ગયું છે, કારણ કે ખાંડ શ્રીમતી વૅનડાનને એમના જન્મદિવસે મળી નહોતી. પણ કઠોર શબ્દો, કટુ વેણ અને પાડેલાં આંસુ વિશે વાત કરીને તને કંટાળો લાવવાનું કામ મારે શા માટે કરવું જોઈએ? તું તો જાણે છે કે એ બધાંથી અમે પણ કંટાળી ગયાં છીએ.

મમ્મીની હવે એક જ ઇચ્છા છે ને એ જલદી પૂરી પણ થવાની નથી. એ છે : પૂરાં બે અઠવાડિયાં સુધી વૅનડાન કુટુંબના દર્શનથી વંચિત રહેવાની. મને થાય છે કે શું એક જ ઘરમાં સાથે મળીને રહેતાં બધાં લોકોમાં જતે દિવસે મનદુઃખ થતાં હશે કે પછી અમારાં જ નસીબ ખરાબ છે? જમતી વખતે પણ રસાથી અડધા ભરેલા તપેલામાંથી ડસેલ જ્યારે પા તપેલું પોતાને માટે પીરસી લે અને અમને રસા વિનાનાં રાખે ત્યારે મારી તો ભૂખ જ મરી જાય છે. એકદમ ઊભાં થઈ એક લાત મારી, ખુરશી પરથી ધક્કો મારીને એમને બહાર ફેંકી દેવાનું મન થઈ આવે છે.

શું મોટા ભાગનાં માણસો આવાં કંજૂસ અને સ્વાર્થી જ હોતાં હશે? અહીં આવી છું ત્યારથી મેં માનવ-સ્વભાવનું નજીકથી દર્શન કર્યું છે, જે સારી વાત છે; પણ હાલ તુરત તો એનાથી ઓબાં આવી ગઈ છું. પીટર પણ એમ જ કહે છે.

અમે ઝગડીએ કે ખુલ્લી હવા માટે તરફડીએ એનાથી ચાલતા યુદ્ધમાં કંઈ જ ફેર પડવાનો નથી. એ તો ચાલ્યા જ કરશે. એટલે આવી પડેલી પરિસ્થિતિનો બને તેટલો લાભ લેવામાં જ ડહાપણ છે.

હું ઉપદેશ તો આપું છું પણ મનેય એવું લાગે છે કે હું અહીં ઝાઝો વખત રહીશ તો સાવ શુષ્ક બની જવાની, જ્યારે મારે તો ફક્ત એક પ્રામાણિક છોકરી જ બનવું છે!

લિ. ઍન.

(ક્રમશઃ)

અનુસંધાન] પસ્તીનાં પાનાં [પૃ. ૫૨૮ થી

ગુજરાતીની, નાતાલ એકલા ક્રિશ્ચિયનોની વગેરે. એટલે આવો 'બધાંને સ્પર્શે' તેવો પ્રસંગ ઊભો થતો નહોતો. પણ ૧૯૯૧થી અમારા નાણાંમંત્રી મનમોહનસિંહે સમાજવાદી અર્થવ્યવસ્થાને તિલાંજલિ આપી આર્થિક ઉદારીકરણની નીતિ શરૂ કરી અને મુંબઈ શેરબજારની ઉપયોગિતા વધી ગઈ. નાનાં-મોટાં બધાં શેરોમાં રોકાણ કરવા લાગ્યાં. પરિણામે મે, જૂન, જુલાઈમાં જુદી જુદી કંપનીની વાર્ષિક સભા થાય, શેરોના ડિવિડન્ડ જાહેર થાય એટલે પોસ્ટ ઑફિસમાં કામનું ભારણ વધે.

આમ, આપણે ત્યાં દિવાળી, બેસતું વર્ષ કે નાતાલ જેવા પ્રસંગોએ નહિ, પણ કંપનીઓની વાર્ષિક સભાના મહિનાઓમાં હવે ટપાલનું કામ વધી જાય છે અને મુંબઈ તો દેશની વ્યાપારી રાજધાની છે ને? એટલે મુંબઈની જનરલ પોસ્ટ ઑફિસમાં આ ત્રણ મહિના દરમિયાન કૉલેજિયનોને કામ મળી રહે છે. મુખ્યત્વે ટપાલનું સૉર્ટિંગ (લતા પ્રમાણે ટપાલ ગોઠવવાનું કામ) તેમને કરવાનું હોય છે. આમ, સોર્ટિંગ કરી હજાર હજાર પત્રોની થોકડી બાંધવી અને દિવસમાં આવી દસેક થોકડી તૈયાર કરવાની હોય છે અને તે માટે તેમને રૂા. ૬૦-૦૦ મળે. ૧૦ કાગળના ૬ પૈસાને હિસાબે! ખાસ્સા ૪૦૦ જેટલા કૉલેજિયનોને આવું કામ મળે છે! (ક્રમશઃ)

અડકો દડકો

ગણતરીબાજ...

તેણે નક્કી કર્યું હતું કે આજે તો તે આ પહેલાં ક્યારેય ન ખોદ્યો હોય તેવો, ખૂબ જ મોટો અને બહુ જ ઊંડો ખાડો ખોદશે, તેથી તેણે સખત મહેનત કરી ઊંડામાં ઊંડો ખાડો ખોદ્યો. ત્યાર બાદ દૂરના ઝાડ સાથે બાંધેલ દોરડાની મદદથી તે આ ખાડામાંથી બહાર આવ્યો. દોરડું કાળજીથી વીંટી લઈ ઝાડની ડાળીમાં ભરાવ્યું. પછી લાંબી ડાળીઓ, ડાળખાં લાવી વ્યવસ્થિતપણે ખાડા પર ગોઠવીને ઢાંકી દીધાં. તેના પર લીલાં-સૂકાં પાંદડાં પાથરી દીધાં. એવું જ લાગે કે જાણે ત્યાં જમીન છે, ખાડો છે જ નહીં! આ કામમાં આખો દિવસ ક્યારે પૂરો થયો તેની તેને ખબર જ ન પડી.

આ જ તો તેનું કામ હતું. જંગલમાં પોતે ખોદેલા ખાડામાં જ્યારે કોઈ પ્રાણી-પશુ ફસાઈ જાય ત્યારે તેને ઘણો આનંદ થતો. ગાઢ જંગલમાં ખોદેલા ખાડામાં કોઈને કોઈ પ્રાણી અંધારી રાતે પડી જતું અને તે રાજીના રેડ થઈ જતો.

આટલો બધો ઊંડો ખાડો તેણે ક્યારેય ખોદ્યો ન હતો. કાલે આ ખાડામાં કોઈ મોટું પ્રાણી જરૂર પડવાનું એવો તેને વિશ્વાસ હતો. જેમ પ્રાણી મોટું તેમ તેના બદલામાં જે આનંદ મળે તે પણ વધારે મળે. તે કલ્પનામાં ખૂબ ખુશ થઈ ગયો.

નિયમ અનુસાર તે ખાડો ખોદ્યા પછી એક રાત પછી ખાડો તપાસવા જતો. ત્યારે કોઈક નાનું-મોટું પ્રાણી તેમાં પડેલું જ દેખાતું. ફસાયેલા પ્રાણીને જોઈ તે પાછી ગણતરી કરતો કે ખોરાક અને પાણી વગર તે પ્રાણી કેટલા દિવસમાં મૃત્યુ પામશે. તેની આવી ગણતરી જવલ્લે જ ખોટી પડતી. એ સમય દરમિયાન તે જંગલ પાસેનાં ગામલોકો પાસે જઈ 'ભાવતાલ' નક્કી કરી વાયદા મુજબ 'માલ' પહોંચાડતો.

આ વખતે ક્યું પ્રાણી ફસાશે તેના વિચારમાં ને વિચારમાં તેને ક્યારે ઊંઘ આવી ગઈ તેનું તેને ભાન જ ન રહ્યું!

*

સુખદ ખયાલોમાં દિવસ અને રાત પસાર થઈ ગયાં. ગઈ સાંજે તેણે ખૂબ જ ભોજન કર્યું હતું. ઘરમાં જે કાંઈ હતું તે બધું જ સફાચટ કરી નાખ્યું હતું. પછી તો એવી ઊંઘ આવી ગઈ કે બસ ન પૂછો વાત.

સામાન્ય રીતે જ્યારે ખાડો તપાસવા જવાનું હોય ત્યારે તે વહેલો ઊઠી જતો. પરંતુ આજે તો તડકો ચડી ગયો હતો તો પણ તે સૂતો રહ્યો હતો. અચાનક તેની આંખો ખૂલી. દિવસના તડકામાં તેની આંખો અંજાઈ ગઈ. આટલો મોડો તો તે ક્યારેય ન ઊઠતો. ઊઠવામાં તેને આટલું મોડું થયું તેનું તેને પોતાને પણ આશ્ચર્ય થયું. એકાએક તેના મનનો કબજો તેણે ખોદેલા મોટા ખાડાએ લઈ લીધો. એ યાદ આવતાં જ તે દોડ્યો. ઝડપથી આગળ જતાં જ તેને પગમાં કાંટો વાગ્યો. 'ઓ... ઓ...' ચીસ પાડી તેણે પગ ઊંચો લઈ લીધો. પછી ધબ દઈને નીચે બેસી તેણે પગમાંથી ખેંચી કાઢી કાંટો દૂર ફેંકી દીધો. પગમાંથી લોહી વહેવા લાગ્યું. વહેતા લોહીની પરવા કર્યા વગર તે ફરી ઊભો થઈ દોડવા લાગ્યો. તેણે જ્યાં ખાંડો ખોદ્યો હતો તેની આસપાસનું વૃક્ષ દૂરથી તેની નજરે પડ્યું. એવામાં એક હરણું તીરવેગે દોડતું તેની આગળ થઈને બાજુમાં ફંટાઈ ગયું. તેની પાછળ કોઈ રાની પશુ પડ્યું હશે તેમ વિચારી તેણે દોડતાં દોડતાં જ ડોકું ફેરવી પાછળ નજર નાખી. તેણે જોયું કે એક સિંહ ઝપાટાબંધ દોડતો આવતો હતો અને તેની દોડવાની ઝડપ પણ ખૂબ વધી ગઈ હતી. હવે તેના મનમાં સિંહથી બચવાનો એક માત્ર વિચાર હતો તેથી તે પૂરી તાકાતથી દોડવા લાગ્યો.

અચાનક જ કડડડ... સરરર... ધડામ્ અવાજ સાથે તે પટકાઈ પડ્યો. તેની આંખે અંધારાં આવી ગયાં અને તે બેભાન થઈ ઢળી પડ્યો.

*

ઠંડા પવનનો સ્પર્શ, અંધકાર અને જંગલી પશુઓના અવાજો. તે આવા વાતાવરણથી સારી રીતે પરિચિત હતો. પણ શરીરમાં થતી પીડાનો હવે તેને અનુભવ થયો.

તેના પગ ભાંગી ગયા હોય તેવું તેને ભાન થયું. માથામાં પણ વાગ્યું હોય તેમ લાગ્યું. આખા શરીરની વેદના તેને અસહ્ય હોય તેમ જણાયું. માંડ માંડ આંખો ખોલી તો ઉપર આકાશમાં તારા દેખાયા. અંધારી રાત. શરીરની વેદના. આખો દિવસ ખાડામાં ભૂખ્યો-તરસ્યો તે પડી રહ્યો હતો. ધીરે ધીરે તેને બધું યાદ આવ્યું. તેણે ઊભા થવા પ્રયત્ન કર્યો, પણ તે ઊભો ન થઈ શક્યો. ભૂખ અને વેદનાને ભૂલી તેણે બૂમ પાડી. 'બચાવો... બચાવો...' કોઈ જવાબ ન મળ્યો. ક્યાંથી મળે? તેને બરાબર ખબર હતી કે ગાઢ જંગલની આ બાજુ કોઈ આવતું જ ન હતું. હવે તેણે આજુબાજુ જોયું. તેને થયું કે તે પોતે ખોદેલા ખાડામાં તો નથી પડ્યો ને? ફરી તેણે જેમતેમ ઊભા થવા પ્રયત્ન કર્યો. પરંતુ તે ઊભો ન થઈ શક્યો, લથડીને ઢળી પડ્યો. તે હાંફી ગયો. ભૂખ-તરસ-શરીરની પીડા છતાં હવે તેની સમજમાં આવી ગયું હતું કે તેણે પોતે ખોદેલા ઊંડા ખાડામાં જ પોતે ગબડી પડ્યો હતો. એક અજ્ઞાત ભયથી તે ધ્રૂજી ઊઠ્યો.

હવે પડ્યા પડ્યા તે વિચારવા લાગ્યો કે આ ખાડામાંથી બહાર કેવી રીતે નીકળવું? દોરડું તો દૂર વૃક્ષની ડાળે લટકતું હતું. તે કેવી રીતે મળે? વળી થયું કે મોટી નીલગાય ખાડામાં પડે તો તેની પર ચડીને ખાડાની બહાર નીકળી શકાય. પણ એમ એનાં નસીબ ક્યાંથી જોર કરતાં હોય? તેણે શાંત પડ્યા રહી, ચાર-પાંચ કલાક સુધી ખાડામાં કોઈ પ્રાણી પડે તેની રાહ જોઈ. પણ ખાડામાં તો તેના સિવાય કોઈ ન પડ્યું. છેવટે સવાર પડી. ફરી દિવસ થયો. ખરો બપોર... ધોમ ધોખતો તાપ. તેની ચામડી દાઝવા લાગી. આમથી તેમ શરીર ફેરવતાં પણ તકલીફ પડતી હતી. આંખોમાંથી આંસુ પણ આવવાં બંધ થઈ ગયાં હતાં. પાણી... વરસાદ વરસે તો તરસ મટે... ખાડો પાણીથી ભરાય તો બહાર નીકળી બચી જવાય... પણ ધોમધખતા ઉનાળે વરસાદ તો ન જ વરસે ને! રણમાં તો મૃગજળ પણ દેખાય... આ ખાડામાં? રાત થઈ... ઠંડક... પવન... તારા-ભરેલું આકાશ... પણ આ તરસ... આ ભૂખ... શું કરવું? આશામાં ને આશામાં ફરી સવાર થઈ. દિવસ શરૂ થયો. ફરી ધોમધખતો તડકો, ક્ષીણ, દુર્બળ થતો દેહ. અશક્તિ અને દઝાડતો તડકો. તડકામાં શેકાવાનું... તે ભાન ગુમાવી બેઠો. વળી રાત થઈ.

તેના હોશકોશ ઊડી ગયા હતા. અજ્ઞાત ભય હવે સ્પષ્ટ સ્વરૂપે સામે ઊભો હતો. તેને થયું આવી રીતે ખાડા ખોદીને તેણે કેટલાંયે પ્રાણીઓને, નિર્દોષ અને અબોલ પ્રાણીઓને, મોતને ઘાટ ઉતાર્યાં હતાં! બધાં પ્રાણીઓ ભૂખ-તરસ ને વેદનાથી મારી જેમ જ પિડાયાં હશે ને? તેને હવે વાતનો સાચો ખયાલ આવ્યો : 'શા માટે તે આવું કરતો હતો? હવે ફરી વાર આવું ક્યારેય નહીં કરું.' તેણે મનોમન વિચાર્યું, 'હે ભગવાન! મને માફ કર, આમાંથી બહાર કાઢ.' તેના હોઠ ફફડતા રહ્યા. તેની ગણતરી મુજબ તે પ્રાણીઓ ખાડામાં ફસાઈને છ થી આઠ દિવસમાં મૃત્યુ પામતાં. એ હત્યા માટે કોણ જવાબદાર? ત્યારે તો તેની ગણતરી સાચી પડતી. ખાડામાં પડેલ પ્રાણીનું મૃત્યુ થતું ત્યારે તેને કેટલો આનંદ થતો! ત્યારે તો એવું અભિમાન થતું કે આટલી ચોક્કસ ગણતરી બીજું કોઈ ન કરી શકે.

તેને હવે એ પણ યાદ નહોતું કે પોતાને ખાડામાં પડ્યાને કેટલા દિવસો થયા? કેટલી રાતો વીતી ગઈ? કોઈ પ્રાણી ખાડામાં કેમ નહીં પડતું હોય? હા... તેના પરનાં ડાળાં-પાંદડાં પોતાની સાથે નીચે આવી ગયાં હતાં અને પ્રાણીઓને ખાડો તો દેખાય જ ને? શા માટે તેઓ ખાડામાં પડે? મનની વિચાર કરવાની ક્ષમતાનો પણ હવે તો અંત આવતો જતો હતો. જે વિચારને તે પોતાનાથી દૂર રાખવા માગતો હતો તે... તે હવે વારે વારે મનમાં ઝબકી જતો હતો. તેનું મન ગણતરી કરતું હતું... હવે તે વધુમાં વધુ બે કે ત્રણ દિવસ જ ટકી શકે તેમ છે... શું ભગવાન પણ મારી જેમ ગણતરી કરતો હશે?

શું આ ગણતરી સાચી પડશે? તે વધુ વિચારી ન શક્યો.

- હર્ષદ મ. દવે

અતીતમાં અવગાહન



વરસાદ

ચોમાસાની શરૂઆત થઈ હોય ત્યારે કોઈ સાંજે બારીએ બેસી રસ્તા ઉપર તથા આસપાસમાં જોવાની કેટલી મઝા પડે!

*

મોટાં કાળાંભમ્મર વાદળાંએ દૂરદૂરથી દોડતાં આવીને થોડી જ પળોમાં આખું આકાશ છાવરી લીધું. રસ્તે ચાલતાં બીચારાં કેટલાંક માણસો તડકો હોવાથી છત્રી વગર ઘેરથી નીકળેલાં તેઓ ગભરાઈ ગયાં. એકાએક પશ્ચિમ દિશામાંથી ઠંડો, ભીનો, સુગંધી પવન આવ્યો. સામેના મોચીના ઘરનાં પતરાંનાં છાપરાં ઉપર વરસાદનાં મોટાં મોટાં ફોરાં પડ્યાં, ને તરત જ પાસેની ગલીમાંથી દસબાર નાનાં છોકરાં, બાર મહીનાનો મેલ ધોવા વરસાદમાં ન્હાવા દોડી આવ્યા. પાછળ તેમની માતાઓ બુમો પાડતી, છોકરાઓને ઘેર લઈ જવા આવી-કેટલીક લઈ પણ ગઈ.


એકદમ જોરથી વરસાદ શરૂ થયો. ઘેરઘેર, બારીએ બારીએ ને વૃક્ષે વૃક્ષે વરસાદે તોરણ બાંધ્યાં. નીશાળેથી પાછી ફરતી કન્યાઓનું ટોળું દોડતું દોડતું કોઈના ઓટલા ઉપર ચડી ગયું. છોકરીની જાત, એટલે કારણ વગર કે નાના જેવા કારણ માટે, બધાં ખડખડ હસવા લાગ્યાં. સામેના ડૉક્ટરના ઘરનાં છોકરાંઓ બારીએ ઊભા રહી, ફુટપાથ ઉપર ચાલતાં માણસોની છત્રીઓ ઉપર લોટા ભરીભરીને પાણી રેડી નાસી જતાં હતાં. કેવું નિર્દોષ તેમનું તોફાન! રબારીનો એક બારેક વર્ષનો છોકરો તો રસ્તા પર નિરાંતે ચાલ્યો જતો હતો. કદાચ તેના મનમાં એમ હશે કે હવે એકવાર પલળ્યા પછી નકામા ઉતાવળા શું કામ ચાલવું?

*

ધીમે ધીમે વરસાદ થંભી ગયો. નીશાળેથી પાછી ફરતી કન્યાઓ ચોપડીઓ કપડાં નીચે ઢાંકી, હાથમાં ચંપલ ઉપાડી, આનંદથી ઉતાવળે પગલે રસ્તે પડી. લોકોને ઓટલે ચઢી ગએલા નવરા માણસો ફરી રખડવા નીકળી પડ્યા.

આભમાં જાણે કોઈએ મોટો હથોડો માર્યો હોય તેમ, એકદમ આકાશનાં વાદળાં છુટાં પડી ચોતરફ નાસવા મંડ્યા. રસ્તાની બે બાજુની નીકોમાં, દૂરના મહોલ્લાઓમાંથી છોકરાઓએ તરતી મુકેલી કાગળની હોડીઓ તણાઈ આવવા લાગી.

ધીમેથી સૂર્ય આથમતો આથમતો વાદળાંમાંથી બહાર નીકળ્યો. તરત રસ્તે જતા એક કૉલેજીઅને મેઘધનુષ જોવા આકાશ તરફ ઊંચે નજર કરી; અને જોયું પણ ખરૂં. પણ પાસે જ ચાલતા કોઈક નાનકડા નિશાળીઆને તે બતાવે તો તો પછી એ કૉલેજીયન શાનો?



કુદરતનાં રસીઆં નરનાર ફરવા નીકળી પડ્યાં. સાફ થઈ ગએલા રસ્તા પર ધોવાઈ નીકળેલા પત્થરોની ઉપર સૂર્યનાં કિરણો પડ્યાં, ને પાછું અંધારૂં શરૂ થયું. - *વિનોદિની ર. નીલકંઠ*

મેંદીનાં પાન

• સદ્‌ગુણી થવાનો સહેલામાં સહેલો રસ્તો એ છે કે આપણા દુર્ગુણો વીણી વીણીને કાઢી નાખવા.

• દુનીઆમાં આટલું બધું ડહાપણ આપણી નજરે જોવા છતાં આપણી જાતને જ આપણે સૌથી વધારે ડાહી કેમ માનતા હોઈશું?

• ભુલ ન કરે તે ડાહ્યું નથી; પણ એકની એક ભૂલ બીજી વાર ન કરે તે જ ડાહ્યું.

કુવા ઢાંકણ ઢાંકણું,
ખેતર ઢાંકણ વાડ;
બાપનું ઢાંકણ બેટડો,
ઘરનું ઢાંકણ નાર.

• 'અનુભવ'ને તમારો ખરો મિત્ર માનજો. એ તમારી ભૂલો જેટલી બતાવશે તેટલી બીજું કોઈ નથી બતાવવાનું.

• અંગારો ગરમ હોય તો દઝાડે ને ઠંડો હોય તો હાથ કાળા કરે. દુર્જનનો સંગ તેવો જ સમજવો. તે ખીજે ત્યારે અંગારા જેવો છે અને રીઝે ત્યારે કોયલા જેવો છે.

• હાથ દાનથી શોભે છે, શક્તિ ક્ષમાથી શોભે છે અને મોં સારી વાણી વડે.

અથાણું

એક ગામડીઓ શહેરમાં ફરતાં ફરતાં સીનેમાના મકાન આગળ વાઘ, સિંહ, હાથી વગેરેનાં મોટાં ચિત્રો જોતો ઊભો હતો. તેણે એકાએક પોતાના ભત્રીજાને કહ્યું, 'ભગાભાઈ! હું તો આજે રાતે જવાનો છું એટલે નીરાંત છે.'

'કેમ, નીરાંત શેની? ભગાએ પૂછ્યું, 'જોને' બુઢ્ઢા ગામડીઆએ ચિત્રો પર લખેલા મોટા અક્ષરો વંચાવ્યા : 'શનિવારે રાત્રે ખુલ્લું મૂકવામાં આવશે.' 'આ બધાં ખુલ્લાં મૂકાશે ત્યારે શું થશે?'

['કુમાર' અંક-૮, શ્રાવણ ૧૯૮૦માંથી]

કંકાવટી

શ્રદ્ધા હશે તો રસ્તા અનેક મળશે

ગુજરાત તેમજ ભારતનાં ખૂબ જ ઓછાં લોકોને ખબર હશે કે ગુજરાતમાં જ, અમદાવાદ ખાતે ગણિતનાં અધ્યાપિકા ડૉ. નિતા એચ. શાહને તેમણે કરેલી શોધખોળના કારણે અમેરિકન બાયોગ્રાફિકલ ઈન્સ્ટિટ્યૂટ તરફથી 'વુમન ફૉર ધ યર ૨૦૦૧'નો ઍવૉર્ડ આપેલ છે. વધુ આશ્ચર્યની વાત એ છે કે તેઓ ફક્ત ૬ માસનાં હતાં ત્યારે અત્યંત તાવને લઈને પોલિયો અસરગ્રસ્ત થયેલ છે.



નિતાબહેનનો જન્મ ૧૯૬૨માં પોરબંદર મુકામે થયેલો. પ્રાથમિક શિક્ષણ દીવાન બલ્લુભાઈ હાઈ સ્કૂલ અમદાવાદમાં અને દિલ્હી ખાતે લીધેલું. ત્યાર બાદ ગણિતના વિષય સાથે ૮૪ ટકા માર્ક્સ લાવીને સેંટ ઝેવિયર્સ કૉલેજ અમદાવાદમાંથી બી.એસસી. પાસ કરી. એમ. એસસી. ગુજરાત યુનિવર્સિટી દ્વારા ૮૭ ટકા સાથે ગોલ્ડ મેડલ જીતીને પાસ કરેલ અને પછી એમ.ફિલ. તથા પીએચ.ડી.ની ડિગ્રી મેળવી તે વર્ષ ૧૯૯૫. બાળપણથી શરૂ કરીને છેલ્લી દરેક પરીક્ષામાં તેઓ હંમેશા પ્રથમ ક્રમાંકે જ આવેલાં. ઈ.સ. ૧૯૯૦ થી તેઓ ગુજરાત યુનિવર્સિટીમાં ગણિત વિષયનાં અધ્યાપિકા છે અને હાલમાં સાત વિદ્યાર્થીઓના પીએચ.ડી. માટે માર્ગદર્શક છે.

આ તો થઈ તેઓના તેજસ્વી અભ્યાસની વાત; તેઓની અધ્યાપિકા તરીકેની નિમણૂક પછી આંતરરાષ્ટ્રિય સ્તરે ગણિત વિષય પર યોજાતા અધિવેશન અને જર્નલોમાં ઑપરેશન્સ રિસર્ચ ઈન્વેન્ટરી કંટ્રોલ અને મૅનેજમેન્ટમાં ૬૮ પેપરો પ્રસિદ્ધ કરેલ છે અને મોટા ભાગનાં જર્નલો વિદેશી છે. વળી, આંતરરાષ્ટ્રિય પરિષદને તે પેપરો રજૂ કરવા એટલાં બધાં આમંત્રણો મળે છે કે તેઓને ના પાડવી પડે છે.

લકવાગ્રસ્ત એક અબળાએ આ સિદ્ધિઓ હાંસલ કરવામાં શી શી મુશ્કેલીઓ જોઈ, કેવી રીતે પાર કરી, તેમનું મનોબળ કેવી રીતે સ્થિર રહ્યું તે અંગેના પ્રશ્નો પૂછતાં તેમના પ્રતિભાવ આ પ્રમાણે છે :

'હા, મને મારા જન્મ પછીના ૬ માસમાં જ પોલીઓનો હુમલો આવેલ તેમ છતાં મારા અભ્યાસ દરમિયાન મેં કદી હતાશા કે લઘુતાગ્રંથી નથી અનુભવી; કારણ કે એક તો હું હંમેશા મારી કક્ષામાં પ્રથમ ક્રમાંકમાં આવતી અને ઘરનાં મારાં કુટુંબીજનો, મારા વડીલો, દાદા, દાદી, પિતા અને ખાસ કરીને માતા તરફથી પ્રોત્સાહન અને સહાય ખૂબ મળતી. આજ દિન સુધી મારી માતા મારી મિત્ર, શુભચિંતક, સલાહકાર રહેલ છે અને મારા મિત્રોએ પણ સહાય કરેલી. અહીં ખાસ કરીને વડીલોએ મહત્ત્વનો ભાગ ભજવવાનો હોય છે અને અપંગ બાળકની દયા ન ખાતાં તેઓને પ્રોત્સાહિત કરવાં જોઈએ. તેમજ શિક્ષકોએ તો ખૂબ જ સાવધાની રાખવી જરૂરી છે. મેં જોયું છે કે કમનસીબે ભારતના શિક્ષકો આ દિશામાં ખૂબ પાછળ છે. તેમનામાં એવી દીર્ઘદૃષ્ટિનો અભાવ હોય છે અને બાળકોને સતત એ વાત કરે છે કે તેઓ અસામાન્ય છે, અપંગ છે, દયાલાયક છે અને આને લઈને તેઓ નાહિંમત બને છે, ઓછાં શક્તિશાળી બને છે અને જીવનમાં હાર પામે છે. પરદેશમાં મેં કદાપિ એ જોયું નથી કે બન્ને વચ્ચે ભેદ-ભાવ રખાતો હોય. શિક્ષક દ્વારા બધા જ સમાન વર્તન અનુભવે છે. ભારતમાં તો મોટા ભાગના વડીલો જ પોતાનાં બાળકોને જીવનના સંઘર્ષમાંથી દૂર રાખે છે અને કહેવત અનુસાર 'નવરો માણસ નખ્ખોદ વાળે' તેવું બને છે. દયાની જરૂર નથી પણ લાગણી અને પ્યાર દ્વારા એમ અનુભવે કે તેઓનું પણ સમાજમાં સ્થાન છે.

અને છેલ્લે અપંગોએ જરા પણ હતાશ થયા વગર હિંમત ગુમાવવાની નથી. જો વિશ્વાસ હશે, શ્રદ્ધા હશે તો રસ્તાઓ અનેક મળશે.'

('ફૂલછાબ'માંથી સાભાર)

• ભજિયા બનાવતી વખતે તેમાં ઘોળમાં જો થોડો ચોખાનો લોટ ક સોજી નાખવામાં આવે તો ભજિયાં વધુ કરકરાં બને ચે.

• લીલા મરચાં લાલ થઈ ગયાં હોય તો તેને ફેંકી નહીં દેતાં તેને તડકામાં સૂકવી દેવાં. આ મરચાં વઘારમાં કામ લાગે છે.

• રસોડામાં પ્લેટફૉર્મ પર આવતી કીડીઓને અટકાવવા માટે ફુદાનાની ડાળકીઓ મૂકો.



ખોટી ધાકધમકી આપવાનું રહેવા દેજો,
'નહિતર તમારાં બધાં જ કુકર્મો તમારા
પ્રતિસ્પર્ધી પક્ષવાળાને જણાવી દઈશ!
એમને આગામી ચૂંટણીમાં કામ લાગશે.
('સંદેશ'માંથી સાભાર - દેવેન્દ્ર વ્યાસ)

સાહિત્યસંપર્ક

મૃત્યુના દાહક ઘા પર ચંદન-લેપ સમું
'તો ભલે તેમ જ હો!'

આત્મીય સ્વજનોના અકાળ અવસાનથી જેમનાં હૈયાં હચમચી ઊઠ્યાં હોય તેમના દાહક ઘા પર અમૃતમય ચંદન - લેપ લગાડતું આ પુસ્તક છે - 'તોબે તાઈ હોક!' કવિવર ટાગોરના હૃદયદ્રાવક સ્વાનુભવોમાંથી સર્જાયો છે આ લઘુગ્રંથ. એમનાં કાવ્યો, લેખો, એમના લખેલા અને એમના પર આવેલા પત્રો વગેરેમાંથી એમના ક્રાન્તિકારી ભત્રીજા શ્રી સોમેન્દ્રનાથ બસુએ અનેકવિધ માહિતી તારવીને એકઠી કરી છે. એને સુગ્રથિત કરીને સરસ બંગાળી પુસ્તકરૂપે રજૂ કરી છે, અને એ સંવેદન સરવાણીનું એના લયલહેકા સાથે ગુજરાતીમાં અવતરણ કર્યું છે શ્રી મોહનદાસ પટેલે - 'તો ભલે તેમ જ હો!'



જન્મે ગુજરાતી, પરંતુ પ્રકૃતિથી બિલકુલ બંગાળી જ કહેવાય એવા આ મોહનદાસભાઈએ એનો એવો અનુવાદ કર્યો છે કે આપણે ભૂલી જઈએ કે આ મૂળ લખાણ નથી - મૂળ લખાણની બધી સુવાસ જેમાં વહી આવી છે-એવા 'તો ભલે તેમ જ હો!' દ્વારા આપણે ટાગોરની જુદી-જુદી સર્જન તથા સંવેદન સૃષ્ટિમાં ડોકિયું કરીએ છીએ. ટાગોરના જીવનમાં એમનાં નિકટતમ સ્વજનોની મૃત્યુ-પરંપરાનું એક અદીઠ વ્યથા-વલોણું ઘૂમતું રહ્યું છે. એમાંથી તરી આવતું ચિંતનનું નવનીત આપણને જીવન-મરણની પારનું અદ્ભુત દર્શન કરાવે છે.

કવિવર ટાગોરની મુલાયમ સંવેદના પર લાગેલી મૃત્યુની કારમી થપાટોમાં પહેલો ઘા પડ્યો સને ૧૯૦૨માં. માત્ર ૧૯ વર્ષનું સહજીવન જીવીને એમનાં અસીમ પ્રીતિપાત્ર બનનાર પત્ની મૃણાલિનીદેવી અવસાન પામ્યાં. કવિવરે ત્યારે વિયોગનાં આંસુની શાહીથી લખેલાં કાવ્યો 'સ્મરણ' કાવ્ય-સંગ્રહમાં એમને અંજલિરૂપે મળે છે. જીવનની આ કારમી કસોટી સાથે (૪૧ વર્ષની વયે) કવિ પર એમનાં પાંચ નમાયાં સંતાનોની જવાબદારી આવી પડી - બધાં છ થી સોળ વર્ષ વચ્ચેની ઉંમરનાં. પરંતુ કવિએ પૂરા સ્નેહ અને નિષ્ઠાથી એ અદા કરી. એ બાળકોને મન તો એ કવિવર જ 'ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ' જેવા હતા; પરંતુ વિધિ વધુ કસોટી કરવા ઇચ્છતો હતો અને મૃણાલિનીદેવીના અવસાન બાદ એક જ વર્ષમાં એમની વચેટ દીકરી 'રેણુકા' (રાણી) ક્ષયરોગમાં સપડાઈ. સદા ચેતનાથી થનગનતી આ મહાપ્રાણ રાણીની કવિવરે રાત-દિવસ જાગીને બધી જ સેવા-ચાકરી કરી. રાણીનો પ્રિય મંત્ર હતો 'પિતા નોડસિ' (તમે અમારા પિતા છો) એની ઇચ્છા મુજબ કવિ એની મૃત્યુશય્યા પાસે એ મંત્રનો અવારનવાર પાઠ કરતા હતા. આ મંત્ર દ્વારા એક પાર્થિવ પિતા જગતના મહાન પિતાને વંદન કરે છે. આ મંત્ર પરથી જ કવિએ એક ગીત રચેલું 'તુમિ આમાદેર પિતા' (તમે અમારા પિતા છો). આ મંત્રની પ્રેરણાથી કવિએ હતાશાથી હાર્યા વગર સ્થિર ચિત્તે દીકરીની ચાકરી કરી, છતાં એમના પ્રેમાળ હાથમાંથી નિષ્ઠુર વિધિએ એમની કુમળી કળી જેવી રાણીને છીનવી લીધી અને એ વ્હાલસોયી દીકરીને અગ્નિને ખોળે મૂકતાં એ બોલી ઊઠ્યા-'જીવનની બધી અભિજ્ઞતા કયા અનલથી થઈ ઊઠી ઉજ્જ્વલ?'

પત્ની અને પુત્રીના અકાળ અવસાન બાદ જ મંત્રોચ્ચાર વચ્ચે વિદાય થયા એમના પિતા મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોર. કવિ-હૃદયની મુલાયમતા પર હજી તો મૃત્યુના બીજા પ્રહારો બાકી હતા અને બરોબર એમનાં પત્નીની મૃત્યુતિથિએ જ કવિની જીવનવીણાનો બીજો તાર તૂટ્યો એમના પુત્ર શમીન્દ્રનાથના મૃત્યુથી. કવિના તેજસ્વી ગુણોનો યોગ્ય વારસદાર એવો આ પુત્ર 'શમી' ઘણો આશાસ્પદ હતો. એના અદ્ભુત વ્યક્તિત્વને ગાતા કવિએ ગીત રચ્યું: 'એ કી લાવણ્યે પૂર્ણ પ્રાણ!' (આ કેવો સૌંદર્યમય પૂર્ણાત્મા છે!) આવા લાડકડાના અકાળ અવસાનને પણ હિમ્મતથી સ્વીકારતા કવિએ લખ્યું કે 'ઈશ્વરે જે આપ્યું છે તે મેં ગ્રહણ કર્યું છે. હજી પણ જો દુઃખો આવશે તો તે પણ માથે ચઢાવીશ. હું હાર માનવાનો નથી.' શમીનું એ રાજવી સ્વરૂપ કવિએ 'શિશુ' કાવ્યસંગ્રહમાં રચ્યું છે. ત્યારે એમણે કહ્યું કે "મારા દુઃખના દીવા પ્રકટી ઊઠ્યા છે, એ બધા દીવા સળગાવીને જ મારી વ્યથાની પૂજા સમાપ્ત થશે, એમનું 'જીવોને જોતો પૂજા હોલો ના શારા, જાની હે જાની તાઓ હોય નિહારા' પણ આમ જ અમરત્વને ગાય છે."

પછી આ મૃત્યુ-પરંપરામાં આવ્યો એમની પુત્રી બેલાનો વારો. પોતાની માતા જેમ બેલા પણ ક્ષય-રોગ સામે ઝઝૂમી. કવિએ એની મૃત્યુશય્યા પર બેસી 'તલાતકા'ની પદ્યવાર્તાઓ લખી-ખાસ કરીને 'શેષ પ્રતિષ્ઠા' તથા એમની સુપ્રસિદ્ધ વાર્તા 'કાબુલીવાલા'. આ કાબુલીવાલાની મીનીના નિર્દોષ મધુર પાત્રમાં તો મૂર્તિમંત બેલા જ રજૂ થઈ છે.

મૃત્યુની આ ઝાપટ એમની ત્રીજી પેઢીને પણ લાગી. અને વિદાય થયો એમની વ્હાલપનો અધિકારી દોહિત્ર નીતિન્દ્રનાથ (નીતુ). આપણે કહીએ છીએ કે મુદ્દલ કરતાં વ્યાજ વધુ વહાલું લાગે છે. એ મુજબ કવિને નીતુનો વિયોગ પણ ઘણો આર્દ્ર કરી ગયો અને સર્જાયું એક અંજલિ-કાવ્ય 'વિશ્વશોક'. એ સાથે જ કવિએ એમનો કાવ્યસંગ્રહ 'પુનશ્ચ' નીતુને અર્પણ કર્યો.

આવી મૃત્યુમાળામાં કવિની કલમેથી ઝર્યાં છે અનેક ઊર્મિકાવ્યો, કથાઓ, નાટકો

અને 'ડાકઘર' જેવાં શિશુનાટકો.

આ છે કવિની સર્જનસૃષ્ટિની પાર્શ્વભૂમિકા. મૃત્યુનાં ઘેરાં વાદળો પર જ આનંદનું અમૃતમય મેઘધનુષ્ય અંકાય છે. એટલે જ એ કહેતા કે,

'અલૌકિક આનંદેર ભાર
વિધાતા જાહારે દેય'

તાર વૃક્ષે વેદના અપાર (જેને દિવ્ય આનંદનો ભાર મળે છે તેની જ છાતી પર વિધાતા અપાર વેદના મૂકે છે.) ગીતા-ઉપનિષદ્ જેવું પરમ સત્ય એમનાં મધુર ગાનમાં કેવું તરી આવે છે - 'આ છે દુઃખ, આ છે મૃત્યુ, વિરહદહન લાગે/તોબુ ઓ શાન્તિ, તોબુ આનન્દ, તોબુ અનંત જાગે'. આગળ વધતાં તેઓ પ્રાર્થે છે : 'નહિ ક્ષય, નહિ શેષ, નાહી નાહી દૈન્ય લેશ/શેઈ પૂર્ણતાર પાયે મન સ્થાન માગે'.

આમ, કવિ ઈશ્વર પાસે જીવન-મરણનાં સુખ-દુઃખની પાર એવી પૂર્ણ પ્રસન્નતામાં સ્થાન માગે છે.

ગુજરાતી કવિ શ્રી નિરંજન ભગતે સંવેદનાની આ સરવાણીને ઝીલતાં એમના આમુખ-'મૃત્યુંજયીરૂપ'માં યોગ્ય રીતે કહ્યું છે કે-'જેમણે જે હાથે સંતાનોનું જીવન જતનથી સાચવ્યું હોય અને એ જ હાથે મૃત્યુને સોંપ્યું હોય - તે સૌ માટે આ લઘુગ્રંથમાં મોટું આશ્વાસન છે કે :

કરે છે જે મૃત્યુનો સ્વીકાર,/વરે તેને અમૃતનો અધિકાર.'

મૃત્યુના આ પ્રહારોને સ્વીકારતાં કવિએ જે સમાધાન શોધ્યું છે તે પણ કેવું કાવ્યમય છે-'દુઃખના તિમિરમાં જ્વલે જો/મંગલ આલોક તારો, તો ભલે તેમ જ હો'(તોબે તાઈ હોક્)-ટાગોર.

અને આપણને મળ્યું છે આ અમૂલ્ય પુસ્તક 'તોબે તાઈ હોક્'(તો ભલે તેમ જ હો!)

આ પુસ્તકના મુખપૃષ્ઠ પર છે ટાગોરની એક અત્યંત પ્રભાવશાળી છબી અને પાછલા પૂઠા પર એમના ચારે સદ્ગત સંતાનોની ભાવપૂર્ણ છબી છે.

કવિવરના અંતરંગ જીવનમાં પ્રવેશ કરવતાં આ અમૂલ્ય પુસ્તકની વિગતો - લેખક : શ્રી સોમેન્દ્રનાથ બસુ, અનુવાદક : શ્રી મોહનદાસ પટેલ, પહેલી આવૃત્તિ : સને ૧૯૯૪, વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ સામે, અમદાવાદ-૧, કિંમત : રૂા. ૨૦ (પ્રગટ થયું ત્યારની)

- ગીતા પરીખ

રાખનું પંખી

રમણલાલ સોની પોતાના બાલ-કિશોર સાહિત્યથી ગુજરાતી ભાષામાં ૫૦ કરતાં વધુ વરસોથી ચિર-પરિચિત છે. ક્યાંક ને ક્યાંક તેઓની વાર્તા, કાવ્ય કે પ્રસંગ અભ્યાસમાં હોય જ. એવા આ સરળ અને નિષ્કપટ માનવીની જીવન-ગાથા 'રાખનું પંખી' તાજેતરમાં પ્રકાશિત થઈ છે. તેઓ તો કહે છે કે 'શુદ્ધ અર્થમાં આ આત્મકથા નથી પણ મને જોવાનો અને મુકામે પહોંચવાની મારી મજલ માપવાનો આ પ્રયત્ન છે. જે વ્યક્તિ કે ઘટનાએ મારા જીવન પર અસર કરી, મારા ઘડતરમાં ફાળો આપ્યો અને એ રીતે હું એ સર્વનો ઋણી બન્યો, તેના પ્રત્યેના મારા ઋણનો જાહેર સ્વીકાર કરવાનો આ પ્રયત્ન છે.' છે ને કેવી નમ્રતા! ખરેખર તો તમે સૌ આને બાલિશતા ગણશો.

સાચ્ચે જ એવું છે કે આટલું નમ્ર અને નિર્મળ વચન તેમનું જ હોય કે જે



સહજ-સરળ-નિર્દોષ જીવન જીવ્યા હોય. ૪૮૦ પાનાંમાં પોતાને વિશે ઘણું જ ઓછું અને પરિચયમાં આવેલ વ્યક્તિઓ, સંસ્થાઓ અને બનાવો વિશે ઘણું.

એ સાચું લાગે કે અર્પણમાં તેઓએ જે શબ્દો આલેખ્યા છે તે જ શબ્દો અહીં ચરિતાર્થ થયા હોય. પરમેશ્વરને સમર્પણ કરતાં તેઓ કહે છે કે 'જેણે મહોરું પહેરાવીને મને સંસારના મંચ પર ઉતાર્યો અને મારી પાસે તેને ગમતો અભિનય કરાવ્યો, પાઠ કેવો ભજવાયો તે જોયું નહિ ને કેવળ પ્રસન્નતા દાખવી આશીર્વાદ દીધાં.'સમર્પણમાં નમ્રતા પારાવાર પ્રકટ થાય છે.

આ 'રાખનું પંખી'માંની વાતો સાચે જ તેમની પસંદગીની ચણ રજૂ કરે છે. માનવીના જીવનમાં કેવી કેવી ઘટનાઓ ક્યારે ક્યારે કેમ બને છે, જેનો કોઈ ખુલાસો જ આપી શકાય નહીં, તેવી વાતો સરળ રીતે રજૂ કરી છે.

આખું પુસ્તક વાંચતાં ક્યાંય ભાર વર્તાતો નથી. આપણે જાણે આપણી સાથે જ વાર્તાલાપ કરી રહ્યા હોઈએ તેવું અનુભવાય છે.


તેઓ કહે છે કે શિક્ષકોના જીવન-માંથી એ શીખ્યો કે બીજાને ઉપયોગી થઈ શકીએ એ જ જીવવું, એવું જ જીવવું. કામ કરવું તો શિક્ષણ અને સંસ્કારનું જ કરવું અને તે શિક્ષક અને લેખક બનીને જ, જે જીવનભર કરી બતાવ્યું. તેનું આ રસ-સભર અને પ્રેરણાદાયી દર્શન છે.


'રાખનું પંખી' જેમ પુનર્જીવન પ્રાપ્ત કરે છે તેમ આપણે પણ એ યુગને પુનર્જીવિત કરી શકીએ, જો સંકલ્પ હોય તો. તે માટે આ ગ્રંથ ખરેખર પ્રેરણાદાયી નીવડે તેમ છે.

રાખનું પંખી : રમણલાલ સોની, પ્રકાશક : ડૉ. રેણુકા શ્રીરામ સોની, સુતરીઆ હાઉસ, ત્રીજો માળ, ભાઈકાકા ભવન પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬, પૃ. ૪૮૦+૧૬, કિંમત રૂ. ૩૦૦.

- પ્રા. સુરેશ મ. શાહ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]





ખોડીદાસ પરમારનાં સંસ્મરણો

વિવિધ કલાક્ષેત્રનાં સર્જકોની સ્મરણકથાઓ પ્રાપ્ત થતી હોય છે તેમ ગુજરાતના જાણીતા અને ભાવનગર-સ્થિત ચિત્રસર્જક ખોડીદાસ પરમારની સ્મરણકથા ઉપરના શીર્ષકથી પ્રકાશિત થઈ છે. ગ્રંથ ત્રણ વિભાગમાં વહેંચાયેલો



છે : (૧) અમે કાંટિયાવરણ 'કારડિયા' (સંસ્મરણો), (૨) કલાકારો, મિત્રો, સ્નેહીઓ તેમજ વિવેચકો દ્વારા વધામણાં, (૩) Bio-data.

આમાંના પ્રથમ વિભાગમાં કલાકારના જન્મ-ઉછેર-કેળવણી અને કલા-સાધનાનાં સંસ્મરણો આલેખાયેલાં છે. શ્રી ખોડીદાસભાઈના જણાવ્યા પ્રમાણે સૌરાષ્ટ્રની લોકકલાના સંસ્કારો ઝીલી તેમણે પોતાની પીંછી ચલાવી છે. આથી એ સ્વાભાવિક છે કે એમાં તળપદી કલાશૈલીના અંશો સુપેરે જોવા મળે. એમની આ ચિત્રશૈલીમાં પુરાણો તથા લોકકથાઓના મોટિફને એમણે પોતાની આગવી રીતે આલેખ્યા છે. ક્યાંક ગાઢા રંગો, ઘેરી રેખાઓ, આછાબહુલ પાત્રોની સૃષ્ટિ, પાત્રોની પરંપરાગત આકારનિર્મિતિ, ગ્રામવાતાવરણ, ભીંત-ચિત્રોની અસર વગેરે સહેજે કળી શકાશે. લોકજીવન અને લોકકલા એમનો પ્રેરણાસ્રોત રહ્યો છે. આધુનિકતા કે નવીનતાના વ્યામોહમાં પડ્યા વગર એમણે આત્મસૂઝથી અને આગવી સાધનાથી આ ગતકાલીન સૃષ્ટિનું ભવ્ય નિર્માણ કર્યું છે. નિખાલસપણે એમણે પોતાનાં સંસ્મરણો આંક્યાં છે તે આ ગ્રંથનો વિશેષ છે. અહીં ગ્રંથમાં પ્રકાશિત બહુરંગી ચિત્રોમાંનું એક આ અંકના મુખચિત્ર તરીકે પુનર્મુદ્રિત કર્યું છે.

રેખાંકનોથી ભરપૂર અને મુખપૃષ્ઠ પાછળનાં બે તથા અન્ય ૧૯ બહુરંગી ચિત્રો આ ગ્રંથની મૂલ્યવત્તામાં વધારો કરે છે. કોઈ પણ કલાચાહકને વાંચવો ગમે તેઓ આ સંસ્મરણોનો ગ્રંથ આવકાર્ય છે.

(પ્રકાશક : ગુજરાત લોકકલા ફાઉન્ડેશન, ૨, પ્રોફેસર્સ કૉલોની, અમદાવાદ-૯. પ્રાપ્તિસ્થાન : ગૂર્જર એજન્સીસ, રતનપોળનાકા, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧. કાચુ પૂંઠું, પૃ. ૧૭૬, ડબલ ડિમાઈ કદ, કિં. રૂ. ૩૦૦.)

કલાવાર્તા

વિશ્વના મહાન ચિત્રકારો-૮

વર્મીઅર

વર્મીઅરના જીવન વિશે બહુ અલ્પ માહિતી ઉપલબ્ધ છે. એ કારણે આ કલાકાર કલા-વિશ્વમાં **Sphinx of**



Delft તરીકે ઓળખાય છે. એની જન્મ તારીખની નોંધેય મળતી નથી. પણ એનો નામકરણ-વિધિ હોલૅન્ડના ડેલ્ફ્ટ નગરના દેવળમાં ૧૬૩૨ના ઑક્ટોબરની ૩૧મીએ યોજાયેલો એટલી નોંધ મળે છે ખરી. એના પિતા શરૂમાં રેશમનો ધંધો કરતા. એમાં ઝાઝી ફાવટ નહીં આવી હોય તે પછી એમણે વીશી શરૂ કરેલી. સાથે ચિત્રોની લે-વેચ પણ કરતા. એમાં સારી કમાણી થતાં એમણે ડેલ્ફ્ટમાં જ સારું મકાન ખરીદી લીધેલું. વર્મીઅરનો ઉછેર વીશીના માહોલમાં થયેલો.

ડેલ્ફ્ટ ત્યારે હોલૅન્ડનું ચોથા નંબરનું સમૃદ્ધ, રળિયામણું નગર લેખાતું. એ સદીના પ્રારંભમાં આ નગર ચિત્રકલાક્ષેત્રે થોડુંક પાછળ રહી ગયેલું. પણ સદીના મધ્યગાળામાં એ સમયના ખ્યાતનામ કલાકારો ડેલ્ફ્ટમાં સ્થિર થતાં, આ નગરનો ચિત્રકલાક્ષેત્રે સુવર્ણયુગ આરંભાયો.

વર્મીઅરના ગુરુ વિશે અટકળો બંધાતી રહી છે. એક મતાનુસાર લીયોનાર્ટ બ્રેમર વર્મીઅરનો ગુરુ હોવાનું મનાય છે. આ ગુરુની ભલામણથી વર્મીઅર ધનિક વર્ગની કૅથૅરિના સાથે લગ્ન કરી શકેલો. બ્રેમર ઉચ્ચ કોટિનો કલાકાર નહોતો. એનાં ચિત્રો સાવ અંધારિયાં લાગે, રાત્રિનાં નાટ્યાત્મક દૃશ્યો ચીતરવા માટે એ ખાસ જાણીતો થયેલો. ગુરુશિષ્યનાં ચિત્રોમાં બહુ ઓછું સામ્ય જોવા મળે છે. વર્મીઅરનો બીજો સંભવિત ગુરુ કૅરેલ ફેબ્રિશ્યસ હોવાનું મનાય છે. આ કલાકારની જેમ ફેબ્રિશ્યસ પણ ઑપ્ટીકલ પ્રયોગો કરતો રહેતો. ડેલ્ફ્ટમાં થયેલા ગમખ્વાર વિસ્ફોટમાં ફેબ્રિશ્યસનો ભોગ લેવાયેલો. એના વિશે લખાયેલ કાવ્યની અંતિમ પંક્તિઓમાં વર્મીઅરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે : ફેબ્રિશ્યસની રાખમાંથી જે કલાકાર ઉદ્ભવ્યો તે વર્મીઅર કે જે પૂરા કૌશલ્યથી એને અનુસરતો રહ્યો.

૨૧ વર્ષની વયે તો વર્મીઅર ચિત્રકારોની મંડળીનો 'માસ્ટર' બની ગયેલો. એની પત્ની, કૅથૅરિના કૅથોલિક સંપ્રદાયની હતી. એ વર્મીઅરનાં ચિત્રો માટે મોડલ પણ બનતી. **Woman in Blue, Reading a Letter** ચિત્રમાંની સ્ત્રી કૅથૅરિના પોતે જ છે. કૅથૅરિનાએ આ કલાકારને અગિયાર બાળકોની ભેટ ધરેલી!

પિતાના મૃત્યુ પછી વર્મીઅરે વીશી અને ચિત્રોની ડીલરશિપનો વ્યવસાય સંભાળી લીધેલો. એ કલાનો અચ્છો પારખુ લેખાતો. ઇટલીનું એક ચિત્ર અસલ છે કે નકલ, એ વિશે વિવાદ જાગેલો ત્યારે એનું પારખું કરવા વર્મીઅરને ડેલ્ફ્ટથી તે છેક હૅગ સુધી તેડાવેલો. વિવાદાસ્પદ ચિત્ર વિશે પોતાનો નિર્ણય આપતાં એણે જણાવેલું કે



મેરી અને માર્થાના ઘેર ઈસુ ખ્રિસ્ત

એ ચિત્ર નકલી છે, એટલું જ નહીં, નકલ તરીકે પણ એ સાવ નિમ્ન કક્ષાનું છે. બસ, આ એક જ પ્રસંગે એણે એના શહેરની બહાર પગ મૂકેલો.

ડેલ્ફ્ટના કલાકારોમાં એ સૌથી આદરણીય હતો. એ જ કારણે ચિત્રકારોની મંડળીના ગવર્નર તરીકે એની બે વાર નિયુક્તિ થયેલી. એનાં ચિત્રો ઊંચી કીમતે વેચાતાં. સામાન્ય નગરજનોય એનાં ચિત્રો ખરીદતાં. એક ભઠિયારાએ એનું ચિત્ર ૬૦૦ લીવર (ત્યાંનું નાણું)માં ખરીદેલું.

પાછલાં વર્ષોમાં વર્મીઅરને આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડેલો. એને પોતાના બહોળા પરિવારના નિભાવ માટે કરજ પણ કરવું પડેલું. પછી તો, પૈસાની ખેંચને પહોંચી વળવા, બાપીકું મકાન ભાડે આપીને, સપરિવાર સાસુમા ભેગાં રહેવા જવાની એને ફરજ પડેલી. ફ્રાન્સનું હોલૅન્ડ પરનું આક્રમણ, આ કલાકારની આર્થિક મુશ્કેલી માટે થોડે ઘણે અંશે જવાબદાર હતું. આ આક્રમણને પગલે ચિત્રોના બજારમાં નરમાઈ આવી ગયેલી. એની માઠી અસર વર્મીઅર પર પડેલી. પછી તો તે ભૂલાતો ગયો. છેક ૧૯મી સદીમાં થોરેએ એને પુનઃ જીવીત કર્યો. ત્યારથી



કલાકારનો સ્ટૂડિઓ



સ્વીડિસ સાહસિક નારી

એનું સ્થાન ચિત્રજગતમાં અંકિત થઈ ગયું છે.

વર્મીઅરનાં ચિત્રોમાં અઢળક સૌંદર્ય ધબકતું લાગે. એનાં સર્જનમાં બધું સ્વચ્છ સાફ-સૂથરું અને શુદ્ધ-સ્પષ્ટ હોય. એણે રોજબરોજનાં જીવનનાં કેટલાંક અવિસ્મરણીય ચિત્રો સર્જ્યાં છે. આજે, જો કે એનાં ૩૫ ચિત્રો જ ઉપલબ્ધ છે.

વર્મીઅરે એની કારકિર્દીના આરંભે ઇતિહાસ પર ચિત્રો દોર્યાં છે. પુરાણ કથાઓ પરનાં ચિત્રો પણ આ અરસામાં સર્જાયાં.

બીજા તબક્કાનાં ચિત્રો પારિવારિક જીવનને વિષય તરીકે લઈ નિર્માયાં છે. આ ચિત્રોનું ફલક વિશાળ છે. એના રંગોની સજાવટ પણ ઉષ્મા-ભરી છે. આ ચિત્રો સાંપ્રત સમાજને પ્રતિબિંબિત કરે છે. એમાં પાત્રોની સંખ્યા પણ એક-બેથી વધારે ભાગ્યે જ જણાય છે. આ પાત્રો ક્યાં તો ગાતાં કે પછી રોજિંદા કામકાજમાં પરોવાયેલાં દર્શાવાયાં છે. આ ચિત્રોમાં સર્જકે શીત રંગો પ્રયોજ્યા છે. આ પ્રકારનાં ચિત્રો સર્જવામાં અન્ય કોઈ કલાકાર વર્મીઅરને આંબી શક્યો નથી.

ત્રીજા તબક્કામાં ચિત્રોમાં કલાકારની ચિત્રશૈલી થોડી સખ્તાઈ પકડે છે. અગાઉનાં ચિત્રોમાં જોવા મળતી તાજગી આ તબક્કાનાં ચિત્રોમાં જોવા મળતી નથી; જો કે એની પીંછીનું કૌશલ્ય સિદ્ધિનાં નવાં શિખરો સર કરે છે પણ સાહજિકતાને ભોગે. **The Allegory of Faith** માં 'શ્રદ્ધા'નું નિરૂપણ નર્યું હાસ્યાસ્પદ લાગે. **Woman with a Balance** પ્રતીકાત્મક ચિત્ર બન્યું છે.

શરૂઆતમાં વર્મીઅરે એના સમકાલીનોની શૈલી અપનાવેલી, પણ એમાંયે એ પૂર્ણતાને પામવા મથતો રહેતો. પૂર્ણતાથી ઓછું એને કશું ન ખપે. આ બાબતે એ એના સમકાલીનોથી જુદો પડે છે. રંગોની માવજત અને પીંછીનું કૌશલ્ય એનાં ચિત્રોમાં અદ્ભુત હોવાનું. આ બાબતે વર્મીઅર કલાકાર તરીકે ભૂખરા રંગનો ઉપયોગ કરતો. રંગોનો સહજ સુમેળ એનાં ચિત્રોની લાક્ષણિકતા હતી. એનાં ચિત્રો સુંવાળપભર્યાં તથા વિગતોથી ભર્યાં-ભર્યાં હોય. **Maid with a Milk Jug** માં છાયા-પ્રકાશ બહુ તીવ્રતાથી નિરૂપાયો છે. આ ચિત્રમાં એ આપણને **Manet**ની યાદ અપાવી જાય છે. એનાં ચિત્રોમાંનાં પદાર્થો પરની પ્રકાશની લીલા જોનારને મંત્રમુગ્ધ કરી દે છે.

વર્મીઅર સીધું કૅનવાસ પર જ ચીતરતો. ચીતરતી વખતે જમણા હાથને ટેકવવા માટે એ એક સાધન **Mahlstick** વાપરતો. રીપાના આઈકોનોલૉજિયાનો ઉપયોગ એ સંદર્ભગ્રંથ તરીકે કરતો. આ ગ્રંથ એને રૂપકોનું અર્થઘટન કરવામાં સહાયભૂત થતો. એણે નેત્રવિદ્યાનોય અભ્યાસ કરેલો. સિટી સ્કેઈપ ચીતરતી વખતે એ કૅમરાનો ઉપયોગ પણ કરતો. આ કૅમરા દ્વારા એ ચિત્રના વિષયને કૅનવાસ પર ઝીલતો.

બાઈબલ પર આધારિત એના ચિત્ર **Christ in the House of Mary and Martha**માં પ્રકાશનું આયોજન સંવેદનાભર્યું છે. પાત્રોના પોષાકોય બડી ઊલટથી ચિતરાયા છે. **The Pearl**



દૂધના લોટા સાથે એક મહિલા

Necklace વર્મીઅરનું શ્રેષ્ઠ ચિત્ર લેખાય છે. આ ચિત્રમાં પ્રકાશનું અને રંગોનું સંયોજન અદ્ભુત રીતે થયું છે. જીવન માટેનો સંદેશ પણ ચિત્રકારને અભિપ્રેત હોય એમ આ ચિત્ર જોનારને લાગે. The Artist's Studio ચિત્ર વર્મીઅરને સૌથી વધારે ગમતું. આ ચિત્ર એણે અંત સુધી પોતાની પાસે રાખેલું. આ ચિત્રમાંના કલાકારને વર્મીઅરે ચિત્રકારોનો રૂઢિગત પોષાક પહેરાવ્યો છે, જેથી એ 'Old Master' લાગે. ચિત્રમાંનું પ્રતીક ગૂંચવાણભર્યું છે. આગળના પડદાની ગડીઓ કૅનવાસ પર સરસ ઝિલાઈ છે. ચિત્રમાંનો કલાકાર વર્મીઅર પોતે જ છે. Soldier with a Laughing Girl વર્ષો સુધી બીજા કલાકારને નામે ચડેલું રહેલું. આખરે ૧૮૮૪માં થિઑફિલ થોરેએ એ ચિત્ર વર્મીઅરનું જ છે એમ પ્રતિપાદિત કર્યું. એ જ વર્ષમાં એ ચિત્ર ૮૮૦૦૦ ફ્રેન્કમાં વેચાયેલું. ત્યારે એ કિંમત કંઈ નાની ન ગણાય. The Little Street એનાં સૌથી મૌલિક ચિત્રોમાંનું એક લેખાય છે. View of Delft તો હોલૅન્ડનાં બધાં ભૂચિત્રોમાં ઉત્કૃષ્ટ ગણાય છે. ચિત્રમાં વાદળછાયું આકાશ છે ને એ વાદળોને ક્યાંકથી ભેદીને બહાર ડોકાતો સૂર્ય દૂરના વાસોમાં છાપરાંને અજવાળતો દર્શાવાયો છે. આખું ચિત્ર સ્વચ્છ, સ્પષ્ટ, વાસ્તવિક બન્યું છે. The Lacemaker પણ એનાં ગણનાપાત્ર ચિત્રોની કક્ષાનું છે. રેન્વારના મતે તો આ ચિત્ર 'One of the finest paintings in the world' છે.

The Guitar Player ચિત્રમાં વર્મીઅરની કલાનાં વળતાં પાણીનો સંકેત જોવા મળે છે. આ ચિત્રની સુંદરતા વિશે જો કે બે મત નથી.


આ કલાકારનું જીવન આજે ય કોયડારૂપ રહ્યું છે અને ૪૩ વર્ષની નાની વયે તો આ કોયડારૂપ કલાકારે એની જીવનલીલા સંકેલી લીધેલી.

-નટુ પરીખ / હરિત પંડ્યા

કલાવૃત્ત

પર્વતોની પારદર્શિતા

ચ ા ર ુ ત ર



વિદ્યામંડળ, વલ્લભ-વિદ્યાનગર દ્વારા સંચાલિત વિદ્યા-સંકુલમાં ગુજરાતના કલાગુરુ સ્વ. રવિશંકર રાવળની પ્રેરણાથી પૂજ્ય ભાઈકાકાએ કલાકેન્દ્ર સંસ્થાનો પ્રારંભ કરેલો, સંસ્થામાં શ્રી અજિત પટેલ ઈ.સ. ૧૯૬૮થી કલાના અભ્યાસ અર્થે જોડાયા અને પેઈન્ટિંગની રાજ્ય ડિપ્લોમા ઈ.સ. ૧૯૭૩ની પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ આવી વડોદરાની ફાઈન આર્ટ્સ કૉલેજનો બે વર્ષનો વધુ અભ્યાસ કર્યો. એ રીતે તેમનો અભ્યાસકાળ પણ ઉજ્જ્વળ રહ્યો. વિદ્યાનગરની કલા સંસ્થા કલાકેન્દ્રમાં પોતાના અધ્યાપનકાર્યની સાથે-સાથે સર્જનકાર્ય પણ સાતત્યપૂર્ણ રીતે, શિસ્તબદ્ધ કરતા રહ્યા છે. આધુનિક યુગની તમામ સુવિધાઓ સાથે વિવિધ વિદ્યાશાખાઓનું શિક્ષણ આપતી સંસ્થાઓમાં તેઓ હાલ આચાર્ય તરીકે



શ્રી અજિત પટેલની કૅનવાસ પર ઓઇલ પેઈન્ટિંગની કેટલીક કૃતિઓ


સેવાઓ આપી રહ્યા છે.

શ્રી અજિત પટેલ કલાજગતમાં અદ્યતન ગ્રાફિક્સ કાર્યશૈલીમાં વિશિષ્ટ નામ ધરાવે છે. તેઓ સિલ્ક દ્વારા ગ્રાફિક્સ ચિત્રોમાં નિત નવા પ્રયોગો કરી હંમેશાં ચિત્રોમાં નાવીન્ય દર્શાવવા પ્રયત્ન કરતા રહ્યા છે. સિલ્ક સ્ક્રીન એ ટેક્સટાઈલ ક્ષેત્રે ખૂબ જાણીતું પ્રસાર માધ્યમ છે, પરંતુ આ કલાકારે તેને ઓફસેટ પ્રિન્ટિંગની હૂબહૂ અસરો ઊપજાવી દર્શાવવા માટે ખૂબ ધીરજ અને ખંતપૂર્વકના પ્રયત્નો કર્યા છે ને તેમાં સફળ રહ્યા છે. તેઓશ્રીએ કલાજગતમાં રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાનાં અનેક પારિતોષિકો પ્રાપ્ત કરી આજ સુધી ચારુતર વિદ્યામંડળને ખૂબ જ ગૌરવ અપાવેલ છે.

શ્રી અજિત પટેલ બાળપણથી મુસાફરી અને વિવિધ પ્રવાસોના શોખીન







રહ્યા છે. મુસાફરી દરમિયાન તેમની નજર સૌંદર્યતત્ત્વ પર ઠરતી હોય છે. એ નજરમાં બેઠેલાં દૃશ્યો એમનાં સર્જક-તત્ત્વની ભોંય છે. વિદેશી મુસાફરી દરમિયાન ઊંચાઈએથી દેખાતા ધરતી પરના ક્રિએટીવ લૅન્ડસ્કેપ પણ એમની સર્જનની એક આગવી પ્રતિભા બની શક્યા છે. તેમનો છબીકલાનો શૉખ પણ બેનમૂન છે. નિત નવીન દૃષ્ટિકોણ દ્વારા તેઓ પ્રાકૃતિક તત્ત્વો કૅમરામાં ઝીલે છે અને જુદા જુદા અભિકોણથી એ અમૂર્ત ભાવને મૂર્ત કરવાના પ્રશસ્ય પ્રયત્નો કરે છે.

શ્રી અજિત પટેલે તાજેતરમાં ચિત્તાકર્ષક પર્વતો અને દુર્ગમ ખીણો વડે રચાયેલી સૌંદર્ય સૃષ્ટિને સહેજ આધુનિક સ્પર્શ આપી નવી શ્રેણીનાં ચિત્રો તેમણે રચ્યાં છે. મધ્યપ્રદેશના પંચમઢીનો વિસ્તાર, એમાં થતો સૂર્યોદય, સૂર્યાસ્ત, (જૂઓ નીચેની આકૃતિ) એમાં ઊઘડતા અવનવા રંગો, પથ્થરોમાંથી પરાવર્તિત થતાં તેજોવલયો, વિવિધરંગી પથ્થરો અને અવનવાં રંગોનાં પરાવર્તિત કિરણોની ઝાંય તેમણે તેમનાં ચિત્રોમાં પીંછીના લસરકે પાથરી છે, જાણે પથ્થરો જ ગીત ગાતા હોય...! તેમણે ચિત્રોમાં પારદર્શકતા લાવવા, ગહનતા આણવા તથા સમયની સમ્યક્તા ઝીલવા પ્રયાસો કરી વિવિધ રંગોની રંગછાયાની સંવાદિતા ઉપજાવવા મથામણ કરી છે- એમાં એમની સિદ્ધિ છે.

ચિત્રોમાં ક્ષિતિજને પાર દૂર-સુદૂર પ્રકૃતિનાં અવનવાં સ્થિત્યંતરોની હૂબહુ મુદ્રાઓ, પ્રકૃતિનો પલતાટો મિજાજ, તેમની પીંછીના લસરકે આત્મસાત્ થયો છે. આકારિત ચિત્રમાં પૃથ્વીના પાલવમાં ઊઘડેલા પથ્થરો અને એનું ગહન સ્વરૂપ, એનું વાતાવરણ તથા એમાં ઝિલાયેલા સૂક્ષ્મ રંગો તૈલરંગના માધ્યમ દ્વારા કૅનવાસ ઉપર સર્જકત્વ પામ્યા છે.

-(ભગીરથ બ્રહ્મભટ્ટ; રઘુવીર ચૌહાણ)



કલાસ્મૃતિ

ચિત્રકાર શ્રી ગણેશ પ્યાન



બંગાળની ભૂમિ તેમજ કોલકાતાએ આપણને ઘણા સર્જકો આપ્યા છે. દરેક કલાકાર પોતાનાં જ સર્જનો દ્વારા દેશ-દુનિયામાં જાણીતો થયો છે. બંગાળના કલાકારો માટે એમ કહેવાય છે કે તેઓના ઉપર પૅરિસની બોહેમિઅન સંસ્કૃતિની અસર, લાંબા વાળ અને દાઢી, પાટલૂન અને લાંબો ઝભ્ભો, ખભે થેલો, તેમાં લખવાનો કે રેખાંકન કરવાનો સામાન, દૈનિક અખબાર અને એક-બે આદતોની ચીજો, પગમાં ચંપલ, કોલકાતાની કૉલેજ સ્ટ્રીટ કે અન્ય જાણીતી જગાએ અડ્ડા-બેઠક જમાવવી, મોડી રાત સુધી ચર્ચા-વાર્તાલાપો કરવા અને છૂટા પડવું. ચાહની કીટલીવાળા તેમજ નાની-મોટી રેસ્ટોરાંવાળા પણ તેમને સન્માનથી સગવડો કરી આપે. આ બધા કલાકારો સતત ચિંતન-મગ્ન રહેલા દેખાતા. શ્રી ગણેશ પ્યાન પણ શરૂઆતના કલાભ્યાસ દરમિયાન ઉપરોક્ત વાતાવરણમાં રહ્યા, અને કાળે કરીને તેમાંથી નીકળી જઈને આજે દેશના પ્રથમ હરોળના ચિત્રકારોમાં સ્થાન પામ્યા છે.

શ્રી ગણેશ પ્યાનનો જન્મ કોલકાતાના ગીચ વિસ્તારના એક બંધિયાર જેવા મકાનમાં સન ૧૯૩૭માં થયો હતો. દાદીમાની પૌરાણિક વાતો સાંભળીને સ્લેટમાં ચિત્રો કરે, આવા રસને કારણે કોલકાતાની આર્ટ કૉલેજમાં કલાભ્યાસ માટે દાખલ થયા અને સન ૧૯૫૯માં ચિત્રકલામાં ડિપ્લોમા પ્રાપ્ત કર્યો. નાનપણથી જ સામાજિક વાતાવરણ, સગાંઓની માંદગીઓ, અવસાન, જુનવાણી


રીતરિવાજો, ભેદભાવો વગેરેએ તેમના મગજમાં એક પ્રકારની ગંભીરતાને જન્મ આપ્યો, જેના કારણે તે લોકોને મળવાનું, બહાર નીકળવાનું પરિભ્રમણ વગેરે ટાળતા રહ્યા. અભ્યાસકાળ દરમિયાન મહાન કલાકારો રેમ્બ્રાં અને પૉલકલી જેવાઓનાં સર્જનો તેમને ઘણાં ગમતાં. આજે પણ પ્રકાશ-છાયાની ખૂબીઓ અને રેખાંકનોમાં ઉપરોક્ત બન્ને કલાકારોની સ્પષ્ટ છાપ શ્રીગણેશ પ્યાનનાં સર્જનોમાં દેખાય છે. શ્રીગણેશ પ્યાન પોતે જે માન્યતાઓમાં રસ ધરાવે છે તે પ્રકારનાં, મનોવૈજ્ઞાનિક કથાનક, પ્રતીકોવાળાં સર્જનો કરતા રહ્યા છે. સન ૧૯૬૩માં તેમણે ઘણાંબધાં રેખાંકનો કર્યાં, જેનાથી તેમની આગવી સર્જનશક્તિનો વિકાસ શરૂ થયો. સન ૧૯૭૨નાં 'ધ ફિશરમૅન', 'ધ બર્ડમૅન', 'ધ લૅમ્પ' અને 'વોરીઅર' જેવાં ચિત્રો જે આજે નૅશનલ મ્યૂઝીઅમ ઑવ્ મૉડર્ન આર્ટ-ન્યૂ દિલ્હી ખાતે સંગ્રહ પામ્યાં છે. આ કૃતિઓથી શ્રીગણેશ પ્યાનની દેશ-વિદેશમાં ખ્યાતિની શરૂઆત થઈ.

શ્રીગણેશ પ્યાન, અતિમુશ્કેલ ટેમ્પરા શૈલીમાં વધારે સર્જનકાર્ય કરે છે. ક્યારેક મિક્સ-મિડીયા અને પેન ડ્રોઈંગ પણ કરતા હોય છે. તેમાં ચિત્રોના વિષયવસ્તુમાં, મૃત્યુનો ભય, ડરામણાં દૃશ્યો, કાલ્પનિક પ્રદેશો, જળચર પ્રાણીઓ, હાડપિંજર જેવા મનુષ્યો દેખાયા કરે છે. દર્શક જાણે કે મહાન દાર્શનિક ખલિલ જિબ્રાનનું સાહિત્ય વાંચતો હોય તેમ લાગે. જ્યારે શ્રીગણેશ પ્યાન ખૂબ જ ગંભીર, ધૈર્યવાન, ચિત્રસર્જન-માં સારો એવો સમય લેવો, , પ્રચાર-પ્રસાર-મિડિયામાં જેરા પણ રસ નહીં. પરિ-ભ્રમણનો જરાકે શૉખ નહીં એવા એકાકી કલાકાર છે. આમ છતાં આજે ભારતના કલાજગતમાં એમની કૃતિઓ, ખરીદીની દૃષ્ટિએ મૂડી-રોકાણની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વની ગણાય છે. ચિત્રો ખરીદવા કલા રસિકો, ગૅલરીવાળા, કલા-લિલામની સંસ્થાઓ પડાપડી કરતી હોય છે.

શ્રીગણેશ પ્યાનનાં નાનાં-મોટાં માંડ સાતેક જેટલાં જ પ્રદર્શનો યોજાયાં છે. તે પણ ન્યૂ દિલ્હી, કોલકાતા અને મુંબઈમાં. રાજ્ય કે રાષ્ટ્રિય પ્રદર્શનોમાં તેમણે નહિવત્ ભાગ લીધો છે. સંયુક્ત પ્રદર્શનોમાં ક્યારેક જ જોડાયા છે પણ તેમની કૃતિઓના સંગ્રાહકોની સંખ્યા ઘણી મોટી છે, જેમાં ઍક્ટર વિક્ટર બૅનરજી, દિલીપ ડે, પ્રકાશ કેજરીવાલ અને ચિત્રકુટ આર્ટ ગૅલરી, નૅશનલ ગૅલરી ઑવ્ મૉડર્ન આર્ટ, લલિતકલા અકાદમી, ગ્લાન બારા મ્યૂઝીઅમ, જપાન, દાવીડા કલેક્શન-અમેરિકા, બિરલા અકાદમી, સોથબે અને ક્રિસ્ટીઝ જેવી કલાની સંસ્થાઓ તેમજ કલાસંગ્રહાલયોનો સમાવેશ થાય છે. ટેમ્પરા શૈલીનાં પ્રયોગોમાં તેઓ અનેકવિધ પ્રયોગો કરતાં રહે છે. સારાએ ભારતમાં આ શૈલીમાં કામ કરનારા તેઓ એકમાત્ર ગણાય છે. આ શૈલીના ચિત્રસર્જનમાં ઘણો લાંબો સમય લાગે છે. કૃતિઓ ઝડપથી પૂર્ણ થઈ શકતી નથી. તેમની ચિત્ર-રચનાઓમાં ચિત્ર-વિચિત્ર પક્ષીઓ, પ્રાણીઓ, હાડકાં દેખાય તેવી માછલીઓ તેમજ મનુષ્યો, ઊંઘમાં ક્યારેક દેખાતો યમદૂત કે દેવદૂત, મધદરિયે, તૂટી પડેલું જહાજ જેવા કલ્પનાસભર ચિત્રો જોવા મળે છે. તેઓ પોતાને 'થિમેટિક' કથાવસ્તુ આધારિત ચિત્રસર્જક ગણે છે. તેમના ઉપર મહાન ચિત્રકાર સાલ્વાડોર ડાલીના ગહન વાસ્તવ-વાદની સ્વપ્નીય અસરો પણ જોવા મળે છે.

સુજ્ઞ વાચકોની જાણકારી માટે શ્રીગણેશ પ્યાનેની કૃતિઓની, છેલ્લાં થોડાંક વર્ષોની કિંમતો જણાવવાની તક અસ્થાને નહીં ગણાય. સન ૨૦૦૦માં મુંબઈમાં યોજાટેલ 'હાર્ટ' સંસ્થાના લિલામ પ્રદર્શનમાં તેમના ૨૦''x૨૨'' ના ચિત્ર 'સેઈજ'ના રૂા. ૮ લાખ ઊપજ્યા હતા. ૬''x૪''ના રેખાંકનના રૂા. ૧ લાખ પચાસ હજાર ઉપજેલા, લંડનની 'સોથબે' નામની કલાલીલામ સંસ્થાએ સન ૧૯૯૭માં 'ધ ડબચોર'-નાળિયેર ચોર-ટેમ્પરા ચિત્રના ૧૩,૦૦૦ પાઉન્ડ ઉપજાવેલા. તેમના સન ૧૯૬૪માં સર્જન પામેલા ચિત્ર 'ચૈતન્ય મહાપ્રભુ'ના લાખો રૂપિયા આપવા છતાં સંગ્રાહક વેચવા તૈયાર નથી.

શ્રીગણેશ પ્યાને મોટી ઉંમરે લગ્ન કર્યાં. ૬૩ વર્ષની પાકી વયે પ્રથમ વખત પરદેશનો પ્રવાસ કર્યો, પોતાને ગમતા ચિત્રકારોનાં ચિત્રો જોયાં, આજે પણ શ્રીગણેશ પ્યાન માટે કોઈ પણ સામાજિક પ્રસંગો, તહેવારો, કામના નથી. તેઓની દુનિયા તેમના ફ્લૅટનો એક નાનો રૂમ-સ્ટૂડિઓ છે. તેઓ શારીરિક તંદુરસ્તીને ધ્યાનમાં લઈને રાત્રિ દરમ્યાન કામ કરતા નથી, પણ દિવસ દરમ્યાન ઘણા કલાકો સુધી સતત કામ કરતા રહે છે. ક્યારેક મહાન સર્જકો, કોઈ પણ પ્રકારના પ્રલોભનોમાં પડ્યા વગર પ્રચાર-પ્રસાર કે રાજકારણનો આશરો લીધા વગર પણ માત્ર પોતાના સર્જન અને દર્શકો-ચાહકોને લઈને મહાન કક્ષાએ પહોંચી શકે છે. તેમાં શ્રી ગણેશ પ્યાનનું પણ સ્થાન છે. *- ગજેન્દ્ર શાહ*



ચિત્રકાર શ્રીગણેશ પ્યાનનું ચિત્ર 'ડબચોર'

કૈલાસ પર્વત અને માનસરોવર
(દેશાટન-૪૩)



કૈલાસ પર્વતને ભગવાન શિવનું નિવાસ-સ્થાન માનવામાં આવે છે અને તે અતિ પવિત્ર સ્થળ ગણાય છે. માનસરોવરને ભગવાન બ્રહ્માએ નિર્મ્યું હતું એમ કહેવાય છે. તીર્થયાત્રી કૈલાસ પર્વતની પરિક્રમા કરે છે અને જિન્દગીના સર્વ પાપોનું નિવારણ કરે છે એમ મનાય છે. માનસરોવરમાં સ્નાન કરવાથી અને ડૂબકી લગાવવાથી જીવનભર કરેલાં અપકૃત્યોથી મુક્ત થવાય છે એવી માન્યતા પ્રવર્તે છે. માનસરોવરનું સ્નાન અતિ પવિત્ર ગણાય છે. ૨૨૦૨૮ ફૂટની ઊંચાઈએ કૈલાસ પર્વત આવેલો છે. એનાં શિખર અને ગુમ્બજ સતત બરફથી છવાયેલાં રહે છે અને તેથી ઘણાં ખૂબસુરત દેખાય છે. કૈલાસ પર્વતની ખૂબસુરતીથી પર્યટકો ઘણા આકર્ષાય છે અને ભારતના તથા અન્ય દેશો અમેરિકા, કૅનેડા, ફ્રાન્સ, જર્મની, સ્વીટ્ઝરલૅન્ડ વગેરે દેશોના પર્યટકો પણ અહીં આવે છે. ખુલ્લા આકાશવાળા દિવસે કૈલાસ પર્વત હીરાની જેમ ચમકતો દેખાય છે.

૧૪૯૫૦ ફૂટ ઊંચે આવેલું માનસરોવર મીઠાં પાણીનું મોટું સરોવર છે. આ સરોવર ૧૦૦ કિ.મી.ના ઘેરાવામાં આવેલું છે અને કૈલાસ પર્વતથી દક્ષિણ તરફ ૩૦ કિ.મી. દૂર આવેલું છે. સવારથી સાંજ સુધીમાં સરોવરની સપાટી લીલી, ભૂરી, વાદળી અને લાલ રંગોની નજરે પડે છે અને રાત્રે સરોવરનાં પાણીમાં તારાઓ ઝબકતા જણાય છે. કૈલાસ-માનસરોવર જવા માટે દિલ્હીથી જઈ શકાય છે અને બસ કાઠગોદામ, અલમોડા, બાગેશ્વર, કસૌની તથા ધારચુલા થઈને ત્યાં પહોંચાડે છે.

('યોગક્ષેમ'ને આધારે)



આર્દ્ર ક્ષણો

એ જ હું છું એ જ તું છેઃ એ જ, બીજું કંઈ નથી;
આ ઋણાનુબંધ તૂટ્યો સ્હેજ, બીજું કંઈ નથી!

આપણા પ્રશ્નોની વણજારો યથાવત્ છે હજુ;
રહી ગયા ઉત્તરમાં હું-તું બે જ બીજું કંઈ નથી!

એક વરસાદે પલાળી'તી ફક્ત ભીંતો અહીં;
આટલાં વર્ષે હજુ છે ભેજ, બીજું કંઈ નથી!

('નાજુક ક્ષણો'માંથી) *-અમિત વ્યાસ*

અગ્રણી ઉદ્યોગપતિની અલવિદા

'જે વૃક્ષે આકાશની ઊંચાઈને આંબવી હોય એણે પોતાનાં મૂળિયાં પાતાળની ઊંડાઈ સુધી પહોંચાડવાં પડે છે.' મહાન ચિંતક નિત્શેનું આ વિધાન સિદ્ધહસ્ત માનવીઓના સંદર્ભમાં સાંગોપાંગ ખરું ઊતરતું જણાશે. ક્ષેત્રો જુદાં જુદાં હોય, લક્ષ્ય અલગ અલગ હોય પણ વિસ્તારનો પરિઘ આ જ. સામાન્ય માનવીનું સ્વપ્ન પણ જ્યાં ન પહોંચે ત્યાં આવી હસ્તીઓનું વાસ્તવ વિસ્તરી જાય, એટલે જ ૧૯૩૨માં જૂનાગઢના ચોરવાડ પાસેના કુકસવાડા જેવા નાના ગામમાં હીરાચંદ અંબાણી જેવા એક સામાન્ય શિક્ષકને ઘરે જન્મેલ શ્યામળો પુત્ર ધીરજલાલ ૨૦૦૨માં બિચકેન્ડી હૉસ્પિટલમાં જીવન-મૃત્યુ વચ્ચે ઝોલાં ખાય ત્યારે આખું ભારત એના સ્વાસ્થ્યના સમાચાર જાણવા ઉત્સુક થઈ જાય; એના શેરહોલ્ડરો, સહવાસીઓ, શુભેચ્છકોનાં હૃદયમાં ક્યારેક કશુંક ભરપૂર પામ્યાંના તાંતણાઓ એને દુઆઓ સિંચ્યા કરે અને ધીરુભાઈ અંબાણી એક વ્યક્તિ મટી ઘટના બની શકે.

૬ જુલાઈ, ૨૦૦૨ની રાત્રિએ એક વિશાળકાય, વિશ્વકક્ષાએ ખ્યાતિપ્રાપ્ત, ભારતના પ્રથમ કક્ષાના ઔદ્યોગિક જૂથના આ વિરલ ઉદ્યોગપતિએ સૌને અલવિદા કરી દીધી અને સમસ્ત દેશમાં ખળભળાટ મચી ગયો. ધીરુભાઈની ચિરયાત્રાએ પ્રસાર માધ્યમોને ધમધમતાં કરી મૂક્યાં. ધીરુભાઈ અંબાણીની એક એક વિગત પ્રકટ કરવા કે એમની સાહસિકતા અને એમની અદ્ભુત વ્યાવસાયિક સફળતાની રજેરજ માહિતી જણાવવા માટે જાણે પ્રસાર માધ્યમોમાં હોડ લાગી. એમના વિશે જે જે જાણવા મળ્યું, વાંચવા મળ્યું એમાં એમની કારકિર્દીનાં વ્યાપ, બહુલક્ષી વિસ્તાર, વિશે જ જાણવા



મળે છે. નાની નાની વાતો પ્રત્યે પૂરતું ધ્યાન આપ્યા વગર કોઈ માનવી સફળ નથી બની શકતો. એમના શેરહોલ્ડરોએ મેળવેલી સમૃદ્ધિની વાત કરીએ તો એમાં ગાંધીજીના ટ્રસ્ટીશિપ સિદ્ધાંતની છાયા જણાય. એવી જ રીતે અદના કર્મચારીથી માંડીને એમના સંપર્કમાં આવનારી વ્યક્તિઓ સાથેના એમના વ્યવહાર કે સંબંધ-વિસ્તારની વાતો પણ

ભવિષ્યમાં કદાચ એમની જીવનકથા લખાય તો તે વિગતે જાણવા મળે. એ કદાચ ધીરુભાઈને દંતકથાનું પાત્ર બનાવી દે તો નવાઈ નહીં.

ધીરુભાઈ પાસે શું હતું તેની યાદી કરવી અઘરી છે, શું નહોતું એ પૂછો તો એક શબ્દમાં જવાબ આપી શકાય, 'સંતોષ'. માંડ મૅટ્રિક પાસ થયેલો માણસ કેટલેક પહોંચી શકે? ક્યાંક આછી-પાતળી નોકરી મેળવી લે કે નાનો એવો ધંધો કરી શકે, જો એ આજીવિકા રળી કુટુંબનું ભરણ-પોષણ કરવામાં સંતોષ માની લે, તો ધીરુભાઈ મહત્ત્વાકાંક્ષાઓનો ધગધગતો તીખારો હતો અને સમૃદ્ધિની આલબેલ પોકારતાં સ્વપ્નાંઓની રેલમછેલ હતી એટલે એમને 'માંડ મૅટ્રિક પાસ'ની મર્યાદા કદી ક્યાંય નડી નહીં.

ભણતર નહીં રુચ્યું તો એને ઠેબે ચડાવ્યું ને ગણતરની ગાડી પકડી. સોળમે વર્ષે કમાવા માટે 'એડન' પહોંચી ગયા. એ. બેરસે ઍન્ડ કંપનીમાં પેટ્રોલ એટેન્ડન્ટની નોકરી સ્વીકારી પણ 'નોકરીમાં શું દાડા વળે? કરવો તો ધંધો જ'નું સૂત્ર એમના રટણમાં. બે નોકરી બદલાવી અને એ દરમિયાન વેપારની આંટીઘૂંટીઓ શીખી ગયા. સાંજ પડે સટ્ટાબજારમાં જઈ ઊભા રહી શેરોના સોદા કરતાં શીખ્યા. ધીરુભાઈ સમક્ષ સંપત્તિ પ્રાપ્ત કરવાના રસ્તાઓ એક પછી એક ખૂલતા ગયા.

એડનમાં એમના મિત્રનો એક શો-રૂમ હતો. શો-રૂમનું નામ હતું 'રિલાયન્સ' એટલે કે વિશ્વાસ. ધીરુભાઈને એ પસંદ પડી ગયું અને પોતાના ભાવિ બિઝનેસનું નામ રિલાયન્સ જ રાખશે એવી મનમાં ગાંઠ વાળી. 'રિલાયન્સ' નામની પસંદગીમાં જ એમની રુચિનો, દીર્ઘદૃષ્ટિનો અને સફળતાનો પાયો દેખાય છે. આદિથી અંત સુધી એમણે એમનાં રોકાણકારોનો અને ગ્રાહકોનો જબરદસ્ત વિશ્વાસ સંપાદિત કર્યો. આ વાતે જ ધીરુભાઈને પ્રથમ હરોળમાં મૂકી આપ્યા. એમનો વિશ્વાસ ગુણવત્તામાં હતો, સખત પરિશ્રમમાં હતો અને સપનાંઓની સાર્થકતામાં હતો. સપનાંઓ તો કોણ નથી જોતું? પરંતુ એને હકીકતમાં પલટાવવાં, થાક્યાં વગર, અટક્યા વગર સતત મંડાયેલાં રહેવું એ લગન બહુ ઓછાં માનવીઓમાં જોવા મળે છે.

આભને બાથ ભરવાની તમન્ના સાથે જ ધીરુભાઈમાં વતનની માટી માટે પણ એટલી જ માયા ભરી હશે એટલે તેઓ લંડન છોડી ભારતમાં પાછા આવ્યા. વ્યવસાયનાં વાવેતર દેશમાં કરવાનું ઇચ્છ્યું. ધીરુભાઈ માટે સૌરાષ્ટ્રનું ચોરવાડ કે જૂનાગઢ બહુ નાનું પડે આથી પરિવાર સાથે એમણે ભૂલેશ્વરની ખોલી તો ખોલી પણ મુંબઈની ધરતી પસંદ કરી. પહેલું પગથિયું ૧૯૫૬માં પોતાની કંપની 'રિલાયન્સ કમર્શ્યલ કૉર્પોરેશન'ની સ્થાપના કરી. જેમ જેમ સૂઝ પડતી ગઈ તેમ તેમ ધીરુભાઈ વિસ્તરતા ગયા. ચીજવસ્તુઓની આયાત અને નિકાસ બંને અપનાવ્યાં. નિકાસમાં થોડી ખોટ ખાધી તો આયાતમાં જબરો નફો રળ્યો. 'બેસ્ટ'ની બસમાંથી મોટરકાર સુધી પહોંચતાં એમને બહુ વાર ન લાગી.

એક સમયે ભારતના માંચેસ્ટર ગણાતા અમદાવાદના નરોડામાં ૧૯૬૬માં રિલાયન્સ ટેક્ષ્ટાઈલ મિલ શરૂ કરી. ધીરુભાઈની મિલે દેશમાં ડંકો વગાડી દીધો. 'ઓન્લી વિમલ' સૂત્રથી ભારતમાં ભાગ્યે જ કોઈ અજાણ્યું હશે. ૧૯૬૭ સુધી હજી સામાન્ય લોકો શેર-બજારને ઓળખતા નહોતા. ધીરુભાઈએ એક સામાન્ય માનવીને પણ શેરમાં રસ લેતો કરી દીધો. રિલાયન્સના શેરના ભાવ સડસડાટ વધવા લાગ્યા. ધીરુભાઈના વિશ્વાસે બેઠેલા શેરહોલ્ડરોને કદી ગુમાવવું પડ્યું નથી. ધીરુભાઈ કહેતા કે જે કંપની એના શેરહોલ્ડરોનો વિચાર નથી કરતી એનું ભાવિ ઊજળું ન હોઈ શકે. એ પોતે કાનૂની જંગલો સાફ કરતા ગયા અને લોકો માટે રસ્તો બનાવતા ગયા.

૧૯૮૦માં મહારાષ્ટ્રમાં મુંબઈથી ૮૦ કિ.મી. દૂર આવેલો પાતાળગંગા પ્રોજેક્ટ, રિલાયન્સ પોલિપ્રોપલિન, રિલાયન્સ પોલિથિલિન, રિલાયન્સ ટેક્ષ્ટાઈલ મિલ અને રિલાયન્સ પેટ્રોકેમિકલ્સનું જોડાણ કરીને ભારતની 'નંબર વન' રિલાયન્સ ઈન્ડસ્ટ્રીનું સર્જન કર્યું. જામનગર નજીક વિશ્વની સૌથી મોટી ગ્રાસરૂટ રિફાઈનરીની સ્થાપના અને પછી રિલાયન્સ ટેલિકૉમ. આ આખોયે ધીરુભાઈ અંબાણીનો ઉપરની તરફનો ધસમસતો ગ્રાફ છે. એમાં ક્યારેક પરાજય, ધક્કા આવ્યા ખરા, પણ એમણે કદી ન સ્વીકાર્યા. આકાંક્ષાઓને સંકોચાવા ન દીધી કે મળેલી તક પર ત્રાટકવાનું ન છોડ્યું. આગળ આવવા માટે જે જરૂરી હતું એ બધું જ કર્યું. વિરોધો વખતે પોતાની વાત સાચી ઠેરવીને જ જંપ્યા.

યુનિવર્સિટી ઑફ પેન્સિલ્વેનિયાની વ્હાર્ટન સ્કૂલ તરફથી 'ડીન મેડલ' મેળવનાર એ પ્રથમ ભારતીય અને ગુજરાતના પોતીકા ધીરુભાઈ કહેતા, 'જેઓ હિંમત કરવા તૈયાર છે તેઓ આખું વિશ્વ જીતી શકે છે. સ્વપ્ન જુઓ અને પૂરી ધગશથી એને સફળ બનાવો.' આ શબ્દોને રગરગમાં ઉતારી જાણવાનું જ એ પરિણામ હતું કે એક સામાન્ય માનવીએ અસામાન્ય જિંદગી જીવી બતાવી.

'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'ના સર્વેક્ષણ મુજબ વીસમી સદીના શ્રેષ્ઠ સંપત્તિસર્જક અને જ્યાં દર ચોથો રોકાણકાર રિલાયન્સ કંપનીનો છે એવા ભારતીય શેરબજારના પિતા ધીરુભાઈ અંબાણી પોતાના વતન અને ગામ કુકસવાડાને ભૂલ્યા નહોતા. પોતાના ગામનાં લોકો તથા જૂના મિત્રોને છુટ્ટે હાથે મદદ કરતા. ચોરવાડમાં ત્રીસ લાખના ખર્ચે એમણે કન્યા વિદ્યાલય ખોલી. અંબાણી પરિવાર દર વર્ષે રૂ. ૨૦ થી ૨૫ લાખ આ ગામ પાછળ ખર્ચે છે.

'હું નિવૃત્ત થઈશ તો સ્મશાનગૃહમાં' અને આ ખુમારી

એમણે આખરી શ્વાસ સુધી જાળવી રાખી. 'એશિયા વીક' મૅગેઝીને એશિયાના પચાસ પાવરફુલ વ્યક્તિઓમાં ધીરુભાઈ અંબાણીને પ્રથમ સ્થાન અમસ્તું જ આપ્યું હશે? બિલ ક્લિન્ટન જેવા વૈશ્વિક મહાનુભાવ પણ ધીરુભાઈ અંબાણી પરિવાર સાથે પૂરી ૪૫ મિનિટ ગાળે એ સામાન્ય બાબત નથી જ. રાજકારણ અને રાજકારણીઓ પર ધીરુભાઈનો ગજબનો પ્રભાવ હતો.

પચાસ વર્ષથી ઓછા સમયગાળામાં શૂન્યમાંથી મહા-સર્જન કરનાર ધીરુભાઈએ સ્થાપેલ રિલાયન્સ જૂથની કુલ સંપત્તિ આજે રૂ. ૭૩ હજાર કરોડથી વધુ છે. રાજકારણ પરના તેમના પડછાયા વિશેના વિવાદો હવે પ્રસંગકથાઓ બનતા જશે. સિદ્ધિપ્રાપ્ત, ખ્યાતિપ્રાપ્ત માનવીઓ વિશે આવું તો રહેવાનું જ. ધીરુભાઈ કોઈ સંત તો નહોતા. સફળતા મેળવવી અને લોકોનો વિશ્વાસ સંપાદન કરવો એ એમનું ધ્યેય હતું અને એ ધ્યેયને પામવા એમણે પળેપળ પરિશ્રમ કર્યો. મૂળ વાત તો એ છે કે ધીરુભાઈ અંબાણી જેવા વિરલ હીરાના કૅરેટ માપી શકાય, પરંતુ એનો પ્રકાશ વર્ણવવાનું કાર્ય હંમેશા અઘરું જ રહે.

- લતા જ. હીરાણી

જેલના કેદીએ કરેલી અમર શોધ

અમેરિકાના ટૅક્સાસ શહેરમાં બિંગ્રસ નામનો એક ગોવાળિયો રહેતો હતો. એ કાયમ માટે દૂધમાં પાણી ભેળવીને વેચ્યા કરતો હતો. એક દિવસ એવું કરતાં તે પકડાઈ ગયો ને તે ગુના બદલ ન્યાયધીશે તે ખટલાના ચુકાદામાં સજા ફરમાવતાં જણાવ્યું કે 'ભેળસેળ કરેલું દૂધ વેચવું એ કાયદેસર ગંભીર ગુનો છે તથા એ આમજનતાની છેતરામણી છે. એટલે આ અપરાધ બદલ આજીવન કેદની સજા ફરમાવવામાં આવે છે.'

અદાલતના પિંજરામાં રહી આજીવન કેદની સજાનો ચુકાદો સાંભળીને બિંગ્રસ જરાય ઉદાસ ન થયો. એ પોતાની કોટડીમાં રાતોની રાત જાગતો જ રહેતો, જાણે કોઈ અવનવા વિચારમાં ગરકાવ થઈ રહેતો. આમ, દિવસો સુધી થતું હતું. એક દિવસની વાત છે ત્યારે આકાશમાં વીજળીઓ ચમકી રહી અને વરસાદ પણ જોરશોરથી પડતો હતો. બિંગ્રસે જોયું કે સિપાઈ-ચોકીદારો ગાફેલ થઈ આરામથી ઊંઘી રહ્યા છે. એ સમયે તક ઝડપી લઈ જેલની દીવાલ કૂદીને એ ભાગી ગયો. એના ભાગી ગયાની ખબર જ્યારે પોલીસતંત્રને મળી ત્યારે તેણે એને શોધી પકડવા માટે આભ-જમીન એક કર્યાં પણ તે ઝડપાયો જ નહીં.

દસ-બાર દિવસ પસાર થયા બાદ અચાનક ખુદ તે જાતે જેલના દરવાજે આવીને ઊભો રહ્યો. એને આવી રીતે આવેલો જોઈ પોલીસો તો આશ્ચર્યચકિત થઈ ગયા. એ પૈકી એક પોલીસ-અમલદારે તેને પૂછ્યું : 'તું અમને અહીંથી હાથતાળી

'કુમાર'નો ૯૦૦મો વિશેષાંક

'કુમારની પ્રથા પ્રમાણે પ્રત્યેક શતકાંક વિશેષ રૂપે પ્રકટ કરાયો છે તે પ્રમાણે આગામી ડિસેમ્બર ૨૦૦૨નો અંક ૯૦૦મો અંક હશે. વળી, આ તેના ૭૫મા વર્ષની પૂર્ણાહુતિનો પણ અંક હશે. આ બેવડા પ્રસંગે 'કુમાર' ૯૦૦મો અંક **'નર્મ-મર્મ વિશેષાંક'** તરીકે પ્રકટ કરશે.

સૌ લેખક-ચિત્રકાર-કાર્ટૂનિસ્ટ મિત્રોને આ વિશેષાંક માટે નર્મ-મર્મયુક્ત કાવ્ય, વાર્તા, નાટિકા, નિર્બંધિકા, કટાક્ષચિત્રો, કાર્ટૂનો આદિ મોકલી આપવા હાર્દિક નિમંત્રણ છે. આપની કૃતિ ઑક્ટોબર ૨૦૦૨ના અંત સુધીમાં 'કુમાર કાર્યાલય'ના સરનામે મળે તે જોવા વિનંતી છે.

આપીને શા માટે ભાગી ગયો હતો અને હવે ખુદ જાતે શા માટે હાજર થઈ ગયો છે?' જવાબમાં તેણે કહ્યું : 'સાહેબ, હું બાકીની સજા ભોગવવા માટે ફરીથી અહીં હાજર થયો છું.' અમલદારે તેને પૂછ્યું : 'તો પછી ભાગી શા માટે ગયો હતો?'

ગંભીર થઈ તેણે જવાબમાં કહ્યું : 'સાહેબ, આપને ખયાલ હશે કે જેલની કોટડીમાં રાતદિવસ હું જાગતો રહેતો હતો ને વિચારતો હતો કે સમુદ્રનાં પાણીને પીવા યોગ્ય કેવી રીતે બનાવી શકાય? એક વાર મધરાતે મને એનો નુસખો સૂઝ્યો ને હું તો આનંદથી નાચી ઊઠ્યો, અને વરસતા વરસાદના સમયે હું છાની રીતે જેલમાંથી ભાગી ગયો અને નાસીને સીધો મર્જર યુનિવર્સિટી પર ગયો. ત્યાંના ત્રણ વિજ્ઞાનીઓને મેં સમુદ્રનાં પાણીને પીવાયોગ્ય બનાવવાની રીત કહી બતાવી. તેમણે મારી રીતનો સ્વીકાર કર્યો, એ સફળતા મળ્યા પછી હું ફરીથી સજા ભોગવવા માટે પાછો અહીં આવી ગયો છું અને સજા ભોગવીને જેલમાંથી છૂટ્યા બાદ એ નુસખો અજમાવીને પ્રયોગ કરીશ ને દુનિયાને એનો લાભ આપીશ.'

જેલ-અધિકારીએ કહ્યું : 'બિંગ્રસ, તેં તો માનવજાતિના કલ્યાણ માટે જેલમાં રહીને વિજ્ઞાનની સરસ શોધ કરી છે એટલે હવે તને જેલમાં ગોંધી રાખવાનો નથી, પણ તું બહાર રહીને સમાજ ને દેશની સેવા કર. દેશ ને જગતના કલ્યાણ માટે આવી અવનવી શોધો કરવાની ઘણી જરૂર છે.'

જેલઅધિકારીની આવી પ્રસંશાનોંધને આધારે સરકારે બિંગ્રેસની બાકીની સજા માફ કરીને તેને છોડી મૂક્યો. એ પછી બિંગ્રેસે વિજ્ઞાનક્ષેત્રે અજોડ બીજી શોધો કરી, પણ સમુદ્રનાં પાણીને પીવાયોગ્ય બનાવવાની જેલમાં રહી કરેલી તેની શોધ અમર રહી છે.

- ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

સુધારો : 'કુમાર'ના ૮૯૩ (મે ૨૦૦૨) અંકમાં પા. ૩૧૫ ઉપર છપાયેલ ગણિતગમ્મતની છેલ્લી લીટીમાં ૨, ૩, ૮ કે ૯ ને બદલે ૨, ૩, ૭ કે ૮ વાંચવું.

- તંત્રી

જ્ઞાની કે અજ્ઞાની જન, સુખદુઃખ રહિત ન કોય.
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય.

— રાજચંદ્ર

એક દાર્શનિક ખરા બપોરે હાથમાં ફાનસ લઈને જતા હતા. કોઈકે પૂછ્યું : 'ફાનસ લઈને શું શોધો છો?' દાર્શનિકે કહ્યું : 'માણસ'. લોકોએ કહ્યું : 'તો અમે માણસો નથી?' દાર્શનિક શાંતિથી બોલ્યા : 'તમારામાંથી કોઈ ડૉક્ટર છે, કોઈ વેપારી છે, કોઈ શિક્ષક છે, કોઈ વકીલ છે વગેરે પણ કોઈ માણસ નથી. માણસ તો એને કહેવાય જે સૌની સાથે પ્રેમ રાખે, સૌના દુઃખદર્દમાં કામ આવી શકે અને સૌને સરખા ગણે.' આ સાંભળી લોકો ચૂપ થઈ ગયા.

*

ફાટેલ દૂધ વડે ચાંદીનાં વાસણો કે ઘરેણાં સાફ કરવાથી ચમકી ઊઠશે.


*

વૉટરફીઝર નામના છોડની ડાળીઓના રસનાં થોડાં ટીપાં પાણીમાં નાખવામાં આવે તો તે પાણી ઠરી બરફ બની જાય છે.

*

વિશ્વનો મોટામાં મોટો પોષાક સો ફૂટ લાંબો, ૪૫.૩૬ કિલો વજનનો, અઢી હજાર વાર બ્લ્યૂ અને ગુલાબી રંગના કાપડમાંથી બનાવાયો હતો.

*


બારી આકારમાં બારી શબ્દ
(મહેબૂબ એ. સૈયદ)

प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः।
प्रारभ्य विघ्नविहिता विरमन्ति मध्याः।
विघ्नै पुनः पुनरपि प्रतिहन्या मानाः।
प्रारभ्य चोत्तमजना न परित्यजन्ति॥

સામાન્ય પુરુષો ભયના માર્યા કાર્યની શરૂઆત કરતા જ નથી, મધ્યમ પુરુષો આરંભ કરે છે પરંતુ વિઘ્નો આવતાં જ અટકી જાય છે. જ્યારે વારંવાર વિઘ્નો આવવા છતાં ઉત્તમ પુરુષો આરંભેલું કાર્ય છોડી દેતા નથી.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની આત્મકથા 'સત્યના પ્રયોગો'નું મલયાલમ ભાષામાં ત્રણ વર્ષ પહેલાં ભાષાંતર થયું અને ઈ.સ. ૧૯૯૮માં ૬૦,૦૦૦, ૧૯૯૯માં ૧,૨૦,૦૦૦ અને ૨૦૦૦માં ૧,૦૦,૦૦૦ થી વધુ નકલો વેચાઈ ગઈ!

*

લોહીનું ઊંચું દબાણ, પહોળું થતું હૃદય અને જેને કોલેસ્ટેરોલ વધુ હોય તેણે કારેલાનું શાક ખાવું હિતાવહ છે.

*

પૉલેન્ડના એક ભિક્ષુકે એક વિદ્યાર્થી-સંસ્થાને ૧ કરોડ ૩૦ લાખનું દાન કરેલું!

*

ગણિતગમ્મત :

બે સરખી સંખ્યા અંશ તરીકે લેવી. પહેલી સંખ્યાના છેદમાં કોઈ પણ સંખ્યા મૂકવી. હવે, પહેલી સંખ્યાના અંશ અને છેદનો સરવાળો બીજી સંખ્યાના છેદમાં મૂકવો.

દા.ત. ૨/૩ **X** ૨/૫

ગુણાકાર ૪/૧૫, બાદબાકી પણ ૪/૧૫ આવે.

તેમજ ૩/૪ **X** ૩/૭

ગુણાકાર ૯/૨૮, બાદબાકી પણ ૯/૨૮ આવે.

આમ, ગમે તેટલાં જોડકાં બનાવી શકાય.

- દોલતરાય નાથુભાઈ પરીખ


બરસાતમેં... ! (રેખાંકન : ઈન્દ્ર આચાર્ય)

મેં મારી પત્નીને ચૂંટણીમાં ઊભાં રહેવાની ના પાડી, તો પત્ની કહે, તમને ખબર ન પડે. હું પૂરેપૂરી જાગૃત છું. જાગૃત મહિલા પતિ સાથે લડે છે, વધારે જાગૃત હોય તો સાસુ સાથે લડે છે અને તેનાથી પણ વધુ જાગૃત હોય તો ચૂંટણી લડે છે.

*

મૅંગ્લોરના પંડિત અનંત શાસ્ત્રીની પુત્રી પંડિતા રમાબાઈ વીસ હજાર શ્લોકો મોઢે બોલતી હતી.

*

ક્રાઈસ્ટને ફાંસી દીધેલા અસલ ક્રૉસનો લાકડાનો કકડો ચકચકિત જવાહરોમાં વીંટાળીને તોલેડાના દેવળમાં ધાર્મિક ચિહ્ન તરીકે સાચવી રાખવામાં આવેલો છે.

*

દુનિયામાં લાંબામાં લાંબો વાંસ ૧૪૦ ફૂટનો ઊગેલો નોંધાયો છે.

*

કલાકણિકા : આંધ્ર પ્રદેશની અઢારમી સદીની એક પેટી, જેમાં રમવાનાં પત્તાં રાખવામાં આવતાં હતાં. આજે તે જર્મનીમાં છે.

